પ્રેમચંદ સાહિત્ય



નિર્મલા



પ્રેમચંદની સર્વશ્રેષ્ઠ ઉપન્યાસ

નિર્મલા

(મુંશી પ્રેમચંદની ઉપન્યાસ)

મુંશી પ્રેમચંદ

ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.
૧૧, ઇલોરા કોમર્શીયલ સેન્ટર, પહેલો માળ, રીલીફ સીનેમા પાછળ.
અમદાવાદ–૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૫૦ ૬૯૭૩
E-mail : gpssmltd@yahoo.com

ડાયમંડ બુક્સ

પ્રકાશક	:	ડાયમંડ પૉકેટ બુક્સ (પ્રા.) લિ. X-30, ઓખલા ઈંડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-II, નવી દિલ્હી-110020
ફોન	:	011-41611861, 40712100
ઈ-મેઈલ	:	sales@dpb.in
વેબસાઈટ	:	www.dpb.in
સંસ્કરણ	:	2014
મુદ્રક	:	આદર્શ પ્રિન્ટર્સ, શાહદરા, દિલ્લી - ૩૨.

નિર્મલા (મુંશી પ્રેમચંદની ઉપન્યાસ)
મુંશી પ્રેમચંદ

NIRMALA (NOVEL)
By : Munshi Premchand

પ્રકાશકીય

કથા શિલ્પી પ્રેમચંદ : એક કાલજયી રચનાકાર


આજની હિન્દી નવલકથા વિશ્વની કોઈપણ ભાષાના નવલકથા સાહિત્યની સમક્ષ મુકી શકાય છે. કલાત્મક પ્રૌઢતા અને વિષય વિવિધતાની દૃષ્ટિથી હિન્દી નવલકથાને ગૌરવમયી પરંપરા પ્રદાન કરવામાં પ્રેમચંદનું યોગદાન મુખ્ય છે. તેમણે પોતાના ભૌતિક અનુભવો અને પ્રખર ચિંતનથી હિન્દી નવલકથાને કીર્તિના ઉચ્ચતમ શિખર સુધી પહોંચાડ્યુ છે.

પ્રેમચંદ હિન્દી નવલકથાનું ગૌરવ છે.

પ્રેમચંદે પોતાની પ્રથમ નવલકથા 'રુઠીરાની' થી લઈને 'મંગળસુત્ર' સુધી એક લાંબો પ્રવાસ કર્યો, આ યાત્રામાં તેની નવલકથા 'ગોદાન' એક એવો પડાવ છે. - જેણે હિન્દી નવલકથા વિદ્યામાં સર્જન શીલતાના નવી આયામ સ્થાપિત કરી તેમની કૃતિઓમાં 'કૃષ્ણ' વરદાન 'પ્રેમા' અને 'શ્યામા' વગેરે ઉલ્લેખનીય છે. તેમાંની કેટલીક કૃતિઓ ઉપલબ્ધ નથી. તેમની શરુઆતની કૃતિઓ સિવાય પ્રેમચંદની એક અન્ય મહત્વની કૃતિ 'સેવા સદન' છે. જેનું પ્રકાશન ૧૯૧૮માં થયું હતું. આ નવલકથા હિન્દી કથા સાહિત્યમાં યુગ પ્રવર્તક છે, જેમાં લેખકે મધ્યમવર્ગીય જીવનની કેટલીક જ્વલંત સમસ્યાઓ ઉઠાવી છે. પ્રસિદ્ધ સમિક્ષક ડૉક્ટર પ્રતાપ નારાયણ ટંડનનું કહેવુ છે. સમાજના વિભીન્ન વર્ગના નૈતિક પતનના ફળ સ્વરુપે જે દુષ્ય પરિણામ સામે આવે છે. તેની તરફ સંકેત કરતા લેખક તેમના મૂળ કારણો પર પણ પ્રકાશ ફેકે છે. જ્યાં સુધી કથાનકનો સંબંધ છે, લેખકે ખૂબજ સુગઠિત રુપમાં તેનું સંયોજન કર્યું છે. દહેજ પ્રથા, કજોડા લગ્ન તથા વેશ્યા સમસ્યા પર લેખકે જે વિચાર આ કૃતિમાં પ્રસ્તુત કર્યા છે. તે તેના પ્રગતિશીલ દૃષ્ટિકોણની ઓળખ છે છેવટે પ્રેમચંદની દરેક નવલકથા વિકાસ ઉન્મુખ તત્વોનું પ્રતિક છે 'વરદાન', 'પ્રેમાશ્રમ', 'રંગભૂમિ', 'કાયાકલ્પ', 'નિર્મલા', 'ગબન', 'પ્રતિજ્ઞા', 'કર્મભૂમિ', 'ગોદાન' અને 'મંગળસૂત્ર', તેના પ્રમાણ છે.

વસ્તુસ્થિતિ તો એ છે કે જેની નવલકથાઓ જ્યાં એક તરફ સામાજિક કુરીતિઓ, વિડંબણાઓ અને આર્થિક વિષમતાઓ પર જોરદાર ઘા કરે છે. ત્યાં બીજી તરફ તો ભારતીય જન-જીવનની અસ્મિતાની શોધ પણ કરે છે.

પ્રેમચંદની દરેક કૃતિ જન-જીવનનો અરિસો છે. તેમણે પોતાની વિભિન્ન નવલકથાની કૃતિઓ માટે કથાનક પસંદ કર્યા છે., તેનો આધાર ભારતીય શહેરી અને ગ્રામીણ સમાજના વિવિધ વર્ગ છે. આમ તો પ્રેમચંદે ભારતીય ખેડૂતના જીવનનુ સમગ્ર યથાર્થ ચિત્રણ કર્યું છે. તેમણે માત્ર ખેડૂતોના આર્થિક શોષણનું જ વર્ણન નથી કર્યુ. તેમણે પોતાના સાહિત્યમાં ભારતીય ખેડૂતની એક પ્રેરણાદાયી ઓળખ ઊભી



નિર્મલા

અદ્‌ભુત કથાશિલ્પી પ્રેમચંદની કૃતિ 'નિર્મલા' દહેજપ્રથાની પૃષ્ઠભૂમિમાં ભારતીય નારીની લાચારીઓનું ચિત્રણ કરાવનારી એક મજબૂત નવલકથા છે. મહાન કથા - શિલ્પી પ્રેમચંદે પોતાની આ નવલકથામાં સમાજમાં નારીની દશાને ખૂબ જ વધારે માર્મિક ઢંગથી ચિત્રિત કરી છે. આ નવલકથા નવેમ્બર ૧૯૨૫ થી નવેમ્બર ૧૯૨૬ સુધી ધારાવાહિકના રુપમાં પ્રકાશિત થઈ હતી. પરંતુ આ એટલી યથાર્થવાદી છે કે ૬૦ વર્ષ પછી પણ સમાજની ખરાબીઓને આજે પણ એટલી જ સચોટ અને માર્મિક રીતે રજૂ કરે છે.

નિર્મલા એક એવી અબળાની વાર્તા છે. જેને પોતાના ભાવી જીવનના સ્વપ્નાઓને પોતાની કલ્પના સજાવ્યા પરંતુ દુર્ભાગ્યએ તેને સાકાર થવા દીધા નહી. નિર્મલાના લગ્ન એક નવયુવક ભુવન સાથે નક્કી થયા પછી પણ તૂટી જાય છે. કારણ કે બરાબર લગ્ન પહેલાં જ તેના પિતાનું મૃત્યુ થઈ જાય છે. આ મૃત્યુથી છોકરાવાળાને એ વિશ્વાસ થાય છે કે હવે તેમને એટલું દહેજ નહીં મળે, જેટલાની તેમને અપેક્ષા હતી. છેવટે નિર્મલાને ત્રણ બાળકોના પ્રૌઢ પિતાની પત્ની બનવાની મજબુરી ઊભી થાય છે; અને તેની સાથે જ શરું થાય છે વાર્તાના મનોવૈજ્ઞાનિક તાણાવાણા. યુવાન પત્ની અને પુત્ર મંસારામના સંબંધ ચોખ્ખા છે. પરંતુ તોતારામ એ જ ભૂલ કરી બેસે છે. અને અહીંથી જ શરું થાય છે ગૃહસ્થ જીવનના વિનાશની કરુણા ભરી કથા તેમાં છે. તોતારામની અસમર્થતા. સાવકી માં અને સંતાનોના સંબંધોની વિચિત્ર સ્થિતિ તથા પલાયન અને વિદ્રોહના કરુણ પ્રસંગ તેનો અંત સુઘડ, ચુસ્ત અને વાચકોને આશ્ચર્ય ચકિત કરી દેનારો છે. આ નવલકથાની એક અન્ય વિશેષતા-કરુણા પ્રધાન ચિત્રણમાં કથાનક અન્ય રસોથી પણ તરબોળ છે.

કરવાનો પણ પ્રયાસ કર્યો છે. ખેડૂતની પ્રેરણાદાયી ઓળખ ઉપસ્થિતિ કરાવવા માટે તેમણે તેનો સામાજીક સંદર્ભમાં રજુ કર્યું છે. પ્રેમચંદનો ખેડૂત માત્ર સ્વાધીનતા આંદોલનમાં જ ભાગ નથી લેતો, પરંતુ પરિવારમાં, સમાજમાં, સહયોગીઓ સાથે કરતો વ્યવહાર પણ આપણી સામે આવે છે. જીવન કેવી મંથર ગતિ થી ચાલે છે, તેને લેખકે વણજોયું નથી કર્યું, જોકે પ્રેમચંદ માને છે કે આવી દુર્લભક્ષણ ખેડૂત-જીવનમાં ખૂબ જ ઓછી આવે છે. તો પણ આવી ક્ષણોનું તેમના જીવનમાં ખૂબજ મહત્વ હોય છે.

પ્રેમચંદ સમાજમાં સુધારો ઇચ્છતા હતા પરંતુ સુધારની તેમની પરીકલ્પના આદર્શ મુલક છે, ક્રાંતિ ધર્મ નથી. તેમના પાત્ર સ્વાધીનતા માટે સંઘર્ષ કરે છે. પરંતુ અહીંયા પણ તે ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતોનું મન વચન થી પાલન કરે છે. તેમની શરુઆતની નવલકથાઓની પરંપરા વિગત શતાબ્દીની નવલકથા થી પ્રભાવિત અને સબંધિત પ્રતિત થાય છે.

પ્રેમચંદ એક સજાગ અને સચેત લેખક હતા. તે એક એના સમાજની સરંચના કરવા ઇચ્છતા હતા કે જેમાં બધાના માટે સન્માનપૂર્વક જીવન જીવવાના રસ્તા ખુલી શકે. તેમણે એક લેખક હોવાના નાતે પોતાની જવાબદારી ઓળખી. 'સાહિત્ય કા ઉદ્દેશ' નામના પોતાના નિબંધમાં તેમનુ કહેવું છે. "સાહિત્યકારનો ઉદ્દેશ માત્ર મહેફિલ સજાવવી અને મનોરંજનનો સામાન ભેગો કરવો નથી. તેનો આદર્શ એટલો ન નીચે પાડવો. તે દેશભક્તિ અને રાજકારણની પાછળ ચાલનારી સચ્ચાઈ પણ નથી. પરંતુ તેની આગળ મશાલ દેખાડતી ચાલનારી સચ્ચાઈ છે." કદાચ એટલે જ રાજકારણ ના એક ખોખલા પક્ષ પર ઘા કરતા તેમણે 'ગોદાન' માં કહ્યું - વોટ નવાયુગની માયાજાળ છે, મસિચિકા છે, કલંક છે, દગો છે.

સુપ્રસિદ્ધ કથાકાર અમૃતા રાવ પ્રેમચંદ વિશે એક અત્યંત સાર ગર્ભિત વાત કહી છે. - "પ્રેમચંદની નવલકથાઓ સમકાલીન સંદર્ભોમાં કસોટીમાં ખરી ઉતરી છે. તેનું કારણ ખૂબ સીધુ એવુ છે પ્રેમચંદે જે ભારતનું પોતાની રચના માં નિરુપણ કર્યું છે. તે માનસિકતા હજી પણ એજ છે. પ્રેમચંદનું આજે પણ એટલુ જ પ્રાસંગીક હોવાની પાછળ સૌથી મોટી ખૂબી એ છે કે લોકો સાથે તેમનો ઘનિષ્ઠ સબંધ હતો જોકે તે સબંધ તે એજ લોકોનું એક અંગ હોવાને કારણે હતું. તેથી એ ગતિશીલ પણ હતું. પ્રેમચંદ આ ગતિશીલતા ના કારણે જ આજે પણ જીવીત છે."

આથી સર્જન ના ક્ષેત્રમાં સતત ગતિશીલતા જ કોઈ રચનાકારને મહાનતા ની તટ પર સ્થાપિત કરે છે. સાહિત્યમાં જીવનની આજ પ્રવૃતિ તેને કાળખંડની સીમાઓ માંથી કાઢી અમરતા પ્રદાન કરે છે. પ્રેમચંદ જ એવાજ રચનાકાર છે જે આવતા યુગમાં પણં પ્રાસંગિક રહેશે. તે રશિયાના મૈક્સિમ ગોર્કી અને ચીનના લુશુન ની જેમ અમર સાહિત્યકાર છે.

પ્રસ્તુત નવલકથા તેમની વ્યાપક સંવેદના ને નિખારતી એક અમર કૃતિ છે. જે અમે આપણા વાચકો ને સમર્પિત કરી રહ્યા છીએ.

નરેન્દ્ર કુમાર વર્મા

નિર્મલા

: ૧ :

આમ તો બાબુ ઉદયભાનુના પરિવારમાં વીસેય પ્રાણી હતા. કોઈ મામાનો દીકરો ભાઈ હતો, કોઈ ફઈનો દીકરો, કોઈ ભાણેજ તો કોઈ ભત્રીજો. પરંતુ અહીંયા આપણે તેની સાથે કોઈ મતલબ નથી. તે સારા વકીલ હતા.

લક્ષ્મી પ્રસન્ન હતા. અને કુટુંબના ગરીબ પ્રાણીઓને આશરો આપવા તેની ફરજ હતી. આપણો સંબંધ તો માત્ર તેમની કન્યાઓ સાથે છે. જેમાં મોટીનું નામ નિર્મલા અને નાની નું કૃષ્ણા હતું. અત્યાર સુધી તો બંને સાથે ઢીંગલી થી રમતી હતી. નિર્મલા ને પંદરમું વર્ષ હતું, કૃષ્ણાને દસમું છતા પણ તેમના સ્વભાવમાં કોઈ અંતર ન હતું. બંને ચંચળ રમતિયાળ અમે સેર-સપાટા ઉપર જીવ આપતી હતી. બંને ઢીંગલીઓના ધૂમ-ધામથી લગ્ન કરતી હતી. હંમેશા કામથી દુર ભાગતી હતી. માં બોલાવતી રહેતી, પરંતુ બંને ઓરડામાં છુપાઈને બેસી રહેતી હતી કે કોણ જાણે કયા કામ માટે બોલવે છે. બંને પોતાના ભાઈ સાથે પણ ઝઘડતી હતી. નોકરોને ખીજાતી હતી અને વાજા નો અનાજ સાંભળતાજ દરવાજા પર ઊભી રહી જાતી પરંતુ આજે એકાએક એવી વાત થઈ ગઈ જેણે મોટીને મોટી અને નાની ને નાની બનાવી દીધી. કૃષ્ણા એજ છે, પરંતુ નિર્મલા ગંભીર, એકાંત પ્રિય અને શરમાળ બની ગઈ.

આ તરફ મહિલાઓથી બાબુ ઉદયભાનું લાલ નિર્મલાના લગ્નની વાતચીત કરી રહ્યા હતા. આજે તેમની મહેનત રંગ લાવી. બાબુ ભાલચંદ્ર સિન્હાના મોટા પુત્ર ભુવન સિન્હા સાથે વાત પાક્કી થઈ ગઈ છે. વરના પિતાએ કહી દીધું કે તમે ખુશી થી દહેજ આપો કે ન આપો મને તેની ફિકર નથી. હા જાનમાં જે લોકો આવે તેનો આદર-સત્કાર સારી રીતે થવો જોઈએ. જેનાથી મારી અને તમારી હસી-મજાક ન થાય. બાબુ ઉદયભાનુ લાલ હતા તો વકિલ પરંતુ એકઠું કરવાનુ જાણતા ન હતા. દહેજ તેમની સામે મોટી સમસ્યા હતી. તેથી જયારે વરના પિતાએ જાતે જ કહી દીધું કે મને દહેજની પરવાહ નથી તો જાણે તેમને આંખો મળી ગઈ. ડરતા હતા

ન જાણે કોની કોની પાસે હાથ લાંબો કરવો પડે. બે-ત્રણ મહાજનો ને પણ તૈયાર રાખ્યા હતા. તેમનું અનુમાન હતું કે હાથ રોકીને પણ વીસ હજારથી ઓછો ખર્ચ નહીં થાય. એ આશ્વાસન સાંભળીને ખુશીના માર્યા ફુલ્યા ન સમાયા.

આ સુચના એ બાલિકા ને મોં ચઢાવીને એક ખુણામાં બેસાડી રાખી છે. તેના હૃદયમાં એક વિચિત્ર શંકા સમાઈ ગઈ છે. રુંવાડે - રુવાંડે એક અજ્ઞાત તીય ફેલાઈ ગયો છે. - ન જાણે શું થશે? તેના મનમાં હજી તે ઉમંગ નથી. જે યુવતીઓની આંખોમાં તિરછી ચિતવન બનીને, હોઠો ઉપર મધુર હાસ્ય બનીને અને અંગોમાં આળસ બનીને પ્રગટ થાય છે. ના ના ત્યાં અભિલાષા નથી. ત્યાં માત્ર શંકાઓ, ચિંતાઓ અને ડરેલી કલ્પનાઓ છે. યૌવન નો હજી સુધી પૂર્ણ પ્રકાશ થયો નથી.

કૃષ્ણા કેટલુક જાણે છે. કંઈક-કંઈક નથી જાણતી. બહેનને સારા-સારા ઘરેણા મળશે. દરવાજે વાજા વાગશે, મહેમાન આવશે, નાચ થશે - એ જાણીને ખુશ છે અને એ પણ જાણે છે કે બહેન બધાને ગળે મળીને રડશે અને અહીંયા થી રડીને વિદાય થઈ જશે. હું એકલી રહી જઈશ એ જાણીને દુઃખી છે. પરંતુ એ નથી જાણતી કે એ બધુ શા માટે થઈ રહ્યું છે. બહેને તો કોઈને કશુ કહ્યું નથી. કોઈની સાથે ઝઘડો પણ નથી કર્યો. શું આ રીતે જ એક દિવસ મને પણ આ લોકો કાઢી મુકશે ? હું પણ આ રીતે ખુણામાં બેસીને રડીશ. અને કોઈને મારા પર દયા નહીં આવે ? તેથી એ પણ ભયભીત છે.

સંધ્યા નો સમય હતો. નિર્મલા અગાશી ઉપર એકલી બેસીને આકાશ તરફ તરસી નજરો થી તાકી રહી હતી. એવુ મન થતું હતું કે પાંખો હોત તો તે ઉડી જાત અને બધી ઝંઝટ થી છુટી જાય. આ સમયે માટે ભાગે બંને બહેનો ક્યાંય ફરવા જતી હતી. બગી ખાલી ન હોય તો બગીચા માં ફર્યા કરતી. તેથી કૃષ્ણા તેને શોધતી ફરતી હતી. જ્યારે ક્યાંય ન મળી તો અગાશી પર આવી અને તેને જોઈને હસીને બોલી - તું અહીંયા આવીને સંતાઈને બેઠી છો અને હું તને શોધતી ફરુ છું ચલો બગી તૈયાર કરાવી આવી છું. નિર્મલાએ ઉદાસીના ભાવ થી કહ્યું - તુ જા, હું નહી આવું. કૃષ્ણા - ના મારી અચ્છી દીદી, આજે જરુર ચાલો જુઓ કેવી-કેવી હવા ચાલી રહી છે. નિર્મલા - મારુ મન નથી થતું, તું ચાલી જા.

કૃષ્ણાની આંખો ઝળહળી ઉઠી. ધ્રુજતા અવાજે બોલી - આજે તુ કેમ નથી આવતી ? મારી સાથે કેમ બોલતી નથી ? કેમ આમ-તેમ છુપાતી ફરે છે. ? મારુ મન એકલા બસતા ગભરાય છે. તું નહી આવે તો હું પણ નહી જાવ. અહીં તારી પાસે જ બેસી રહીશ.

નિર્મલા - જ્યારે હું ચાલી જઈશ, ત્યારે શું કરીશ ? ત્યારે કોની સાથે રમીશ ? કોની સાથે ફરવા જઈશ બોલ ?

કૃષ્ણા - હું પણ તારી સાથે આવીશ. એકલા મારાથી અહીં નહીં રહેવાય.

નિર્મલા હસીને બોલી - તને માં જવા નહી દે.

કૃષ્ણા - તો હું તને પણ જવા દઈશ નહી. માં ને કેમ નથી કહી દેતી કે મારે નથી જવુ.

નિર્મલા - કહું છું તો ખરી પરંતુ મારુ કોઈ સાંભળતુ નથી.

કૃષ્ણા - તો આ ઘર તારુ નથી ?

નિર્મલા - ના મારુ હોતતો કોઈ મને બળજબરી થી કાઢી મુકે.

કૃષ્ણા - આ રીતે એક દિવસ મને પણ કાઢી મુકશે ?

નિર્મલા - બીજુ નહીં તો તુ શું બેસી રહીશ. આપણે છોકરીઓનું કોઈ ઘર હોતું નથી.

કૃષ્ણા - ચંદર ને પણ કાઢી મુકશે ?

નિર્મલા - ચંદર તો છોકરો છે, કોણ કાઢશે ?

કૃષ્ણા - તો છોકરીઓ ખૂબ જ ખરાબ હોતી હશે ?

નિર્મલા - ખરાબ ન હોત તો ઘરે થી ભગાડી કેમ મુકાય ?

કૃષ્ણા - ચંદર તો બદમાશ છે તેને કોઈ નથી ભગાડતું. આપણે તો તોફાન પણ નથી કરતાં.

અચાનક ચંદર ધમ-ધમ કરતો અગાશી પર આવી પહોચ્યો અને નિર્મલા ને જોઈને બોલ્યા - સારુ તમે અહી બેઠા છો. ઓહો, હવે તો વાજા વાગશે, દીદી નવોઢા બનશે, પાલખી પર ચઢશે, ઓહો ! ઓહો !

ચંદરનું આખુ નામ ચંદ્રભાન સિન્હા હતું. નિર્મલા થી ત્રણ વર્ષ નાનો અને કૃષ્ણા કરતા બે વર્ષ મોટો હતો.

નિર્મલા - ચંદર મને ચીઢવીશ તો જઈને માં ને કહી દઈશ.

ચંદર - ચિઢાઈ છે કેમ ? તુ પણ વાજા સાંભળશે. ઓહો ! હવે તમે નવોઢા બનશો! શરણા વાજા સાંભળીશ ને ? આમ તો તે વાજા ક્યારેક તો સાંભળ્યા હશે.

કૃષ્ણા - શું બેન્ડ કરતા પણ સારા હશે ?

ચંદર - હાં હાં બેન્ડ કરતા પણ સારા, હજાર ગણા, લાખ ગણા સારા ! તને શું ખબર ? એક બેન્ડ સાંભળી લીધુ, તો સમજવા લાગી કે આનાથી સારા વાજા હોતા નથી. વાજા વગાડવા વાળા લાલ-લાલ પહેરવેશ અને કાળી-કાળી ટોપી પહેરી હશે. એવા ખૂબસુરત દેખાતા હશે કે તને શું કહું ? આતશબાજી પણ હશે. હવાઈઓ આસમાન માં ઉડી જશે અને ત્યાં તારામાં લાગશે તો લાલ, પીળા, લીલા તથા આસમાની તારાઓ તુટીને ખરી પડશે. ખૂબ મજા આવશે.

કૃષ્ણા - અને બીજુ શું શું થશે ચંદર બતાવને મારા ભાઈ ?

ચંદર - મારી સાથે ફરવા ચાલ તો રસ્તા માંજ બધી વાત બતાવી દઈશ. એવા-એવા તમારા થશે કે જોઈને તારી આંખો તો ખુલી જ જશે. હવામાં ઉડતી પરીઓ હશે, સાચે જ ની પરીઓ.

કૃષ્ણા - સારુ ચાલો, પરંતુ નહીં બતાવે તો મારીશ ?

ચંદ્રભાન અને કૃષ્ણા ચાલ્યા પરંતુ નિર્મલા એકલી બેઠી રહી. કૃષ્ણાના ચાલ્યા જવાથી આ સમયે તેને ખૂબજ ક્ષોભ થયો. કૃષ્ણા જેને તે જીવ કરતા પણ વધારે પ્રેમ કરતી હતી, આજે આટલી નિષ્ઠુર બની ગઈ. એકલી છોડીને ચાલી ગઈ. વાત કંઈક હતી, પરંતુ દુઃખી હૃદય, દુખતી આંખો છે જેમાં હવાથી પણ પીડા થાય છે. નિર્મલા મોડે સુધી રોતી રહી. ભાઈ-બહેન, માતા-પિતાં બધા એ રીતે ભૂલી જશે, બધાની આંખો ફરી જશે. કદાચ તેમને જોવા માટે પણ તરસવુ પડે.

બગીચામાં ફુલ ખિલેલા હતા. મીઠી-મીઠી સુગંધ આવી રહી હતી. ચૈત્રનો શીતળ મંદ પવન ચાલી રહ્યો હતો. આકાશ માં તારા છુટા-છવાયા હતા. નિર્મલા આ શોકમય વિચારોમાં પડી પડી સુઈ ગઈ અને આંખો મિચાતા જ તેનું મન સ્વપ્ન દેશમાં વિચરવા લાગ્યુ. શું જુએ છે કે સામે એક નદી લહેરાઈ રહી હતી અને તે કિનારે નાવ ની રાહ જોઈ રહી હતી. સંધ્યાનો સમય છે. અંધારુ કોઈ ભયંકર જંતુની જેમ વધતુ જાય છે. તે ઘોર ચિંતામાં પડેલી છે કે કેવી રીતે નદી પાર થશે, કેવી રીતે ઘરે પહોંચશે ? રડી રહી છે કે ક્યાંય રાત ન થઈ જાય નહીં તો અહીંયા હું એકલી કેવી રીતે રહીશ. એકાએક તેને એક સુંદર નૌકા ઘાટ તરફ આવતી દેખાય છે. તે ખુશી થી ઉછળી પડે છે. અને જેવી તે નાવના પાટિયા પર પગ મુકે છે. તેનો નાવિક બોલે છે - તારા માટે અહીંયા જગ્યા નથી ! તે નાવિક ની ચાપલુશી કરે છે. તેના પગમાં પડે છે, રડે છે, તે મોટે - મોટે થી રડવા લાગે છે. નદીના નિર્જન પટ પર તે આખી રાત કેવી રીતે રહેશે. એ વિચારી તે નદીમાં કુદી તે નાવને પકડવા ઇચ્છે છે. એટલામાં ક્યાંક થી અવાજ આવે છે - થોભા-થોભો નડી ઉંડી છે, ડુબી જઈશ તે નાવ તારા માટે નથી. મારી નાવમાં બેસી જાવ. હું પેલે પાર પહોંચાડી દઈશ તે ભયભીત બનીને આમ-તેમ જુએ છે કે આ અવાજ ક્યાંથી આવ્યો. થોડી વાર પછી એક નાનકડી હોડી આવતી દેખાય છે. તેમાં ન તો સઢ છે ન હલેસા ન તેમાં પાળી છે. પેંદો ફાટેલો, તપ્ન તુટેલા, નાવમાં પાણી ભરેલુ છે અને એક માણસ તેમાંથી પાણી ઉલેચી રહ્યો છે. આ તો તુટેલી છે. પાર કેમ જશે ? નાવિક કહે છે. - તારા માટે આ જ મોકલાવી છે. આવીને બેસીજા. તે એક ક્ષણ માટે વિચારે છે. આમાં બેસુ ? છેવટે તે નિશ્ચય કરે છે બેસી જાવ, અહીંયા એકલા પડી રહેવા કરતા નાવમાં બેસી જવુ જ સારુ છે. કોઈ ભયંકર જાનવરના પેટમાં જવા કરતા નદીમાં ડુબી જવુ, ન જાણે, નાવ પાર પહોંચી પણ જાય. એ વિચારી તે પ્રાણોને મુઠ્ઠિમાં લઈને નાવમાં બેસી જાય

છે. કેટલીક વાર સુધી નાવ ડગમગ તી ચાલે છે. પરંતુ દરેક ક્ષણે તેમાં પાણી ભરાય છે. તે પણ નાવિક ની સાથે બંને હાથેથી પાણી ઉલેચવા લાગે છે. ત્યાં સુધી કે તેના હાથ થાકી જાય છે પરંતુ પાણી તો વધતુ જ જાય છે. છેવટે નાવ ચક્કર ખાવા લાગે છે. લાગે છે કે હવે ડુબી, હવે ડુબી ત્યારે તે કોઈ અદશ્ય સહાય માટે બંને હાથ ફેલાવે છે. નાવ નીચે ગરકાવ થઈ જાય છે. તેના પગ ઉખડી જાય છે. તે જોર જોરથી બુમો પાડતા જ તેની આંખો ખુલી ગઈ. જોયું તો માતા ઊભી ને તેના ખંભા જોર-જોર થી હલાવી રહી હતી.

: ૨ :

બાબુ ઉદયભાનુ લાલનું મકાન બજારમાં આવેલુ છે. વરંડામાં સોનીના હથોડા અને ઓરડામાં દરજીની સોઈઓ ચાલી રહી છે. સામે લીમડાની નીચે બઢઈ ખાટલા બનાવી રહ્યો છે.

વાડામાં કંદોઈ માટે ભઠ્ઠી ખોલી દેવામાં આવી છે. મહેમાનો માટે અલગ-અલગ મકાની ઠીક કર્યા છે. એ પ્રબંધ કરવામાં આવ્યો છે કે દરેક મહેમાન માટે એક ખાટલો, ખુરશી અને એક-એક ટેબલ હોય. દરેક ત્રણ મહેમાન માટે એક નોકર રાખવાની વ્યવસ્થા થઈ રહી છે. હજી તો જાન આવવામાં એક મહીનાની વાર છે પરંતુ તૈયારીઓ અત્યારથી થઈ રહી છે. જાનૈયાઓનું એવુ સ્વાગત કરવામાં આવે કે કોઈને જીભ હલાવવાનો મોકો ન મળે. તે લોકો પણ યાદ કરે કે કોને ત્યાં જાનમાં ગયા હતા. એક આખું મકાન વાસણોથી ભર્યું છે, ચાના સેટ છે, નાસ્તાની ડીસો, થાળી, લોટા, ગ્લાસ.

જે લોકો દરરોજ ખાટલે પડીને હોકો પીતા રહતા હતા. ઘણી તત્પરતાથી કામે લાગેલા હતા. પોતાની ઉપયોગીતા સિદ્ધ કરવાનો આવો મોકો તેમને ફરીથી ઘણા વર્ષો પછી મળશે. જયા એક માણસને જવાનુ હોય છે, પાંચ દોડે છે, કામ ઓછુ થાય છે, દેકારો વધારે થાય છે. નાની-નાની વાતમાં કલાકો તર્ક-વિતર્ક થાય છે છેવટે વકીલ સાહેબને આવીને નિર્ણય કરવો પડે છે. એક કહે છે આ પણ ખરાબ છે, બીજો કહે છે આનાથી સારો બજારમાં મળી જાય તો પગના રસ્તે નીકળી જાઉં, ત્રીજો કહે છે આમા તો ગંધ આવે છે, ચોથો કહે છે તારુ નાક જ સડી ગયું છે, તુ શું જાણે ઘી કોને કહેવાય છે. જયારથી અહીંયા આવ્યો છે, ઘી મળવા લાગ્યુ છે. નહી તો ઘી ના દર્શન પણ થતા ન હતા. આ રીતે તકરાર વધી જતી અને વકીલ સાહેબને જ ઝઘડો ઉકેલવો પડતો.

રાતના નવ વાગ્યા હતા. ઉદયભાનુ અંદર બેઠા બેઠા ખર્ચનો અંદાજ લગાવી રહ્યા હતા. તે હંમેશા દરરોજ અંદાજ લગાવતા હતા પરંતુ રોજ રોજ તેમાં ફેરફાર કરવો પડતો હતો. સામે કલ્યાણી ભ્રમ સંકોરી ઊભી હતી. બાબુ સાહેબે થોડીવાર પછી માથુ ઉંચુ કર્યું અને બોલ્યા દસ હજાર થી ઓછો નહીં થાય પરંતુ કદાચ વધી જાય.

કલ્યાણી - દસ દિવસમાં પાંચ હજાર માંથી દસ હજાર થયા. એક મહીનામાં તો કદાચ એક લાખ સુધીનો થઈ જાય.

ઉદયભાનુ - શું કરું, જગની મશ્કરી પણ સારી નથી લાગતી. ફરિયાદ થઈ તો લોકો કહેશે નામ મોટુ દર્શન ખોટા પછી જ્યારે તે દહેજ માં મારી પાસેથી એક પાઈ પણ નથી લેતો, તો મારુ પણ કર્તવ્ય છે કે મહેમાનોના સ્વાગત-સત્કારમાં કોઈ કચાશ ના રાખું.

કલ્યાણી - જ્યારથી બ્રહ્માએ સૃષ્ટી રચી, ત્યારથી આજ સુધી કોઈ જાનૈયા ને ખુશ રાખી શક્યા ? તેમને દોષ કાઢવાનો અને નિંદા કરવાનો કોઈને કોઈ અવસર મળી જ જાય છે. જેને પોતાના ઘરમાં સુકી રોટલી પણ સમયસર મળતી નથી મળતી, તે પણ જાનમાં આવીને તાનાશાહ બની બેસે છે. તેલ સુંગધી નથી, સાબુ હલકા પ્રકારનો ક્યાંથી લાવ્યા, નોકરો વાત સાંભળતા નથી, ફાનસ ધુમાળો કરે છે, ખુર્સીઓમાં માંકડ છે, ખાટલા ઢીલા છે, ઉતારાની જગ્યા હવા વાળી નથી. આવી આવી હજારો ફરીયાદ થાય છે. તેને તમે ક્યાં સુધ રોકશો. જો આ મોકો ન મળ્યો તો બીજા કોઈ ને કોઈ વાંધો કાઢશે જ. ભઈ આ તેલ કો રાંડો ને લગાવવા લાયક છે, આપણે તો સાદુ તેલ જોઈએ, જનાબ આ સાબુ નથી મોકલ્યો, પોતાની અમીરીનું પ્રદશન કર્યું છે. જાણે આપણે સાબુ જોયો જ નથી. આ નોકરો નહી યમદુત છે. જ્યારે જોઈએ ત્યારે માથા પર સવાર. ફાનસ પણ એવુ મોકલ્યુ છે. જાણે ચમકતુ હોય જો પાંચ-દસ દિવસ તેના અજવાળામાં બેસવુ પડે તો આંખો ફુટી જાય. ઉતારો શું છે. અભાગ્યાનું ભાગ્ય છે. જેની ચારે બાજુ થી પવન આવતો જ રહે છે હું તો છતાપણ કહીશ જાનૈયા ના નખરાઓનો વિચાર છોડી દો.

ઉદયભાનુ - તો છેવટે તુ મને શુ કરવા માટે કહી રહી છો.

કલ્યાણી - કહી જ રહી છું પાક્કો ઈરાદો કરીલો કે પાંચ હજારથી વધારે ખર્ચ નહી કરું. ઘરમાં તો ટકોય નથી. કર્જના જ ભરોસે ઉભુ છે. એટલુ કર્જ શા માટે લેવાનુ કે જીંદગી આખી ચુકવી ન શકાય. છેવટે મારે બીજા પણ બાળકો છે. તેના માટે પણ કંઈક જોઈએ.

ઉદયભાનુ - તો તુ બેઠા જ માનતા કરે છે.

કલ્યાણી - તેમં બગડવાની કોઈ વાત નથી. મરવાનું બધાએ એક દિવસ છે. કોઈ

અહીંયા અમર થઈને થોડુ આવ્યુ છે. આંખો બંધ કરી દેવાથી કોઈ થનારી વાત ટાળશે નહીં. રોજ આંખે જોઉ છું. બાપનું મૃત્યુ થઈ જાય છે. તેના બાળકો ગલી-ગલી ઠોકરો ખાતા ફરે છે. માણસ એવુ કામ શું કામ કરે.

ઉદયભાનુ એ ગુસ્સામાં કહ્યું - તો હવે હું સમજી લઉ કે મારા મરવાના દિવસો નજીક આવી ગયા એ જ તારી ભવિષ્યવાણી છે. સુહાગ થી સ્ત્રીઓ નો જીવ ઉગતો નથી એ સાંભળ્યુ હતું. આજે એ નવી વાત સાંભળી રંડાયામાં પણ કોઈ સુખ હશે જ.

કલ્યાણી તને દુનિયાની કોઈપણ વાત કહેવામાં આવે તો તુ ઝેર ઓકવા લાગે છે. તેથી નથી જાણતી કે તેનું કોઈ ઠેકાણુ નથી. મારી જ રોટીઓ પડેલી છે કે બીજુ કઈ ? જ્યાં કોઈ વાત કહીં માથે ચડી જાય જાણે હું ઘરની નોકરાણી છું. મારે માત્ર રોટી અને કપડાં નો જ સંબંધ છે. જેટલી હું દબાવુ છું તેટલી તુ પણ દબાવે છે મફતિયા માલ ઉડાવે, કોઈ બોલે નહીં. દારુ-કબાબ માં રુપિયા લુટાવે, કોઈ જીભ ન ખોલે. આ બધા કાંટા મારા બાળકોના માથે જ ઉગી રહ્યા છે.

ઉદયભાનુ - તો હું તારો ગુલામ છું ?

કલ્યાણી - તો શું હું તમારી છું ?

ઉદયભાનુ - એવો કોઈ બીજો મર્દ હશે જે સ્ત્રીના ઈશારે નાચે છે.

કલ્યાણી - તો એવી સ્ત્રીઓ બીજી હશે, જે મર્દોની જુતિઓ સહન કરે છે.

ઉદયભાનુ - હું કમાઈને લાવુ છુ, જેવો ઇચ્છું તેવો ખર્ચ કરી શકુ છું. કોઈને બોલવાનો અધિકાર નથી.

કલ્યાણી - તો તમારુ ઘર સંભાળો, આવા ઘરને તો મારા દુર થી જ સલામ છે. જ્યાં મારી કોઈ કિંમત નથી. ઘરમાં જેટલો તારો અધિકાર છે. એટલો મારો પણ. એનાથી જરાપણ ઓછો નહીં તું તારા મનનો રાજા છે. તો હું પણ ઓછી નથી. તારા બાળકો છે. મારો કે જીવાડો, ન આંખો થી જોઈશ ન પીડા થશે, આંખો ફુટી ગઈ, પીડા ગઈ.

ઉદયભાનુ - તું શુ સમજે છે તુ નહી સંભાળે તો મારુ ઘર સંભાળશે નહી ? હુ એકલોજ આવા દસ દસ ઘર સંભાળી શકુ છું.

કલ્યાણી - કોણ ! જો આજે માટીમાં ન મળી જાય તો કહેજો કોઈ કહેતી હતીં.

આવુ કહેતા કહેતા કલ્યાણીનો ચહેરો તમતમી ઉઠ્યો. તે ઊભી થઈ ઓરડા દરવાજા તરફ ચાલી. વકીલ સાહેબ કેસ માં તો ખૂબ વાંધા-વચકા કાઢતા હતા, પરંતુ સ્ત્રિઓના સ્વભાવનું તેમને કેટલુક આટલુ જ જ્ઞાન હતું. આ જ એક એવી વિદ્યા છે જેમાં માણસ ઘરડો થવા છતા પણ કોરો રહી જાય છે. જો એ થોડા પણ નરમ પડી જાત અને કલ્યાણીનો હાથ પકડી બેસાડી દેત તો કદાચ તે રોકાઈ જાત

પરંતુ તમારાથી એતો ન થયું. ઉલટા જતા એક બીજો ચાબખો માર્યો બોલ્યા - પિયકનું અભિમાન હશે ?

કલ્યાણીએ રોકાઈને પતિની તરફ લાલ-લાલ આંખોથી જોયું અને વિફરીને બોલી - પિયરવાળા મારા નસીબના સાથી નથી અને ન તો હું એટલી નીચ નથી કે તેની રોટીઓ પર જઈ પડું.

ઉદયભાનુ - ત્યારે ક્યાં જઈ રહી છે ?

કલ્યાણી - તું એ પુછવાવાળો કોણ છે ? ઈશ્વર ની સૃષ્ટીમાં અસંખ્ય પ્રાણીઓ માટે જગ્યા છે શું મારા માટે નથી.

એ કહીને કલ્યાણી ઓરડાની બહાર નીકળી ગઈ આંગણામાં જઈને તેણે એકવાર આકાશ તરફ જોયું, જાણે તારાગણ ને સાક્ષી આપી રહી છે કે હું આ ઘરમાંથી કેટલી નિર્દયતાથી કાઢી મુકવામાં આવી છું. રાતના અગિયાર વાગી ચુક્યા હતા. ઘરમાં સન્નાટો છવાઈ ગયો હતો. બંને પુત્રોના ખાટલા એ જ ઓરડામાં રહેતા હતા. તે પોતાના ઓરડામાં આવી જોયું તો ચંદ્રભાનુ સુતેલો છે. સૌથી નાનો સુર્યભાનુ ખાટલા પર બેઠો છે. માતાને જોતા જ બોલ્યો - તુ ક્યાં ગઈ હતી માં ? કલ્યામી દુર થી જ ઉભા ઉભા બોલી - ક્યાંય નહી બેટા, તારા પિતાજી ની પાસે ગઈ હતી.

સુર્ય - તું ચાલી ગઈ. મને અંધારા થી ડર લાગે છે. તું તેમ તાલી દઈ તી બતાવો ?

એવુ કહીને બાળકે ગોદમાં ચઢવા માટે બંને હાથ ફેલાવી દીધા. કલ્યાણી હવે પોતાને રોકી શકી નહીં. માતૃસ્નેહના સુધા પ્રવાહથી તેનું સંતપ્ત મન પરિપ્લવિત થઈ ગયું. હ્રદયના કોમલ છોડ જે ક્રોધના તાપ થી મુરઝાઈ ગયું હતું, તે ફરી થી લીલો થઈ ગયો, આંખો સજ્જળ થઈ ગઈ. તેણે બાળકને ગોદમાં ઉઠાવી લીધો અને છાતીથી લગાવીને બોલી - તે બુમ કેમ ન પાડી બેઠા ?

સુર્ય - બુમ પાડતો હતો પરંતુ તુ સાંભળતી ન હતી. હવે તો ક્યારેય નહીં જાય ને?

કલ્યાણી - હવે ભઈ ક્યારેય નહીં જાવ.

આવુ કહીને કલ્યાણી સુર્યભાનુને લઈને ખાટલા પર સુતી, માં ના હ્રદય સાથે લપટતાજ બાળક નિઃશંક થઈ સુઈ ગયો. કલ્યાણીના મનમાં સંકલ્પ-વિકલ્પ થવા લાગ્યા. પતિની વાતો યાદ આવતી. તો મન થતું ઘરને છોડીને ચાલી જાઉ. પરંતુ બાળકોનું મોં જોતી તો વાત્સલ્ય થી મન ગદ્ગદ્ થઈ જતુ. બાળકોને કોના પર છોડીને જાઉ ? મારા આ લલ્લાઓ ને કોણ પાળશે ? તે કોના થઈને રહેશે ? કોણ સવારે તેને દુધ અને હલવો ખવડાવશે. કોણ તેની નીંદરમાં સુઈ જશે કોણ જાગશે ? તમારા માટે બધુ સહન કરી લઈશે નિરાદર-અપમાન, જેવી-તેવી, સાચી-ખોટી, મેણા-ટોણા બધુ તમારા માટે સહન કરીશ.

કલ્યાણી તો બાળકોને લઈને સુઈ ગઈ. પરંતુ બાબુ સાહેબને નીંદર ન આવી. ઈજા પહોંચાડનારી વાતો મુશ્કેલીથી ભુલાતી હતી. ઉફ આ મિજાજ જાણે હું તેની સ્ત્રી છું. વાત મોં માથી કાઢવી કેટલી મુશ્કેલ છે. હવે હું તેમનો ગુલામ બનીને રહું ? ઘરમાં એકલી તે રહે અને બાકી જેટલા પણ આપણા પરાયા છે. બધાને કાઢી મુકવા, સળગે છે. માને છે કે આ કોઈ રીતે મરે તો હું એકલી આરામ કરું. દિલની વાત મોં માંથી નીકળી જ જાય છે. પછી તે કોઈ ગમે તેટલી છુપાવે. કેટલાય દિવસોથી જોઈ રહ્યો છુ કે આવી જ સાચી-ખોટી સંભળ્યા કરે છે. પિયરનું અભિમાન હશે પરંતુ ત્યા તો કોઈ વાત પણ પુછશે નહી. અત્યારે બધા આગતા સ્વાગત કરે છે. જયારે જઈને માથે પડશે ત્યારે લોટ-દાળનો ભાવ ખબર પડશે. રોતી રોતી આવશે. વાહ રે ઘમંડ, વિચારે છે - હું જ આ ગૃહસ્થી ચલાવુ છુ અત્યારે ચાર દિવસ ક્યાંય ચાલ્યો જાવ તો ખબર પડી જશે, બધી ડંફાસો કરકરી થઈ જશે. એકવાર તેમનુ ઘમંડ તોડી નાખુ, જરા વૈધવ્યની મજા ચખાડી દઉ. ન જાણે તેમની હિમ્મત કેમ થાય છે કે મને કોસવા લાગે છે. લાગે છે કે પ્રેમ તેને અડી રહ્યો નથી અથવા સમજે છે, આ ઘર સાથે એટલો ચિપકી ગયો છે કે ઇચ્છુ તેટલો કોસુ તો પણ ટળવાનું નામ નહીં લે. એ જ વાત છે પરંતુ આ સંસારથી ચિપકવાવાળો જીવ નથી. નર્કમાં જાય આ ઘર, જ્યાં આવા પ્રાણી ઓ સાથે પનારો પડે. ઘર છે કે નર્ક. માણસ બહાર થી થાક્યોં-પાક્યો આવે છે. તો ઘરમાં તેને આરામ મળે છે. અહીંયા આરામ ને બદલે કોસવાનું સાંભળવુ પડે છે. મારા મૃત્યુ માટે વ્રત રાખવામાં આવે છે. આ પચીસ વર્ષના દામ્પત્ય જીવનનો અંત બસ ચાલ્યો જાઉ. જ્યારે જોઈ લઈશ. તેમનો બધો ઘમંડ ધૂળમાં મળી જશે અને મિજાજ ઠંડો થઈ જશે પાછો ફરીશ. ચાર-પાંચ દિવસ પુરતા રહેશે. લે તુ પણ યાદ કરીશ તે કોની સાથે પનારો પડ્યો હતો.

એવું વિચારી બાબુ સાહેબ ઉઠ્યા, રેશમી ચાદર ગળામાં નાખી પોતાનું કાર્ડ કાઢી એક બીજા કુર્તા ના ખીસામાં રાખ્યુ, લાકડી ઉઠાવી અને ચુપચાપ બહાર નીકળ્યા બધા નોકરો નિંદરમાં મસ્ત હતા. કુતરો પગરવ સાંભળી ચોંકી ઉઠ્યો અને તેમની સાથે ચાલી નીકળ્યો.

એ કોણ જાણતુ હતું કે આ બધી લીલા વિધિના હાથો માં રચાયેલી છે. જીવન રંગશાળા નો આ નિર્દય સુત્રધાર કોઈ અગમ્ય ગુપ્ત સ્થાન પર બેઠેલો પોતાની જટીલ ક્રુર ક્રિડા બતાવી રહ્યો છે. એ કોણ જાણે છે કે નકલ અસલ થવા જઈ રહી છે. અભિનય સત્યનું રુપ ધારણ કરવાનો છે.

રાત્રિ એ ઉજાસને પરાસ્ત કરી પોતાનું સામ્રાજય સ્થાપિત કરી લીધુ હતું. તેની પિશાચિક સેનાએ પ્રકૃતિ પર આતંક જમાવી રાખ્યો હતો. સદ્‌વૃતિઓ માં છુપાવી પડી હતી અને કુવૃતિઓ વિજય ગૌરવ થી. ઉંચી ફરતી હતી. વનમાં વન્ય

જાનવર શિકારની શોધમાં ફરી રહ્યા હતા અને નગરોમાં નર પિશાચ ગલીઓમાં ઘુમતા ફરતા હતા.

બાબુ ઉદયભાનુ છુપાઈને ગંગાની તરફ ચાલતા જઈ રહ્યા હતા. તેમણે પોતાનો કુર્તો કિનારે રાખીને પાંચ દિવસ માટે મિર્ઝાપુર જવાનો નિશ્ચય કર્યો હતો. તેમના કપડાં જોઈને લોકોને ડુબી જવાનો વિશ્વાસ થઈ જાય. કાર્ડ કુર્તાના ખીસામાં હતું. ઓળખ કરવામાં કોઈ મુશ્કેલી ન પડે. એકદમ આખા શહેરમાં સમાચાર ફેલાઈ જશે. આઠ વાગ્યા સુધીમાં તો મારા દરવાજે આખુ શહેર એકઠું થઈ જશે. ત્યારે જોઈશ, દેવીજી શું કરે છે.

એવુ વિચારતા બાબુ સાહેબ ગલીઓમાં જઈ રહ્યા હતા. તરત જ તેમની પાછળ બીજા માણસના પગરવ નો અવાજ સંભળાયો. સમજ્યા કોઈ હશે. આગળ વધ્યા, પરંતુ તે જે ગલીમાં તે વળતા એ તરફ જ તે માણસ વળતો હતો. ત્યારે બાબુ ને આશંકા થઈ કે આ માણસ મારો પીછો કરી રહ્યો છે. એવો આભાસ થયો કે તેની દાનત ચોખ્ખી નથી. તેમણે તરત જ ખીસા ફાનસ કાઢ્યુ અને પ્રકાશમાં તે માણસ તરફ જોયું. એક બળવાન માણસ ખભા પર લાકડી ચાલતો હતો. બાબુ સાહેબ તેને જોતા જ ચોંકી ઉઠ્યા. આ તો શહેરનો મોટો બદમાશ છે. ત્રણ વર્ષ પહેલા તેના પર લુંટનો કેસ ચાલતો હતો. ઉદયભાનુ એ આ કેસમાં સરકાર તરફથી પેરવી કરી અને તે બદમાશને ત્રણ વર્ષની સજા અપાવી હતી. ત્યારથી તે તેમના લોહીનો તરસ્યો થઈ ગયો હતો. કાલે જ છુટી ને આવ્યો હતો. આજે બાબુ સાહેબ ને એકલા રાતના જોયા તો વિચાર્યુ કે આનાથી વધારે સારો મોકો દાવ ચુકવવાનો નહીં મળે. તરત જ પાછળ પડી ગયો અને વાર કરવાની તાકમાં હતો કે બાબુ સાહેબે ખીસા ફાનસ સળગાવ્યુ. બદમાશ બોલ્યો, કેમ બાબુજી ઓળખાણ પડે છે ? હું છુ મતઈ.

બાબુ સાહેબે કહ્યું - તું મારી પાછળ પાછળ કેમ આવે છે ?

મતઈ - કેમ, કોઈને રસ્તા પર ચાલવાની મનાઈ છે ? આ ગલી શું તમારા બાપની છે ?

બાબુ સાહેબ જવાની કુસ્તી લડ્યા હતા. હજી પણ તંદુરસ્ત હતા. હૃદયના પણ કાચા ન હાત. લાકડી સંભાળતા બોલ્યા - હજી કદાચ મન ભરાયુ નથી. હજી પણ સાત વર્ષ જેલમાં જઈશ.

મતઈ - સાત વર્ષ જઈશ કે ચૌદ વર્ષ, પરંતુ તને નહી છોડુ હા, જો તુ મારા પગમાં પડીને સોગંદ ખાઈશ કે હવે ક્યારેય કોઈને સજા નહીં કરાવું તો છોડી દઈશ, બોલો મંજુર છે ?

ઉદયભાનુ - તારી શામત તો નથી આવી.

મતઈ - શામત મારી નથી આવી. તમારી આવી છે. બોલો ખાય છે કસમ - એક!

ઉદયભાનુ - તું હટે છે કે પોલીસને બોલાવું.
મતઈ - બે
ઉદયભાનુ (ગરજીને) - હટી જા બદમાશ, સામેથી
મતઈ - ત્રણ !

મોંમાથી 'ત્રણ' શબ્દ નીકળતાજ બાબુ સાહેબ ના માથા પર લાઠીનો એવો ઘા થયો કે તે અચેત થઈ જમીન પર પડી ગયા. મોંમાથી માત્ર એટલુ જ નીકળ્યુ - હાય ! મારી નાખ્યો ? મતઈ એ નજીક આવીને જોયું, તો માથુ ફાટી ગયું હતું અને લોહીની ધારા નીકળી રહી હતી. નાડી ની ક્યાંય ખબર ન હતી. સમજી ગયો કે કામ તમામ થઈ ગયું છે. તેણે કાંડા પર થી સોનાની ઘડિયાળ ખોલી નાખી, કુર્તા પર થી સોનાના બટન લઈ લીધા, આંગળી માંથી વિંટી ઉતારી અને પોતાના રસ્તે ચાલ્યો ગયો, જાણે કશુ થયુ જ નથી. હા એટલી દયા કરી કે લાશ રસ્તા પરથી ઘસડીને કિનારે રાખી દીધી.

હાય ! બિચારા શું વિચારીને ચાલતા હતા અને શું થઈ ગયું. જીવન, તારાથી વધારે અસાર આ દુનિયામાં બીજી કોઈ વસ્તુ છે ? શું આ દિવાની જેમ ક્ષણભંગુર તો નથી. જે હવાના એત ઝોકાથી બુઝાઈ જાય ? પાણીના એક પરપોટા જોતા હો તો પરંતુ તેને તુટતા વાર લાગતી નથી. જીવનમાં એટલો પણ સાર નથી. શ્વાસોનો ભરોસો જ શું અને આ અનિશ્ચીતતાઓ પર આપણે અભિલાશાના કેટલા વિશાળ મકાન બનાવીએ છીએ ? જાણતા નથી. નીચે જનારો શ્વાસ ઉપર આવશે કે કેમ પર વિચારતા એટલુ દુરનું હોય છે કે જાણે હેમસફર મળ્યા છે.

: ૩ :

વિધવાનો વિલાપ અને અનાથો નું રડવુ સંભળાવી. અમે વાચંકો નુ દિલ દુખાવિશુ. જેના ઉપર પડે છે. તે રડે છે. વિલાપ કરે છે. પછડાટ ખાય છે. આ કોઈ નવી વાત નથી. હા તમે ઇચ્છો તો કલ્યાણીની તે ઘોર માનસિક યાતનાનું અનુમાન કરી શકો છો..જે તેને એ વિચાર થી થઈ રહી હતી કે તે પાતાના પ્રાણધાર ની ઘાતિકા છે તે વાક્ય, જે ક્રોધના આવેશ માં તેના અસંયત મોં માંથી નિકળ્યા હતા. હવે તેના હ્રદયને બાણોની જેમ છેદી રહ્યા છે. જે પતિએ તેની ગોદમાં કણસી-કણસીને પ્રાણત્યાગ કર્યો હોત તો તેને વધારે સંતોષ થાત કે મે મારી ફરજ નું પાલન કર્યું. શોકાતુર હ્રદયને તેનાથી વધારે સાંત્વના કોઈ વાતથી થતી નથી એ જ વિચારથી કેટલો સંતોષ થાત કે સ્વામી મારાથી પ્રસન્ન થઈ ગયા. અંતિમ સમયે તો તેમના હ્રદયમાં પુરતો પ્રેમ રહ્યો. કલ્યાણી ને આ સંતોષ ન હતો. તે વિચારતી હતી - મારી

પચીસ વર્ષની તપસ્યા નિષ્ફળ થઈ ગઈ. હુ અંત સમયે પોતાના પ્રાણ-પતિના પ્રેમથી વંચિત થઈ ગઈ. જો મેં તેમને કઠોર શબ્દો કહ્યા ન હોત તો, તે ક્યારેય રાતના સમયે ઘરની બહાર ન જાત. ન જાણે તેમના મનમાં કયા-કયા વિચાર આવ્યા હોય ? તેમના મનોભાવો ની કલ્પના કરી પોતાના અપરાધોને વધારી - વધારી આઠેય પ્રહર કુટતી રહેતી હતી. જે બાળકો પર પ્રાણ આપતી હતી, હવે તેમની સુરતથી ચીઢાતી. એના કારણે જ મારે મારા સ્વામી સાથે ઝગડો કરવો પડ્યો એ મારા દુશ્મનોથી ચીઢાતી. જ્યાં આઠેર પોર કચેરી જેવુ લાગેલુ રહેતુ હતું, ત્યાં હવે ખાક ઉડે છે. તે મેળો જ ઉઠી ગયો. જ્યારે ખવડાવવા વાળો જ ન રહ્યો તો ખાવા વાળા કેવી રીતે પડ્યા રહે ? ધીરે ધીરે એક મહીનાની અંદર જ બધા ભાણીયા-ભત્રીજા વિદાય થઈ ગયા. જેનો દાવો હતો કે અમે પાણીની જગ્યાએ લોહી વહાવવા વાળા છીએ, તે એ ભાગ્યા કે પાછું વળીને પણ જોયું નહીં. દુનિયા જ બીજી થઈ ગઈ. જે બાળકોને જોઈને પ્રેમ કરવાનું મન થતું હતું, તેમના ચહેરા પર હવે માખીઓ બણબણતી હતી. નમણો એ કાન્તિ ક્યાં ચાલી ગઈ.

શોક નો આવેગ ઓછો થયો, તો નિર્મલાના લગ્ન ની સમસ્યા ઊભી થઈ. કેટલાક લોકોનું કહેવુ હતું કે લગ્ન આ વર્ષ રોકી દેવામાં આવે. કલ્યાણીએ કહ્યું - આટલી તૈયારીઓ પછી લગ્ન રોકી દેવાથી થતા કર્યા કરાવ્યા પર માટી મળી જશે, અને બીજા વર્ષે ફરીથી આ તૈયારીઓ કરવી પડશે. જેની કોઈ આશા નથી લગ્ન કરી દેવાજ સારા છે. કઈ લેવુ-દેવુ તો છે નહી જાનૈયાના સેવા-સત્કારનો તો ઘણો સામાન આવી ચુક્યો છે. વિલંબ કરવામાં નુકસાન જ નુકસાન છે આથી મહાશય ભાલચંદ્રને શોક સુચનાની સાથે એ સંદેશ પણ મોકલી દીધો. કલ્યાણીએ પોતાના પત્રમાં લખ્યુ - આ અનાથ પર દયા કરો અને ડુબતી નાવને પાર લગાવો. સ્વામીજીના મનમાં ઘણી ઘણી ઇચ્છાઓ હતી, પરંતુ ઈશ્વરને તો કઈક બીજુ જ મંજુર હતું. હવે મારી લાજ તમારા હાથમાં છે. કન્યા તમારી થઈ ચુકી છે. હું તમારા લોકોના સેવા-સત્કાર કરવાને મારુ સૌભાગ્ય સમજુ છું પરંતુ જો તેમાં કઈક ખામી હોય, કોઈ ત્રુટી પડે તો, મારી દશાનો વિચાર કરી ક્ષમા કરજો મને વિશ્વાસ છે કે તમે પોતે આ અનાથની નિંદા નહી થવા દો વગેરે. .

કલ્યાણએ આ પત્ર પોસ્ટ દ્વારા ન મોકલ્યો. પરંતુ પુરોહિત ને કહ્યું - તમને કષ્ટ થશે જ, પરંતુ તમે જાતે જઈ આ પત્ર આપો અને મારા તરફથી ખૂબ વિનય સાથે કહેજો કે જેટલા ઓછા માણસો આવે એટલુ જ સારુ અહીં કોઈ વ્યવસ્થા નથી. પુરોહિત મોટે રામ આ સંદેશો લઈને ત્રીજા દિવસે લખનૌ જઈ પહોંચ્યા.

સંધ્યાનો સમય હતો. બાબુ ભાલચંદ્ર દીવાનખાના સામે આરામ ખુરશી પર પડેલા હતા. હુક્કો પી રહ્યા હતા. ખૂબ જ સ્થુળ અને ઉંચા કદના માણસ હતા.

એવુ લાગતુ હતું કે કાળા દેવ છે કે કોઈ હબસી આફ્રિકાથી પકડી આવ્યો છે. માથા થી પગ સુધી એક જ રંગ હતો - કાળો. ચહેરો એટલો કાળો હતો કે ખબર પડતી ન હતી કે બસ કોલસાની એક સજીવ મૂર્તિ હતા આપને ગરમી ખૂબ જ સતાવતી હતી. બે માણસો પંખો નાખી રહ્યા હતા, તા પણ પરસેવો બધા તો હતો. તમે આબકારી માં એક ઉંચા હોદ્દા પર હતા. ૬૦૦ રુા. વેતન મળતુ હતું. ઠેકેદાર પાસેથી ખૂબ રિશ્વત લેતાં. ઠેકેદાર દારુના નામે પાણી વહેંચે, ચોવીસ કલકા દુકાન ખુલ્લી રાખે તમને ખુશ રાખવા પુરતુ હતું. બધા કાનુન તમારી ખુશી હતા.

જોવી ભયંકર મુર્તી હતી કે ચાંદની રાતે પણ તેને જોઈને લોકો તરત જ ચોંકી પડતા હતા - બાળક અને સ્ત્રીઓ નહીં, પુરુષ પણ સહમી જતો. ચાંદની રાત એટલા માટે કહેવામાં આવી અંધારી રાત માંતો તેને કોઈ જ જોઈ શકતુ નથી. કાળાશ અંધકારમાં વિલીન થઈ જાય છે. માત્ર આંખોને રંગ લાલ હતો. જે રીતે પાક્કો મુસલમાન પાંચ વ્ખત નમાજ પઢે છે, તેમ તમે પાંચ વખત શરાબ પીતા હતા. મફતનો દારુ તો કાજી ને હલાલ છે, પછી તમે તો દારુના ઓફિસર જ હતા. જેટલો ઇચ્છો તેટલો પીઓ કોઈ હાથ પકડવા વાળો ન હતો. જ્યારે તરસ લાગે દારુ પી લેતા. જેવી રીતે રંગોમાં પરસ્પર સહાનુભૂતિ છે. એ જ રીતે કેટલાક રંગ પરસ્પર વિરોધી છે. લાલાશ ના સંયોગથી કાળાશ વધારે ભયંકર બની જાય છે.

બાબુસાહેબે પંડિતજીને જોતા જ ખુર્શી ઉઠાવીને કહ્યો - આહા ! તમે છો ? આવો, આવો. ધન્ય ભાગ્ય, અરે કોઈ છે ? ક્યાં ચાલ્યા ગયા બધા ઝગડુ, ગુરદીન, છકૌડી, ભવાની, રામગુલામ કોઈ છે ? શું બધા મરી ગયા ? ચાલો રામગુલાલ, છકૌડી, ગુરદીન, ઝગડુ કોઈ બોલતુ નથી, બધા મરી ગયા ? ડઝનેક માણસો છે, પરંતુ જરુરિયાત સમયે એક પણ ચેહરો દેખાતો નથી, ન જાણે બધા ક્યાં ગાયબ થઈ જાય છે. તમારા માટે ખુરશી લાવો.

બાબુ સાહેબે આ પાંચેય ના નામ કેટલીયવાર બોલાવ્યા, પરંતુ એ ન ક્ર્યુ કે પંખો નાખનારા બે માંથી કોઈને પણ ખુરશી લેવા મોકલે, ત્રણ ચાર મિનિટ પછી એક કાણો માણસ ખાંસતો આવીને બોલ્યો - સરકાર આટલી નોકરી અમારાથી ન થાઈ. ક્યાં સુધી ઉધાર લઈ લઈને ખાશુ. માંગતા માંગતા થેથર થઈ ગયા.

ભાલ. - બકો મત, જઈને ખુરશી લાવો. જ્યારે કોઈ કામ કરવાનું કહેવામાં આવ્યુ, તો રોવા લાગે છે. કહો પંડિતજી, ત્યાં બધુ કુશળ છે ?

મોટેરામ. - શું કુશળ કહું બાબુજી, હવે કુશળ ક્યાં ? આખુ ઘર માટીમાં ભળી ગયું.

એટલામાં કહારે એક તુટેલી ચીડની પેટી લાવીને મુકી અને બોલ્યો - ખુરશી ટેબલ અમારા ઉઠાવવા થી નહી ઉઠે.

પંડિતજી શરમાતા ડરતા-ડરતા તેના પર બેઠા ક્યાંય તુટી ન જાય અને કલ્યાણી નો પત્ર બાબુજીના હાથમાં મુકી દીધો.

ભાલ. - હવે વધારે કેમ માટીમાં ભળશે ? આનાથી મોટી કઈ મુશ્કેલી પડશે ? બાબુ ઉદયભાનુ લાલ સાથે મારે જુની મિત્રતા હતી. માણસ નહી, હીરો હતો. શું દિલ હતું. શું હિમ્મત હતી, (આંખો લુછીને) મારો તો જમણો હાથ કપાઈ ગયો. વિશ્વાસ માનો, જયારથી આ સમાચાર સાંભળ્યા છે. આંખોમાં અંધારુ છવાઈ ગયું છે. ખાવા બેસુ છુ તો મોં માં કોળિયો નથી જતો તેમનો ચહેરો આંખોની સામે આવીને ઉભો રહે છે. મોં એઠુ કરીને ઉભો થઈ જાવ છું. કોઈ કામમાં મન લાગતુ નથી. ભાઈ મરવાનો રંજ પણ આનાથી ઓછો જ હોત, માણસ નહીં, હીરો હતો.

મોટે. - સરકાર શહેરમાં હવે કોઈ એવુ શ્રીમંત ન રહ્યું.

ભાલ. - હું, બરોબર જાણુ છું પંડિતજી તમે મને શું કહો છો. જેટલો હું તેમને ઓળખુ છું, એટલા બીજા નથી ઓળખી શકતા. બે-ત્રણ વખતની મુલાકાતમાંજ તેમનો ભક્ત થઈ ગયો અને મરતા સુધી રહીશ. તમે વેવાણ ને કહેજો મને હૃદય થી દુઃખ છે.

માટે. - તમારાથી આવી જ આશા હતી. તમારા જેવા સજ્જનોના દર્શ દુર્લભ છે. નહીં તો આજે કોણ દહેજ વગર લગ્ન કરે છે.

ભાલ. - મહારાજ, દહેજની વાતચીત આવી રીતે સત્ પુરુષ સાથે ન કરી શકાય. તેમની સાથે સંબંધ થઈ જવો જ લાખ રુપિયા બરાબર છે. હું તેને મારુ અહોભાગ્ય સમજુ છું હો ! કેટલા ઉદાર હતા રુપિયાને તો કંઈ સમજયા જ નહીં અને તણખલા જેટલી પરવાહ ન કરી. ખરાબ રિવાજ છે ખૂબજ ખરાબ ! મારુ ચાલે તો દહેજ લેવાવાળા અને આપવાવાળા બંનેને ગોળી મારી દઉં. પછી ભલે ફાંસી કેમ ન થઈ જાય. પુછો, તમે તમારા છોકરા ના લગ્ન કરો છો કે તેને વેચો છો ? જો તમને તમારા પુત્રના લગ્નમાં દિલ ખોલીને ખર્ચ કરવાના અરમાન છે તો શોખ થી ખર્ચો કરો. પરંતુ જો કઈ કરો પોતાના બળ પર, આ શું કે કન્યાના પિતાનુ ગળુ પકડવાનું. નિચતાં છે. ઘોર નીચતા છે. મારુ બસ ચાલે તો આ બદમાશો ને ગોળી મારી દઉ.

મોટે. - ધન્ય છે સરકાર, ભગવાને તમને ઘણી બુદ્ધિ આપી છે. આ ધર્મનો પ્રતાપ છે. શેઠાણીની ઇચ્છા છે કે લગ્ન મુહુર્ત એ જ રહે, બાકી તો બધી વાત તેમણે પત્રમાં લખી છે. બસ તમે જ ઉગારો, તો ઉગરી શકીએ છીએ. આ રીતે તો જાનમાં જેટલા સજ્જન આવશે તેની સેવા સત્કાર કરીશું જ, પરંતુ પરિસ્થિતી બદલાઈ ગઈ છે. સરકાર કોઈ કરવા ધરવા વાળુ નથી. બસ એવી વાતો કરો કે વકિલ સાહેબના નામ પર બટ્ટો ના લાગે.

ભાલચંદ્ર એત મિનિટ સુધી આંખો બંધ કરીને બેસી રહ્યા. પછી એક લાંબો

શ્વાસ ખેંચીને બોલ્યા - ઈશ્વરને મંજુર જ નહોતુ મારા ઘરમાં આ લક્ષ્મી આવે, નહીં તો શુ આ વજ્ર પડતુ ? બધા મનસુબા માટી માં મળી ગયા. ફુલ્યો સમાતો નહતો કે તે શુભ અવસર નજીક આવી રહ્યો છે. પર શું જાણતો હતો કે ઈશ્વરના દરબારમાં કાવતરુ ચાલી રહ્યું છે. મરવાવાળા ની યાદ રડાવવા માટે પુરતી છે. તેને જોઈને ઘા પણ તાજો થઈ જશે. એવી દશામાં ન જાણે શું કરી બેસુ. તેને ગુણ સમજો કે દોષ, કે જેની સાથે એક મારે ઘનિષ્ઠતા થઈ ગઈ પછી. તેમની યાદ મારા મનમાંથી જતી નથી. અત્યારે તો બસ આટલુ જ છે કે એમનો ચહેરો આંખોની સામે નાચે છે. પરંતુ તે કન્યા ઘરમાં આવી ગઈ, ત્યારે મારુ જીવવું કઠિન થઈ જશે. સાચું માનો, રોતા-રોતા મારી આંખો ફુટી જશે. જાણુ છું રોવુ-ધોવુ નકામુ છે. જે મરી ગયું - તે પાછુ આવી શકતુ નથી. ધીરજ રાખ્યા સિવાય કોઈ ઉપાય નથી. પરંતુ દિલથી મજબુર છું એ અનાથ બાલિકાને જોઈ મારુ કલેજુ ફાટી જશે.

મોટે. - એવિ ન કહો સરકાર ! વકીલ સાબે નથી તો શું થયુ તમે તો છો ! તમે તેના પિતા સમાન જ છો. હવે વકિલ સાહેબની કન્યા નહીં તમારી જ કન્યા છે. તમારા હૃદયના ભાવ તો કોઈ જણાતુ નથી. લોકો સમજશે વકીલ સાહેબ નું મૃત્યુ થઈ જવાના કારણે તમે તમારા વચનમાંથી ફરી ગયા. તેમાં તમારી બદનામી થશે મનને સમજાવો, અને હસતા-હસતા કન્યાનું પાણી ગ્રહણ કરો. હાથી મરે તો નવ લાખનો. લાખ વિપતિ પડી છે, પરંતુ શેઠાણી તમારી સેવા-સત્કાર કરવામાં કોઈ વાતની ખામી નહીં રાખે.

બાબુ સાહેબ સમજી ગયા કે પંડિત મોટેરામ ખાલી પોથીના જ પંડિત નથી. પરંતુ વ્યવહાર નીતીમાં પણ ચતુર છે. બોલ્યા - પંડિતજી હલાફથી કહુ છું મને એ છોકરી સાથે જેટલો પ્રેમ છે. એટલો મારી પોતાની છોકરી સાથે પણ નથી. પરંતુ જ્યારે ઈશ્વરને મંજુર નથી તો મારી શું વિસાત છે ? આ મૃત્યુ એક પ્રકાર ની અમંગળ સુચના છે. જે વિધાતા તરફથી મળી છે. આ કોઈ આવનારી મુસીબત ની આકાશવાણી છે. વિધાતા સ્પષ્ટ રીતે કહે છે. ના જાણી જોઈને માખી ન ગળી શકાય વેવાણ ને સમજાવીને કહી દેજો હું તેમની આજ્ઞાનું પાલન કરવા તેયાર છું પરંતુ સાહેબને સમ જાવવા સારા નથી. સ્વાર્થને વશ થઈ ને હું મારા પરમ મિત્રના સંતાનની સાથે આ અન્યાય ન કરી શકું.

આ તકે પંડિતજી ને નિરુતર કરી દીધા ! વાદીએ તીર છોડ્યુ હતું, જેનો તેમની પાસે કોઈ કાન ન હતો. શત્રુએ એ જ હથિયાર થી તેના પર ઘા કર્યો છે જેનો તે પ્રતિકાર કરી શકતા ન હતા. તે હજી કોઈ જવાબ વિચારી જ રહ્યા હતા કે બાબુ સાહેબે ફરી નોકરોને બોલાવવા શરુંકર્યા - અરે તમે બધા ગાયબ થઈ ગયા ઝગડુ, છકોડી, ભવાની, રામગુલામ એક પણ બોલતા નથી બધા મરી ગયા. પંડિતજી માટે

પાણી-બાણી ની ચિંતા છે ? ન જાણે આ બધાને કોઈ ક્યાં સુધી સમજવે. અક્કલ તો છે નહીં જોવે છે કે એક મહાશય દુરથી થાક્યા પાક્યા ચાલ્યા આવી રહ્યા છે. પરંતુ કોઈને એક વાતની જરાપણ ચિંતા નથી લાવો પાણી-બાણી રાખો પંડિતજી, તમારા માટે શરબત બનાવડાવુ કે ફરાળી મિઠાઈ મંગાઉ ?

મોટેરામ મિઠાઈઓ અંગે કોઈ પ્રકારનું બંધન સ્વીકારતા ન હતા. તેમનો સિદ્ધાંત હતો કે ધૃતથી બધી વસ્તુઓ પવિત્ર થઈ જાય છે. રસગુલ્લા અને બેસનના લાડુ તેમના ખૂબ જ પ્રિય છે. પરંતુ શરબત માં તેમની રુચિ ન હતી. પાણી થી પેટ ભરવુ તેમના નિયમ વિરુદ્ધ હતું. સંકોચાતા બોલ્યા - શરબત પીવાની મને આદત નંથી, મિઠાઈ ખાઈ લઈશ.

ભાલ. - ફરાળી ને ?

મોટે. - તેનો મારો વિચાર નથી.

ભાલ. - એ જતો વાત છે. છુતા-છુત બધો દંભ છે.

હું પોતે નથી માનતો, હજી સુધી કોઈ આવ્યુ નહી ? છકોડી, ભવાની, ગુરદીન, રામગુલામ કોઈ તો બોલો.

અત્યારે પણ તે જ ખાંસ તો વૃદ્ધ આવીને ઉભો રહી ગયો અને બોલ્યો - સરકાર મારો પગાર આપી દો. આવી નોકરી મારાથી ન થાય. દોડુ ક્યાંથી, દોડી-દોડી ને પગ દુઃખે છે.

ભાલ. - કંઈક કરો કે ન કરો પગાર પહેલા જોઈએ. દિવસ આખો પડ્યા પડ્યા ખાંસવાનું અને પગાર તારો ચઢતો જાય. બજારમાં જઈને એક આનાની તાજી મિઠાઈ લાવ. દોડતો જા.

નોકરનમે આ હુકમ કરી બાબુ સાહેબ ઘરમાં ગયા અને સ્ત્રીને કહ્યું - ત્યાંથી એક પંડિતજી આવ્યા છે. આ પત્ર લાવ્યા છે. જરા વાંચો તો.

પત્નીનું નામ રંગીલી બાઈ હતું. ગોરા રંગની પ્રસન્ન મુખ મહિલા પતી. રુપ અને જુવાની વિદાઈ લઈ રહી હતી. પરંતુ કોઈ પરમ મિત્રની જેમ મારી-મચડી ને ત્રીસ વર્ષ સુધી જેના ગળામાં રહ્યા તે છુટતુ ન હતું. રંગીલીબાઈ બેઠી-બેઠી પાન લગાવી રહી હતી. - કહીં દીધું ને આપણે ત્યાં કરવાનું મંજુર નથી.

ભાલ. - હાં કહી તો દીધું, પરંતુ મારુ સંકોચ ના માર્યું.

મોં માંતી એક પણ શબ્દ નીકળતો ન હતો. ખોટા-ખોટા મલાવા કરવા પડ્યા.

રંગીલી - ચોખ્ખી વાત કહેવામાં સંકોચ શેનો ? આપણી ઇચ્છા છે, નથી કરવુ. કોઈ નુ કઈ લીધુ તો નથી ને ? જ્યારે બીજી જગ્યાએથી દસ હજાર રોકડા મળી રહ્યા છે. તો ત્યા કેમ કરું ? તેમની છોકરી કોઈ સોનાની થોડી છે. વકીલ સાહેબ જીવતા હોત તો શરમાતા, શરમાતા પંદર-વીસ હજાર આપી દેત હવે ત્યાં શું રાખ્યુ છે ?

ભાલ. - એક વખત જબાન દીધા પછી ફરી જવુ સારી વાત નથી કોઈ મા એ કઈ જ ન કહે પરંતુ બદનામી થયા વગર રહેતી નથી. પરંતુ તારી જીદથી મજબુર છું.

રંગીલી બાઈએ પાન ખાઈને પત્ર ખોલ્યો અને વાંચવા લાગી. હિન્દીનો અભ્યાસ બાબુ સાહેબને જરા પણ ન હતો. જોકે રંગીલીબાઈ એ પણ કદાચ પુસ્તક વાંચ્યુ હોત. પરંતુ પત્ર વગેરે વાંચી લેતી હતી. પહેલુ જ વાક્ય વાંચી તેમની આંખો સજાગ થઈ ગઈ. અને પત્ર પુરો કર્યો તો તેમની આંખમાંથી આંસુ વહી રહ્યા હતા. એક-એક શબ્દ કરુણાના રસમાં ડુબેલો હતો. એક-એક અક્ષરમાંથી દીનતા ટપકી રહી હતી. રંગીલી બાઈની કઠોરતા પથ્થરની નહીં, લાખની હતી. જે એક જ જ્યોતથી પીગળી જાય છે. કલ્યાણી ના કરુણતાભર્યા શબ્દો એ તેના સ્વાર્થ ભર્યા હૃદયને પીગળાવી નાખ્યુ. રુંધાયેલા કંઠ થી બોલી - હજી બ્રાહ્મણ બેઠો છે ને ?

ભાલચંદ્ર - પત્નીના આંસુઓ જોઈને સુકાઈ જતા હતા. પોતાના પર ગીન્નાતા હતા કે નકામો મે આ પત્ર તેને આપ્યો. તેની જરુરિયાત શું હતી. આટલી મોટી ભૂલ તેમનાથી ક્યારેય થતી ન હતી. સંદિગ્ધ ભાવે બોલ્યા - કદાચ બેઠેલો હોય, મેં તો જવાનુ કહી દીધું હતું.

રંગીલી એ બારીમાંથી નજર કરી. પંડિત મોટેરામજી બગલાની જેમ ધ્યાન લગાવીને બજારની તરપ તાકી રહ્યા હતા. લાલચથી વ્યગ્ર થઈને આ નજર કરતા અને તેમ નજર ફેરવતા. 'એક આનાની મિઠાઈ' એ તો આશાની કમર પહેલેથી જ તોડી નાખી હતી. તેમાં પણ આ વિલંબ ? દારુણ દશા હતી. તેમને જોઈને રંગીલી બોલી - છે હજી છે. જઈને કહી દો, આપણે લગ્ન કરીશું, બિચારી મોટી મુસિબતમાં છે.

ભાલ. - તું પણ ક્યારેક ક્યારેક બાળકો જેવી વાત કરવા લાગે છે. હમણા જ તેને કહીને આવ્યો છુ કે મને આ લગ્ન મંજુર નથી. એક લાંબી-પહોળી ભૂમિકા બાંધવી પડી. હવે જઈને એ સંદેશો કહીશ તો તે પોતાના મનમાં શુ કહેશે જરા વિચારતો ? આ લગ્ન-વિવાહનો મામલો છે. બાળકોની રમત નથી. હમણા એક વાત કહી અને ફરી પલટી ગયા. ભલા માણસની વાત ન થઈ. મજાક થઈ.

રંગીલી - સારુ, તમે તમારા મોં એથી ન કહો, તે બ્રાહ્મણને મારી પાસે મોકલી દો હું તેને મારી રીતે સમજાવી દઈશ કે તમારી વાત પણ રહી જાય અને મારી પણ. તેમાં કોઈ મુશ્કેલી નથી.

ભાલ. - તું તારા સિવાય આખી દુનિયાને નાદાન સમજે છે. તું કહે છે કે હું કહુ વાત તો એક જ છે. જે વાત પાકી થઈ છે. તેને હુ ફરી ઉઠાવવા માગતો નથી તું જ વારે વારે કહેતી હતી ને કે હું ત્યા નહીં કરું તારા કારણે મારે મારી વાત ગુમાવવી પડે છે. હવે તુ ફરીથી રંગ બદલી રહી છે. આતો મારી છાતી પર મગ દળવાની

વાત છે. છેવટે તારે પણ મારા માન-અપમાનનો વિચાર કરવો જોઈએ.

રંગીલી - તો મને શું ખબર કે વિધવાની દશા આટલી ખરાબ થઈ ગઈ છે ? તમે તો કહ્યું હતું કે તેણે પતિની બધી મિલ્કત છુપાવીને રાખી છે. અને પોતાની ગરીબીનો ઢોંગ કરી કામ કઢાવવા ઇચ્છે છે. એક બદમાશ સ્ત્રી છે. તમે જે કહ્યું હતું તે માની લીધુ, ભલાઈ કરી બુરાઈ કરવામાં તો લજ્જા અને સંકોચ છે. બુરાઈ કરી ભલાઈ કરવામાં કોઈ સંકોચ નથી જો તમે 'હા' કહી ને આવ્યા હોત અને હું 'ના' કરવાનું કહેત, તો તમારો સંકોચ ઉચિત હોત. 'નહીં' કર્યા પછી. 'હા' કરવામાં તો આપણી મોટાઈ છે.

ભાલ. - તને મોટાઈ લાગે છે, મને તો લુચ્ચાપણું જ લાગે છે, પછી તે કેમ માની લીધુ મેં વેવાણ અંગે જે વાત કહી હતી તે જુઠી હતી ? શું આ પત્ર જોઈને ? તું જેવી પોતે સરળ છો, એમ જ બીજાને પણ સરળ સમજો છો.

રંગીલી - આ પત્રમાં બનાવટ લાગતી નથી. બનાવટની વાત દિલમાં વાગતી નથી. આ માં બનાવટની ગંધ જરુર રહે છે.

ભાલ. - બનાવટની વાચ એવી ખુંચે છે કે તેની સામે સાચી વાત બિલકુલ ફીકી લાગે છે. આ કિસ્સા-વાર્તા લખવાવાળા જેના પુસ્તકો વાંચીને તુ કલાકો રડે છે, શું સાચી વાતો લખે છે ? એક દમ ખોટો માહોલ બાંધે છે ? આ પણ એક કલા છે.

રંગીલી - કેમ જી, તુ મારાથી ઉડો છો, દાયણ થી પેટ છુપાવો છો ? હું તમારી વાત માની લઉ છું તો તમે સમજો છો કે આને ધોખો દઈ દીધો, પરંતુ હું તમારી એક-એક નસ ઓળખો છું તમે તમારી કુટેવ મારી માથે માનીને પોતે બેદાગ બનવા ઇચ્છો છો, બોલો ખોટુ કહું છું ? જ્યારે વકીલ સાહેબ જીવતા હતા ત્યારે તમે વિચાર્યું કે નક્કી કરવાની જરુર ક્યાં છે. તે પોતે જ જેટલા ઉચિત સમજશે આપશે. પરંતુ નક્કી કર્યા વગર જ પણ વધારે મળવાની આશા થશે. હવે જ્યારે વકીલ સાહેબ નું અવસાન થઈ ગયું તો જુદી-જુદી વાર્તા કરવા લાગ્યા. આ ભલમનસાઈ નહી, નીચતા છે. એનો ઈલાજ પણ તમારા માથા પર છે. હું લગ્ન-વિવાહમાં વચ્ચે નહીં આવુ. જેવી તમારી ઇચ્છા હોય કરો. ઢોંગી લોકોથી મને ચીઢ છે. જે વાત કરો, સ્પષ્ટતાથી કરો, ખરાબ કે સારુ હાથીના દાંત દેખાડવાના અને ખવડાવવાના જુંદા વાળી નીતિ પર ચાલવાનું તમને શોભા દેતુ નથી બોલો હજી પણ ત્યાં લગ્ન કરો છો કે નહી.

ભાલ. - જ્યારે હું દગાબાજ, બેઈમાન અને ખોટો જ છુ, તો મને પુછવાનું જ શું! પરંતુ સારી રીતે ઓળખે છે માણસોને શું કહેવાનું, તારી આ સમજણ ને વધાવી લઈએ.

રંગીલી - છો મોટા શર્મવાળા, હજી પણ શરમાતા નથી. ઈમાન થી કહો, મેં વાત પારખી લીધી કે નહીં.

ભાલ. - એ જા, તે બીજી સ્ત્રીઓ હશે જે પુરુષો ને ઓળખે છે. અત્યાર સુધી એ સમજતો હતો કે સ્ત્રીઓની દૃષ્ટિ ઘણી સુક્ષ્મ હોય છે. પરંતુ આજે એ વિશ્વાસ ઉઠી ગયો અને મહાત્માઓએ સ્ત્રીઓ વીશે જે તત્વની વાત કહી છે તેને માનવી પડે.

રંગીલી - જરા આવીને તમારો ચહેરો તો જોઈ આવો, તમને મારા સોગંદ છે. જરા જોઈતો લો કેટલા ઝંખવાયેલા છો.

ભાલ. - સાચું કહેજે, કેટલો ઝંખવાયેલો છું ?

રંગીલી - એટલાજ, જેટલા કોઈ ભલા માણસ ચોર ની ચોરી ખુલી જતા ઝંખવાય છે.

ભાલ. - ભલે, ઝંખવાયેલો જ ખરો, પરંતુ લગ્ન ત્યાં થશે નહીં.

રંગીલી - મારી બલા થી, જયાં ઇચ્છો ત્યાં કરો. કેમ, ભુવન ને એકવાર કેમ પુછી લેતા નથી.

ભાલ. - સારી વાત છે. તેના પર જ નિર્ણય નાખીએ.

રંગીલી - જરાય ઈશારો ન કરતા.

ભાલ. - હું તેમના તરફ જોઈશ પણ નહીં.

સંયોગ થી એ જ સમયે ભૂવન મોહન પણ આવી પહોંચ્યો. આવા સુંદર, સુડોળ, બલિષ્ઠ યુવાન કોલેજોમાં ખૂબ ઓછા જોવા મળે છે. એકદમ માં પર ગયો હતો. એ જ ગોરો-ગોરો રંગ, એ જ પાતળા-પાતળા ગુલાબ ની પાંદડી જેવા હોઠ, એ જ પહોળુ માથુ, એ જ મોટી-મોટી આંખો, બાંધો બાપ જેવો હતો. ઉંચો કોટ, બ્રીચેજ ટાઈ, બુટ, હેટ તેના પર ખીલી રહ્યા હતા. હાથમાં એક સ્ટિક હતી. ચાલમાં જવાનીનું ગૌરવ હતું. આંખોમાં આત્મ ગૌરવ. રંગીલીએ કહ્યું - આજે બહુ મોડુ કર્યુ તે. આ જો તારા સાસરે થી પત્ર આવ્યો છે. તારી સાસુએ લખ્યુ છે. સીધુ-સીધુ બતાવી દો, હજી સવાર છે. તને ત્યાં લગ્ન કરવા મંજુર છે કે નહીં ?

ભુવન - લગ્ન કરવા તો જોઈએ માં, પરંતુ હું કરીશ નહી.

રંગીલી - કેમ ?

ભુવન - એમાં શરમની શું વાત છે ? રુપિયા કોને કાપે છે ? લાખ રુપિયા તો લાખ જન્મમાં પણ જમા નહીં કરી શકુ. આ વર્ષ પણ પાસ થઈ જઈશ તો ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી તો રુપિયા દેખાશે જ નહી. પછી સો-બસો રુપિયા કમાવા લાગીશ. પાંચ-છ સો સુધી પહોંચત-પહોંચતા ઉંમરનો ત્રીજો ભાગ વીતી જશે. રુપિયા જમા કરવાનો સમય જ નહીં આવે. દુનિયાની કોઈ મજા ઉઠાવી શકીશ નહીં. કોઈ ધનિક છોકરી સાથે લગ્ન થઈ જાય તો નિરાંતે જીવાય. હું વધારે નથી ઇચ્છતો, બસ એક લાખ રોકડા હોય પછી કોઈ મિલ્કતવાળી વિધવા પણ મળે, જેની એક જ છોકરી હોય.

રંગીલી - પછી સ્ત્રી ગમે તેવી મળે.

ભુવન - ધન બધી ખામીઓ છુપાવી દેશે. મને તે ગાળો પણ સંભળાવે તો ચું-ચાં નહી કરું. દુંધ આપતી ગાયની લાત કોને ખરાબ લાગે છે ?

બાબુ સાહેબે પ્રશંસા ભર્યા ભાવથી કહ્યું - આપણ ને તે લોકો સાથે સહાનુભૂતી છે અને દુ:ખ છે કે ઈશ્વરે તેમને આપત્તિમાં નાખ્યા પરંતુ બુદ્ધિથી કામ લઈને જ કોઈ નિશ્ચય કરવો જોઈએ. આપણે ગમે તે હાલતમાં જોઈએ. છતાં પણ સારી એવી જાન થઈ જાય ત્યાં ભોજન નુ ઠેકાણુ નહીં સિવાય તેને કે લોકો હસે, બીજો કોઈ રસ્તો નીકળશે નહીં.

રંગીલી - તમે બાપ-બેટા એક માળાના મણકા છો. બંને તે ગરીબ છોકરી પર છરી ફેરવવા ઇચ્છો છો.

ભુવન - જે ગરીબ છે તેણે ગરીબ સાથે જ સંબંધ બાંધવો જોઈએ. પોતાની હેસિયત થી વધારે...

રંગીલી - ચુપ પણ રહે, આવ્યો છે. ત્યાથી હેસીયત લઈને. તું ક્યાં નો એવો ધનવાન શેઠ છે ? કોઈ માણસ દરવાજા પર આવી જાય તો એક લોટા પાણીને પણ તરસી જાય. મોટી હેસીયત વાળો બને છે.

આવુ કહીને રંગીલી ત્યાંથી ઉઠીને રસોડામાં વ્યવસ્થા કરવા ચાલી ગઈ.

ભુવન હસતો હસતો પોતાના ઓરડામાં ચાલ્યો ગયો અને બાબુ સાહેબ મુછો પર તાવ દેતા બહાર આવ્યા કે મોટારામને અંતિમ સુચના આપી દે, પરંતુ તેમનું કોઈ ઠેકાણુ ન હતું.

મોટેરામજી થોડીવારતો નોકરોની રાહ જોતા રહ્યા. જયારે તેને આવવામાં ઘણીવાર થઈ તો તેનાથી બેસાયુ નહીં. વિચાર્યુ અહીંયા બેઠા-બેઠા કામ નહીં ચાલે. કંઈક મહેનત કરવી પડશે. ભાગ્યના ભરોસે અહીંયા બેસી રહીશુ તો ભુખ્યા જ મરી જઈશું. અહીંયા તમારી દાળ ગળવાની નથી. ચુપચાપ લાકડી ઉઠાવી અને જે તરફનોકર ગયો હતો તે તરફ ચાલ્યા. બજાર થોડુ જ દુર હતું. એક ક્ષણમાં જઈ પહોંચ્યા. જોયું તો ડોસો એક મિઠાઈની દુકાન પર બેસી ચિલમ પી રહ્યો હતો. તેને જોતા જ તેમણે કહ્યું - હજી કંઈ જ તૈયાર નથી ? સરકાર ત્યાં બેઠા-બેઠા બગડી રહ્યા છે. કે જઈને સુઈ ગયો કે ક્યાંય તાડી પીવા લાગ્યો. મેં કહ્યું - સરકાર આ વત નથી, વૃદ્ધ માણસ છે. આવતા-આવતા આવી જશે ખૂબ વિચિત્ર જીવ છે. ન જાણે, તેમને ત્યાં કેવી રીતે નોકર ટકે છે.

નોકર - મને છોડીને સાજ સુધી કોઈ બીજો ટક્યો નથી અને ટકશે નહીં. વર્ષ ભરથી પગાર નથી મળ્યો. કોઈને પગાર આપતા નથી. જયારે કોઈએ પગાર માગ્યો તો તેને ખીજાવા લાગશે. બિચારો નોકરી છોડીને ભાગી જાય છે. એ બંને માણસો

પંખો નાખી રહ્યા હતા, સરકારી નોકર છે. સરકાર પાસેથી બે અર્દલી મળે છે ને એટલે પડેલા છે. હું પણ વિચારુ છું, જેવા તારા તાણા-વાણા એવી મારી ભરણી દસ કપાઈ ગયા છે. વર્ષ બે વર્ષ આ રીતે કપાઈ જશે.

મોટેરામ - તો તું એકલો છે ? નામ તો કેટલાય નોકરોના લે છે.

નોકર - આ બધા આ બે-ત્રણ મહિનામાં આવ્યા અને છોડીને ચાલ્યા ગયા. આ પોતાનો રોફર જમાવવા હજી સુધી તેમના નામ જપ્યા કરે છે. ક્યાંય નોકરી દેખાડશો, નીકળુ ?

મોટેરામ - એ જી, ઘણી નોકરીઓ છે, નોકરો તો આજ કાલ શોધતા મળતા નથી. તમે તો ઘણા જુવાન માણસ છો તમારા માટે નોકરી નો ક્યાં અભાવ છે. અહીંયા કોઈ તાજી ચીજ છે ? મને કહેવા લાગ્યા, ખીચડી બનાવીએ કે બાટી લગાવીએ. મેં કહી દીધું, સરકાર વૃદ્ધ માણસ છે. રાત્રે તેને મારુ ભોજન બનાવવામાં કષ્ટ પડશે. હું બજારમાંથી જ કંઈક ખાઈ લઈશ. તેની ચિંતા તમે ન કરો. બોલ્યા - સારી વાત છે. નોકર તમને દુકાન પર મળશે. બોલો સાહજી, કયો માલ તૈયાર છે. લાડુ તો તાજા જ દેખાય છે તોલી દો એક શેર ભરીને, આવુ ત્યાં ઉપરને ?

આવુ કહીને મોટેરામજી મિઠાઈની દુકાનમાં જઈ બેઠા અને માલ ચાખવા લાગ્યા. ખૂબ દાબીને ખાધુ. બે-ત્રણ શેર ચાંઉ કરી ગયા. ખાતા હતા અને કંદોઈના વખાણ કરતા હતા. સાહજી તમારી દુકાનનું જેવુ સાંભળ્યુ હતું તેવુ જ જોયું. બનારસ વાળા રસગુલ્લા નથી બનાવી શકતા, કલાકંદ સારી બનાવે છે. પરંતુ તમારી તેનાથી ખરાબ નથી. માલ નાખવાથી ચીજ સારી નથી બનતી, વિદ્યા જોઈએ.

કંદોઈ - બીજુ કંઈક તો લો. મહારાજ થોડી રબડી મારા તરફથી લો.

મોટેરામ - ઈચ્છા તો નથી, પરંતુ આપી દો પા શેર.

કંદોઈ - પા શેર મા શું થાય. ચીજ સારી છે, અડધો શેર તો લો.

ખૂબ ઈચ્છાથી ભોજન કરી પંડિતજીએ થોડીવાર માટે બહાર ફર્યા અને નવ વાંગતા-વાગતા મકાન પર ગયા. ત્યાં સન્નાટો છવાયેલો હતો. એક ફાનસ સળગી રહ્યો હતો. તેમણે ચબુતરામાં પથારી કરી અને સુઈ ગયા.

સવારે પોતાના નિયમ પ્રમાણે આઠ વાગ્યે ઉઠ્યા, તો જોયું કે બાબુ સાહેબ ફરી રહ્યા હતા તેમને જાગેલા જોઈ બોલ્યા - મહારાજ, તમે રાતના ક્યાં ચાલ્યા ગયા ? હું મોડી રાત સુધી તમારી રાહ જોતો રહ્યો. ભોજન નો સામાન પણ મોડે સુધી મુકી રાખ્યો. જ્યારે તમે આવ્યા નહીં તો પાછો મુકી દીધો તમે કંઈ ભોજન કર્યું હતું કે નહીં ?

મોટેરામ- કંદોઈની દુકાને કંઈક ખાધુ હતું.

ભાલ. - જી પુરી-મિઠાઈમાં તે આનંદ ક્યા જે બાટી અને દાળમાં છે. દસ-બાર

આના ખર્ચાઈ ગયા હશે. છતા પણ પેટ ભરાયુ નહીં હોય. તમે મારા મહેમાન છો. જેટલા પૈસા થયા, લઈ લેશો.

મોટેરામ - તમારા જ કંદોઈની દુકાન પર ખાઈ આવ્યો. એજ જે ગલી પર બેસે છે.

ભાલ. - કેટલા પૈસા આપવા પડ્યા.

મોટેરામ - તમારા હિસાબમાં લખાવી દીધા છે.

ભાલ. - જેટલી મિઠાઈ લીધી હોય મને બતાવી દેજો નહીંતર પાછળ થી બેઈમાની કરવા લાગશે. એક ઠગ જ છે.

મોટેરામ - કોઈ અઢીસેર મીઠાઈ હતી અને અડધો શેર રબડી.

બાબુ સાહેબ આશ્ચર્ય ચકિત નેત્રોથી, જાણે કોઈ અચંબાની વાત સાંભળી હોય. ત્રણ શેર તો ક્યારેય અહીંયા મહીના ભરનો પણ ટોટલ થતો ન હતો. અને આ મહાશય એક વખતમાંજ ચાર રુપિયાવો માલ ઉડાવી ગયા. જો એક અડધો દિવસ વધારે રહી ગયા તો મુસિબત આવી પડશે. પેટ છે કે સેતાની કબર ! ત્રણ શેર ! કંઈ ઠેકાણુ છે. ઉધ્વગ્ન દશામાં દોડ્યા અને અંદર ગયા અને રંગીલી ને બોલ્યા - કંઈક સાંભળે છે, આ મહાશય કાલે ત્રણ શેર મિઠાઈ ઉડાવી ગયા ત્રણ શેર પાકો તોલ.

રંગીલી બાઈ આશ્ચર્ય ચકિત થઈ કહ્યું - જી નહી, ત્રણ શેર ભલા ખાઈ શકે. માણસ છે કે બળદ.

ભાલ. - ત્રણ શેર તો પોતાના મોં એ કહે છે. ચાર થી ઓછી નહીં ખાઈ હોય. પાકો તોલ.

રંગીલી - પેટમાં સનીચર છે શું ?

ભાલ. - આજે વધારે રહી ગયો તો છ શેર પર હાથ ફેરવશે.

રંગીલી - તો આજે રહે જ કેમ, પત્રનો જવાબ આપી દો, અને વિદાય કરો, જો રહેતો ચોખ્ખુ કહી દેજો અમારે ત્યાં મીઠાઈ મફત નથી આવતી. ખીચડી બનાવવી હોય તો બનાવે નહિ તો પોતાનો રસ્તો પકડે. જેને આવા પેટુઓને ખવડાવવાથી મુક્તિ મળતી હોય તો ખવડાવે, આપણે એવી મુક્તિ ન જોઈએ.

પરંતુ પંડિતજી વિદાય થવા માટે તૈયાર બેઠા હતા. તેથી બાબુ સાહેબને ચતુરાઈથી કામ લેવાની જરુરિયાત ન પડી, પુછ્યુ - શું તૈયારી કરી દીધી મહારાજ?

મોટેરામ - હાં સરકાર, હવે જઈશ. નવ વાગ્યાની ગાડી મળશેને.

ભાલ. - ભલા આજે તો રહો.

આવુ કહેતા કહેતા બાબુ સહાબને ડર લાગ્યો કે મહારાજ સાચે જ ન રહી જાય, તેથી વાક્ય એમ પુરુ કર્યુ - હાં ત્યાં પણ લોકો તમારી રાહ જોતા હશે.

મોટેરામ - એક-બે દિવસની કોઈ વાત ન હતી. વિચાર પણ એ જ હતો કે ત્રિવેણી નું સ્નાન કરીશ પરંતુ ખરાબ ન માનો તો તમને કહું તમે લોકોને બ્રાહ્મણ પ્રત્યે જરાપણ શ્રદ્ધા નથી. અમારા યજમાન છે, જે અમારુ મોં જોતા રહે છે કે પંડિતજી કોઈ આજ્ઞા દે તો તેનું પાલન કરે અને તેના દ્વારા પહોંચી જઈએ તો તે પોતાના ધન્ય ભાગ્ય સમજે છે અને આખુ ઘર નાના થી મોટા સુધી - અમારી સેવા-સત્કારમાં મગ્ન બની જાય છે. જ્યાં આપણો આદર નહી તે એક ક્ષણ પણ રોકાવું અસહનીય છે. જ્યાં બ્રાહ્મણનો આદર નહીં ત્યાં કલ્યાણ ન થઈ શકે.

ભાલ. - મહારાજ અમારા થી તો એવો અપરાધ નથી થયો.

મોટેરામ - અપરાધ નથી થયો ! અપરાધ કહો છો કોને ? હાજી હમણા જ તમે ઘરમાં જઈને કહ્યું કે આ મહારાજ ત્રણ શેર મિઠાઈ ચટ કરી ગયા. પાકો તોલ તમે હજી ખાવાવાળા જોયા છે જ ક્યા ? એકવાર ખવડાવો તો આંખો ખુલી જાય. એવા-એવા મહાન પુરુષો પડેલા છે. જે પાંચ શેર મિઠાઈ ખાઈ જાય છતા ઓડકાર પણ ન ખાય. મિઠાઈ ખાવા માટે અમારી હરિફાઈ થાય છે. અમે ભિક્ષુક બ્રાહ્મણ નથી, જે તમારા દરવાજે ઉભા રહીએ. તમારુ નામ સાંભળીને આવ્યા હતા. એ જાણતા ન હતા કે અહીંયા અમારા ભોજનના પણ લાલા પડશે. ભગવાન તમારુ ભલુ કરે.

બાબુ સાહેબ એવા ઝંખવાયા કે મોં માંથી વાત ન નીકળી. જિંદગીભર તેમના ક્યારેય આવી ફટકાર પડી ન હતી. ઘણી વાતો બનાવી - તમારી ચર્ચા ન હતી. એક બીજા મહાશયની વાત હતી. પરંતુ પંડિતજીનો ક્રોધ શાંત ન થયો. તે બધુ જ કહી શકતા હતા. પરંતુ પોતાના પેટની નિંદા સહન કરી શકતા ન હતા. સ્ત્રીઓને તેના રુપની નિંદા જેટલી અપ્રિય લાગે છે. તેનાથી ક્યાંય વધારે અપ્રિય પુરુષોને પોતાના પેટની નિંદા લાગે છે. બાબુ સાહેબ માનતા હતા તેમની કૃપણતા છુપાવવા માટે તેમણે કોઈ વાત ઉઠાવી ન રાખી, પરંતુ થનારી વાત થઈને રહી. પસ્તાઈ રહ્યા હતા કે ક્યાંથી ઘરમાં તેમની વાત કરવા ગયા અને કહ્યું તો પણ ઉંચા અવાજે આ દુષ્ટ પણ કાન લગાવી સાંભળી રહ્યો હતો પરંતુ હવે પસ્તાવાથી શું થઈ શકે તેમ હતું. જાણે કોણ મનહુસ નો ચહેરો જોયો હતો કે વિપત્તિ ગળે પડી. જો આ સમયે તે અહીંયા થી રિસાઈને ચાલ્યા ગયા તો ત્યાં જઈને બદનામ કરશે અને મારી બધી ચતુરાઈ ખુલી જશે હવે તો તેમનું મોં બંધ જ કરી દેવુ પડશે.

આમ વિચારીને તેઓ ઘરમાં જઈને રંગીલીને બોલ્યા - આ દુષ્ટે આપણી વાત સાંભળી દીધી રિસાઈને ચાલ્યો જાય છે.

રંગીલી - જયારે તમે જાણતા હતા કે દરવાજે ઉભો છે તો ધીમેથી કેમ ન બોલ્યા.

ભાલ. - મુશ્કેલી આવે છે તો એકલી નથી આવતી એ શું જાણ તો હતો કે દરવાજા પર કાન લગાવીને ઉભો છે.

રંગીલી - ન જાણે કોનું મોઢુ જોયું હતું.

ભાલ. - એ દુષ્ટ સામે સુતેલો હતો જાણતો તો એ બાજુ જુએ જ નહીં. હવે તો તેને કંઈક આપીને રાજી કરવો પડશે.

રંગીલી - ઉંહ - જવા પણ દો. જ્યારે તમારે ત્યાં લગ્ન જ નથી કરવા તો પરવાહ શું છે. જે ઇચ્છે તે કહે.

ભાલ. - એમ જાન નહીં બચે. લાઓ દસ રુપિયા વિદાયના બહાને આપી દઉં. ઈશ્વર ફરીથી આ મનહુસ ચહેરો ન દેખાડે. રંગીલી એ પસ્તાતા પસ્તાતા દસ રુપિયા કાઢ્યા અને બાબુ સાહેબે તેમને જઈને પંડિતજીના ચરણોમાં રાખી દીધા. પંડિતજીએ મનમાં કહ્યું - ધતેરીકી મખીચુસ. - એવો રગડ્યો કે યાદ જ કરીશ. તુ સમજે છે કે દસ રુપિયા આપીને ઉલ્લુ બનાવી લઈશ એ કેફમાં રહેતા નહીં. અહીંયા તમારી નસ-નસ ઓળખીએ છીએ. રુપિયા ખીસામાં રાખી લીધા અને આશીર્વાદ આપી પોતાનો રસ્તો પકડ્યો.

બાબુ સાહેબ મોડી રાત સુધી વિચારતા રહ્યા. ખબર નહી. હજી પણ મને કૃપણ જ સમજી રહ્યો છે કે પરદો ઢંકાઈ ગયો. ક્યાંય રુપિયા પણ પાની માં નથી પડી ગયા.

: ૪ :

કલ્યાણીની સામે એક સમસ્યા ઊભી થઈ. પતિના દેહાન્ત પછી પોતાની ખરાબ અવસ્થા નો આ પહેલો અને ખૂબ જ ખરાબ અનુભવ થયો. ગરીબ વિધવા માટે આનાથી મોટી આપત્તિ કઈ હોઈ શકે છે. વાસણ પોતા પણ પોતાના હાથે થઈ શકે છે. રુખુ સુખુ ખાઈને નિર્વાહ થઈ શકે છે. ઝુપડીમાં દિવસો કપાઈ શકે છે. પરંતુ યુવાન કન્યાને ઘરમાં ન બેસાડી શકાય. કલ્યાણીને ભાલચંદ્ર પર એવો ગુસ્સો આવ્યો હતો કે જાતે જઈને એના મોં પર કાળુ લગાવુ. માથા ના વાળ ખેંચી નાખું. કહું કે તુ તારી વાતથી ફરી ગયો, તુ તારા બાપનો બેટો નહી. પંડિત મોટેરામે તેમને તેમની કપટ-લીલા નો મગ્ન વૃતાંત સંભળાવી દીધો હતો. આ ગુસ્સામાં બેઠી હતી કે ત્યાં કૃષ્ણા રમતી આવી અને બોલી - કયા દિવસે જાન આવશે માતા ? પંડિતજી તો આવી ગયા.

કલ્યાણી - જાનનું સ્વપ્ન જોઈ રહી છે શું ?

કૃષ્ણા - તે ચંદર તો કહી રહ્યો છે કે બે-ત્રણ દિવસ પછી જાન આવશે. શું જાન નહીં આવે માં ?

કલ્યાણી - એકવાર તો કહી દીધું માથુ કેમ ખાય છે. ?

કૃષ્ણા - બધાના ઘરે જાન આવી રહી છે. આપણા ઘરે કેમ નથી આવતી.

કલ્યાણી - તારા ઘરે જે જાન લાવવાનો હતો તેના ઘરે આગ લાગી ગઈ.

કૃષ્ણા - સાચે માં ત્યારે તો આખુ ઘર સળગી ગયું હશે. ક્યાં રહેતા હશે ? બહેન ક્યાં જઈને રહેશે.

કલ્યાણી - અરે પગલી, તું તો વાત જ સમજતી નથી. આગ લાગી, તે આપણે ત્યાં લગ્ન નહીં કરે.

કૃષ્ણા - એ કેમ અમ્મા ? પહેલા તો બધુ બરોબર થઈ ગયું હતું.

કલ્યાણી - ઘણા બધા રુપિયા માગે છે. મારી પાસે તેમને આપવા માટે રુપિયા નથી.

કૃષ્ણા - શું ઘણા લાલચુ છે, માં ?

કલ્યાણી - લાલચુ નહીં તો બીજુ શું ! એકદમ કસાઈ, નિર્દયી, દગાબાજ.

કૃષ્ણા - ત્યારે તો સારુ થયુ માં તેમના ઘરે બેનના લગ્ન ન થયા. બેન તેની સાથે કેવી રીતે રહેતી ? આ તો ખુશ થવાની વાત છે. તુ રંજ કેમ કરે છે ?

કલ્યાણીએ પુત્રીને સ્નેહભરી દૃષ્ટિથી જોયું તેનું કથન કેટલુ સત્ય છે. ભોળા શબ્દોમાં સમસ્યાનું કેટલુ માર્મિક નિરુપણ છે ? ખરેખર આ તો ખુશ થવાની વાત છે. આ કુપાત્રો સાથે સંબંધ થયો નહીં જરા એવું ઘી દાળમાં વધારે ખાવાનું થઈ જાય તો સાસુ દુનિયા માથે ઉઠાવી લેત. છોકરો પણ કેવો લોભી છે. ઘણી સારી વાત થઈ. નહીં તો બિચારીએ આખી જીંદગી રોવુ પડતુ. કલ્યાણી ત્યાંથી ઉઠી તો તેનું હૃદય હલક થઈ ગયું.

પરંતુ લગ્ન તો કરવાના જ હતા. અને થઈ શકે તો આ વર્ષે જ. નહીં તો બીજા વર્ષે ફરીથી નવેસરથી તૈયારીઓ કરવી પડે. હવે સારા ઘરની જરુર નહોતી. સારા વરની જરુર ન હતી. અભાગણ ને સારુ ઘર-વર ક્યાંથી મળે ? હવે તો કોઈ પણ રીતે માથાનો ભાર ઉતારવાનો હતો. કોઈ પણ રીતે માથાનો ભાર ઉતારવાનો હતો, કોઈ પણ રીતે છોકરીને પાર પાડવાની હતી. તેને કુવામાં ધકેલવાની હતી. તે રુપવતી છે, ગુણવાન છે, ચતુર છે, કુળવાન છે, તો ભલી રહી. દહેજ હોય તો બધા દોષ ગુણ છે. પ્રાણો નુ કંઈ મુલ્ય નથી. માત્ર દહેજનું મુલ્ય છે. કેટલી વિષમ ભાગ્યલીલા છે.

કલ્યાણી નો દોષ કંઈક ઓછો હતો. અબળા વિધવા હોવુ તેને દોષોથી મુક્ત નથી કરી શકતું. તેને પોતાના છોકરા-છોકરી પ્રત્યે વધારે જ પ્રેમ હતો. છોકરાઓ હળના બળદ છે. ભુસા-ખળી પર તેમનો પહેલો હક છે. એમના ખાવાથી જે બચે તે ગાયનુ મકાન હતું. થોડીક રોકડ હતી. કેટલાક હજાર ના ઘરેણા હતા. તેમને ભણાવવા

ગણાવવાના હતા. એક કન્યા પણ બીજા ચાર-પાંચ વર્ષમાં લગ્ન ને લાયક થઈ જશે. તેથી તે કોઈ મોટી રકમ દહેજમાં આપી શકે તેમ ન હતા. છેવટે છોકરાઓને પણ કંઈક જોઈએ ? એ શું એમ સમજે કે તેનો કોઈ બાપ ન હતો.

પંડિત મોટેરામને લખનૌ થી પાછા ફર્યાને પંદર દિવસ વીતી ગયા હતા. તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે લખનૌ વાળા ને બતાવી દઈશ કે સંસારમાં તુ એકલો નથી. તમારા જેવા કેટલાય પડેલા છે કલ્યાણી રોજ દિવસ ગણ્યા કરતી હતી. આજે તેણે પત્ર લખવાનો નિશ્ચય કર્યો અને પેન પકડીને બેઠી હતી કે પંડિત મોટરામ નું આગમન થયું.

કલ્યાણી - આવો પંડિતજી હું તેમને જ પત્ર લખી રહી હતી. ક્યારે પાછા ફર્યા ? નિમંત્રણ આવી ગયું. કેટલાય દિવસથી પકવાન મળ્યા ન હતા મેં કહ્યું. જતા જતા આ કામ પણ આટોપી લઉ. અત્યારે ત્યાંથી જ આવી રહ્યો છું કોઈ પાંચસો બ્રાહ્મની પંગત હતી.

કલ્યાણી - આવો પંડિતજી સિદ્ધ થયુ કે માત્ર રસ્તો જ માપવો પડ્યો.

મોટે. - કાર્ય કેમ સિદ્ધ ન થાય ? ભલા એ પણ કોઈ વાત છે. પાંચ જગ્યાએ વાતચીત કરીને આવ્યો છે પાંચેયની નકલ લાવ્યો છું તેમાં તમે જે ઇચ્છો તે પસંદ કરો. છોકરા નો બાપ પોષ્ટ ઓફિસમાં ૧૦૦ રુા. મહિના નોકર છે છોકરો હજી કોલેજમાં ભણે છે. પરંતુ નોકરીનો ભરોસો છે. ઘરમાં કોઈ મિલકત નથી છોકરો હોનહાર લાગે છે. ખાનદાન પણ સારુ છે. બે હજાર માં નક્કી થઈ જશે માંગે છે તો તે ત્રણ હજાર છે.

કલ્યાણી - ના પરંતુ ત્રણ બહેનો છે. અને ત્રણેય કુંવારી માતા જીવિત છે. સારુ હવે બીજી નકલ દેખાડો આ છોકરો રેલ્વેમાં ૫૦ રુા. મહીના મેળવે છે. મા-બાપ નથી ખૂબજ રુપવાન, સુશીલ અને શરીરે તંદુરસ્ત કસરતી જુવાન છે. પરંતુ ખાનદાન સારુ નથી. કોઈ કહેતુ હતું, માં વાણંદ હતી અને કોઈ કહેતુ ઠકરાણી હતી. બાપ કોઈ રજવાડામાં મુખ્તાર હતા. ઘર પર થોડીક જમીનદારી છે. પરંતુ તેના ઉપર કેટલાય હજારનું કરજ છે. ત્યાં કંઈ આપવુ-લેવુ પડશે નહીં. ઉમંર લગભગ ૨૦ વર્ષ હશે.

કલ્યાણી - ખાનદાનમાં ડાઘ ન હોત તો મંજુર કરી લેત. જોઈને તો માખી ન ગળી શકાય.

મોટે. - ત્રીજી નકલ જોઈ લો. એક જમીનદાર છોકરો છે. કોઈ એક હજાર વર્ષનો

નફો છે. કેટલીક ખેતીવાડી પણ થાય છે. છોકરો થોડુ ભણેલો પણ છે. પરંતુ કચેરી અદાલતના કામમાં ચતુર છે. બીજવર છે. પહેલી સ્ત્રીને મર્યા બે વર્ષ થઈ ગયા કોઈ સંતાન નથી. પરંતુ રહેણી-કરણી મોટી છે, પીસવુ વાટવુ ઘરમાં જ ઘરમાં જ થાય છે.

કલ્યાણી - કંઈ દહેજ માંગે છે.

મોટે. - એનુ કઈ જ ન પુછો. ચાર હજાર સંભળાય છે. સારુ આ ચોથી નકલ જુઓ છોકરો વકીલ છે. ઉંમર લગભગ ૪૫ વર્ષ. ત્રણસો-ચારસો ની આવક છે. પહેલી સ્ત્રી મરી ચુકી છે. તેના ત્રણ છોકરા પણ છે. પોતાનું બનાવેલુ ઘર છે. કેટલીક મિલકત પણ ખરીદી છે. અહીંયા પણ લેવા-દેવાનો ઝગડો નથી.

કલ્યાણી - ખાનદાન કેવું છે.

મોટે. - ખૂબ જ ઉત્તમ, જુના શ્રીમંત છે. સારુ, પાંચમી નકલ જુઓ, પિતાનુ છાપખાનું છે. છોકરો ભણ્યો તો બી.એ. સુધી છે. પરંતુ આ છાપખાના માંજ કામ કરે છે. ઉમંર અઢાર વર્ષ હશે. ઘરમાં પ્રેસ સિવાય બીજી મિલકત નથી. પરંતુ કોઈનું કર્જ માથા પર નથી. ખાનદાન ન તો ખૂબ સારુ છે ન તો ખૂબ ખરાબ. છોકરો સુંદર અને સારા ચરિત્ર વાળો છે. પરંતુ એક હજાર થી મામલો ઓછામાં નક્કી નહીં થાય તે માગે છે તો ત્રણ હજાર હવે બતાવો કે કયો વર પસંદ કરો છો.

કલ્યાણી - તમને આ બધામાં કયો પસંદ છે.

મોટે. - મને તો બે વર પસંદ છે. એક જ રેલ્વે માં છે અને બીજો જે છાપખાનામાં કામ કરે છે તે.

કલ્યાણી - પરંતુ પહેલામાં ખાનદાન નો દોષ બતાવે છે.

મોટે. - હાં દોષ છે તો છાપખાના વાળો જ રહેવા દો.

કલ્યાણી - ત્યાં એક હજાર આપવા માટે ક્યાંથી આવશે ?

એક હજાર તો તમારુ અનુમાન છે. કદાચ તે મોં ફુલાવે. તમે તો ઘરની દશા જોઈ રહ્યા છો. ભોજન મળી જાય એટલુ જ પુરતુ છે. રુપિયા ક્યાંથી આવશે. જમીનદાર સાહેબ ચાર હજાર સંભળાવે છે. ડાકબાબુ પણ બે હજારનો સવાલ કરે છે.તેને જવા દો. બસ વકીલ સાહબ બચ્યા છે. પીસ્તાલીસની ઉંમર પણ કોઈ વધારે ઉંમર નથી. તેને જે કેમ ન રાખી લઈએ.

મોટે. - તમે ખૂબ વિચાર કરી લો. હું તો તમારા મરજીનો તાબેદાર છું. જરા કહેજો ત્યાં ચાંદલા કરી આવીશ. પરંતુ એક હજારનું મોં ન જુઓ, છાપખાના વાળો છોકરો

રત્ન છે. તેની સાથે કન્યાનું જીવન સફળ થઈ જશે. જેવી તે રુપ અને ગુણવાળી છે. એવો જ છોકરો પણ સુંદર અને સુશીલ છે.

કલ્યાણી - પસંદ તો મને પણ એ જ છે. પરંતુ રુપિયા કોના ઘરેથી આવશે ? કોણ જોવાવાળુ છે ? ખાવાવાળા તો ખાઈ પીને ભાગી ગયા. હવે તો કોઈની સુરત દેખાતી નથી. પરંતુ મારાથી ખરાબ માને છે કે મેં કાઢી મુક્યા જે વાત આપણી હદની બહાર છે, તેના માટે હાથ શા માટે ફેલાવુ ? સંતાન કોને પ્યારી ન હોય ? કોણ તેને ખુશ જોવા ઇચ્છતુ નથી ? પરંતુ જયારે પોતાના કાબુમાં હોય ! ઈશ્વરનું નામ દઈ વકીલ બાબુને ચાંદલા કરી આવો. ઉંમર થોડીક વધારે છે, પરંતુ મરવુ-જીવવુ વિધિના હાથમાં છે. પાત્રીસ વરસનો માણસ વૃદ્ધ ન કહેવાય. જો છોકરીના ભાગ્યમાં સુખ ભોગવવા નું હશે તો જયા જશે સુખી રહેશે. દુઃખ ભોગવવાનુ છે તો જયાં જશે ત્યાં દુઃખ ભોગવશે. આપણી નિર્મલાને બાળકો સાથે પ્રેમ છે. તેના બાળકોને પોતાના સમજશે. તમે શુભ મૂહુર્ત જોઈને ચાંદલા કરી આવો.

: ૫ :

નિર્મલાના લગ્ન થઈ ગયા. સાસરે આવી ગઈ. વકીલ સાહેબનું નામ મુન્શી તોતારામ હતું. કાળા રંગના જોડા-પહોળા માણસ હતા. ઉંમર હજી ચાલીસ થી વધારે ન હતી. પરંતુ વકીલાતના કઠિન પરિશ્રમે માથાના વાળ પકાવી દીધા હતા. કસરત કરવાનો સમય ન હતો. ત્યાં સુધી કે ક્યાંય ફરવા પણ ન જતાં. એટલે પેટ બહાર આવી ગયું હતું. શરીર જાડુ હોવા છતા પણ રોજ કોઈ ને કોઈ ફરિયાદ રહેતી હતી. મંદાગ્નિ અને બવાસીર સાથે તો તેમનો લાંબાગાળાનો સંબંધ હતો. તેથી તેઓ ફુંકી-ફુંકીને પગ મુકતા હતા. તેના ત્રણ છોકરા હતા. મોટો સંતારામ સોળ વર્ષનો હતો. વચલો જિયારામ અગિયાર અને સિયારામ સાત વર્ષનો હતો. ત્રણેય અંગ્રેજી ભણતા હતા. ઘરમાં વકીલ સાહેબની વિધવા બહેન સિવાય કોઈ સ્ત્રી ન હતી. એ જ ઘરની માલિકણ હતી. તેનું નામ રુકિમણી અને ઉમંર પચાસની ઉપર હતી. સાસરામાં કોઈ ન હતું. હંમેશા અહીંયા જ રહેતી હતી.

તોતારામ લગ્ન વિજ્ઞાનમાં કુશળ હતા. નિર્મલા ને પ્રસન્ન રાખવા માટ જે સ્વભાવિક ખામીઓ હતી. તે ભેટોથી પુરી કરવા ઇચ્છતા હતા. જોકે તે ખૂબ જ

ઓછા ખર્ચાળ પુરુષ હતા. જોકે નિર્મલા માટે રોજ કોઈ ને કોઈ ભેટ જરુર લાવતા. આવા સમયે ધનની પરવાહ ન કરતા. છોકરાઓ માટે થોડુ દુધ આવતુ, પરંતુ નિર્મલા માટે માવા, મુરબ્બા, મિઠાઈ - કોઈ ચીજની ખામી ન હતી. પોતાની જીંદગીમાં ક્યારે ફરવા - તમાશા જોવા ગયા ન હતા. હવે પોતાના કિંમતી સમયનો થોડો એવો ભાગ તેની સાથે બેસી ગ્રામોફોન વગાડવામાં પસાર કરતા.

પરંતુ નિર્મલાને ન જાણે કેમ તોતારામની પાસે બેસવા અને હસવા બોલવામાં સંકોચ થતો હતો. કદાચ એ જ કારણ હેતું કે અત્યાર સુધી એક આવો જ માણસ તેના પિતા હતો, જેની સામે તે માથુ ઝુકાવી દેહ સંકોરતી નીકળતી હતી. હવે એ જ અવસ્થાનો એક માણસ તેનો પતિ હતો. તે તેને પ્રેમની વસ્તુ નહીં, સન્માનની વસ્તુ સમજતી હતી. તેનાથી ભાગતી ફરતી, તેમને જોતાજ તેની પ્રફુલ્લતા ભાગી જતી.

વકીલ સાહેબને તેના દંપતિ - વિજ્ઞાને સિખવ્યુ હતું કે યુવતીની સામે ખૂબ પ્રેમની વાતો કરવી જોઈએ. દિલ કાઢીને રાખી દેવુ જોઈએ. એ જ વશીકરણનો મુખ્ય મંત્ર છે. તેથી વકીલ સાહેબ પોતાના પ્રેમ પ્રદર્શનમાં કોઈ કચાશ રાખતા ન હતા. પરંતુ નિર્મલાને આ વાતોથી ધૃણા થતી હતી. એ જ વાત, જેને કોઈ યુવકના મુખેથી સાંભળી તેનું હૃદય પ્રેમથી ઉન્મત થઈ જાય. વકીલ સાહેબના મોં માંથી નિકળીને તેના હૃદય પર હુમલો કરતી હતી. તેમાં રસ ન હતો, ઉલ્લાસ ન હતો, ઉન્માદ ન હતો. ફરવુ - તમાશો ખરાબ ન લાગે, સજવુ-ધજવુ પણ ખરાબ લાગતુ ન હતું. ખરાબ લાગતુ હતું માત્ર તોતારામ પાસે બેસવુ. તે પોતાનું રુપ અને યૌવન તેમને દેખાડવા ઇચ્છતી ન હતી. કારણ કે ત્યાં જોવા વાળી આંખો ન હતી. તે તેમને આ રસોનો આસ્વાદ કરવા યોગ્ય સમજતી ન હતી. ક્યારેક પ્રભાતના પવનના સ્પર્શ ખીલે છે. બંનેમાં સમાન પ્રેરણા છે. નિર્મલા માટે તે પ્રભાત-સમીર ક્યાં હતો ?

પહેલો મહીનો પસાર થતા જ તોતારામે નિર્મલાને પોતાની ખડાનચી બનાવી દીધી. કચેરી એથી આવીને આખા દિવસની કમાણી તેને આપી દેતા. તેનો ખ્યાલ હતો, નિર્મલા આ રુપિયાને જોઈને ફુલી નહીં સમાય. નિર્મલા ખૂબ શોખથી આ પદનું કામ સંભાળતી એક-એક પૈસાનો હિસાબ લખતી. જો ક્યારેય રુપિયા રુપિયા ઓછા મળતા તો પુછતી. આજે ઓછા કેમ ? ગૃહસ્થીના સબંધો માં તેમની સાથે ખૂબ વાચો કરતી. તે વાતો ને લાયક તે તેમને સમજતી હતી. જેવી જ કોઈ વિનોદની વાત તેમના મોં એથી નીકળી જતી તેમનું મુખ મલિન થઈ જતુ હતું.

નિર્મલા જ્યારે વસ્ત્રભૂષણોથી અલંકૃત થઈને અરીસા સામે ઊભી રહેતી અને તેમાં પોતાના સૌંદર્યની આભા જોતી તો તેનું હૃદય એક સતૃષ્ણા કામનાથી તડપી ઉઠતુ હતું. તે સમયે તેના હૃદયમાં જ્વાળા ઉઠતી મનમાં આવતુ, આ ઘરને આગ લગાડી દે પોતાની માતા પર ગુસ્સો આવતો પરંતુ સૌથી વધારે ક્રોધ બિચારા નિરાપરાધ તોતારામ પર આવતો. તે હંમેશા એ વાતથી સળગ્યા કરતી. સુંદર સવાર મોટા ટટ્ટુ પર સવાર થવાનુ ક્યારે પસંદ કરે પછી ભલે તેને પગપાળા ચાલવુ કેમ ન પડે ? નિર્મલાની દશા તે સુંદર સવાર જેવી હતી. તે તેના પર સવાર થઈને ઉડવા ઇચ્છતી હતી. તે ઉલ્લાસભરી વિદ્યુત ગતિનો આનંદ ઉઠાવવા ઇચ્છતી હતી. સંભવ હતું કે બાળકોની સાથે હસતા રમતા તે પોતાની દશા થોડી વાર માટે ભૂલી જતી. કંઈક મન તાજુ થઈ જતું. પરંતુ રુકમીણી દેવી બાળકોને તેની પાસે ફટકવા પણ દેતા ન હતા. જાણે કોઈ પિશાચીની છે, જે તેમને ગળી જશે. રુકમીણી દેવીનો અઘરુડતુ કે તે કઈ વાત પર ખુશ થતા અને કઈ વાત પર નારાજ. એકવાર જે વાતથી ખુશ થઈ જતી હતી, બીજીવાર એ વાતથી સળગતી હતી. જો નિર્મલા પોતાના ઓરડામાં બેસતી તો કહેતી ન જાણે ક્યાની મનહુસ છે. જો એ કોઠા પર ચડી જતી અને નોકરાણી સાથે વાત કરતી તો છાતી પીટવા લાગતી ન લાંજ છે ન શરમ નકામી શરમ વહેંચી ખાધી છે. હવે શું, થોડા દિવસોમાં બજારમાં નાચશે.

જ્યારે વકિલ સાહેબે નિર્મલાના હાથમાં રુપિયા પૈસા આપવા શરુંકરી દીધા. રુકમીણી તેની ટીકા કરવા લાગી. તેમને ખબર હતી કે હવે પ્રલય થવામાં ખૂબ થોડી કસર રહી ગઈ છે. છોકરાઓને વારે વારે પૈસાની જરુર પડતી. અત્યાર સુધી પોતે માલિકણ હતી. તેમને ફોસલાવી દેતી હતી હવે તે સીધી નિર્મલા પાસે મોકલી દેતી. નિર્મલાને છોકરાઓનુ ઉડાઉપણુ પસંદ ન હતું. ક્યારેક ક્યારેક પૈસાથી ઈન્કાર કરી દેતી. રુકિમણીને પોતાના વાગ્બાણ સર કરવાનો મોકો મળી જતો - હવે તો માલિકણ થઈ છે. છોકરા શા માટે જીવે. માં વગરના બાળકોને કોણ પુછે ? રુપિયાઓની મીઠાઈ ખાતા હતા. હવે થોડા-થોડા માટે તરસે છે. નિર્મલા ને ચિઢાઈને કોઈક દિવસ પુછ્યા વગર આપી દેતી તો દેવીજી તેની બીજી આલોચના કરતી - તેને શું છોકરા મરે કે જીવે. તેની બલાથી માં વગર કોણ સમજાવે કે બેટા વધારે મિઠાઈ ન ખાવ. કંઈ થશે તો મને થશે, તેમને શું ?

અહીં સુધી હોત તો નિર્મલા કદાચ સહન કરી લેત પરંતુ દેવી તો જાસુસી પોલીસ ના સિપાહીની જેમ નિર્મલાનો પીછો કરતી હતી. જો તે કોઠા ઉપર ઊભી છે તો, જરુર કોઈ ના ઉપર નજર નાખતી હશે. નોકરાણી સાથે વાતો કરે છે. તો જરુર

તેની નિંદા કરતી હશે. બજારથી કંઈક મંગાવે છે. તો જરુર કોઈ વિલાસની વસ્તુ હશે. તે બરાબર તેના પત્ર વાંચવાની ચેષ્ટા કર્યા કરતી. છુપાઈને તેની વાત સાંભળતી. નિર્મલા તેની બે ધારી તલવાર થી કાંપતી રહેતી હતી. ત્યાં સુધી કે એક દવસે તેણે પતિને કહ્યું - તમે જરા જીજી ને સમજાવી દો, શા માટે મારી પાછળ પડી રહી છે.

તોતારામ તેજ થઈને કહ્યું - તને કંઈક કહ્યું છે શું ?

રોજ કહે છે. વાત મોં માંથી કાઢવી મુશ્કેલ છે. જો તેમને એ વાતની જલન હોય કે તે માલિકણ કેમ બનેલી છે. તો તમે તેને રુપિયા-પૈસા આપી દો, મારે નથી જોઈતા તે જ માલિકણ બની બેસે. હું તો માત્ર એટલુ જ ઈચ્છુ છું. કે મને તાણા-મેણા ન માર્યા કરે.

એ કહેતા-કહેતા નિર્મલાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. તોતારામને પોતાનો પ્રેમ દેખાડવાનો આ સારો મોકો મળ્યો. બોલ્યા આજે જ ખબર લઈશ. ચોખ્ખુ કહી દઈશ જો મોઢુ બંધ કરીને રહેવુ છે તો રહો, નહી તો તમારો રસ્તો પકડો આ ઘરની માલિકણ તે નથી તુ છે. તે માત્ર તારી સહાયતા માટે છે. જો મદદ કરવાને બદલે તને ટોક્યા કરે છે તો તેમની અહીંયા જરુરિયાત નથી. મે વિચાર્યુ હતું કે વિધવા છે, અનાથ છે, પાશેર લોટ ખાશે, પડી રહેશે. જયારે નોકર-ચાકર ખાઈ રહ્યા છે તો તે આપણી બહેન જ છે. છોકરાવની દેખભાળ માટે સ્ત્રીની જરુર હતી જ રાખી લીધી. પરંતુ તેનો એ મતલબ એ નથી કે તારા ઉપર શાસન કરે.

નિર્મલા એ ફરી કહ્યું - છોકરાવ ને શીખવે છે. જા જઈને માં પાસે પૈસા માંગો, ક્યારેક બીજુ, કંઈક છોકરાવ મારો જીવ ખાય છે. થોડી વાર આરામ કરવાનું મુશ્કેલ થઈ જાય છે. ખીજાવુ છુ તો આંખો લાલ-પીળી કરીને દોડે છે. મને સમજે છે કે છોકરાવને જોઈને સળગુ છું, ઈશ્વર જાણે છે કે છોકરાવને કેટલો પ્રેમ કરું છું છેવટે મારા જ બાળકો છે. મને તેનાથી શા માટે જલન થવા લાગે ? તોતારામ ક્રોધથી કાંપી ઉઠ્યા - તને જે છોકરો હેરાન કરે, તેને માર મારવો. હું પણ જોઉ છું કે છોકરા જબરા થઈ ગયા છે. મસારામ ને હું બોર્ડિંગ હાઉસમાં મોકલી દઈશ. બાકી બંનેને તો આજે જ ઠીક કરી દઉં છું.

તે સમયે તોતારામ કચેરી જઈ રહ્યા હતા. કહેવા-ખીજાવાનો મોકો ન હતો, પરંતુ કચેરીએ થી પાછા ફર્યા પછી તેમણે રુકિમણીને કહ્યું - કેમ બહેન, તારે આ ઘરમાં રહેવુ છે કે નહી ? જો રહેવુ હોય તો શાંત થઈને રહો, એ શું બીજાંને રહેવાનું મુશ્કેલ કરી નાખવું.

રુકિમણી સમજી ગઈ કે વહુ એ પોતાનો વાર કર્યો, પરંતુ તે દબાનાર સ્ત્રી

ન હતી. એક તો ઉંમર માં મોટી. ત્રીસ વર્ષ આ ઘરની સેવામાં વિતાવી દીધા હતા. કોની મજાલ હતી કે તેમને કાઢી મુકે. તેને ભાઈની ક્ષુદ્રતાથી આશ્ચર્ય થયુ બોલી - તો શું નોકરાણી બનાવીને રાખશો ? નોકરાણી બનીને રહેવાનું હોય તો આ ઘરની નોકરાણી નહીં બનુ. જો તમારી એ જ ઇચ્છા હોય કે કોઈ ઘરમાં આગ લગાવી દે અને હું ઊભી-ઊભી જોયા કરું કોઈને ભટકતા જોઉ અને ચુપ રહું, તો જે મનમાં આવે તે કરે, હું માટીની દેવી બનીને રહું તો એ મારા થી નહીં થાય. એવું તે શું થયુ કે તું હદ બહાર થઈ રહ્યો છે ? નીકળી ગઈ બધી બુદ્ધિમાની કાલની છોકરી ચોટલી પકડી નચાવવા લાગી કંઈ નહી પુછવાનું જોવાનું, બસ તેણે તીર ખેચ્યુ અને તુ સિપાઈની જેમ તલવાર લઈને ઉભો થઈ ગયો.

તોતા. - સાંભળુ તો છું કે તુ હંમેશા ખાચર કાઢતી રહે છે, વાતે વાતે તાના મારે છે. કંઈક સલાહ આપતી હોત તો, તેને પ્રેમથી મીઠા શબ્દોમાં આપવી જોઈએ. તાનામાં સલાહ દેવાને બદલે ઉલટુ વધારે જીવ સળગવા લાગે છે.

રુક્મિણી - તો તારી. એ જ મરજી છે ને કે કોઈ વાત માં બોલુ નહી. એ જ સાચું. પરંતુ પછી એ ન કહેતો કે તુ ઘરમાં બેઠી હતી, તો સલાહે કેમ ન દીધી. જ્યારે મારી વાત ઝેર લાગે છે. તો મને શું કુતરા એ કરડ્યુ છે તે બોલુ ? હું પણ જોઉં બહુ કેવી રીતે ઘર ચલાવે છે.

એટલામાં સિયારામ અને જિયારામ સ્કૂલેથી ખાવાનું માંગવા લાગ્યા. રુક્મિણી એ કહ્યું - જઈને તમારી નવી માં પાસે કેમ નથી માંગતા ? મને બોલવાનો હુકમ નથી. તોતા. - જો તમે લોકોએ તે ઘરમાં પગ મુક્યો છે તો ટાંટિયા તોડી નાખીશ. બદમાશી ઉપર કમર બાંધી છે. જિયારામ બોલ્યો - એને તો તમે કંઈ કહેતા નથી. અમને જ ધમકાવો છો ક્યારેય પૈસા નથી દેતી. સિયારામે આ વાક્યને અનુમોદન આપ્યુ - કહે છે મને હેરાન કરશો તો કાન કાપી લઈશ. કહે છે ને જિયા ? નિર્મલા પોતાના ઓરડામાંથી બોલી - મેં ક્યારે કહ્યું કે કાન કાપી લઈશ ? અત્યારથી ખોટુ બોલવા લાગ્યા.

એટલુ સાંભળતા જ તોતારામે સિયાને બંને કાન પકડીને ઉઠાવી લીધો. છોકરો જોર જોરથી ચીસો પાડીને રડવા લાગ્યો.

રુક્મિણી દોડીને બાળકને મુન્શીજીના હાથમાંથી છોડાવી લીધો અને બોલી - બસ રહેવા દો શું બાળક ને મારી નાખીશ ? હાય હાય ! કાન લાલ થઈ ગયો. સાચું કહ્યું છે. નવી પત્ની મેળવીને માણસ આંધળો થઈ જાય છે. અત્યારથી આ હાલ છે, તો આ ઘરના ભગવાન માલિક છે.

નિર્મલા પોતાના વિજય પર મનમાં પ્રસન્ન થઈ રહી હતી. જ્યારે મુન્શીજીએ બાળકના કાન પકડીને ઉઠાવી લીધો તો તેનાથી રહેવાયુ નહીં. છોડવવા માટે દોડી જ્યારે પોતાના છોકરા થશે, આંખ ખુલશે બીજાની પીડા શું જાણે ?

નિર્મલા - ઉભા તો છે. પુછી લોને મેં ષું આગ લગાવી ? મેં એટલુ જ કહ્યું હતું કે છોકરા મને પૈસા માટે વારે-વારે હેરાન કરે છે. એ સિવાય જો મારા મોંએ થી કંઈ નીકળ્યુ હોય, મારી આંખો ફુટી જાય.

તોતા. - હુ જાતે આ છોકરાવની શરારત જોઉ છું. આંધળો થોડો છું ત્રણેય જીદ્દી અને આળસુ થઈ ગયા છે. મોટા ભાઈને તો આજે જ હોસ્ટેલ મોકલુ છું.

રુક્મિણી - અત્યાર સુધી તેની કોઈ મજાક દેખાતી ન હતી. હવે આંખો આટલી તેમ કેમ થઈ ગઈ.

તોતારામ - તમે જ આટલા ચઢાવીને રાખ્યા છે.

રુક્મિણી - હું તો ઝેરી ગાંઠ છું, મારા કારણે જ તારુ ઘર બરબાદ થઈ રહ્યું છે. લો હું જાવ છું, મારે કે કાપો, હું નહી બોલુ.

એવુ કહીને ત્યાંથી ચાલી ગઈ. નિર્મલા બાળકોને રડતા જોઈ વિહવળ થઈ ઉઠી. તેણે છાતીએ લગાવી દીધા અને ગોદમાં લઈને પોતાના ઓરડામાં લાવીને તેને બચકારવા લાગી. પરંતુ બાળક હિબકા ભરી ભરી ને રોવા લાગ્યો. તેનું અબોધ હૃદય આ પ્રેમમાં તે માતૃસ્નેહ પામતો ન હતો જેનાથી ઈશ્વરે તેને વંચિત કરી દીધો હતો. આ વાત્સલ્ય ન હતું, માત્ર દયા હતી. આ વસ્તુ હતી, જેના ઉપર તેનો કોઈ અધિકાર ન હતો. જે માત્ર ભિક્ષાના રુપમાં આપવામાં આવી રહી હતી. પિતાએ પહેલા પણ એક બે વાર માર્યો હતો, તેની માં જીવિત હતી. ત્યારે તેની માં તેને છાતીએ લગાવીને રડતી ન હતી. તે નાખુશ થઈને તેની સાથે બોલવાનુ છોડી દેતી હતી. તોફાન માટે સજા પામવી તો તેની સમજમાં આવતુ હતું. પરંતુ માર ખાવાથી બચકારવાનું તેની સમજમાં આવતુ ન હતું.

માતૃપ્રેમમાં કઠોરતા હતી, પરંતુ મૃદુલતા પણ ભળેલી હોય. આ પ્રેમમાં કરુણા હતી ? પરંતુ તે અંગ જયારે કોઈ વેદનાથી ટપકવા લાગે છે. તો તેને ઠેસ અને ધક્કા થી બચાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બાળકનું કરુણ રુદન નિર્મલાને તેના અનાથ હોવાની સુચના આપી રહ્યા હતા. તે ઘણીવાર સુધી નિર્મલાના ખોળામાં બેઠો બેઠો રડતો રહ્યો. અને રડતા-રડતા સુઈ ગયો. નિર્મલાએ તેને ખાટલા પર સુવાડવા ઇચ્છયુ તો બાળક સુષુપ્તા અવસ્થામાં પોતાની બંને કોમળ બાંહો તેની ગરદનમાં નાખી દીધી અને એવો લપકી ગયો જાણે નીચે કોઈ ખાડો હોય. શંકા અને

ભયથી તેનું મુખ વિકૃત થઈ ગયું. નિર્મલાએ ફરી બાળકને ખોળામાં ઉઠાવ્યુ. ખાટલા પર સુવડાવી શકી નહીં. એ સમયે બાળકને ગોદમાં લેતા તેને ખૂબ જ સંતુષ્ટી થઈ રહી હતી, જે અત્યાર સુધી ક્યારેય થઈ ન હતી. આજે પહેલી વાર તેને આત્મવેદન થઈ. જેના વગર તેની આંખો ખુલતી ન હતી. પોતાનો કર્ત માર્ગ સુઝતો ન હતો. તે માર્ગ હવે દેખાવા લાગ્યો.

: ૬ :

તે દિવસે પોતાના પ્રગાઢ પ્રણયનું સબળ પ્રમાણ પત્ર આપ્યા પછી મુંશી તોતારામ ને આશા જન્મી કે નિર્મલાના મર્મ સ્થળ પર મારો સિક્કો જામી જશે. પરંતુ તેની આ આશા જરાપણ પૂર્ણ ન થઈ. પરંતુ પહેલા તો ક્યારેક તેમની સાથે હસીને બોલતી પણ હતી. હવે તો બાળકો ના જ લાલન પાલનમાં વ્યસ્ત રહેવા લાગી. જ્યારે ઘરે આવતાતો બાળકો તેની પાસે બેસી શકતા. ક્યારેક જોતા કે તેમને લખાવી રહી છે. ક્યારેક વાર્તા કહી રહી છે. નિર્મલાનું તરસ્યુ હૃદય પ્રણયની તરફથી નિરાશ થઈને આ અવલંબન ને જ યોગ્ય સમજવા લાગી. તોતારામની સાથે હસવા-બોલવામાં તેને જે સંકોચ, અરુચી તથા જે અનિચ્છા થતી હતી, ત્યાં સુધી કે તે ઉઠીને ત્યાંથી ભાગી જવા ઇચ્છતી હતી, તેના બદલે બાળકોના સાચા, સરળ સ્નેહથી ચિત્ત પ્રસન્ન થઈ જતુ. પહેલા મંસારામ તેની પાસે આવીને બેસતા ખચકાતો હતા. પરંતુ હવે તો તે પણ ક્યારેક આવીને બેસતો. તે નિર્મલાની ઉંમરનો જ હતો. પરંતુ માનસિક વિકાસમાં પાંચ વર્ષ નાનો. હોકી અને ફુટબોલ જ તેનો સંસાર. તેથી કલ્પનાઓનું મુક્ત ક્ષેત્ર તથા તેમની કામનાઓનો હર્યો ભર્યો બાગ હતો. એકવડિયા બાંધાનો સુંદર, હસમુખ, શરમાળ બાળક હતો, જેનો ઘર સાથે માત્ર ભોજનનો જ નાતો હતો. બાકી આખો દિવસ ન જાણે ક્યાં ફર્યા કરતો. નિર્મલા તેના મોં એથી રમતની વાતો સાંભળી થોડા સમય માટે પોતાની ચિંતાઓ ભૂલી જતી અને ઇચ્છતી કે એક વખત ફરી એ જ દિવસો આવે, જ્યારે ઢીંગલીથી રમતી અને તેમના લગ્ન કરતી અને તેને છોડ્યાને હજી થોડા જ દિવસ પસાર થયા હતા.

મુન્શી તોતારામ અન્ય એકાન્ચ સેવી મનુષ્યોની જેમ વિષયી જીવ હતા. કેટલાક દિવસોતોતે નિર્મલાને સેર-તમાશા દેખાડતા રહ્યા. પરંતુ જ્યારે જોયું કે તેનો

કંઈ ફાયદો થતો નથી થતો તો પછી એકાન્ત સેવવા લાગ્યા. આખા દિવસના કઠિન માનસિક પરિશ્રમ પછી તેમનું ચિત આનંદ-પ્રમોદ માટે તત્પર થઈ જતુ પરંતુ જ્યારે પોતાની વિનોદ વાટિકામાં પ્રવેશ કરતા અને ફૂલોને મુરઝાયેલા છોડને સુકાયેલા અને ક્યારીઓ માં ધૂળ ઉજાડી દઉ ? નિર્મલા તેમનાથી વિરકત રહેતી, તેનું રહસ્ય હજી તેમની સમજમાં આવતુ ન હતું. દંપતિ-શાસ્ત્રના બધા મંત્રોની પરિક્ષા કરી ચુક્યા હતા. પરંતુ મનોરથ પુરા ન થયા. હવે શું કરવુ જોઈએ, એ તેમની સમજણમાં આવતુ ન હતું.

એક દિવસ તે ચિંતામાં બેઠેલા હતા કે તેનો સહપાઠી મિત્ર નયન સુખરામ આવીને બેસી ગયો. સલામ-વલામ પછી હસીને બોલ્યો - આજકાલ તો ખૂબ મજા-મજા હશે. નવી પત્નીને આલીંગન કરીને જવાનીની મજા આવતી હશે ખૂબ ભાગ્યશાળી છે. ભાઈ રીસાયેલી જવાનીને મનાવા નો તેનાથી સારો ઉપાય નથી કે નવા લગ્ન થઈ જાય અહીં તો જીંદગી બબાલ થઈ રહી છે. પત્ની એવી ખરાબ રીતે ચોંટેલી છે કે કોઈ રીતે પિંડ છોડતી નથી. હું તો બીજા લગ્નની ફિરાકમાં છું. ક્યાંય ઠેકાણુ હોય તો ઠીકઠાક કરાવી દો. બદલામાં એક દિવસ તને તેના હાથનું બનેલુ પાન ખવડાવી દઈશ.

તોતારામે ગંભીર ભાવથી કહ્યું, કોઈ એવી હરકત ન કરી બેસતા નહીંતર પસ્તાસો. છોકરીઓ કેટલાક છોકરાઓથી જ ખુશ છે. આપણે બધા હવે એ કામના રહ્યા નથી. સાચું કહું છું, હું લગ્ન કરીને પસ્તાઈ રહ્યો છું. ખરાબ સ્ત્રી ગળે વળગી. વિચાર્યું હતું કે, બે-ચાર વર્ષ જીંદગીના મજા કરી કરી લઉ પરંતુ ઉપરથી આવીને ગળે વળગી.

નયન - તમે શું વાત કરો છો. છોકરીઓને વશમાં કરવી કઈ અઘરી વાત છે. જરા વટ પાડી દો, એમના રુપ-રંગના વખાણ કરી દો. બસ કામ પુરુ, એમ ? કોઈ અત્તર, તેલ, ફુલ-વેણીની મજા કરાવે ?

તોતા. - આ બધુ કરી ચુક્યો છું, દંપતી શાસ્ત્રના બધા મંત્રો અજમાવી લીધા, બધા માત્ર ગપ્પા છે.

નયન - તો હવે મારી એક સલાહ માનો જરા તમારો ચહેરો બનાવી લો, અહીં એક ડૉક્ટર આવ્યા છે જે ઘડપણના તમામ નિશાન દુર કરી નાખે છે. કોઈ મજાલ નથી કે ચહેરા ઉપર એક સફેદવાળ કે નિશાન રહી જાય. ન જાણે એવો કયો જાદૂ કરે છે કે માણસનો ચહેરો જ બદલાઈ જાય છે. .

તોતા. - ફી શું લે છે ?

નયન - ફી તો સાંભળ્યુ છે કે વધારે લે છે, કદાચ પાંચસો રુપિયા.

તોતા. - હવે કોઈ પાંખડી હશે, બેવકુફોની જેમ લૂંટી રહ્યો હશે, કોઈ લેપ લગાવી બે-ચાર દિવસ માટે ચહેરો ચિકણો કરી નાંખતો હશે. જાહેર ખબરીયા ડૉક્ટરો પર મારો તો વિશ્વાસ જ નથી. કોઈ વિશ્વાસુ હોત તો કહેતો, ૫૦૦ રુ. મોટી રકમ છે.

નયન - તમારા માટે ૫૦૦ રુ. ક્યાં મોટી વાત છે. એક મહીનાની આવક છે. મારી પાસે ૫૦૦ રુ. હોત તો સૌથી પહેલા આજ કામ કરતો. યુવાનીના એક કલાકની કિંમત ૫૦૦ રુ. થી વધુ છે.

તોતા. - કોઈ સસ્તો ઈલાજ બતાવો, કોઈ જડીબુટી છે કે જેનાથી રંગ સફેદ થઈ જાય. વીજળી અને રેડીયમ મોટા લોકો માટે રહેવા દો. તેમને મુબારક.

નયન - તો પછી રંગીલા હોવાનો ઢોંગ કરો, આ ઢીલો કપટ ફેંકી, ચુસ્ત અચકન અને પાયજામો અને ગળામાં સોનાની ચેઈન તથા માથા પર જયપુરી સાફો બાંધ અને આંખોમાં મેશ આંજો. ફાંદ પણ દેખાવી ન જોઈએ એ માટે પટ્ટો પહેરો. જરા તકલીફ પડશે પણ વટ પડશે. પચાસ-સો ગઝલ યાદ કરી લો. વખતોવખત શેર વાંચો, વાતોમાં સ્ટાઈલ લાવો એમ લાગે કે તમને દુનીયાની કોઈ પડી નથી. બસ છે તો પ્રિયતમાજ. મર્દાનગી કામ કરવાની તક શોધતા રહો, રાત્રે ખોટો-ખોટો અવાજ કરો. ચોર-ચોર અને તલવાર લઈ એકલા નીકળી પડો અને હાજરા જોજો, ક્યાંક સાચે ચોર ન આવી જાય અને તમે તેની પાછળ દોડો. નહીંતર બધી પોલ ખુલી જશે અને મફતમાં ઉલ્લું બનશો એ સમયે મરદની જેમ પડ્યા રહો જાણે તમને કાંઈ ખબર જ નથી પરંતુ જેવો ચોર ભાગે કે તરત જ તમે ક્યાં ? ક્યાં ?કહી દોડો તલવાર લઈને વધારે નહીં એક મહીનો. મારી આ વાતોને અમલમાં મુકી જુઓ જો તમારુ વજન ન પડવા લાગે તો જે કહેવો દંડ તે આપીશ, તોતારામે તે સમયે તો આ વાત હસવામાં કાઢી નાંખી જેમ એક સામાન્ય માનવીએ કરવું જોઈએ પરંતુ તેમાંથી કેટલીક વાત તેના મનમાં કસી ગઈ. તેની અસર પડવા અંગે કોઈ શંકા ન હતી. ધીમે ધીમે રંગ બદલાવા લાગ્યો જેથી લોકો ચમકી ન જાય, પહેલા વાતથી શરઆત કરો, પછી મંચનોવારો આવ્યો. ત્યાં સુધી કે એક-બે મહીનામાં તેનું તેવર જ બદલાઈ ગયું. ગઝલ યાદ રાખવાની વાત તો હાસ્યાસ્પદ હતી. પરંતુ વીરતાનો ઢોંગ કરવામાં કોઈ નુકસાન ન હતું. એ દિવસથી રોજ તે પોતાની મર્દાનગીનો કોઈને કોઈ પ્રસંગ જરુર

છોડી દેતા. નિર્મલાને શંકા થવા લાગી કે, ક્યાંક તેમને ગાંડપણનો રોગતો નથી વળગ્યો ને ?

જે માનવી મગની દાળ અને રોટલી ખાઈને પણ નમકહરામી કરતો હોય તેના વર્તનમાં ફેર તેમાં નવાઈ શું ? નિર્મલા ઉપર આ ગાંડપણની બીજી તો શું અસર થાય, હા તેને દયા આવવા લાગીય ક્રોધ અને તિરસ્કાનો ભાવ જતો રહ્યો. ક્રોધ અને તિરસ્કારનો ભાવ એમના ઉપર થાય કે જે હોશમાં હોય. પાગલ માનવી તો દયાને પાત્ર છે. તે વાત વાતમાં તેમને છણકા કરતી અને મજાક ઉડાવતી, જેમ લોકો પાગલ સાથે કરે છે. હા તેનું ધ્યાન રાખતી કે તે સમજી ન જાય તે વિચારતી, બિચારો પોતાના પાપનું પ્રાયશ્ચિત કરી રહ્યો છે. આ બધો ઢોંગ એના માટે તો છે કે, હું મારુ દુઃખ ભુલી જાઉ. અંતે નસીબ તો હવે બદલાય તેમ નથી. તો આ બિચારાને શું કરવા સળગાવું ?

એક દિવસ રાતે નવ વાગે તોતારામ બાંકે કરીને આવ્યા અને નિર્મલાને કહ્યું, આજે ત્રણ ચોરો સામે મળ્યા, હું જરા શિવપુર તરફ જતો રહ્યો હતો. અંધારુ હતું ત્યાં. જેવો રેલમાર્ગ પાસે પહોચ્યો. તો ત્રણ ચોર તલવાર લઈ કોણ જાણે ક્યાંથી ફુટી નીકળ્યાં ત્રણે જાણે કે કાળા દેવ હતા હું બિલકુલ એકલો હાથમાં લાકડી. એ ત્રણેના હાથમાં તલવાર મારા તો હોંશ જ ઉડી ગયા. વિચાર આવ્યો કે, હવે મોત નજીક છે પણ મેં વિચાર્યુ કે, મરવું જ છે તો બહાદુરતાથી કેમ ન મરવું ? એવામાં એકે કહ્યું, જીવવા ચાહે છે ? તો મુકી દે તારી પાસે જે હોય તે અહીં અને ચાલ્યો જ અહીંથી. હું લાકડી પકડી ઉભો રહી ગયો અને બોલ્યો, મારી પાસે માત્ર લાકડી છે, અને તેની કિંમત એક માનવીનું માથુ છે. મારા મોંથી આટલુ બોલ્યો કે ત્યાં જ ત્રણે મારા પર તલવારથી તુટી પડ્યા, હું તેમના વાર લાકડીથી રોકવા લાગ્યો. ત્રણે વારાફરતી મારા પર વાર કરતા હતા. હું વીજળીની જેમ તેમના વારને કાપી નાંખતો હતો. દસ મીનીટ સુધી ત્રણેયે તલવારથી ખૂબ વાર કર્યા પણ ફાવ્યા નહીં. મજબૂરી એ હતી કે મારા હાથમાં તલવાર ન હતી. જો તલવાર હોત તો એકેયને જીવતો ન છોડત. ખેર શું વાત કરું ? એ વખતે મારી ચપળતા જોઈ મને અચરજ થયું કે આટલી ચપળતા મારામાં આવી ક્યાંથી ? હવે ત્રણેને થયું કે, આપણી દાળ ગળવાની નથી એટલે તલવાર ધ્યાન કરી દુમ દબાવી ભાગ્યા કહે - તમારા જેવો જુવાન આજ સુધી જોયો નથી. જે અમારા ત્રણે પર ભારી હોય. અમે ગામમાં ઢોલ વગાડી લુંટીએ છીએ

પણ આજે તમે મને નીચા બતાવી દીધા કહી ત્રણે ગાયબ થઈ ગયા. નિર્મલાએ ગંભીરભાવ સાથે કહ્યું, આ લાકડી ઉપર તલવારોના બહુ નિશાન પડ્યા હશે ને ? મુંશીજી આ શંકા માટે તૈયાર ન હતા પણ કોઈ જવાબ આપવો જરુરી હતો એટલે બોલ્યા, હું વારને બારોબાર ખાલી કરી દેતો હતો એટલે બે ચાર સામાન્ય નિશાન સિવાય ખાસ કંઈ પડી ન શક્યું. હજુ આ વાત પુરી રુક્મણીદેવી હાંફ સાથે દોડતા આવ્યા ને બોલ્યા, તોતા, તોતા છે કે નહી ? મારા રુમમાં એક સાપ નીકળ્યો છે, જે મારા ટેબલ નીચે બેઠો છે. કોઈ બે ગજ લંબાઈ નો ફેણ કાઢી બેઠો છે જરા ચાલોને અને લાકડી લઈને આવજો. તોતારામના ચહેરાનો રંગ બદલાઈ ગયો. પરંતુ મોં મા ભાવ છુપાવી બોલ્યા, સાપ ક્યાં ? તારી ભૂલ થતી લાગે છે, દોરડું હશે. રુક્મણી - અરે મેં મારી આંખો થી જોયો છે, જરા આવીને જોઈ તો લો મર્દ થઈને ડરો છો ? મુંશીજી ઘરેથી નીકળ્યા પણ આંગણામાં જ ઠરી ગયા તેમના પગ ઉપડતા ન હાત. હૃદયના ધબકારા વધી ગયા. ક્યાંક સાપ તેમનો જીવ ન લઈ લે. બોલ્યા કરતો નથી. સાપ જ છે, વાઘ તો નથી પણ સાપ ઉપર લાકડી કામ નહીં લાગે. જઈને બીજા કોઈને મોકલું જેના ઘરમાં ભાલો હોય. આમ કહી મુંશીજી ધીમે રહી બહાર નીકળી ગયા. મંસારામ ખાઈ રહ્યો હતો. મુંશી તો બહાર ગયા, આ તરફ તે ખાઈ પોતાની હોકી સ્ટીક હાથમાં લઈ રુમમાં પ્રવેશ્યો અને તરત ટેબલ ખેંચી લીધુ. સાપ ગુસ્સામાં હતો તેણે ભાગવાને બદલે ફેણ ફેલાવી ઉભો રહી ગયો. મંસારામે ટેબલની ચાદર ઉઠાવી સાપ ઉપર ફેંકી અને તરત ત્રણ-ચાર સ્ટીક જોરથી મારી દીધી સાપ અંદર જ મરી ગયો. ત્યારે તેને સ્ટીક ઉપર લઈ તે બહાર નીકળ્યો. મુંશીજી ઘણા બધાને લઈ આવી રહ્યા હતા. મંસારામે સાપ લટકાવી આવતો જોઈ તેમના મોં થી ચીસ નીકળી ગઈ પણ પછી સાંભળતા તે બોલ્યા, હું તો આવતો જ હતો, તે ઉતાવળ કેમ કરી ? આપી દે કોઈ ફેંકી આવે.

આમ કહી બહાદુરી સાથે તે રુક્મણીના રુમના દરવાજે આવી ઉભા રહી ગયા અને મૂંછ પર હાથ ફેરવતા નિર્મલા પાસે જઈ બોલ્યા, હું હજુ તો જાઉ તે પહેલા મંસારામે મારી નાંખ્યો, પણ સમજુ છોકરો સ્ટીક લઈ દોડી પડ્યો મેં આવા ઘણાં સાપ માર્યા છે સાપને ખવડાવી - ખવડાવીને માર્યા છે. કેટલાય સાપને મુઠીમાં મસળ્યા છે. રુક્મણીએ કહ્યું, જાઓ જોઈ લીધી તમારી મર્દાનગી. મુંશીજી ક્રોધમાં બોલ્યા, સારુ ડરપોક સહી, તારી પાસે કોઈ ઈનામ તો નથી માંગતો ને ? જઈને

મહારાજને કહો, જમવાનું પીરસે. મુંશીજી તો જમવા લાગ્યા અને નિર્મલા ઉંબરે ઊભી વિચારતી હતી, ભગવાન, શું ખરેખર આમને કોઈ ભયાનક રોગ થયો છે ? કે પછી મારી દશા આનાથી પણ વધારે ખરાબ કરવા માંગે છે ? હું તેમની સેવા કરી શકુ છું મારુ જીવન તેમના ચરણમાં અર્પણ કરી શકુ છું પણ એ નથી કરી શકતી જે મારાથી ન થઈ શકે સમજી ગઈ. આવતા પહેલા સમજી હોત તો આમને આટલી તપશ્ચર્યા કરવી પડતી, આટલા ઢોંગ રચવા પડતા ?

: ૭ :

એ દિવસથી નિર્મલાનો રંગ બદલાવા લાગ્યો. તેણે પોતાના કર્તવ્યને ભૂલાવી દેવાનો નિર્ણય કરી લીધો. અત્યાર સુધી તેણે આ બાબતમાં ધ્યાન આવ્યુ જ ન હતું હવે તેના હૃદયમાં બદલાની ભાવના જાગવા લાગી જેને અત્યાર સુધી તેણે દબાવી રાખી હતી. હવે આ વેદનાનો વેગ શાંત થવા લાગ્યો. તેને સમજાયું કે તેના જીવનમાં કોઈ આનંદ નથી. તેનું સપનું જોઈ શા માટે જીવનને ખરાબ કરવું ? સંસારના બધા લોકો સુખની પથારી પર તો સુતા નથી. હું પણ એ અભાગીઓમાં છું ? મને પણ વિધાતાએ દુઃખના પોટલા સહન કરવા માટે પસંદ કરી છે. એ એ બોજ માથા પરથી ઉપરથી ઉતરી શકતો નથી. તેને ફેંકવા ઇચ્છુ તો ફેંકી શકુ તેમ પણ નથી. એ અસહ્ય બોજના કારણે આંખો સામે જાણે કે અંધારા છવાઈ ગયા, ગરદન દુઃખવા લાગી, પગ જકડાઈ ગયા. પણ દુઃખ સહન કરવું પશે. આજીવન કેદનો કેદી ક્યાં સુધી રડતો રહે ? રડે તો જુએ પણ કોણ ? કોને તેના પર દયા આવે છે ? રડવાથી કામ અટકી પડે છે અને અંતે તેને વધારે કામ કરવું પડે છે.

બીજા દિવસે વકીલ સાહેબ કોર્ટથી આવ્યા તો નિર્મલા મૂર્તિની જેમ દરવાજા પાસે ઊભી હતી. આ દ્રષ્ય જોઈ તેમને ઠંડક મળી ઘણા દિવસો પછી તેમને ખીલેલુ કમળ જોવા મળ્યું. રુમમાં એક મોટો અરીસો લટકાવેલો હતો. આજે તેનો પડદો હટી ગયો. વકીલ સાહેબે પગ મુક્યો તો અરીસા પર નજર પડી. પોતાનો પણ સાથે દેખાયો. તેમના હૃદયમાં ચોંટ લાગી દિવસ ભરના થાકના કારણે તેમના ચહેરા પરનું

નૂર ગાયબ હતું, વિવિધ પ્રકારના પૌષ્ટિક પદાર્થો ખાધા પછી પણ ચહેરાની કરચલીઓ સાફ નજરે પડતી હતી, ફાંદ ઘોડાની જેમ બહાર નીકળેલી હતી. બીજુ તૂટેલો રુમ. તે આ અરીસા તરફ જોઈ ન શક્યા. પોતાની હીન અવસ્થા તેમના માટે અસહ્ય હતી. તે અરીસાની સામેથી હટી ગયા. તેમને પોતાના ચહેરાથી જ ધૃણા થવા લાગી પછી તે રુપવતી કામિનીની તેમના માટેની ધૃણા કરવાની વાત આશ્ચર્યકારક ન હતી. નિર્મલા તરફ જોવાની પણ તેમની હિંમત ન થઈ. તેની અનુપમ છબી તેમના હૃદયનો કાંટો બની ગઈય નિર્મલાએ કહ્યું, આજે આટલુ મોડું કેમ કર્યું ? દિવસભર રાહ જોતા આંખો થાકી જાય છે. તોતારામે બારી તરફ જોતા જવાબ આપ્યો, કેસમાં શ્વાસ લેવાનો પણ સમય મળતો નથી. હજુ વધુ એક કેસ હતો પણ માથુ દુઃખવાનું બહાનું કાઢી ભાગી આવ્યો છું.

નિર્મલા - તો પછી આટલા કેસ શા માટે લડો છો ? કામ એટલું જ લેવું જોઈએ જેટલુ તમે કરી શકો. જીવ આપીને કામ થોડુ કરાય છે ? ન લેતા આવા કેસ મને રુપિયાની લાલચ નથી. તમે આરામથી રહેશો તો બહુ રુપિયા મળશે.

તોતારામ - ભાઈ આવતી લક્ષ્મીને ઠોકર ન મરાય.

નિર્મલા - લક્ષ્મી જો લોહી અને માંસ લઈને આવતી હોય તો તે ન આવે તેજ સારું છે. હું ધનની ભૂખી નથી. એક સમયે મંસારામ પણ સ્કૂલથી આવ્યો. તડકામાં ચાલીને આવવાના કારણે તેના મોં પર પરસેવાના ટીપા બાઝેલા હતા. ગોરા મુખ પર લોહીની લાલી દોડી રહી હતી. આંખોમાં ચમક દેખાતી હતી. દરવાજે ઉભા રહી બોલ્યો, માં લાવો કંઈ ખાવાનું કાઢો. જરા રમવા જવું છે. નિર્મલા જઈને પાણી લાવી અને એક ડીશમાં કેટલોક મેવો મંસારામને આપ્યો. મંસારામ ખાઈને જવા લાગ્યો, તો નિર્મલાએ પૂછ્યુ, ક્યાં સુધીમાં આવીશ ?

મંસારામ - કહી શકતો નથી. ગોગઓ સાથે હોકીની મેચ છે. બેરેક અહીંથી બહુ દુર છેય નિર્મલા - ભઈ, જલ્દી આવજે, ખાવાનું ઠંડુ થઈ જશે તો કહીશ મને ભૂખ નથી. મંસારામે નિર્મલા તરફ જોઈ કહ્યું, મને મોડુ થાય તો સમજી લેજો ત્યાં ખાઈ

રહ્યો છું મારી રાહ જોવાની જરુર નથી. તે ચાલ્યો ગયો, તો નિર્મલા બોલી, પહેલા તો ઘરમાં આવતો જ ન હતો. મારાથી શરમાતો હતો. કોઈ ચીજની જરુર હોય તો બહારથી જ મંગાવી લેતો હતો. હું બોલાવવા લાગી ત્યાથી આવવા લાગ્યો.

તોતારામે ચિડાઈને કહ્યું, આ તારી પાસે ખાવા-પીવાની ચીજો કેમ માગવા આવે છે ? દીદીને કેમ કહેતો નથી ?

નિર્મલાએ આ વાત પ્રશંસા મેળવવાના લોભથી કહી હતી, તે બતાવવા માંગતી હતી કે, તમારા છોકરાઓને કેટલા ચાહુ છું આ કોઈ બનાવટી પ્રેમ ન હોતો. તેને છોકરાઓ માટે સાચે જ પ્રેમ હતો. હજુ સુધી બાળભાવ જ મુખ્ય હતો અને બાળકો સાથે તેની હરકતો પણ તેવી જ રહેતી હતી. પત્ની સુ... ઈર્ષ્યા હજુ સુધી તેના મનમાં જાગી ન હતી. પણ પતિના પ્રસન્ન થવાના બદલે નારાજગીનો ભાવ ન સમજી બોલી, મને શી ખબર, તેમની પાસે કેમ નથી માંગતા. મારી પાસે આવે તો તેમને ધુત્કારી ન શકુ. જો કરું તો એમ થાય કે આ છોકરાઓની પણ ઈર્ષ્યો કરે છે. મુન્શીજીએ તેનો કોઈ જવાબ ન આપ્યો પરંતુ આજે તેમણે આખી બોલી કોઈ વાત જ ન કરી. મંસારામ પાસે ગયા અને તેની પરીક્ષા લેવા લાગ્યા. આ જીવનનો પહેલો પ્રસંગ હતો કે જ્યારે તેમાં મંસારામ કે અન્ય કોઈ છોકરાના શિક્ષણ વિષયમાં રસ બતાવતા હોય. તેમને તેમના કામમાંથી ઉંચુ જોવાની ફુરસત પણ મળતી ન હતી. તેમણે એ વિષયો વાંચ્યાને ૪૦ થી વધુ વર્ષ વીતી ગયા હતા. ત્યારથી તે તરફ તેમણે નજર પણ નાંખી ન હતી. તો કાયદાના પુસ્તકો અને સમાચાર સિવાય બીજુ કાંઈ વાંચતા પણ નહતા. એટલો સમય જ મળતો નહતો. પરંતુ તે આજે એ વિષયો ઉપર મંસારામની પરીક્ષા લેવા લાગ્યા, મંસારામ મહેનતુ અને હોશિયાર હતો. રમતમાં તે કેપ્ટન હોવા ઉપરાંત વકેલાતમાં પણ પહેલા નંબરે આવતો હતો. કોઈ શત્રુ પરનો વાર ખાલી જતા કોઈ વધુ વાર કરે તેવી રીતે મંસારામના સાચા જવાબો સાંભળી વકીલ સાહેબ તેને વધુ પ્રશ્નો પુછતા હતા. તે કેટલાક એવા પ્રશ્ન પુછવા માંગતા હતા જેના જવાબ મંસારામને ન આવડે. તેઓ જાણવા માંગતા હતા કે

મંસારામની નબળી કડી શું છે ? તેઓ એ જાણવા માંગતા હતા કે મંસારામ શું નથી કરી શકતો. વકીલ સાહેબે અડધી સદી અગાઉ અભ્યાસ કર્યો હતો જેના આધારે તેઓ મંસારામ સામે કેવી રીતે સફળ બને ? છેલ્લે ગુસ્સો ઉતારવા કોઈ બહાનું ન મળતા બોલ્યા, હું જોઉ છું કે તું આખો દિવસ મજાક-મસ્તી કર્યા કરે છે. તારી બુદ્ધિ કરતા તારા ચારિત્ર્યને વધારે સારી રીતે જાણું છું અને તારુ આમ રખડવું મને ગમતુ નથી. મંસારામે ગભરાયા વગર કહ્યું, "સાંજે એક કલાક રમવા જવા સિવાય દિવસભર ક્યાય જતો નથી. આપ માં અથવા દાદીથી પૂછી લો મને પોતાને આ રીતે રખડવું પસંદ નથી રમવા માટે હેડમાસ્તર આગ્રહ કરીને બોલાવે છે એથી મારે મજબૂરીથી જવું પડે છે. જો રમવા જવું તે તમને ન ગમતું હોય તો કાલથી નહીં જઉં. મુન્શીજીએ જોયું કે વાત વળાંક લઈ રહી છે તેથી તેમણે ગુસ્સામાં કહ્યું કે, મને ખબર છે કે, તું રમવા જાય છે કે રખડવા મને આ અંગે ઘણી ફરિયાદો મળી છે." મંસારામે ઉત્તેજીત થઈ કહ્યું, કયા મહાશયે તમને આવી ફરીયાદ કરી છે. જરા હું પણ સાંભળુ?

વકીલ - કોઈપણ હોય એનાથી તારે શું મતલબ ? તને એટલી ખાત્રી હોવી જોઈએ કે કોઈ ખોટો આક્ષેપ ન કરે.

મંસારામ - જો કોઈ મારી સામે આવી કહી દે કે મેં તેને રખડતા જોયો છે તો મોં પણ નહીં બતાવુ.

વકીલ - કોઈને એવી શું પડી છે કે તારા મોં પર ફરીયાદ કરી તારી સાથે વેર બાંધે અને તું તારા બે-ચાર મીત્રોને લઈ જઈ એમના ઘરમાં તોડફોડ કરી આવે. મને આવી ફરીયાદ કોઈ એક-બે નહીં ઘણા બધા લોકોએ કરી છે અને કોઈ કારણ નથી કે હું મારા મીત્રોની વાતનો વિશ્વાસ ન કરું. હું ઇચ્છુ છુ કે તુ સ્કૂલમાં જ રહે. મંસારામે નીચા મોંએ કહ્યું, મને ત્યાં રહેવુ ગમતું નથી. મંસારમ છાત્રાલયમાં રહેવા તૈયાર ન હતો. પણ મુન્શીએ આ વાત કરી તેનું કારણ પૂછ્યું તો ગભરાટ છુપાવી હસીને બોલ્યો, મારા માટે જેવું ઘર એવી બોર્ડિંગ, તકલીફ પણ કોઈ નથી અને હોય તો પણ સહન કરી શકુ છું. હું કાલથી ચાલ્યો જઈશ. હા જગ્યા ખાલી ન હોય તો તકલીફ

તોતારામ વકીલ હતા સમજી ગયા કે છોકરો કોઈ બહાનુ શોધી રહ્યો છે. જેનાથી ત્યાં જવુ પણ ન પડે અને આરોપ પણ ન લાગે.

મંસારામ - ઘણા બધા છોકરાઓને ત્યાં જગ્યા મળી નથી અને બહાર ભાડાના મકાન રાખી રહે છે. હમણા બોર્ડિંગ હાઉસમાંથી એક છોકરાનું નામ નીકળી ગયું હતું તો એક જગ્યા માટે પચાસ અરજીઓ આવી હતી. વકીલ સાહેબે વધારે તર્ક-વિર્તક કરવા યોગ્ય ન માન્યુ. મંસારામને કાલે તૈયાર રહેવા ઈશારો કરી લગી તૈયાર કરાવી ફરવા માટે નીકળી ગયા. કેટલાક દિવસોથી તેઓ રોજ સાંજે ફરવા જતા હતા. કોઈ અનુભવીએ તેમને કહ્યું હતું કે, દિર્ઘજીવન માટે આનાથી ઉત્તમ બીજો કોઈ ઉપાય નથી. તેમના ગયા પછી મંસારામે રુક્મણીને જઈને કહ્યું, દાદીમાં બાબુજીએ મને કાલથી સ્કૂલમાં જ રહેવા કહ્યું છે. રુક્મણીએ અચરજ સાથે કહ્યું, કેમ?

મંસારામ - મને શી ખબર ? કહે કે, તું આવારાની જેમ રખડ્યા કરે છે.

રુક્મણી - તે કહ્યું નહીં કે હું ક્યાય નથી જતો.

મંસારામ - મેં કહ્યું, પણ માને તોને ?

રુક્મણી - તારી નવી માંની કૃપા હશે બીજુ શું ?

મંસારમ - ના ના દાદીમાં, મને તેમના પર શંકા નથી તે તો બિચારી મને દરેક રીતે રાખે છે.

રુક્મણી - તું આ ચરિત્રને શું જાણે ? ચાલ હું જ જઈને પૂછું છું.

રુક્મણી ગુસ્સા સાથે નિર્મલા પાસે પહોંચી તેને આડે હાથ લેવાની તક તો છોડતી ન હતી. નિમર્લા તેમનો આદર કરતી હતી. તે ઇચ્છતી કે તે જયાં ભુલ કરે ત્યાં તેને શિખામણ આપે છતાં રુક્મણી સાથે તેને તણાવ રહેતો હતો. નિર્મલા ખાટલા પરથી ઊભી થઈ બોલી, આવો દીદી બેસો. રુક્મણીએ ઉભા-ઉભા કહ્યું, હું તને પુછવા માંગુ છુ કે, તું ઘરમાંથી બધાને બહાર કાઢી ઘરમાં એકલી રહેવા માંગે છે ? નિર્મલાએ નવાઈ સાથે પુછ્યુ, “શું થયું દીદી ? મેં તો આવું કાંઈ કહ્યું નથી.”

રુક્મણી - મંસારામને ઘરની બહાર કાઢ્યો અને કહે છે મેં આવું કંઈ કીધુ નથી. શું

તું આટલુ પણ જોઈ શકતી નથી ?

નિર્મલા - દીદી, તમારા પગ પકડીને કહુ છું, મને કાંઈ ખબર નથી. મારી આંખો જતી રહે જો હું આવુ હું બોલી હોઉ તો.

રુક્મણી - શું કરવા ખોટા સોગંદ ખાય છે ? હમણા સુધી તોતારામ ક્યારેય છોકરા સાથે બોલતા ન હતા. મંસારામ એક અઠવાડીયા માટે મોસાળ ગયો હતો તો એટલો ગભરાઈ ગયો કે જાતે જઈને લઈ આવ્યા. હવે એ જ મંસારામને ઘરથી કાઢી બોડીંગમાં મુકી દે છે. જેને નથી ખાવાનું કે પીવાનું ભાન જ્યાં બેસે ત્યાં જ સુઈ જાય છે. જવાન થયો એમ કહેવાય પણ સ્વભાવ બાળક જેવો. સ્કૂલમાં તો એમ હોય, ત્યાં કોને પડી હશે તેણે ખાધુ કે નહીં, કયા કપડા બદલ્યા, ક્યાં સૂતો. જ્યારે ઘરમાં કોઈ પૂછતુ નથી તો બહાર કોણ પૂછશે. મેં તને ચેતવી દીધી. આગળ તુ જાણે ને તારુ કામ. આમ કહી રુક્મણી ત્યાંથી ચાલી નીકળી.

વકીલ સાહેબ ફરીને આવ્યા કે તરત નિર્મલાએ આ વિષય છેડ્યો. મંસારમ પાસે થી તે આજકાલ થોડીવાર અંગ્રેજી શીખતી હતી. એના ગયા પછી કોણ શીખવે ? વકીલ સાહેબને આ વાત ખબર નહતી. નિર્મલાએ તેમનું આ રુપ માત્ર એકવાર જોયું હતું જ્યારે તેમણે સિયારામને મારીને અધમુઓ કરી નાખ્યો હતો તે રુપ આજે ફરી દેખાયું, વાત કંઈ ન હતી પણ વકીલ સાહેબ હતાશ થઈ પલંગ પર ફસડાઈ પડ્યા. અને માથા પર હાથ રાખી ચીંતા મગ્ન બની ગયા. તે જેટલુ સમજ્યા હતા વાત તેનાથી આગળ વધી ગઈ હતી. તેમને જાત પર ગુસ્સો આવ્યો કે, પહેલેથી છોકરાને બહાર કેમ ન રાખ્યો.

આજકાલ જો આ મહારાણી આટલી ખુશ દેખાઈ દે છે. તેનું રહસ્ય આજે સમજણમાં આવ્યુ. પહેલા તો ક્યારેય આટલી સજેલી-ધજેલી રહેતી ન હતી. સાજ-શણગાર પણ કરતી ન હતી પણ હવે જોઉ છું. પરંતુ પાકટ બુદ્ધિએ સમજાવ્યુ કે આ સમયે ગુસ્સાની જરુર નથી ક્યાંક તેને ખબર પડી જશે તો બફાઈ જશે. હા, એના મનમાં મનમાં શું ચાલી રહ્યું છે તે પણ જાણવું જોઈએ. બોલ્યા, એ તો હું જાણુ છુ કે

તને બા-ચાર મિનીટ ભણાવવાથી તેને તોઈ ફરક પડવાનો નથી પરંતુ આ તારો છોકરો છે. તેનું કામ ન કરવાનું તેને બહાનુ મળી જાય છે. કાલે કદાચ નપાસ થઈ ગયો તો કહેશે, હું તો દિવસભર વાંચતો હતો. હું તારા માટે એક રુમ ટીચર રાખી દઈશ. કોઈ વધારે ખર્ચ નહીં આવે, તેં મને પહેલા કહ્યું જ નહીં એ વળી તને શું ભણાવતો હતો ? બે-ચાર શબ્દો બતાવી ભાગી જતો હશે. આ રીતે તને કંઈ નહીં આવડે. નિર્મલાએ તરત આ આક્ષેપને નકારી કાઢ્યો. ના એ વાત નથી. એ મને દિલથી ભણાવે છે અને એની રીત પણ એવી છે કે ભણવાનું મન થાય. તમે એક દિવસ જરા એજે રીતે સમજાવે છે તે જુઓ. મુન્શી પોતાની પ્રશ્ન કુશળતા ઉપર મૂંછો પર તાવ દેતા બોલ્યા, દિવસમાં એક જ વાર ભણાવે છે કે વારંવાર ? નિર્મલા હજુ સુધી આ પ્રશ્ન પૂછવાનો હેતુ સમજી ન શકી. પહેલા તો સાંજે એકવાર ભણાવતો, હવેં દિવસમાં એકવાર લખાણ પણ જુએ છે. તે કહે છે કે, તેના ક્લાસમાં બધા કરતા હોશીયાર છે અને હમણાં પહેલો નંબર લાવ્યો હતો. પછી તમે કઈ રીતે કહો છો કે, તેનું બણવામાં મન નથી એટલા માટે કહું છું કે, દીદી કહેંશે, મેં જ આગ લગાવી છે. મારે ફોકટમાં મેંણા સાંભળવા પડશે. હમણાં થોડીવાર પહેલા જ ધમકાવી ગઈ છે. મુન્શીજી મનમાં બોલ્યા, બધુ સમજુ છું. તુ કાલની મને સમજવા નીકળી છો ? દીદીનું નામ આગળ ધરી તારો સ્વાર્થ પુરવા માંગે છે. બોલ્યા, ખબર નથી પડતી કે, બોડિંગનું નામ સાંભળી છોકરો કેમ ગભરાય છે. બીજા છોકરા તો ખુશ થાય છે કે, મિત્રો સાથે રહેવા મળશે. હમણા થોડા દિવસો પહેલા સુધી એ ખૂબ મનથી ભણતો હતો. આજ કારણથી તે તેના ક્લાસમાં પહેલો આવ્યો છે. પણ અચાનક આવારા બની ગયો છે. હુ તારા માટે લેડી ટીચર રાખી દઈશ. બીજા દિવસે મુન્શીજી કપડા પહેરી બહાર નીકળ્યા, દિવાનખંડમાં ઘણાં અસીલો બેઠા હતા. એમાં એક રાજા સાહેબ પણ હતા જેમની પાસેથી મુન્શીજીને ઘણીવાર હજાર રુપિયાનું મહેનતાણું મળતુ હતું, પરંતુ મુન્શીજી તેમને ત્યાં છોડી દસ મીનીટમાં આવવાનું કહી બગી પર બેશી સ્કૂલના હેડમાસ્તરને ત્યાં પહોંચ્યા. હેડમાસ્તર સજ્જન હતા. વકીલ સાહેબનો

ખૂબ આદર-સત્કાર કર્યો પણ એમને ત્યાં એક પણ છોકરાની જગ્યા ખાલી ન હતી. બધા રુમ ભરેલા હતા. ઈન્સપેક્ટરની કડક સૂચના હતી કે બહારના છોકરાઓને માટે જગ્યા આપવાને શહેરના છોકરાંઓને પ્રાથમિક્તા આપવામાં આવે. એટલે કોઈ જગ્યા ખાલી થાય તો પણ મંસારામને જગ્યા મળી શકે તેમ ન હતી અનેક અરજીઓ આવેલી હતી. મુન્શીજી વકીલ હતા અને રાત દિવસ તેમને એવા લોકો મળતા હતા કે જે રુપિયા માટે કાઈપણ કરવા તૈયાર થઈ જાય. તેમણે કલાર્કને સમજાવા પ્રયાસ કર્યા તો તે પણ બગડ્યો તેણે કહ્યું, મુન્શીજી રહેવા દો, હેડમાસ્તરને આ વાતની જરા પણ ગંધ આવશે તો મંસારામને સ્કૂલમાંથી કાઢી મુકશે. બિચારા મુન્શીજી મોં લટકાવી દસ વાગે ઘેર પહોંચ્યા મંસારમ એજ સમયે ઘરથી સ્કૂલ જવા નીકળ્યો. મુન્શીજીએ તેની સામે કડક નજરે જોયું જાણે તેમનો કોઈ શત્રુ ઘર છોડી જતો હોય અને તે ઘરમાં ગયા.

એક દિવસ મુન્શીજી જમવા બેઠા હતા. મંસારામ પણ નાહીને આવ્યો. મુન્શીજીએ મહીનાઓથી તેને ખુલ્લા શરીરે જોયો ન હતો. આજે તેમની નજર પડી. મોં પર બ્રહ્મચર્યનું તેજ હતું. પૂછ્યુ, આજકાલ તારી તબીયત સારી રહેતી નથી કે શું ? કેમ દુબળો પડી ગયો છું ? મંસારામે કહ્યું તબીયત તો સારી છે. તો પછી આમ દુબળો કેમ પડી ગયો, મુન્શીજી બોલ્યા. મંસારામ - આથી વધારે જાડો ક્યારે હતો હું ? દીદી - દુબળો ક્યાંથી ? હવે તો દેખરેખ સારી રીતે થાય છે. હું ગમાર હતી કે છોકરાઓને ગમે તે ખાવા આપી દેતી હતી, તેમની આદતો ખરાબ કરતી હતી. હવે તો ભણેલી ગણેલી સ્ત્રી દેખરેખ રાખે છે, દુબળો પડે મારો દુશ્મન ! મુન્શીજી - દીદી તુ વાતો બહુ કરે છે, તને કોણે કહ્યું કે, છોકરાઓને બગાડે છે. જે કામ બીજાથી ન થઈ શકે તે તારે કરવું જોઈએ, એ નહીં કે ઘરમાં કોઈ ધ્યાન ન રાખો. જે હજુ છોકરી છે કે બીજાનું શું ધ્યાન રાખવાની ? એ તારુ કામ છે.

રુક્મણી - જયાં સુધી મારા સમજતી હતી ત્યાં સુધી કરતી હતી હવે તમે જયારે પારકી સમજી લીધી છે તો શું કરવા ગળે વળગાડુ ? પૂછો કે કેટલા દિવસથી દુધ નથી

પીધુ ? જઈને રુમમાં જુઓ જે મીઠાઈ મોકલી હતી તે સડી રહી છે. માલિકન સમજે છે, મેં ખાવાનું મૂકી દીધું છે. કોઈ ખાય, ન ખાય તો મોંમા મૂકુ તો ભાઈ આ રીતે છોકરા થોડા મોટા થાય ? જેણે પોતે કોઈ દિવસ સુખ જોયું નથી. તારા છોકરાને પતિની જેમ ફેરવ્યા કરે છે. તેને ઘરમાં આવવાની પણ મનાઈ છે. મારી પાસે આવતા પણ ડરે છે. મારી પાસે છે જ શું તે ખવડાવું ? મંસારામ બે રોટલી ખાઈને ઉભો થયો, મુન્શીજીએ પૂછ્યું, તે જમી લીધુ ? હજુ એક મિનીટ પણ થઈ નથી. તે શું ખાધુ બે રોટલી તો હતી. મંસારામે સંકોચ સાથે કહ્યું, દાળ અને શાક પણ હતા. વધારે ખાઉ છું તો ગળામાં બળતરા થાય છે. ખાટા ઓડકાર આવે છે. મુન્શીજી જમીને ઉભા થયા તો બહુ ચિંતિત હતા. જો આ છોકરોં આમ જ દુબળો પડતો રહેશે તો તેને કોઈ ભયંકર રોગ લોગુ પડશે. તેમને એ સમયે રુક્મણી ઉપર બહુ ક્રોધ આવતો હતો. તેને આ વાતની જલન થતી છે કે, તે આ ઘરની માલિકન નથી. તેને શું અધિકાર છે ? એક વર્ષ માલિકન બની પણ કાંઈ બચાવી ન શકી. એક પૈસાની પણ બચત થતી નહતી. આ આવકમાં રુપકલા બસો-અઢીસો બચાવી લેતી હતી. આમના આ આવક પણ ઓછી પડતી હતી. લાડ-પ્રેમથી છોકરાઓને બગાડી મુક્યા છે. આટલા મોટા છોકરાને શું જરુર છે કે કોઈ ખવડાવે તે ખાય ? એમણે તો જાતે પોતાની ફિકર કરવી જોઈએ. મુન્શીજી દિવસભર એ ઉલઝનમાં રહ્યા. બેવાર મિત્રોને સવાલ કર્યો. લોકોએ કહ્યું, રમવા દો, વિઘ્ન ન નાંખો. ખુલ્લી હવામાં ચરિત્રભ્રષ્ટ થવાની સંભાવના ઓછી છે જેટલી બંધ કમરામાં કુસંગતથી જરુર બચાવો પણ એમ તો ન બને કે તમે તેને ઘરની બહાર જ ન નીકળવા દો. યુવાવસ્થામાં એકાંતવાસ ખૂબ હાનીકારક હોય છે.

મુન્શીજીને તેમની ભૂલ સમજાઈ. ઘરે આવતા સમયે મંસારામ પાસે પહોચ્યાં. તે હમણાં જ સ્કૂલથી આવ્યો હતો અને કપડા બદલ્યા વગર એક ચોપડી લઈ બારી સામે તાકી રહ્યો હતો. એની નજર એક ભિખારણ પર હતી જે બાળકને કેડમાં રાખી ભીખ માંગી રહી હતી. બાળક માંની કેડમાં એટલુ ખુશ હતું જાણે માં એ

તેને રાજસિંહાસન ઉપર બેસાડ્યું હોય. મંસારામે એ બાળકને જોઈ રોઈ પડ્યો. આ બાળક મારાથી સુખી નથી ? આવા બાળકને ઈશ્વર જન્મ શું કરવા આપે છે ? જેમનાં ભાગ્યમાં માતૃવિયોગનું દુઃખ ભોગવવાનું હોય. આજે મારા જેવો કમનસીબ આ દુનિયામાં છે કોને મારા જીવવા-મરવાની ચિંતા છએ ? આજે હું મરી જાઉ તો કોને દુઃખ થાય ? પિતાને હજુ પણ મને રોવડાવવામાં જ મજા આવે છે. અને માતા ? વાહ આજે તારા છોકરાને આવારા કહેવમાં આવે છે. હું એ યોગ્ય પણ નથી કે આ ઘરમાં રહી શકુ ? આમ વિચારીને ધ્રુસ્કે-ધ્રુસ્કે રડી પડ્યો. એજ સમયે તોતારામ રુમમાં આવી ચડ્યા. મંસારામે કદાચ આંસુ લુછી નાંખ્યા. માથુ નમાવી ઉભો થઈ ગયો. મુન્શીજીએ કદાચ પહેલીવાર તેના રુમમાં પગ મુક્યો હતો. મંસારામનું દિલ ધડકવા લાગ્યું એ જોવા કે આજે કઈ નવી આફત આવવાની છે. મુન્શીજી બોલ્યા, કેમ રડે છે બેટા ? તને કોઈએ કંઈ કહ્યું ? મંસારામે એવુ ચેકી કહ્યું, કોણે કહ્યું રડુ છું. મુન્શીજી - તારી માએ તોં તને કઈ કહ્યું નથી ને ? મંસારમ - ના તે તો મારી સાથે બોલતા પણ નથી. મુન્શીજી - શું કરું બેટા, લગ્નતો એટલા માટે કર્યા હતા કે બાળકોને તેમની માં મળે. પણ એ આશા પૂરી ન થઈ. તો તે જરાપણ બોલતી નથી ? મંસારામ - ઘણા મહીનાથી નથી બોલી. મુન્શીજી - વિચિત્ર સ્વભાવની સ્ત્રી છે. ખબર નથી પડતી કે શું ઇચ્છે છે. હું જાણતો હોત કે આવો સ્વભાવ છે તો લગ્ન ન કરત. રોજ નવી બબાલ ઊભી કરે છે. તેમે અમને કહ્યું હતું કે,તું દિવસભર શી ખબર ક્યાં રખડ્યા કરે છે ? કયો એવો પીતા હશે કે જે પોતાના પુત્રને આવારા ફરતો જોવાનું પસંદ કરે. એટલેજ મેં તને બોડિંગમાં મુકવાનો નિર્ણય કર્યો. બીજી કોઈ વાત ન હતી બેટા. હું તારુ રમવાનું પણ બંધ કરવા નથી માંગતો તારી માં તને છોડી ગઈ તો, હું છુને બેટા, બાળકનું હૃદય પિતૃપ્રેમથી પુલકિત થઈ ઉઠ્યું, જાણે સાક્ષાત ભગવાન મળ્યા. પિતાને નિષ્ઠુર અને ન જાણે બીજુ શું શું સમજી લીધા હતા. આ ઘરમાંથી કોઈ ફરીયાદ ન હતી હવે ખબર પડી કે દેવતુલ્ય પિતા સાથે પણ કેટલો અન્યાય થઈ રહ્યો છે. પિતાના ચરણમાં તે માથુ મુકીને રોવા લાગ્યો - મુન્શાજી

કરુણાથી પીગળી ઉઠ્યા, પુત્ર માટે તેમણે કરેલા વિચારો બદલતે જાતને કોશવા લાગ્યા. આજે ઘણું વિચાર્યા બાદ તેમને એક એવી યુક્તિ સૂઝી કે જેનાથી તેમને આશા જાગી છે કે તેં નિર્મલા બાજુથી નીકળીને બીજી બાજુને પોતાની કરી લે. તેમણે આ યુક્તિ અજમાવાની શરુઆત કરી પણ હેતુ સફળ થશે ? કોણ જાણે ?

જે દિવસે તોતારામે નિર્મલની મનાઈ છતાં મંસારામને બોર્ડિંગમાં મોકલવાનો નિર્ણય કર્યો હતો તે દિવસથી મંસારામે ભણવાનું છોડી દીધું હતું. ત્યાં સુધી કે તે બોલતી પણ ન હતી. એને સ્વામીની અવિશ્વસનીયતા અંગે આભાસ થઈ ગયો ગચો આટલો શંકાશીલ સ્વભાવ ! ઈશ્વરજ આ ઘરમાં લાજ રાખે. તે દિવસો સુધી રડતી રહી. તે શંકાનું કારણ શોધવા લાગી પણ કોઈ કારણ ન મળ્યું. અંતે વિચાર્યુ કે, મંસારામ સાથે હસી-બોલીને વાત કરવાનું આ પરિણામ મળશે ? તો પછી હું ભણવાનું છોડી દઉ, અને મંસારામ સાથે વાત પણ ન કરું. તેનું મોં પણ નહીં જોઉ. પણ હવે તેને આ સમસ્યા અસહ્ય લાગતી હતી. મંસારામ સાથે બોલતા ચાલવાથી તેની વિલાસીની ઉત્તેજના જાગતી પણ હતી અને તૃપ્ત પણ થતી હતી. તેના સાથે વાત કરતી વખતે તેને અપાર સુખનો અનુભવ થતો હતો. જેને તે શબ્દોમાં વર્ણવી શક્તી ન હતી. કુવાસનાની તેના મનમાં છાય પણ નહતી. તે સપનામાં પણ મંસારામ સાથે કલંકિત પ્રેમની ઇચ્છા કરતી ન હતી. પ્રત્યેક જીવને પોતાના સમવયસ્કો સાથે હસવા-બોલવાની એક નૈસર્ગિક ઇચ્છા હોય છે. એ તૃપ્તિનું આ અજ્ઞાત સાધન હતું. એ અતૃપ્ત ઇચ્છા નિર્મલાના હૃદયમાં દિપકની માફક સળગવા લાગી. રહી-રહીને તેનું મન અજ્ઞાત વેદનાથી ભરાઈ આવતું હતું. તે જ્યાં પણ બેસતી એના એજ વિચારો આવતા કોઈકામમાં મન લાગતુ ન હતું. જ્યારે મુન્શીજી આવતા તો તેની તમામ નિરાશાઓ છુપાવી હસીને વાત કરતી. મુન્શીજી જ્યારે બીજા દિવસે જમીને કચેરી ગયા તો રુક્મણીએ નિર્મલાને આડેહાથ લીધી જાણતી હતી કે, અહીં બાળકોને સાચવવા પડશે તો ઘરવાળાને કેમ ન કહ્યું કે, મારા લગ્ન કરો. ત્યાં જતી કે જ્યાં પુરુષ સિવાય બીજુ કોઈ ન હોય. અહીં વૃદ્ધ આદમી તારા પર લટ્ટુ શું થવાનો ? એણે

આજ બાળકોની સેવા કરવા માટે તારી સાથે લગ્ન કર્યા છે. નહીં કે ભોગવિલાસ માટે.

તે લાંબા સમય સુધી ઘા પર મીઠું નાંખતી રહી પણ નિર્મલા કંઈ ન બોલી તે કહેવા તો માંગતી હતી પણ કહી ન શકી. જો તે કહે કે, સ્વામી જે ઇચ્છે છે તેજ કરી રહી છુ તો ભાંડો ફૂટી જાય. પણ તે ચૂપ રહી. તે જોતી હતી કે મંસારામ ખૂબ ઉદાસ હતો. પણ તેના પર નિયંત્રણ હતું. ચોરના ઘેર ચોર પરોણા જેવી હાલત નિર્મલાની થઈ રહી હતી.

: ૮ :

જ્યારે કોઈ વાત આપણી આશા વિરુદ્ધ હોય ત્યારે આપણને દુઃખ થાય છે. મંસારામને નિર્મલાથી ક્યારેય આ વાતની આશા જ હતી કે તે એની ફરીયાદ કરશે. એટલા માટે તેને ખૂબ દુઃખ થતું હતું. તે શું કરવા મારી ફરીયાદ કરે ? શું ઇચ્છે છે તે ? કે મારા પતિનું ખાય છે. તેના ભણવામાં રુપિયા ખર્ચાય છે. કપડા પહેરે છે. તેની એ ઈચ્ચા હશે કે હું ઘરમાં ન રહું. મારા ન રહેવાથી રુપિયા બચી જશે. તે મારાથી ખૂબ ખુશ રહેતી. ક્યારેય મેં કડવા બોલ નથી સાંભળ્યા. પક્ષીને જાળમાં ફસાવતા પહેલા શિકારી દાણા નાંખે છે. હું નથી જાણતો કે દાણાની વચ્ચે જાળ છે. શું મારુ અહીં રહેવુ ખરાબ લાગે છે ? એના પતિ મારા પિતા નથી ? શું પિતા-પુત્રનો સંબંધ સ્ત્રી-પુરુષ કરતા નીચો હોય છે ? પણ મને એની ઈર્ષ્યા થતી નથી. તે જે કરે. હું મોં નહીં ખોલુ તો એ શા માટે

મને પિતૃપ્રેમથી દુર રાખવા માંગે છે ? તે સમજતી હશે કે, આ મોટો થાઈ મારા પતિની સંપત્તિનો માલિક બની જશે એટલા માટે અત્યારથી દુર કરવો સારુ છે. એને કેમ કરી સમજાવુ કે મારા પર આવી શંકા ન કરે. તેને કેમ સમજાવુ કે મંસારામ કોઈનું અહીત કરવા કરતા ઝેર ખાઈ મરી જવાનું વધુ પસંદ કરશે. તેને ગમે તેટલી તકલીફ પડે તે કોઈનો કાયે નહી બને. એમ તો પિતાએ મને જન્મ આપ્યો છે જેમનો પ્રેમ ઓછો નથી. પણ શું હું એટલુ પણ ગણતો નથી કે, જે દિવસે પિતાએ લગ્ન કર્યા તે દિવસથી તેમણે મને હૃદય બહાર કાઢી મુક્યો. હવે અનાથની જેમ રહેવું પડે છે. આ ઘર પર મારો કોઈ હક નથી. કદાચ પૂર્વના પુણ્યના કારણે અન્ય અનાથની તુલનામાં સ્થિતી સારી થે પણ કહેવાઈ એ તો અનાથ જ. તે દિવસે અનાથ બન્યો જે દિવસે માં મરી. જે થોડુ બાકી હતું તે બીજા લગ્નએ પુરુ કરી દીધું. હું તો આમેય પહેલા સંબંધ રાખતો ન હતો, એ સમયે પિતાને ફરિયાદ થઈ હોત તો દુઃખ થાત. હું તો એ આઘાત માટે તૈયાર બેઠો હતો. હિંસક પશુ માનવી ગાફેલ હોય ત્યારે જ વાત કરે. મને સવારે હલવો આપવામાં આવતો હતો. ૧૦૦ રુપિયાની ઘડિયાળ પણ આપી હતી.

પણ તેને બીજુ કોઈ ફરિયાદ ન સૂઝી તે મને આવારા કહ્યો ? અને આ વાત સૂઝી ક્યાંથી ? દૂધમાં પડેલી માંખીની જેમ કદાચ તે મને કાઢી નાંખવા માંગતી હશે હંમેશા માટે. બે-ચાર મહિના પછી ખર્ચ આપવાનું બંધ કરાવશે, પછી જીવે કે મરે. ખેર હવે આ મારુ ઘર નથી. પિતાજી પણ મારા માટે પિતા નથી. હું તેમનો પુત્ર છું પણ તે મારા માટે પિતા નથી. સંસારના બધા સંબંધ પ્રેમ છે. જ્યાં પ્રેમ ની ત્યા કંઈ નથી અમ્માજી તમે ક્યાં છો ? એમ વિચારી મંસારામ

રોવા લાગ્યો. માની યાદમાં તેના આંસુ વધુ આવવા લાગ્યા. ઘણીવાર માં-માં બોલ્યો પણે માં ઊભી-ઊભી સાંભળતી હોય, માતા ન હોવાનું દુઃખ આજે પહેલીવાર અનુભવ્યુ. રાતના દસ થયા આજે મુન્શીજી કોઈ દાવત પર ગયા હતા. બે વાર મૂંગી મંસારામને જમવા માટે બોલાવવા આવી ચુકી હતી તેણે ઘસીને ના પાડી છતાં નિર્મલાએ તેને ફરી મોકલી તો બોલી, તે મારાં કહેવાથી નહીં આવે.

નિર્મલા - ન કેમ આવે? ખાવાનું ઠંડુ થાય છે. થોડુ જમી લે.

મહરી - હું આ બધુ કહી થાકી ગઈ નથી આવતો.

નિર્મલા - તે કહ્યું કે હું બેઠી છું.

મૂંગી - ના વહુજી એ મેં નોતુ કીધુ ખોટુ કેમ બોલુ?

નિર્મલા - જા અને કહે કે, હું એની રાહ જોઈ રહી છું. અને ન આવે તો ઉચકીને લેતી આવ.

મૂંગી નાક મશકોડતી ગઈને તરત પાછી આવી બોલી - અરે વહુજી એ તો રડે છે. કોઈએ કંઈ કહ્યું છે?

નિર્મલા એ રીતે ચોંકી પડી અને બે-ત્રણ ડગલા આગળ વધી જાણે કોઈ માં એ તેના પુત્રના કુવામાં પડવાના સમાચાર સાંભળ્યા હોય. પછી સહમીને બોલી, રડે છે? તે પૂછ્યું કેમ રડે છે?

મૂંગી - ના વહુજી, મેં એ નથી પૂછ્યું, જુઠુ શા માટે બોલુ? તે રડી રહ્યો છો. માં યાદ આવી હશે. કેવી રીતે જઈને સમજાવું? ઈશ્વર તું કહે, હુ શું કરું? તે એમ માનતો હશે કે, મેં જ તેના પિતાજીને ફરીયાદ કરી હશે. પણ તેને કેવી

રીતે સમજાવું કે તેની વિરુદ્ધમાં મેં ક્યારેય કોઈ શબ્દ નથી વાપરયો.

નિર્મલા જોતી હતી મંસારામ દુબળો પડતો જતો હતો. તેનો ચહેરો નિસ્તેજ થતો જતો હતો. તેનું કારણ તેનાથી છુપું ન હતું. આ બધુ જોઈ તેના દિલમાં દુઃખ થતું હતું. પરંતુ તેની જબાન ખુલી શકતી ન હતી. ક્યારેક થતું કે મંસારામ નાની વાત પર ક્ષોભ કરે છે. આવારા કહેવાથી આવારા બની ગયો ? તેને મનમાં પ્રબળ ઇચ્છા થઈ કે જઈ તેને શાંત કરું, ખવડાવુ. આ બધાની જડ હું છું. આ ઘરમાં પહેલા શાંતી હતી. ભગવાન મને મોત કેમ નથી આપતો. બિચારો એકલો ભૂખ્યો છે. તેનો ખોરાક જ શું છે ? નિર્મલા ચાલી પતિની ઇચ્છા વિરુદ્ધ ચાલી. જે સંબંધમાં તેનો પુત્ર થતો હતોં તેને મનાવતા જતા તેનું હૃદય કાંપતુ હતું. તેણે પહેલા રુમ તરફ જોયં તે બરોબર સૂતી હતી. પછી બહારના રુમ તરફ ત્યાં પણ સન્નાટો હતો. મુન્શીજી હજુ આવ્યા ન હતા. આ બધુ જોઈ તે મંસારામ પાસે જઈ પહોંચી. રુમ ખુલ્લો હતો. મંસારામ એક પુસ્તક સામે રાખી મોં લટકાવી ટેબલ પર બેઠો હતો. માં ના શોકની સજીવ મૂર્તિ હોય. નિર્મલા તેને બોલાવવા માંગતી હતી પણ અવાજ ન નીકળ્યો. અચાનક મંસારામે મોં ઉપર કરી દિવાલ તરફ જોયું. નિર્મલાને અંધારામાં ઓળખી ન શક્યો. ચોંકીને બોલ્યો, કોણ ? નિર્મલા કાંપતા સ્વરે બોલી - હું છું જમવા કેમ નથી આવતો ? કેટલા વાગ્યા ? મંસારામે કહ્યું, ભૂખ નથી મને. નિર્મલા - ત્રણ વખત મૂંગી થી સાંભળી ચૂકી છું. નિર્મલા - મારુ કહેવું માની થોડુ ખાઈ લે. તુ નહીં ખાય તો હું પણ જઈને સૂઈ જઈશ. થોડુ ખાઈ લે. રાતભર મને ભૂખી મારવા ઇચ્છે છે ?

મંસારામ - વિચારવા લાગ્યો - હજુ જતી નથી, મારી રાહ જુએ છે. એને મા યાદ આવી. રિસાતો ત્યારે આ રીતે મનાવવા આવતી. તે ઈન્કાર ન કરી શક્યો. બોલ્યો - મારા કારણે તમને દુઃખ પહોંચ્યુ. ખબર હોત તોં ક્યારનો જમી લેત. નિર્મલા - ઘરમાં છુ તો સ્વાર્થી થોડી બની જાઉ ? એવામાં મુન્શીજીના ખાંસવાનો અવાજ આવ્યો. જોયું કે મંસારામના રુમ તરફ આવી રહ્યા છે નિર્મલાના ચહેરાનો રંગ ઉડી ગયો. તે દરવાજા પાસે બેસી ગઈ અને બોલવા લાગી જેને ન ખાવાનું હોય તે પહેલા કહી દે. મુન્શીજીએ નિર્મલાને જોઈ પૂછ્યુ અરે અહીં શું કરવા આવી છે ? ભાગ્ય પર રોઉ છું બસ બધી બરબાદીની જડ હું છું. કોઈ ત્યાં રિસાયું છે કે કોઈ અહીં કોને ક્યાં મનાવા જાઉ ? મુન્શીજી - વાત શું છે ? નિર્મલા - જમવા નથી આવતા બીજુ શું ? દસ વખત મહરીને મોકલી અંતે મારે આવવુ પડ્યું. આમને તો કહેવું છે, ભૂખ નથી મારે મરવાનું છે. કહેવાવાળા કહે છે, પિશાચીની કોઈને ખાવા આપતી નથી ?

મુન્શીજીએ મંસારામને કહ્યું - ખાઈ કેમ લેતો નથી ? ખબર છે કેટલા વાગ્યા?

મંસારામ ફરી અચરજમાં પડ્યો. થોડીવાર પગેલા મમતાની મૂર્તિમાં ફરી ઈર્ષ્યાની આગ ? તે બોલ્યો - ભૂખ નથી.

મુન્શીજી બગડ્યા - તો સાંજે કહેવાતું કેમ નથી ? તારા માટે કોઈ રાત ભર બેસી થોડુ રહે ? પહેલા તો તારી આવી રિસાવાની આદત ન હતી. જા જઈને ખાઈ લે.

મંસારામ - મને જરા પણ ભૂખ નથી. તોતારામ - સારુ ભૂખ લાગે ત્યારે ખાજે કહી રુમમાં ચાલ્યા ગયા. નિર્મલા પાછળ ગઈ.

મુન્શીજીએ પૂછ્યુ - ખાંઈ લીધુ ને?

નિર્મલા - શું કરું તોઈ માટે અન્ન જળ છોડી દઉં?

મુન્શીજી - ખબર નથી પડતી આને શું થઈ ગયું છે? દુબળો પડતો જાય છે અને રુમમાં જ પડ્યો રહે છે.

નિર્મલા કંઈ ન બોલી. વિચારવા લાગી. મારા બદલાવથી મંસારામ શું સમજવા લાગ્યો હશે? હું ય કેવી મુસીબતમાં ફસાઈ ગઈ. આ મહાશય ક્યાંથી વળી ટપકી પડ્યા? તેને કેવી રીતે સમજાવું? સવારે તે કામમાં લાગી તો

મૂંગીએ આવીને કહ્યું - મંસારામ બધો સામાન પેક કરે છે.

નિર્મલા - ક્યાં જાય છે?

મૂંગી - મેં પૂછ્યુ તો કહે હવે તો સ્કૂલમાં જ રહીશ. મંસારામ વહેલી સવારે પોતાની સ્કૂલના હેડમાસ્તર પાસે ગયો હતો અને તેના રહેવાનો પ્રબંધ કરી આવ્યો હતો. હેડમાસ્તરને હાર માનવી તેમને મંસારામ ફર્સ્ટ ક્લાસ લાવશે તેવી આશા હતી.

મુન્શીજી એ કહ્યું - ઉતાવળ શી છે? બે-ચાર દિવસ પછી જજે. હું ઇચ્છું છું કે તારા માટે સારા રસોઈયાની વ્યવસ્થા કરું.

મંસારામ - ત્યાં રસોઈયો ખૂબ સારી રસોઈ બનાવે છે.

મુંન્શીજીએ કહ્યું - તબીયતનું ધ્યાન રાખજે એવું ન બને કે ભણવા માટે થઈને તબીયત બગાડે.

મંસારામ - ત્યાં નવ વાગ્યા પછી કોઈ વાંચી શક્તુ નથી. બધાને નિયમ મુજબ રહેવું પડે છે.

મુન્શીજી - બિસ્તર કેમ અહીં છે ? સૂઈશ શેના પર ? ધાબળો લઈ જઉ છું

મંસારામ - બિસ્તરની જરુર નથી.

મુન્શીજી - બહાર તારો સામાન મુકે ત્યાં સુધી જઈને કંઈક ખાઈ લે. રાત્રે પણ ખાધુ નથી.

મંસારામ - ત્યાં જ ખાઈ લઈશ. રસોઈયાને જમવાનું બનાવવાનું કહીને આવ્યો છું અહીં ખાઈશ તો મોડુ થશે. ઘરમાં જિયારામ અને સિયારામ પણ ભાઈ સાથે જવાની જિદ કરી રહ્યા હતા. નિર્મલા એ લોકોને સમજાવી રહી હતી કે - બેટા ત્યાં નાના છોકરાઓ નથી રહેતાં બધુ કામ જાતે કરવું પડે છે. એકાએક રુક્મણીએ આવીને કહ્યું - તારું કઠણ કાળજુ છે મહારાણી, છોકરાએ રાતે કંઈ ન ખાધુ અને કંઈ ખાધા-પીધા વગર જઈ રહ્યો છે અને તું છોકરાઓ માટે વાત કરી રહી છે. અને તું જાણે છે. સમજી લે સ્કૂલ જતો નથી. વનવાસ લઈ રહ્યો છે. ફરી પાંછો નહીં આવે.

નિર્મલા - શું કરું દીદી ? એ કોઈની વાત માનતો નથી. તમેં જઈને લઈ આવો. તમારી વાત માનશે. રુક્મણી - થયું છે શું ? કે આમ ભાગીને જઈ રહ્યો છે, તારી ફરીયાદનું પરીણામ હશે. ઘરને માટીમાં મેળવી રાજ કરવા માંગે છે.

નિર્મલા રડતા બોલી - મેં એવું કાંઈ કીધુ નથી તમને હાથ જોડીને વિનંતી કરું છુ તેને જઈને બોલાવી લાવો. રુક્મણી ગુસ્સાથી બોલી - તું કેમ બોલાવી લાવતી નથી ? તું નાની થઈ જઈશ. તારો હોત તોશું આમ બેઠી રહેત. નિર્મલાની દશા કપરી બનતી જઈ રહી હતી. તે ન સહી શક્તી હતી ન બોલી શક્તી હતી.

એટલામાં બંને છોકરા અંદર આવી બોલ્યા - ભાઈ ચાલ્યા ગયા. નિર્મલા સ્તબ્ધ બની ઊભી રહી ગઈ, ચાલ્યો ગયો. ઘરમાં આવ્યો પણ નહીં. મને મળ્યો પણ નહી ? મારાથી આટલી નફરત ? હું એની કંઈ નહી પણ તેના ફોઈતો હતા ને ? તેમને તો મળવું હતું ને ? હું અહી હતીને, અંદર કેવીરીતે આવે ? હું જોઈ લઉને ! એટલા માટે ચાલ્યો ગયો.

: ૯ :

મંસારામના જવાથી ઘર સૂનું થઈ ગયું. બંને નાના છોકરા એ જ સ્કૂલમાં ભણતા હતા. નિર્મલા રોજ તેને મંસારામના હાલ પૂછતી .આશા હતી કે રજાના દિવસે આવશે. પરંતુ જયારે રજાનો દિવસ પસાર થઈ ગયો અને તે ન આવ્યો તો, નિર્મલાની તબીયત ગભરાવા લાગી. તેણે તેના માટે મગના લાડુ બનાવી રાખ્યા હતા. સોમવારે સવારે નોકરાણીને લાડુ આપીને મદરેસા મોકલી. નવ વાગ્યે નોકરાણી આવી. મંસારામે લાડુ જેમ ના તેમ મોકલી દીધા.

નિર્મલા એ પુછ્યુ - પહેલા કરતા સારા થયા છે ને ?

નોકરાણી - સારા તો નહીં પરંતુ વધારે સુકાઈ ગયા છે.

નિર્મલા - શું મન સારુ નથી ?

નોકરાણી - એવુ તો નથી પૂછ્યું વહુ જી. ખોટુ શું કામ બોલુ. ત્યાં નો નોકર દિયર થાય છે. કહેતો હતો કે તમારા બાબુજીનો ખોરાક જ નથી. બે ફુલકા ખાઈને ઉઠી જાય છે. પછી તો આખો દિવસ કંઈ જ ખાતા નથી. આખો દિવસ વાંચ્યા કરે છે.

નિર્મલા - તે પુછ્યુ નહીં લાડુ કેમ પાછા આપી રહ્યા છો ?

નોકરાણી - એતો નથી પુછ્યુ વહુજી ખોટુ શું કામ બોલુ. તેમણે કહ્યું આને લેતી જા. અહીંયા રાખવાનું કોઈ કામ નથી. તો હું લેતી આવી.

નિર્મલા - બીજુ કંઈ કહ્યું નહીં. પુછ્યુ નહી. કાલે કેમ ન આવ્યા. રજાતો હતી.

નોકરાણી - બહુજી ખોટુ કેમ બોલુ, એ તો પુછવાની તો મને ભાન જ ન રહ્યું. હાં એવુ કહેતા હતા કે હવે તું અહીંયા ક્યારેય કોઈ ચીજ ન લાવતી. અને તારી બહુજીને કહી દે જે કે મારા માટે ચિઠ્ઠિ-પત્ર ન મોકલે. છોકરા સાથે પણ મારી પાસે કોઈ સંદેશ ન મોકલે અને એક એવી વાત કહી કે જે મારા મોં માંથી નિકળી શક્તી નથી. પછી રડવા લાગી.

નિર્મલા - કઈ વાત હતી, કહે તો ?

નોકરાણી - શું કહું વહુજી, કહેતા હતા મારા જીવનને ધિક્કાર છે. એવુ કહીને રડવા લાગી. નિર્મલાના મોં માંથી ઠંડી આહ નીકળી ગઈ. એવું માલુમ થયુ, જાણે કલેજુ બસી ગયું છે. તેનું રોમ-રોમ આંર્તનાદથી રોવા લાગી. તે ત્યાં બેસી ન સકી, આવી ને પથારીમાં મોં ઢાંકીને સુતી રહી અને જોર-જોરથી રડવા લાગી. એ પણ જાણી ગયા. તેના અંતઃકરણમાં વારે-વારે એક જ અવાજ ગુંજવા લાગ્યો. - એ પણ જાણી ગયા. ભગવાન હવે શું થશે ? જે શંકાની આગમાં તે સળગી રહી હતી. હવે તો સો ગણા વેગથી ધબકવા લાગી. તેને પોતાની કોઈ ચિંતા ન હતી. જીવનમાં સુખની આશા શું હતી, જેની તેને લાલચ થાય ? તેણે પોતાના મનને એ વિચાર સમજાવ્યો કે આ મારા પૂર્વ કર્મોનું પ્રાયશ્ચિત છે. કોણ પ્રાણી આવો નિર્લજ્જ હશે. જે આ દિશામાં ઘણા દિવસ જીવી શકે ? કર્તવ્યની વેદી પર પોતાનું જીવન અને બધી ઇચ્છાઓ હોમી દીધી હતી. હૃદય રડતું હતું, પરંતુ મોં ઉપર હાસ્યનો રંગ ભરવો પડતો હતો. જેનુ મોં જોવાની ઇચ્છા થતી ન હતી, તેની સામે હસી હસીને રંગ ભરવુ પડતુ હતું. જેના શરીર નો સ્પર્શ તે સુર્યની શીતળ જેવો લાગતો હતો. તેનાથી આલંગિત થઈને તેને જેટલી ધૃણા જેટલી વેદના થતી હતી, તેને કોણ જાણી શકે છે ? એ સમયે તેને એ ઇચ્છા થતી હતી. કે આ ધરતી ફાટી જાય અને તેમાં સમાઈ જાય. પરંતુ બધી વિડંબણા અત્યાર સુધી પોતાના સુધી જ હતી. અને પોતાની જ ચિંતા કરવાની તેણે છોડી દીધી. પરંતુ આ સમસ્યા હવે ખૂબ જ ભયંકર થઈ ગઈ હતી. કેતે પોતાની આંખોથી મંસારામની આત્મપીડા જોઈ શકતી ન હતી. મંસારામ જેવો મનસ્વી સાહસી યુવક પર આ આક્ષેપની જે અસર પડી શક્તી હતી. તેની કલ્પનાથી જ તેના પ્રાણ કંપી ઉઠતા હતા. હવે ભલે તેના પર કેટલીય શંકા કેમ ન ઉઠે. તેને આત્મહત્યા ભલે કરવી પડે. પરંતુ તે ચુપ નહીં બેસી રહે. મંસારામની રક્ષા

કરવા માટે તે વિહ્વળ થઈ ઉઠી. તેણે સંકો અને લજ્જાની ચાદર ઉતારીને ફેંકી દેવાનો નિશ્ચય કર્યો

વકિલ સાહેબ ભોજન કરીને કચેરી જતા પહેલાં એક વખત તેને જરુર મળતા. તેમના આવવાનો સમય થઈ ગયો હતો. આવતા જ હશે, એવુ વિચારીને નિર્મલા દરવાજા પર ઊભી રહી ગઇ અને રાહ જોવા લાગી પરંતુ આ શું? તે તો બહાર ચાલ્યા જઈ રહ્યા હતા. ગાડી જોડાઈને આવી ગઈ. આ હુકમને ત્યાંથી જ આપ્યા કરતા હતા. તો શું તે આજે નહીં આવે. બહાર-બહારથી જ ચાલ્યા જશે. ના એવુ ન થઈ શકે. તેણે મુંગીને કહ્યું - જા બાબુજીને બોલાવી લાવ. કહે કે એક જરુરી કામ છે. સાંભળી લેજો.

મુન્શીજી જવા માટે તૈયાર જ હતા. તે આદેશ સાંભળીને અંદર આવ્યા. પરંતુ ઓરડામાં ન આવતા દુરથી જ પૂછ્યુ - શું વાચ છે, ભાઈ જલ્દી કહી દો મારે જરુરી કામથી જવું છે. હમણા થોડિવાર પહેલા જ, હેડમાસ્તરનો એક પત્ર આવ્યો છે કે મંસારામને તાવ આવી ગયો છે, વધારે સારુ એ રહેશે કે તમે ઘરે તેની સારવાર કરો તેથી એ તરફ થઈને જ કચેરી જઈશ. તારો કોઈ ખાસ વાત કહેવાની છે.

નિર્મલા ઉપર જાણે વજ્ર તુટી પડ્યુ. આંસુઓ ના આવેગ અને અવાજમાં સંગ્રામ થવા લાગ્યો. બંને પહેલા નીકળવા માટે તત્પર હતા. બંને માંથી કોઈ પાછળ હટવા માગતુ ન હતું. અવાજ ની દુર્બળતા અને આંસુઓની સબળતા જોઈને એ નિશ્ચય કરવો મુશ્કેલ હતો કે એક ક્ષણ જ આ સંગ્રામ ચાલતો રહેશે, તો મેદાન કોના હાથમાં રહેશે. છેવટે બંને સાથે-સાથે નિકળ્યા, પરંતુ બહાર આવતા જ બળવાને નિર્બળ ને દબાવવુ કઠિન હતું. માત્ર એટલુ જ મા માંથી નિકળ્યું. કોઈ ખાસ વાત ન હતી! આજ તમે એ તરફ જઈ રહ્યા છો. મુન્શીજી - મેં છોકરાવ ને પૂછ્યું હતું. તો કહેતા હતા, કાલે બેસીને વાંચી રહ્યા હતા. આજે ન જાણે શું થઈ ગયું. નિર્મલાએ કાંપતા અવાજે કહ્યું - આ બધુ તમે જ કરી રહ્યા છો.

મુન્શીજી એ તેવર બદલી ને કહ્યુ - હું કરી રહ્યો છું! શું કરી રહ્યો છું હું.

નિર્મલા - તમારા દિલને પુછો.

મુન્શીજી - મેં તો એ જ વિચાર્યું હતું કે તેનો ભણવામાં જીવ નથી લાગતો, ત્યાં છોકરાઓની સાથે-સાથે ભણશે જ. આ તો કોઈ ખરાબ વાત ન હતી. અને મેં શું કર્યુ?

નિર્મલા - ઘણુ વિચારો, શા માટે તમે તેને ત્યાં મોકલ્યો હતો. તમારા મનમાં કોઈ વાત ન હતી.

મુન્શીજી ખચકાયા અને પોતાની દુર્બળતા છુપાવવા હસવાની ચેષ્ટા કરી બોલ્યા - બીજા કોઈ વાત બની શકે ? તું જ વિચાર ભલા ?

નિર્મલા - ખેર એજ સાચું. હવે તમે કૃપા કરીને તેને આજે અહીં લેતા આવજો. ત્યાં રહીને તેની બીમારી વધી જવાની ભય છે. અહીંયા દીદીજી દેખરેખ કરી શકે છે. બીજુ ન કરી શકે. એક ક્ષણ પછી માથુ નીચુ કરી કહ્યું - મારા કારણે ન લાવવા ઈચ્છતા હો તો મને ઘરે મોકલી દો, હું ત્યાં આરામથી રહીશ.

મુન્શીજીએ તેનો જવાબ આપ્યો નહીં. બહાર ચાલ્યા ગયા. એક ક્ષણમાં ગાડી સ્કૂલ તરફ ચાલી.

મના તારી ગતિ કેટલી વિચિત્ર છે, કેટલી રહસ્યથી ભરેલી દવિધા. તુ કેટલા જલદી રંગ બદલી શકે છે. આ કલામાં તુ નિપુણ છે. ફટાકડાની ચરખીને પણ રંગ બદલતા થોડીવાર લાગે છે, પરંતુ તને રંગ બદલતા તેનો અક્ષાંશ સમય પણ નથી લાગતો. જયાં હજી વાત્સલ્ય હતું, ત્યાં ફરી શંકાએ આસન જમાવી દીધું. તે વિચારતા હતા - ક્યાંય તેણે બહાનું તો નથી કર્યું.

: ૧૦ :

મંસારામ બે દિવસ ઉંડી ચિંતામાં ડુબેલો રહ્યો. વારે-વારે પોતાની માં યાદ આવતી રહી ન ખાવાનું સારુ લાગતુ, ન ભણવામાં મન લાગતુ. તેની તો જાણે કાયા પલટ થઈ ગઈ. દિવસો પસાર થઈ ગયા અને છાત્રાલયમાં રહેવા છતા પણ તેણે તે કામ ન કર્યુ, જે સ્કૂલના માસ્તરોએ ઘરેથી કરી લાવવાનું કહ્યું. પરિણામે તેને બેંચ ઉપર ઉભુ રહેવુ પડ્યુ. જે વાત ક્યારેય બનીન હતી. તે આજે બની ગઈ. આ અસહ્ય અપમાન પણ તેને સહવુ પડ્યું.

ત્રીજા દિવસે તે આ જ ચિંતાઓમાં મગ્ન થઈ પોતાના મનને સમજાવતો રહ્યો - શું સંસારમાં મારા એકલાનીજ માતા મરી છે ? સાવકી માતાઓ બધી આ પ્રકારની જ હોય છે. મારી સાથે કોઈ નવી વાત નથી બની રહી. હવે મારે

પુરુષોની જેમ બે ગણી મહેનત થી પોતાનું કામ કરવુ જોઈએ. માતા-પિતા જેનાથી રાજી રહે, તેમને રાજી રાખવા જોઈએ. આ વર્ષે જો છાત્રવૃતિ મળી ગઈ તો મારે ઘરેથી કંઈ જ લેવાની જરુરિયાત જ નહીં રહે કેટલાય છોકરા પોતાના બળ પર મોટી-મોટી ઉપાધિઓ મેળવી લે છે. વિઘ્નો ઉપર વિજય મેળવવાનો અવસર જોઈને કામ કરવું એ જ મનુષ્યોનું કર્તવ્ય છે. ભાગ્યના નામે રોવા-કોસનાથી શું થશે.

એટલામાં જીયારામ આવીને ઉભો રહ્યો. મંસારામને પૂછ્યું - ઘરના શું હાલ છે. જિયા ? નવી માં તો ખુશ હશે ?

જિયા - તેના મનની હાલતતો જાણતો નથી પરંતુ જ્યારથી તું આવ્યો છે. તેમણે એક ટાઇમ પણ સરખું ખાધું નથી. જ્યારે જુઓ ત્યારે વિના કારણ હસવા લાગે છે. તમે તો ચાલ્યા આવ્યા, તો મેં પણ સાંજે મારી ચોપડીઓ સંભાળી. અહીં તમારી સાથે રહેવા ઇચ્છતો હતો. નોકરાણી ચુડેલે જઈને માંને કહી દીધું બાબુજી બેઠેલા હતા તેમની સામે જ માં એ આવીને મારી ચોપડીઓ ઝુંટવી લીધી અને રડીને બોલી - તું પણ ચાલ્યો જઈશ, તો ઘરમાં કોણ રહેશે ? જો મારા કારણે ઘર છોડીને ભાગી રહ્યા હો તો હું જ ક્યાંક ચાલી જઉ છું. હું તો ખીજાયેલો હતો જ, ત્યારે ત્યાં બાબુજી પણ ન હતા. બગડીને બોલ્યો - તમે શા માટે ક્યાંક ચાલ્યા જશો ? તમારુ તો ઘર છે, તમે આરામ થી રહો. પરાયા તો અમે લોકો છીએ. અમે નહી રહીએ તો તમને તો આરામ જ આરામ રહેશે.

મંસારામ - તે સારુ કહ્યું, ખૂબ સારુ કહ્યું ! આનાથી તે વધારે ગુસ્સે થઈ હશે અને જઈને બાબુજીને ફરિયાદ કરી હશે.

જિયારામ - ના, આવુ કશું ન થયું. બિચારી જમીન પર બેસીને રડવા લાગી. મને પણ દયા આવી ગઈ. હું પણ રડી પડ્યો. તેમણે પાલવથી મારા આંસુ લુછ્યા અને બોલી - જિયા ! હું ઈશ્વરની સાક્ષી આપીને કહુ છું કે મેં તારા ભાઈના વિશા તારા બાબુજીને એક પણ શબ્દ કહ્યો નથી. મારા ભાગ્યમાં કલંક

જ લખ્યુ છે. એ જ ભોગવી રહી છું. પછી બીજુ ન જાણે શું શુ કહ્યું, જે મારી સમજણામાં ન આવ્યુ. કંઈક બાબુજીની વાત કહી.

મંસારામે ઉદ્વિગ્નતાથી પુછ્યુ - બાબુજી વિશે શું કહ્યું, કંઈ યાદ છે?

જિયારામ - વાતો તો ભાઈ મને યાદ આવતી નથી. મારી મેમોરી ક્યાં વધારે તેજ છ; પરંતુ તેમની વાતોનો કંઈક એવો મતલબ માલુમ થતો હતો કે તેમને બાબુજીને પ્રસન્ન કરવા માટે આ સ્વાંગ ભરવો પડે છે. ન જાણે ધર્મ-અધર્મની કેવી વાતો કરતી હતી. જે હું બિલકુલ ન સમજી શક્યો. મને તો હવે વિશ્વાસ આવી ગયો છે. તેમની ઈચ્છા તમને અહીંયા મોકલવાની ન હતી.

મંસારામ - તુ આ ચાલોનો મતલબ સમજી શકતો નથી. આ ઘણી ઉંડી ચાલો છે.

જિયારામ - તારી સમજમાં હશે, મારા સમજમાં નથી.

મંસારામ - જ્યારે તુ જ્યોમેટ્રી નથી સમજી શકતો, તો તેની વાતોને શું સમજી શકીશ આ રાત્રે જયારે મને ખાવાનું ખાવા બોલાવવા આવી હતી અને તેમના આગ્રહ પર હું આવવા તૈયાર થઈ ગયો હતો તે સમયે બાબુજીને જોતાજ તેનું વર્તન બદલાઈ ગયું; તે શું હું ક્યારેય ભૂલી શકુ છું.

જિયારામ - એ જ વાત મારી સમજમા નથી આવતી. હજી કાલે જ હું અહીંથી ગયો તો તમારા [illegible] પુછવા લાગી મેં કહ્યું - તે કહેતા હતા કે હવે ક્યારેય આ ઘરમાં પગ નહીં [illegible]. મેં તો [illegible] કહ્યુ ન હતું તમે જ મને કહ્યું હતું. [illegible] સાંભળતા જ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. મારા મનમાં ખૂબ જ [illegible] મેં ક્યા આ વાત કહી [illegible] વારે-વાર એ જ કહેતી હતી કે, શું [illegible] મારાથી [illegible] નારાજ છે. ચાલ્યા ગયા અને મને [illegible] પણ આવ્યા નહી [illegible], હું શું [illegible] બાબુજી આવી ગયા. બસ, તરત [illegible] આંસુ [illegible] તેમની પાસે [illegible]. આ વાત મારી સમજમા નથી આવતી

આજે મને ખૂબ વિનંતી કરી કે તમને સાથે લેતો જઉ. આજે હું તમને ખેંચીને લઈ જઈશ. બે દિવસમાં તે કેટલી થઈ ગઈ છે, એ જોઈને તને તેમના પર દયા આવશે. આવશો ને?

મંસારામે કઈ જવાબ ન આપ્યો. તેના પગ ધ્રુજી રહ્યા હતા. જિયારામ તે હાજરીનો ઘંટ સાંભળીને ભાગ્યો, પરંતુ તે બેન્ચ પર સુઈ ગયો અને એટલો લાંબો શ્વાસ લીધો, જાણે ઘણા સમયથી શ્વાસ ન લીધો હોય, તેમના મુખ પર ખૂબ જ વેદનામાં ડુબેલા શબ્દો નિકળ્યા - હાય ઈશ્વર તેના નામ સિવાય પોતાનું જીવન નિરાધાર લાગે છે. તે આ એક ઉચ્છશ્વાસમાં કેટલી નિરાશા, કેટલી સંવેદના કેટલી કરુણતા, તેની દિનતા - પ્રાર્થના ભરેલી હતી, તેનું કોણ અનુમાન કરી શકે છે. હવે બધુ રહસ્ય મારી સમજમાં આવી રહ્યું હતું. અને બરાબર તેનું પીડિત હૃદય આંતરનાદ કરી રહ્યું હતું. હાય ઈશ્વર ! આટલુ ઘોર કલંક ! શું જીવનમાં આનાથી મોટી વિપદાની કલ્પના પણ કરી શકાય છે? શું સંસારમાં આનાથી ઘોર નીચતાની કલ્પના કરી શકાય છે. ! આજ સુધી કોઈ પિતાએ પોતાના પુત્ર પર આટલુ નિર્દય કલંક પણ નહી લગાવ્યુ હોયજેના ચરિત્રની બધા પ્રશંસા કરતા હતા, જે અન્ય યુવકો માટે આદર્શ સમજાતો હતો, જેણે અપવિત્ર વિચારો પોતાની પાસે ફટકવા દીધા નથી. તેના પર આ ઘોર કલંક મંસારામને એવુ લાગ્યુ કે જાણે તેનું દિલ ફાટી જઈ રહ્યું છે.

બીજી ઘંટી વાગી ગઈ. છોકરાઓ પોત-પોતાના ઓરડમાં ગયા. મંસારામ હથેળી પર ગાલ રાખી અનિમેષ આંખોથી જમીન તરફ જોઈ રહ્યો હતો. જાણે તેનું સર્વસ્વ જળમગ્ન થઈ ગયું હોય, જામે તે કોઈને મોં ન દેખાડી સકતો હોય. સ્કૂલમાં ગેરહાજરી થઈ જશે, દંડ થશે તેની જાણે ચિંતા નથી. જયારે તેનું બધુ જ લુંટાઈ ગયું. તો હવે આવી નાની-નાની વાતોથી શું ડરવાનું ? આટલુ મોટુ કલંક લાગવા છતા હું જીવીત છું તો મારા માટે જીવન ધિક્કાર છે.

તે શોકાતુરની દશામાં ચિલ્લાઈ પડ્યો - માતાજી ! તું ક્યા છો ? તારો બેટા, જેના પર તું પ્રાણ દેતી હતી. જને તું જીંવનનો આધાર સમજતી હતી આજે ઘોર સંકટમાં છે. તેના પિતા તેની ગરદન પર છરી ફેરવી રહ્યા છે, હાય તુ ક્યાં છો ? મંસારામ ફરી શાંત ચિત્તે વિચારવા લાગ્યો - મારા પર આ સંદેહ કેમ થઈ રહ્યો છે ? તેનું કારણ શું છે ? મારાથી એવી કઈ વાત તેમણે જોઈ, જેનાથી તેમને આ સંદેહ થયો ! તે અમારા પિતા છે, મારી સાથે દુશ્મની થઈ જાય આ વાત અકારણ ન થઈ શકે.

સારુ, આ સંદહનું બીજારોપણ કયા દિવસે થયુ ? મને બોડિંગ હાઉસમાં રોકાવાની વાત તો પાછળની છે. એ દિવસે રાત્રે, તે મારા ઓરડમાં આવી મારી પરિક્ષા લેવા લાગ્યા હતા, એ દિવસે જ તેમના તેવર બદલાયેલા હતા. એ દિવસે કઈ વાત થઈ જે તેમને અપ્રિય લાગી હોય ? હું નવી માં પાસેથી કંઈક ખાવાનું માંગવા ગયો હતો. બાબુજી ત્યાં બેઠેલા હતા. હાં, યાદ આવે છે. એજ દિવસે તેમનો તહેરો તમતમી ગયો હતો. એજ દિવસથી નવી માં એ મારી સાથે ભણવાનું છોડી દીધું. જો હું જાણતો હોત કે મારુ ઘરમાં જવુ-આવવ, માં ને કંઈક કહેવુ - સાંભળવુ અને તેમને ભણાવવુ - લખાવવુ પિતાજીને ખરાબ લાગે છે તો આજે આ નોબત આવત ? અને નવીમાં ! અને પરતો શું વીતી રહ્યું હશે.

મંસારામે અત્યાર સુધી નિર્મલાની તરફ ધ્યાન આપ્યુ ન હતું. નિર્મલાનું ધ્યાનમાં આવતા જ તેના રુવાંડા ઉભા થઈ ગયા. તેમનુ સરળ સ્નેહભર્યુ હૃદય આ આઘાત કેવી રીતે સહન કરી શકશે ! હું કેટલો ભ્રમમાં હતો. હું તેના સ્નેહને કપટ સમજતો હતો. મને શું ખબર હતી કે તેમને પિતાજીનો ભ્રમ શાંત કરવા માટે મારા પ્રત્યે કડવો વ્યવહાર કરવો પડે છે ? આહ ! મેં તેમના પર કેટલો અન્યાય કર્યો છે. તેમની દશા તો મારાથી પણ ખરાબ થઈ રહી હશે. હું તો અહીંયા ચાલ્યો આવ્યો પરંતુ તે ક્યાં જશે ? જિયા કહેતો હતો, બે દિવસથી

તેમણે પણ ભોજન કર્યું નથી. આખો દિવસ રડ્યા કરે છે. કેવી રીતે જઈને સમજાવુ? આ અભાગિયાની પાછળ શા માટે પોતાના માથે આ મુશ્કેલી લે છે? તે શા માટે વારે-વારે મારા ખબર પુછે છે? શા માટે વારે-વારે મને રોવડાવે છે? કેવીરીતે કહું માતા મારે તમારાથી કોઈ ફરિયાદ નથી. મારુ મન તમારા તરફ સાફ છે.

તે અત્યારે પણ બેસીનિે રડી રહી હશે. કેટલો મોટો અનર્થ છે? બાબુજીને આ શું થઈ ગયું? શું આટલા માટે લગ્ન કર્યા હતા? એક બાળકીની હત્યા કરવા માટે અહી લાવ્યા હતા? આ કોમળ ફુલને મસળવા માટે જ માટે જ તોડ્યુ હતું?

તેનો છુટકારો કેવીરીતે થશે? એ નિરાપરાધીનું મુખ કેવી રીતે ઉજ્જવળ થશે? તેમને માત્ર મારા સાથ સ્નેહનો વ્યવહાર કરવા માટે આ સજા કરવામાં આવી રહી છે. તેની સજ્જનતાનો આ કેવો ઉપહાર મળી રહ્યો છે. હું તેમને આ રીતે નિર્દય આઘાત સહન કરતા જોઈ બેસી રહું? પોતાની માનરક્ષા માટે નહી, તેમની આત્મરક્ષા માટે આ પ્રાણોનું બલિદાન કરવુ પડશે. એ સિવાય ઉદ્ધારનો કોઈ ઉપાય નથી. આહ! મનમાં કેવા-કાવા અરમાન હતા. તે બધા માટીમાં ભેળવી દેવા પડશે. એક સતી પર સંદેહ કરવામાં આવી રહ્યો છે. મારા કારણે? મારે પોતાનાથી તેમની રક્ષા કરવી પડશે, એ મારુ કર્તવ્ય છે. એમાં જ સાચી વીરતા છે. માતા, હું મારા લોહીથી આ કાળાશ ને ધોઈ નાખીશ. એમાં તારુ અને મારુ બંનેનું કલ્યાણ છે.

તે આખો દિવસ એ જ વિચારોમાં ડુબેલો રહ્યો. સાંજે બંને ભાઈ આવીને તેને ઘરે આવવા માટે આગ્રહ કરવા લાગ્યા.

સિયારામ - આવતા કેમ નથી? મારા ભાઈ ચાલ, ચાલ ને!

મંસારામ - મને સમય નથી કે તમારા કહેવાથી નીકળી પડું.

જિયા - છેલ્લે કાલે તો રવિવાર છે જ?

મંસારામ - રવિવારે પણ કામ છે.

જિયારામ - સારુ કાલે આવશોને ?

મંસારામ - ના કાલે મારે એક મેંચમાં જવાનું છે.

જિયારામ - માં મગના લાડુ બનાવી રહી છે. ન આવો તો એકપણ નહીં મળે. આપણે મળીને ખાઈ જઈશુ સિયા, એમને નહીં આપીએ.

જિયારામ - ભાઈ, જો તું કાલે નહી આવ તો, કદાચ માં અહીંયા ચાલી આવશે.

મંસારામ - સાચે જ ? એવુ શા માટે કરે, અહીંયા આવશે તો ઘણી પરેશાન થશે. તું કહી દેજે તે ક્યાંય મેચ જોવા ગયા છે.

જિયારામ - હું શા માટે ખોટુ બોલુ ? કહી દઈશ. તે મોં ફુલાવીને બેઠા હતા. જોઈ લેજો, તેમને સાથે લાઉ છું કે નહીં.

સિયારામ - અમે કહી દઈશુ કે આજે ભણવા નથી ગયા પડ્યા પડ્યા સુતા રહેશું.

મંસારામે આ દુતોને કાલા આવવનો વાયદો કરીને પીછો છોડાવ્યો. જ્યારે બંને ચાલ્યા ગયા તો ફરી ચીંતામાં ડૂબી ગાય. રાતભર પડખા ફેરવી વીતાવી. રજાનો દિવસ પણ બેઠા બેઠા પસાર થઈ ગયો. એને દિવસભર શંકા થતી રહી કે ક્યાંક અમ્માજી સાચે જ પાછા આવી ન જાય. કોઈ ગાડીનો અવાજ સાંભળતો તો તેનું હૃદય ધડકવા લાગતું. ક્યાંક આવી તો નથી ગયાને. છાત્રાલયમાં એક નાનુ દવાખાનુ હતું. એક ડૉક્ટર સાંજના સમયે એક કલાક માટે આવતા હતા. જો કોઈ છોકરો બીમાર હોય તો તેને દવા આપતા. આજે તે આવ્યા તે મંસા કંઈક વિચારતા તેમની પાસે જઈ પહોંચ્યો. તે મંસારામને સારી રીતે ઓળખતા હતા. તેને જોઈ તેઓ બોલ્યા. આતે શું હાલત બનાવી છે ? તું તો દુબળો પડતો જાય છે બજારનો ચસ્કો [illegible] થી લાગી ગયો ને ? તને થયું છે શુ ? જરા અહીં આવતો. મંસારામ [illegible] નમારો

પાસે એની કોઈ દવા છે? ડૉક્ટર, હું તારી પરીક્ષા કરવા માંગુ છું. તારો ચહેરો જ બદલાઈ ગયો છે, જોવાનું મન નથી કરતું. આમ કહી તેમણે મંસારામનો હાથ પકડી લીધો. છાતી, પીઠ, આંખ, જીભ બધુ, તપાસ્યું ત્યારે ચિંતા સાથે બોલ્યા, વકીલ સાહેબને આજે જ મળીશ અને તને થાઈરોઈડ થઈ રહ્યો છે. બધા લક્ષણ એના છે. મંસારામે પૂછ્યુ - કેટલા દિવસોમાં કામ પુરુ થઈ જશે ડૉક્ટર? ડૉક્ટર - કેવી વાત કરે છે? હું વકીલ સાહેબને મળી તને કોઈ પહાડી જગમાં મોકલવાની સલાહ આપીશ. ઈશ્વરે ઇચ્છયુ તો તું સારો થઈ જઈશ. બીમારી પહેલા સ્ટેજમાં છે. મંસારામ - ત્યારે તો હજુ એક-બે વર્ષની વાર લાગે છે. હું રાહ જોઈ શકુ તેમ નથી. સાંભળો મને થાઈરોઈડ વાયસિસ કંઈ નથી, ન બીજી કોઈ ફરીયાદ નથી. પિતાજીને નાહક તકૅલીફ ન આપશો. અત્યારે મને માથુ દુઃખે છે કોઈ દવા આપો. કોઈ એવી દવા જે લેવાથી રાત્રે ઉંઘ આવે. રાત્રે ઉંઘ પણ નથી આવતી. ડૉક્ટરે એક શીશીમાંથી થોડી દવા કાઢી મંસારામ ને આપી. મંસારામે પૂછ્યુ - આ તો કોઈ ઝહેર છે. કોઈ આ પીલે તો મરી જાય.

ડૉક્ટર - ના મરી તો નહીં જાય પણ માથામાં ચક્કર જરુર આવી જાય.

મંસારામ - કોઈ આમા એવી દવા છે કે જેને પીવાથી જીવ નીકળી જાય?

ડૉક્ટર - એક-બે નહી ઘણી દવા છે. આ બોટલની એક બુંદ પણ પેટમાં જાય તો જીવ જતો રહે.

મંસારામ - ડૉક્ટર સાહેબ જે લોકો ઝેર ખાઈ લેતા હોય છે તેમને ખૂબ તકલીફ થતી હશે?

ડૉક્ટર - બધા ઝેરથી તકલીફ થતી નથી. ઘણાં એવા હોય છે જે પીવાથી જ માનવી ઠંડો પડી જાય છે અને પછી તેને હોંશ આવતો નથી.

મંસારામે વિચાર્યું, ત્યારે જીવ છોડવો ખૂબ સરળ છે. લોકો આટલા ડરતા કેમ હશે? આ બોટલ કેવી રીતે મળશે? જો દવાનું નામ પૂછી શહેરના કોઈ

દુકાનદાર પાસે માંગુ તો ક્યારેય નહીં આપે. એને મેળવવું અઘરુ નથી તેનાથી જીવ નીકળે છે. મંસારામ એટલો ખુશ થયો જાણે તેને કોઈ ઈનામ મેળવી લીધુ હોય. એના દિલ પરથી બોજ હળવો થઈ ગયો. ચિંતાના વાદળો દુર થઈ ગયા. મહીના પછી આજે તેણે સ્ફુર્તિનો અનુભવ કર્યો. ઘણાં છોકરાઓ સિનેમા જોવા જઈ રહ્યા હતા. નિરીક્ષકની રજા માંગી લીધી હતી. મંસારામ પણ ગયો. તેના જેવો સુખી જીવ દુનીયામાં કોઈ નથી. સિનેમા જોઈ તે હસતા-હસતા થાકી ગયો. વારંવાર તાળીઓ અને વન્સમોર કરવામાં પણ તે પહેલો હતો. પ્રેક્ષકો વારંવાર તેના તરફ જોતા હતા. મીત્રો પણ તેની સામે કુતુહલતાથી જોતા હતા કે આ છે કોણ ? રાત્રે બે વાગે પણ તેનું હાસ્ય ઓછુ ન થયું. એક છોકરાનો પલંગ પણ ઉંધો કરી દીધો અને બાકીનાને બહાર રાખી દીધા. તેમને દરવાજો ખખડાવતા જોઈ હસતો હતો. છાત્રાલયના અધ્યક્ષ આ વાતથી જાગી ગયા. તેમણે મંસારામની હરકતો પર દુઃખ વ્યક્ત કર્યું કોણ જાણતું હતું કે, તેના દિલમાં કેટલી આગ લાગી છે. આ કરુણ વિલાપ હતો. જ્યારે બધા છોકરા સૂઈ ગયા ત્યારે પણ તેને જરા ઉંઘ ન આવી. એકક્ષણ પછી તે ઉઠ્યો અને બધા પુસ્તકો બેગમાં મૂકી દીધા. જ્યારે મરવાનું જ છે તો વાંચીને શું કરવાનું ? આ જીવનમાં આટલી તકલીફો, આટલી યાતનાઓ છે તેના કરતા મોત સારું.

આમ વિચારતા વિચારતા પરોઢ થઈ ગયું. ત્રણ રાતથી તે સૂતો નહતો. અત્યારે તે ઉઠ્યો તો પગ ધ્રુજતા હતા. ચક્કર આવતા હતા. આંખોમાં બળતરા થતી હતી અને આખુ શરીર શિથીલ થતું લાગતું હતું. દિવસ ચઢતો જતો હતો અને તેનામાં એટલી તાકાત પણ નહતી કે તે ઉઠીને હાથ-મોં ધોઈ લે. એટલામાં તેણે મૂંગીને રુમાલમાં કહારને કંઈક લાવતો જોયો. હે ભગવાન ! આ ક્યાથી ? મૂંગી એકલી નહીં આવી હોય. બહાર બગી હશે. તેનાથી ઉભા પણ થવાતુ ન હતું છતાં દોડીને ગયો પૂછ્યુ, અમ્માજી પણ આવી છે ? જ્યારે ખબર પડી કે અમ્માજી આવી નથી ત્યારે મગજ શાંત થયું.

મૂંગી - તેણે કહ્યું છે કે, મારા કારણે તેણે ઘર છોડ્યું છે. આ મિઠાઈ મોકલાવી છે શું અહીં મુકુ?

મંસારામ - થાળી તારા માથા પર પછાડ ચૂડેલ! અહીંથી ચાલી જા મિઠાઈ લઈને. ખબરદાર જો ફરી પાછી ક્યારેય આવી છે તો. જઈને કહે કે, તારુ ઘર છે. રહેજે આરામથી, કહેજે ખૂબ ખાય છે અને મોજથી રહે છે. બાબુજીની હાજરીમાં કહેજે. સમજી ગઈ? મને કોઈનો ડર નથી. જે કરવું હોય એ કરે, જેથી દિલના કોઈ અરમાન બાકી ન રહી જાય.

મૂંગી - ભાઈ મિઠાઈ રાખી લો, નહીંતર રોઈ-રોઈ મરી જશે.

મંસારામ - મરે! મને કયું સુખ આપ્યું છે? મારો તો સર્વનાશ કરી નાખ્યો છે. મારે કોઈ જરુર નથી કહી દેજે.

મૂંગી - ભાઈ તમે કહો છો ખૂબ ખાવ છો, મોજ કરો છો પણ તમે તો હતા તે કરતા પણ વધુ દુબળા પડી ગયા છો.

મંસારામ - એ તારો ભ્રમ છે મોજે બા-ચાર દિવસમાં જાડો થઈ જઈશ. અને કહેદો રડવાનુ બંધ કરે અને ચેનથી રહે. આવા નાટકો હું બહુ જોઈ ચુક્યો છું.

મૂંગી ચાલી ગઈ. મંસારામ માટે આ અસાધ્ય હતું. શું નિર્મલા આ આઘાત સહન કરી શકશે તે વિચારવા લાગ્યો. તેને મરતાં અગાઉ બીજાના પણ વિચાર આવ્યા લગ્યા. તેણે વિચાર્યુ મારા પછી તે એકલી શું કરશે? ક્યાંક મારી પાછળ તે પણ જીવન ટુંકાવી ન દે. મંસારામને ઠંડી લાગતા કામળો ઓઢી પલંગ ઉપર સૂઈ ગયો થોડીવારમાં તેને તાવ ચઢ્યો. તે બેભાન થઈ ગયો. અચાનક વકીલ સાહેબનો અવાજ સાંભળી તે ચોંકી ઉઠ્યો. હા એ વકીલ સાહેબનો અવાજ હતો. તો ઉભો થઈ ગયો, તેમણે પૂછ્યુ, તબીયત કેવી છે? ઉભો કેમ થઈ ગયો? મંસારામ - તબીયત તો સારી છે. તમે નાહકના અહીં આવ્યા. મુન્શીજીએ કોઈ જવાબ ન આપ્યો. પુત્રની હાલત જોઈ તેમની આંખોમાં

આસુ આવી ગયા. તેમણે તેને પલંગ ઉપર ધીમેથી સૂવડાવી દઈ વિચારવા લાગ્યા. શું કરવું જોઈએ ? આમ તો છોકરો હાથમાંથી નીકળી જશે. આમ વિચારી રડવા લાગ્યા. મંસારામ પણ કામળો ઓઢી મોં છુપાવી રડી રહ્યો હતો, એટલામાં અધ્યક્ષ આવ્યા બોલ્યા, મારુ માનો તો તમે તેને સાથે લેતા જાવ.

મુન્શી - હાં હું પણ એ જ વિચારતો હતો.

અધ્યક્ષ - કોઈ બીમાર છોકરાનો અહીં રાખવો એ નિયમ વિરુદ્ધ છે.

હવે શું ? ઘરે લઈ જવો પડશે. અહીં રાખવાનું બહાનું હતું. અહીં રાખવાથી બીમારી વધી જશે. હૉસ્પિટલ લઈ જાઉ તો લોકો કહેશે કે, ડૉક્ટરની ફી બચાવવા હૉસ્પિટલમાં ફેકી આવ્યા. મુન્શીજીએ વિવશ થઈને બે સેવકોને બોલાવ્યા.

મંસારામ - કોણ છે ? શું છે ?

મુન્શીજી - કોઈ નહીં બેટા, તને ઘરે લઈ જવા માંગુ છું. આવ તને તેડી લઉં.

મંસારામ - મને શા માટે ઘરે લઈ જવા માંગો છો ? મારે ત્યાં નથી જવું.

મુન્શીજી - તું અહીં ન રહી શકે નિયમ એવો છે.

મંસારામ - કંઈપણ થાય, મને બીજે કંઈ પણ લઈ જાવ પણ ઘરે ન લઈ જાવ.

અધ્યક્ષ - તમે એની વાંતમાં ન આવો, એને તો હોશ પણ નથી.

મંસારામ - કોણ હોશમાં નથી. મન અહીં પડી રહેવા દો. જો એમ હોય તો મને હૉસ્પિટલ લઈ જાવ. હું ત્યાં પડ્યો રહીશ પણ ઘરે નહીં. અંતે મુન્શીજીએ કહ્યું - બેટા જીદ ના કર. તને ઘરે બધો આરામ મળશે. મુન્શીજી મંસારામને હૉસ્પિટલમાં રાખવા કોઈ બહાનું શોધી રહ્યા હતા. મુન્શીજીનો તેમાં કોઈ દોષ ન હતો.

મંસારામ - ના તેના ઘરના બધાને કહી દો મને જોવા ન આવે, હું બીમાર નથી. તે ફરી ઉભો થયો પણ તે ચક્કર ખાવા લાગ્યો. મુન્શીજી એ પકડ્યો ન

હોત તો પડી જાત અને વાગત પણ નોકરોની મદદથી ઉપાડી તેને બગીમાં બેસાડી દીધો. બગી હૉસ્પિટલ તરફ આગળ વધી જ્યાં મુન્શીજી ઇચ્છતા હતા. પણ તેમને દુઃખ થયું દીકરાને તે ઘરના બદલે હૉસ્પિટલ લઈ જઈ રહ્યા છે. ઘડીકવારમાં તે ગભરાયા ક્યાંક મંસારામને તેમના વિચારોની ખબર તો નથી પડી ગઈને ? આટલુ વિચારતા તેમણે મંસારામને ગળે વળગાડી રડવાનું શરું કરી દીધું, સામે હૉસ્પિટલનો દરવાજો દેખાતો હતો.

: ૧૧ :

મુન્શી તોતારામ સંધ્યાના સમયે કચેરીએથી ઘરે પહોંચ્યા તો નિમલાએ પૂછ્યુ - તેને જોયો, શું હાલ છે ? મુન્શીએ જોયું કે નિર્મલાના મુખ પર નામ-માત્રની ચિંતાનો ભાવ નથી, તેના સાજ-શણગાર કેટલાક દિવસોથી વધારે ધ્યાન થયો છે. મતલબ કે ગળામાં હાર પહેરતી ન હતી, પરંતુ આજે ગળામાં ઝૂમી રહ્યાં છે. ઝુમ્મરથી પણ તેને વધારે પ્રેમ ન હતો. પરંતુ આજે તે પીળા રેશમી સાડીની નીચે. કાળા-કાળા વાળની ઉપર ફાનસની જ્યોતની જેમ ચમકી રહ્યા હતા.

મુન્શીજીએ મોં ફેરવી કહ્યુ - બીમાર છે. બીજો શું હાલ બતાવું.

નિર્મલા - તમે તો તેને અહીંયા લાવવા માટે ગયા હતા ને.

મુન્શીજી ધુંધવાઈને બોલ્યા - એ ન આવે તો હું તેને બળજબરાથી લાવુ. કેટલો સમજાવ્યા બેટા ઘર ચલો ત્યાં તને કોઈ તકલીફ નહી થાય. પરંતુ ઘરનું નામ સાંભળીને તેને બમણો તાવ આવી જતો હતો. કહેવા લાગ્યો - હું અહીં મરી જઈશ પરંતુ ઘરે જઈશ નહીં. છેવટે મજબુર થઈને હૉસ્પિટલમાં પહોંચાડ્યા બીજું શું કરુ ? રુક્મણી પણ આવીને વરંડામાં ઊભી રહી ગઈ - તે જન્મનો હઠીલો છે. અહીંયા કોઈપણ રીતે નહી આવે અને એ પણ જોઈ લે જો, ત્યાં પણ સારો નહીં થાય.

મુન્શીજી એ કતરાતા સ્વરે કહ્યું - તું પણ બે-ચાર દિવસ માટે ત્યાં ચાલીજા. તો ઘણુ સારુ રહેશે બહેન. તમારા રહેવાથી તેને વિશ્વાસ રહેશે મારી બેન, મારી વાત માની લો, એકલો તે રડી-રડીને પ્રાણ આપી દેશે. બસ, હે માં, હે માં નું રટણ કરી રડ્યા કરે છે. હું ત્યાંજ જઈ રહ્યો છું મારી સાથે ચાલો. તેની દશા સારી નથી. બહેન તે ચહેરો નહી રહે. જુઓ ઈશ્વર શું કરે છે ?

એવુ કહેતા કહેતા મુન્શીજીની આંખમાં આંસુ વહેવા લાગ્યા. પરંતુ રુક્મણી અવિચલીત ભાવથી બોલી - હું જવા તૈયાર છું. મારા ત્યાં રહેવાથી જો મારા લાલના પ્રાણ બચી જાય તો બું માથાના બળ પર દોડી જાવ. પરંતુ મારી વાત ગાંઠે બાંધી લો ભાઈ ત્યાં તે સારુ ન થાય. હું તેને સારી રીતે ઓળખુ છું તેને કોઈ બીમારી નથી, માત્ર ઘરમાંથી કાઢી મુકવાનો શોક છે. એ જ દુઃખ તાવના રુપમાં પ્રગટ થયું તું એક નહીં લાખ દવા કર. સિવિલ સર્જન ને જ કેમ ન બતાવે. તેના પર દવાની કોઈ અસર નહીં થાય.

મુન્શીજી - બહેન, તેને ઘરમાંથી કાઢ્યો કોણે ? મેં તો માત્ર ભણવાના વિચારથી ત્યાં મોકલ્યો હતો.

રુક્મણી - તે ભલે ગમે તે વિચારથી મોકલ્યો હોય, પરંતુ એ વાત તેને લાગી આવી. હું તો હવે કોઈ ગણતરીમાં નથી, મને તો કોઈ વાતે બોલવાનો અધિકાર નથી. માલિક તમે, માલિકન તમારી સ્ત્રી. હું તો માત્ર તમારા રોટલા પર પડેલી અભાગણ વિધવા છું. મારું કોણ સાંભળશે. અને પરવાહ કરશે ? પરંતુ બોલ્યા વગર રહેવાતું નથી. મંસા ત્યારે જ સારો થશે જ્યારે ઘરે આવશે. જ્યારે તારુ હૃદય એવુ જ થઈ જશે. જે પહેલા હતું.

એવુ કહીને રુક્મણી ત્યાંથી ચાલી ગઈ. તેની જ્યોતીહીન પરંતુ અનુભવપૂર્ણ આંખોની સામે જે ચરિત્ર થઈ રહ્યું હતું. તેનું રહસ્ય તે સારી રીતે સમજતી હતી અને તેનો બધો ગુસ્સો નિરાપરાધ નિર્મલા પર ઉતરતો હતો. આ ઘરની દશા બગડતી જ જશે. પરંતુ તેને સીધી રીતે ન કહેવા છતા પણ તેમનો આશય મુન્શીજી થી છુપાયો નહીં. તેમના ચાલ્યા જવાથી મુન્શીજીએ માથુ ઉઠાવ્યુ અને વિચારવા લાગ્યા. તેમને પોતાના પર એટલો ક્રોધ આવી રહ્યો હતો કે દિવાલ સાથે માથુ પટકાવીને પ્રાણ ત્યાગી દે. તેમણે લગ્ન શા માટે કર્યા હતા ? લગ્ન કરવાની જરુરિયાત શું હતી ? ઈશ્વરે તેને એક નહી ત્રણ-ત્રણ પુત્રો આપ્યા બતા. તેમની અવસ્થા પણ ૫૦ ની આસપાસ પહોંચી ચુકી હતી. છતા પણ લગ્ન કેમ કર્યા.

શું આ કારણે જ ઈશ્વરે તેમનો સર્વનાશ કરવો મંજુર હતો ? તેમણે માથુ ઉઠાવીને એક વખત નિર્મલાની સહાસ, પરંતુ નિશ્ચલ મૂર્તિ જોઈ અને હૉસ્પિટલ ચાલ્યા ગયા. નિર્મલાની સહાસ છબીએ તેમનુ ચિત્ત શાંત કરી દીધું હતું. આજે કેટલાય દિવસો પછી તેમને આ શાંતિ પ્રાપ્ત થઈ હતી. પ્રેમ-પીડિત હૃદય આ દશામાં શું આટલુ શાંત અને અવિચલીત રહી શકે છે ? નાં ક્યારેય નહીં હૃદયની ચોટનો ભાવ કુશળતાથી છુપાઈ શકે નહી. પોતાના ચિત્તની દુર્બળતા પર તેમને અત્યંત ક્ષોભ થયો. તેમણે અકારણ જ સંદેહને હૃદયમાં સ્થાન આપીને આટલુ અનર્થ મંસારામ તરફથી પણ તેમનું મન નિઃશંક થઈ ગયું. હા તેની જગ્યાએ નવી શંકા ઉત્પન્ન થઈ ગઈ. શું મંસારામ જાણી તો ગયો નથી ? શું જાણીને તોજ તે આવવાનો ઈન્કાર નથી કરી રહ્યો ને ? જો તે જાણી ગયો, તો મહાન અનર્થ થઈ જશે એની કલ્પનાથી જ મન ધ્રુજી ઉઠ્યુ, તેના શરીર ના બધા હાડકા જાણે આ હાહાકાર પર પાણી નાખવા માટે વ્યાકુળ થઈ ગયા.

તેણે કોચવાનને ઘોડીને તેજીથી દોડાવવા કહ્યું, કેટલાય દિવસો પછી તેમના હૃદય મંડળ પર છવાયેલુ ધન ફાટી ગયું હતું અને પ્રકાશની કિરણો અંદરથી નીકળવા માટે વ્યગ્ર થઈ રહી હતી. તેમણે માથુ કાઢીવે જોયું કોચવાન સુઈ તો ગયો નથી ને. ઘોડાની ચાલ આટલી ધીમી તો ક્યારેય લાગી ન હતી. હોલ્પીટલ પહોંચીને ધીમેથી મંસારામ પાસે ગયા. જોયું તો ડૉક્ટર સાહેબ તેની સામે ચિંતા મગ્ન હતા. મુન્શીજીના હાથ-પગ ફુલી ગાય. મોં માંથી શબ્દ ન નીકળ્યો. ઘોઘરા અવાજે ખૂબ મુશ્કેલી થી બોલ્યા - શું હાલ છે ડૉક્ટર સાહેબ ? એવુ કહેતા કહેતા રડી પડ્યા અને જયારે ડૉક્ટર સાહેબે તેના પ્રશ્નો જવાબ આપવામાં વિલંબ કર્યો, ત્યારે તેના પ્રાણ તો ત્યાં જ સમાઈ ગયા. તેમણે પલંગ પર બેસીને અચેત બાળકને ખોળામાં લઈ લીધો. શરીર તવાની જેમ તપી રહ્યું હતું. મંસારામે એક વખત આંખ ખોલી. ઓહો કેટલી ભયંકર અને સાથે જ કેન દીન દૃષ્ટિ હતી ! મુન્શીજીએ બાળકને ગળે લગાડી ડૉક્ટરને પુછ્યુ - શું હાલ છે ડૉક્ટર સાહેબ ? તમે ચુપ કેમ છો ?

ડૉક્ટરે સંદિગ્ધ અવાજે કહ્યું - હાલ જે કંઈ છે તમે જોઈ જ રહ્યા છો. ૧૦૬ ડિગ્રીનો તાવ છે, બીજુ હું શું બતાવુ અત્યારે પણ તાવનો પ્રકોપ વધતો જ જાય છે. મારાથી જે કઈ બની શકે છે, કરી રહ્યો છું. ઈશ્વર માલિક છે. જયારથી તમે ગયા છો એક મિનિટ માટે પણ અહીંયાથી હલ્યો નથી. ભોજન

પણ કરી શક્યો નથી. હાલત એટલી નાજુક છે કે એક મિનિટમાં શું થઈ જશે ન કહી શકાય. આ મહાજ્વર છે, હોરા બિલકુલ નથી. રહી-રહી ને ડિલિરિયમ નો હુમલો આવી જાય છે. શું ઘરે તેને કોઈએ કંઈ કહ્યું છે? વારે-વારે 'મા તુ ક્યા છો' એ અવાજ મોં માંથી નીકળે છે.

ડૉક્ટર સાહેબ કહી જ રહ્યા હતા. કે તરત જ મંસારામ ઉઠીને ગયો અને ધક્કાથી મુન્શીજીને પલંગની નીચે ધકેલી ઉત્તેજિત અવાજે બોલ્યા શું ધમકાવો છો તમે? મારી નાંખો, મારી નાંખો, અત્યારે જ મારી નાંખો તલવાર નથી મળતી? દોરડાનો ફાંદો છે કે એ પણ નથી? હું મારા ગળામાં લગાવી લઈશ. હાય માં! તું ક્યાં છો? આવુ કહેતા કહેતા ફરી અચેત થઈને પડી ગયો.

મુન્શીજી એક ક્ષણ સુધી મંસારામની શિથિલ મુદ્રા તરફ વ્યથિત આંખે તાકતા રહ્યા. પછી તરત જ તેમણે ડૉક્ટર સાહેબનો હાથ પકડી લીધો અને ખૂબ જ દીનતા ભર્યા આગ્રહથી બોલ્યા - ડૉક્ટર સાહેબ આ છોકરાને બચાવી લો. ઈશ્વર માટે બચાવી લો, નહીં તો મારો સર્વનાશ થઈ જશે. હું અમીર નથી. પરંતુ તમે જે કહેશો તે હાજર કરીશ. તેને બચાવી લો. હું મારુ બધુ વેચી નાખીશ. તેની આ દશા મારાથી જોવાતી નથી! હાય મારો હોનહાર બેટો!

ડૉક્ટર સાહેબ કરુણ સ્વરમાં કહ્યું - બાબુ સાહેબ, હું તમને સાચું કહી રહ્યો છું કે હું તેમના માટે મારા તરફથી કોઈ કસર છોડવાનો નથી. તમે બીજા ડૉક્ટરને સલાહ માટે કહી શકો છો. હમણા જ ડૉક્ટર લહેરી, ડોક્ટપ ભાટિયા અને ડૉક્ટર માથુરને બોલાવુ છું. વિનાયક શાસ્ત્રીને પણ બોલાવી લઉં છું પરંતુ હું નકામુ આશ્વાસન આપવા માંગતો નથી. - હાલત નાજુક છે.

મુન્શીજીએ રડતા કહ્યું - ના ડૉક્ટર સાહેબ, આ શબ્દ મોં માંથી ન કાઢો. હાલત તેમના દુશ્મનોની નાજુક થાય. ઈશ્વર મારા પર આટલો કોપ નહીં કરે. તમે કલકત્તા અને મુંબઈના ડૉક્ટરોને તાર કરો. હું જીંદગીભર તમારી ગુલામી કરીશ. આ જ મારો કુળદિપક છે. આ જ મારા જીવનનો આધાર છે. મારુ હ્દય ફાટી રહ્યું છે. એવી કોઈ દવા આપો, જેનાથી તેને હોશ આવી જાય. હું જરા મારા કાનથી તેની વાતો સંભળુ કે તેને શું કષ્ટ થઈ રહ્યું છે? હાય મારુ બાળક?

ડૉક્ટર - તમે જરા ધીરજ રાખો! તમે બુઝુર્ગ માણસ છો, આમ હાય-હાય કરવાને અને ડૉક્ટરોની ફોજ ભેગી કરવાથી કોઈ પરિણામ નહીં મળે.

શાંત થઈને બેસો. હું શહેરના ડૉક્ટરોને બોલાવું છું જોઈએ શું કહે છે. તમે પોતે જ હોશ ગુમાવતા જાવ છો.

મુન્શીજી - સારું ડૉક્ટર સાહેબ, હું હવે નહીં બોલુ, જીભ નહીં ખોલુ તમે જે ઇચ્છો તે કરો. બાળક તમારા હાથમાં છે. તમે જ તેની રક્ષા કરી શકો છો. હું એટલુ ઇચ્છું છું કે થોડો તે હોશમાં આવી જાય. મને ઓળખી લે, મારી વાત સમજવા લાગે. શું એવી કોઈ સંજીવની બુટ્ટી નથી કે તેનાથી હું તેની સાથે બે-ચાર વાત કરી લઉ.

આવુ કહેતા-કહેતા મુન્શીજી એ આવેશમાં આવીને મંસારામ ને કહ્યું -બેટા, જરા આંખો ખોલ. કેવો જીવ છે ! હું તારી પાસે બેસી રડી રહ્યો છું મને તારાથી કોઈ ફરિયાદ નથી, મારુ મન તારી તરફ સાફ જ છે.

ડૉક્ટર - ફરી તમે નકામી વાતો શરુંકરી. અરે સાહેબ તમે બાળક નથી. બુઝુર્ગ માણસ છો. જરા ધીરજથી કામ લો.

મુન્શજી - સારુ ડૉક્ટર સાહેબ, હવે નહીં બોલુ. ભૂલ થઈ ગઈ. તમે જે ઇચ્છો તે કરો, મે બધુ તમારા પર છોડી દીધું છે. કોઈ એવો ઉપાય નથી, જેનાથી હું તેને એટલુ સમજાવી શકુ કે મારુ મન સાફ છે. તેનું દિલ તમારા તરફથી બિલકુલ સાફ છે. તેને કઈક ભ્રમ થયો હતો. તે દુર થઈ ગયો. બસ, આટલુ જ કહી દો. હું બીજુ કંઈ ઇચ્છતો નથી. હું ચુપચાપ બેઠો છું. જીભ જયાં સુધી નહી ખોલે પરંતુ તમે તેને જરુર કહી દેજો.

ડૉક્ટર - ભગવાન માટે બાબુસાહેબ, જરા ધીરજ રાખો નહીં તો મજબુર થઈને કહેવુ પડશે ઘરે જાવ જરા ઓફિસમાં જઈને ડૉક્ટરોને પત્ર લખી રહ્યો છું, ચુપચાપ બેસી રહો.

નિર્દયી ડૉક્ટર ! જુવાન પુત્રની આ દશા જોઈને કોણ પિતા છે. જે ધીરજથી કામ લેશે ? મુન્શીજી ઘણા ગંભીર સ્વભાવના હતા. છતા પણ આ સમયે શાંત થઈ શકતા હતા. બીજાઓને સમજાવી શક્તા હતા. પોતે ડૉક્ટરોને બોલાવી શકતા હતા કે આ બધી આગ તેમની લગાવેલી છે ? કોઈ પિતા આટલો વજ્ર હૃદયનો થઈ શકે છે ? તેમનું રોમ-રોમ આ સમયે તેમને ધિક્કારી રહ્યું હતું. તેમણે વિચાર્યું. મારે આ દુર્ભાવના ઉત્પન્ન જ કેમ થઈ ? મેં શા માટે કોઈ પ્રત્યક્ષ પ્રમાણ વગર આવી ભીષણ કલ્પના કરી નાખી ? સારુ, મારે આ દશામાં શું કરવુ જોઈતુ હતું ? જે કંઈ એમણે કર્યું, એ સિવાય બીજુ શું કરવુ - તેનો તે નિશ્ચય કરી શક્યા નગીં. ખરેખર તો લગ્નના બંધનમાં પડવુ જ પોતાના પગ

પર કુહાડી મારવાનું હતું. હા, એ જ બધા ઉપદ્રવ નુ મૂળ છે.

પરંતુ આ કોઈ અનોખી વાત નથી કરી. બધા સ્ત્રી પુરુષ લગ્ન કરે છે. તેનું જીવન આનંદથી કપાય છે. આનંદની ઇચ્છાથી તો આપણે લગ્ન કરીએ છીએ. મોહલ્લામાં સેંકડો લોકો એ બજા - ત્રીજા ત્યાં સુધી કે સાતમાં લગ્ન પણ કર્યા છે. અને મારાથી પણ કંઈક વધારે ઉંમરમાં તે જ્યાં સુધી જીવ્યા આરામથી જીવ્યા એ પણ ન થયું કે બધી સ્ત્રીની પહેલા મરી ચુક્યા હોય, બીજા-ત્રીજા થવા છતા પણ બધાની થતી હોત તો લગ્ન નું નામ જ કોણ લેત ! મારા પિતાજીએ પંચાવનમાં વર્ષે લગ્ન કર્યા હતા. મારા જન્મ સમયે તેમની ઉંમર સાઈઠ થી ઓછી ન હતી. હાં એટલી વાત જરુર હતી કે ત્યારે અને અત્યારે ના સમય વચ્ચે ઘણું અતંર થઈ ગયું છે. પહેલા સ્ત્રીઓ ભણેલી-ગણેલી ન હતી. પતિ ભલે ગમે તેવો હોય પૂજ્ય સમજતી હતી કે એ વાત હોય કે પુરુષ બધુ જોઈને બે જવાબદારીથી કામ લેતો હોય તો યુવતી શા માટે કોઈ વૃદ્ધ સાથે ખુશ રહેવા લાગે.

પરંતુ હું તો કંઈ એવો વૃદ્ધ ન હતો. મને જોઈને તોઈ ચાલીસથી વધારે બતાવી શકે નહીં. કંઈ પણ થાય, જુવાની વીતી ગયા પછી જુવાન સ્ત્રી સાથે લગ્ન કરી કઈક ને કઈક બેશર્મી જરુર જરુર કરવી પડે છે. તેમાં કોઈ સંદેહ નથી. સ્ત્રી સ્વભાવ થી લજ્જાશીલ હોય છે. કુલટાઓની વાત જુદી છે. સાધારણ રીતે સ્ત્રી પુરુષ કરતા ક્યાંય વધારે સંયમશીલ હોય છે. જોડ નો પતિ મેળવીને તે પર પુરુષ સાથે હસી મજા કરી લે, તેનું મન શુદ્ધ રહે છે. કજોડા લગ્ન થવાથી તે ભલે કોઈની સામે આંખ ઉઠાવીને ન જુએ પરંતુ ચિત્ત દુઃખી રહે છે. આ પાકી દિવાલ છે, તેમાં ધરીજની અસર થતી નથી, આ પાકી દિવાલ છે, તેમાં ધીરજની અસર થતી નથી; આ કાચી દિવાલ છે. અને ત્યાં સુધી ઊભી રહે છે. જ્યાં સુધી તેના પર સવારી ન કરવામાં આવે.

આવા વિચારો માં પડ્યા-પડ્યા મુન્શીજીને ઝોકુ આવી ગયું. મનના ભાવો એ તરત જ સ્વપ્ન નું રુપ ધારણ કરી લીધુ. શું જુએ છે કે તેમની પહેલી પત્ની મંસારામ ની સામે કહી રહી છે - સ્વામી તમે આ શું કર્યું ! જે બાળકને મેં મારુ લોહી પીવડાવીને ઉછેર્યો. તેને તમે નિર્દયતાથી મારી નાખ્યો. આવા આદર્શ ચરિત્રના બાળક પર આટલુ ઘોર કલંક લગાવી દીધું ? હવે બેઠા-બેઠા શું કરો

છો ? તમે તેનાથી હાથ ધોઈ નાખ્યા ! હું તમારા નિર્દયી હાથો માંથી છીનવી તેને મારી સાથે લઈ જાવ છું તમે તો આટલા શંકશીલ ન હતા. શું લગ્ન કરતાની સાથે જ શંકાને પણ ગળે બાંધી લીધી. અપમાન સહન કરીને જીવવા વાળો કોઈ બશર્મ જ હશે. મારો પુત્ર સહન નહીં કરી શકે. આવુ કહેતા કહેતા તેણે બાળકને ગોદમાં ઉઠાવી લીધો અને ચાલી ગઈ. મુન્શીજી એ રડતા રડતા તેની ગોદમાંથી મંસારામને ઝટવવા માટે હાથ લાંબા કર્યા, તો આંખો ખુલી ગઈ અને ડૉક્ટર લહેરી, ડૉક્ટર ભાટિયા, વગેરે અડધો ડઝન ડોક્ટક સામે ઉભેલા જોયા.

: ૧૨ :

ત્રણ દિવસ વીતી ગયા. મુન્શીજી ઘરે ન આવ્યા. રુક્મણી બંને સમય જતી અને મંસારામને જોઈ આવતી. બંને છોકરા પણ જતા પણ નિર્મલા કેવી રીતે જાય ? એતો બંધનમાં હતી. તે મંસારામની બિમારી વિશે જાણવા બેતાબ રહેતી. જો રુક્મણીને કંઈ પૂછે તો છણકા મળતા હતા અને છોકરાઓને પૂછતી તો ગોળ ગોળ જવાબ. એકવાર જઈ આવવાની તેની ઇચ્છા થતી. તેને થતું કે તે હૉસ્પિટલ જઈ ડૉક્ટરને એક હજારની થેલી આપી આવે અને કહે આ લો ભેટ ! એને ગમે તેમ કરીને બચાવી લો. પણ તેની પાસે ન તો એટલા

રુપિયા હતા અને ન સાહસ. જો પહોંચતી તો મંસારામની સારવાર સારી રીતે થઈ શક્તી. હાલ બરોબર થઈ રહી નથી. શું ત્રણ દિવસમાં તાવ ન ઉતરે? આ દૈહીક તાવ નથી મનનો તાવ છે. શું મુન્શીજીનું મન હવે પસ્તાઈ રહ્યું હશે?

આ દુનિયામાં ત્રણ દિવસ પસાર થઈ ગયા. ઘરમાં ચુલો ન સળગ્યો ન કોઈએ ખાધુ. છોકરાઓ માટે બજારથી પુરીઓ આવતી અને નિર્મલા અને રુક્મણી ભૂખ્યા જ સૂઈ જતા હતા. તેમને ખાવાની ઇચ્છા થતી ન હતી. ચોથા દિવસે જિયારામ સ્કૂલેથી આવ્યો તો હૉસ્પિટલ થઈને આવ્યો. નિર્મલાએ તેને પૂછ્યું, હૉસ્પિટલ ગયો હતો ભાઈ? આજે શું હાલત છે? ભાઈ પથારીમાંથી ઉઠ્યો કે નહીં?

જિયારામ - આજે તો કાંઈ બોલતા ચાલતા પણ ન હતા. પલંગ પર પડ્યા પડ્યા જોરથી હાથ-પગ પછાડતા હતા, નિર્મલાના ચહેરાનો રંગ ઉડી ગયો, તારા બાબુજી ન હતા? "જિયારામ - ડૉક્ટર પણ હતા તેઓ અંદર-અદંર કોઈ ચર્ચા કરી રહ્યા હતા. સૌથી મોટા સિવિલ સર્જન કરી રહ્યા હતા અંગ્રેજીમાં, દર્દીના શરીરમાં તાજુ લોહી દાખલ કરવું જોઈએ." અંતે તેમણે ભાઈને ઈંજેક્શન આપ્યુ. મેં તો ડરથી આંખો બંધ કરી નાખી હતી. નિર્મલાએ તેનું લોહી આપવાનો નિર્ણય કરી લીધો. તેના લોહીથી મંસારામનો જીવ બચી જાય તો છેલ્લા ટીપા સુધી તે લોહી આપવા તૈયાર હતી. હવે તે કોઈની પરવાહ નહીં કરે. તેણે જિયારામને કહ્યું, ચૂપચાપ ગાડી લાવી દે, તે હૉસ્પિટલ જશે.

જિયારામ - અત્યારે ત્યાં બહુ માણસો હશે જરા રાત પડવા દો.

નિર્મલા - નહીં તુ ગાડી બોલાવી લે.

જિયારામ - ક્યાંક બાબુજી ગુસ્સે ન થઈ જાય.

નિર્મલા - બગડવા દે. તું અત્યારેજ સવારી લઈ આવ.

જિયારામ - હું કહી દઈશ. અમ્માજીએ સવારી મંગાવી હતી.

નિર્મલા - કહી દેજે.

જિયારાં ટાંગો લેવા ગયા નિર્મલા દરવાજા પર ઊભી રુક્મણી તેના રુમમાં બેઠી હતી તેણે પૂછ્યું, ક્યા જાવ છો વહુ?

નિર્મલા - હાસ્પીટલ

રુક્મણી - ત્યાં જઈને શું કરીશ?

નિર્મલા - કંઈ નહી. કરવાવાળો ભગવાન છે, જોવાની ઇચ્છા થાય છે.

રુક્મણી - હું કહું છુ ન જા.

નિર્મલા - દીદી અત્યારે જવા દો. જિયારામ કહે છે તેની તબીયત સારી નથી. તમે પણ ચલોને.

રુક્મણી - એટલુ યાદ રાખ બહારનું લોહી જોઈએ છે. એમાં પણ ખતરો છે.

નિર્મલા - એટલો તો જાઉ છું. મારુ લોહી ક્યારે કામ લાગશે?

રુક્મણી - ચાલે કેમ નહીં? જવાનનું લોહી જ જોઈએ છે. એટલામાં ટાંગો આવ્યો અને નિર્મલા - જિયારામ બેસીને રવાના થયા.

રુક્મણી દરવાજા પર થોડીવાર ઊભી રહી, આજે પહેલીવાર તેને નિર્મલા ઉપર દયા આવી. નિર્મલા હૉસ્પિટલ પહોંચી તો લાઈટ ગઈ હતી. ડૉક્ટર તેમની સલાહ આપી જતા રહ્યા હતા. મંસારામનો તાવ ઓછો થઈ ગયો હતો. નિર્મલાને જોઈ તે ચોંકી ઉઠ્યો. તેણે આંખો કાઢી નિર્મલા સામે જોયું પછી મોં ફેરવી લીધુ. એકાએક મુન્શીજી કડક અવાજમાં બોલ્યા, તું શું કરવા

આવી છે અહીં ? નિર્મલા આવાક રહી ગઈ. ઘરનો માનવી બીમાર છે છતાં મુન્શજીએ આવો પ્રશ્ન કર્યો. તે કોઈ જવાબ ન આપી શકી. મુન્શીજીએ ફરી પૂછ્યુ, તું કેમ આવી છો ? નિર્મલાએ સામે પૂછ્યુ - તમે શા માટે આવ્યા છો અહીં ? મુન્શજી - હું તને કહુ ત્યારે તુ અહીં આવજે. મંસારામ અચાનક ઉભો થઈ ગયો તેણે નિર્મલાની માંફી માંગતા કહ્યું, અમ્માજી મને માફ કરો. મેં તમને બહુ તકલીફ આપી. આવતા જન્મે હું તમારી કુખે જન્મ લઈશ.

નિર્મલા - તું આવુ કેમ બોલે છે ? બે-ચાર દિવસમાં સાજો થઈ જઈશ બોલી નિર્મલા રડી પડી.

મંસારામ - હવે જીવવાની ઇચ્છા નથી. નથી બોલવાની શક્તિ. આમ કહી મંસારામ જમીન પર સૂઈ ગયો. નિર્મલાએ પતિને શાંત નેત્રે પૂછ્યુ - ડૉક્ટરોએ શું કહ્યું ?

મુન્શીજી - તાજુ લોહી જોઈએ.

નિર્મલા - તો જીવ બચી જાય ને ? હું મારુ લોહી આપવા તૈયાર છું ડૉક્ટરને બોલાવો.

મુન્શીજી - તું ?

નિર્મલા - હાં મારુ લોહી ક્યારે કામ લાગશે ?

મુન્શીજી શાંત નેત્રે કહ્યું - નિર્મલા આજ સુધી તું મારા માટે ભોગનું સાધન હતી આજથી ભક્તિનું સાધન છે. મેં તારી સાથએ અન્યાય કર્યો છે મને માફ કર.

: ૧૩ :

જે કંઈ થવાનુ હતું થઈ ગયું, કોઈનું કંઈ જ ન ચાલ્યુ. ડૉક્ટર સાહેબ નિર્મલાના શરીરમાંથી લોહી લેવાની પ્રક્રિયા કરી રહ્યા હતા કે મંસારામ પોતાના ઉજ્જવળ ચરિત્ર ની અંતિમ ઝલર દેખાડી આ પ્રેમલોક માંથી વિદાય થઈ ગયો. કદાચ આટલા સમય સુધી તેના પ્રાણ નિર્મલાની જ રાહ જોઈ રહ્યા હતા. પોતાને નિષ્કલંક સાબિત કર્યા વગર તે કેવીરીતે દેહ ત્યાગી શકે ? હવે તેનો ઉદ્દેશ પૂર્ણ થઈ ગયો. મુન્શીજીને નિર્મલા ને નિર્દોષ હોવાનો વિશ્વાસ થઈ ગયો, પરંતુ ક્યારે ? જ્યારે હાથે થી તીર નીકળી ચુક્યુ હતું. જ્યારે મુસાફરે રકાબમાં પગ મુકી દીધો.

પુત્રશોકથી મુન્શીજીનું જીવન ભાર સ્વરુપ થઈ ગયું. તે દિવસથી ફરી હોઠો પર હાસ્ય ન આવ્યુ. આ જીવન તેને નકામુ લાગતુ હતું. કચેરી જતા, પરંતુ કેસની પેરવી કરવા માંટે નહી, માત્ર મન મનાવવા માટે, કલાક બે કલાક ત્યાં વિતાવી ચાલ્યા આવતા. ખાવા બેસતા તો મોં માં કોળિયો ન આવતો, નિર્મલા સારી-સારી ચીજો પકાવતી. પરંતુ મુન્શીજી બે-ચાર કોળિયાથી વધારે ખાઈ શક્તા ન હતા. એવુ લાગતુ હતું જાણે કોળિયો મોં માંથી નીકળી જાય છે. મંસારામના ઓરડા તરફ જતા જતા તેમનું હૃદય ધક-ધક થઈ જતું હતું. તેમના બે પુત્રો હજી પણ હતા, પરંતુ જ્યારે દુધ આપતી ગાય મરી ગઈ તો વાછરડાનો ભરોસો ? જ્યારે ફુલવા-ફળવા વાળુ વૃક્ષ જ પડી ગયું તો આ નાના છોડની શું આશા ? આમ તો જુવાન-ઘરડા બધા મરે છે, પરંતુ દુઃખ એ વાતનું હતું કે, તેમણે પોતે જાતે જ છોકરાનો જીવ લીધો. જે સમયે આ વાત યાદ આવતી, તો એવુ થતું જાણે તેમની છાતી ફાટી જશે, જાણે હૃદય બહાર નીકળી જશે. નિર્મલા - પતિ સાથે સાચી સહાનુભૂતી હતી. જ્યાં સુધી બની શકે

તે તેમને પ્રસન્ન રાખવાની ચિંતા કરતી હતી અને ભૂલીને પણ પાછલી વાતો જીભ પર લાવતી ન હતી. મુન્શીજી તેની સાથે મંસારામની કોઈ ચર્ચા કરતા શરમાતા હતા. તેમની ક્યારેક-ક્યારેક એવી ઇચ્છા થતી હતી કે એક વખત નિર્મલા સાથે પોતાના મનના બધા ભાવ ખુલ્લા કહી દે, પરંતુ લજ્જા જીભ રોકી લેતી હતી. આના લીધે તેમને સાંત્વના પણ મળતી ન હતી. જે પોતાની વ્યથા કહેવાથી, બીજાના દુઃખમાં નીકળતા અંદર-અંદર જ ઝેર ફેલાવતુ જતુ હતું. દવસે ને દિવસે શરીર સુકાતુ જતુ હતું.

આ તરફ કેટલાક દિવસથી મુન્શીજી અને તે ડૉક્ટર સાહેબ, જેણે મંસારામની દવા કરી હતી. મિત્રતા થઈ ગઈ હતી. બિચારા ક્યારેક ક્યારેક આવીને મુન્શીજીને સમજાવ્યા કરતા હતા, ક્યારેક ક્યારેક પોતાની સાથે હવા ખાવા પણ લઈ જતા. તેમની સ્ત્રી પણ બે-ચાર વખત નિર્મલાને મળવા આવી હતી. નિર્મલા પણ ઘણીવાર તેમના ઘરે ગઈ હતી, પરંતુ ત્યાંથી પાછી ફરતી તો કેટલાય દિવસો સુધી ઉદાસ રહેતી. તે દંપતિનું સુખમય જીવન જોઈને તેને પોતાની દશા પર દુઃખ થયા વગર રહેતુ ન હતું. ડૉક્ટર સાહેબને ૨૦૦ રુપિયા મળતા હતા, ઘરકામનું ઘણુ બધુ કામ સ્ત્રીને પોતાના હાથે જ કરવુ પડતુ હતું. ઘરેણા પણ તેમના શરીર પર ઘણા ઓછા હતા. પરંતુ તે બંનેની વચ્ચે તે પ્રેમ હતો, જે ધનની જરાપણ પરવાહ ન હતી. પુરુષ ને જોઈને સ્ત્રીનો ચહેરો ખીલી ઉઠતો હતો, સ્ત્રીને જોઈને પુરુષ ન્યાલ થઈ જતો.

નિર્મલાના ઘરમાં ધન તેના કરતા ક્યાંય વધારે હતું. ઘરેણાંથી તેનું શરીર લચી પડતુ હતું. ઘરનું કોઈ કામ તેને હાથથી કરવુ પડતુ ન હતું. પરંતુ નિર્મલા સંપન્ન હોવા છતા વધારે દુઃખી હતી અને સુધા અભાવ હોવા છતા પણ સુખી. સુધાની પાસે એવી કોઈ વસ્તુ ન હતી, જે નિર્મલા પાસે ન હતી, જેની પાસે તેને પોતાનો વૈભવ તુચ્છ લાગતો હતો. ત્યાં સુધી કે તે સુધાના ઘરે ઘરેણા પહેરીને જતા શરમાતી હતી.

એક દિવસ નિર્મલા ડૉક્ટર સાહેબના ઘરે આવી, તો તેને ખૂબ ઉદાસ જોઈ સુધાએ પુછ્યુ – બહેન આજે ખૂબ ઉદાસ છો, વકીલ સાહેબની તબીયત સારી નથી ?

નિર્મલા - શું કહું સુધા ? તેમની દશા દિવસે ને દિવસે ખરાબ થઈ જાય છે. કંઈ કહી શકાય નહીં ન જાણે ઈશ્વરને શું મંજુર છે ?

સુધા - અમારા બાબુજી કહેતા હતા કે તેમણે ક્યાંક હવા-ફેર કરવા જવુ જરુરી છે, નહીં તો કોઈ ભયંકર રોગ ઉભો થશે. ઘણીવાર વકીલ સાહેબને કહી ચુક્યા છે. પરંતુ તે એવુ જ કહી રહ્યા છે હું ખૂબ સારો છું - મને કોઈ ફરિયાદ નથી. આજે તુ કહેજે.

સુધા - તું તેમને આજે ખૂબ ભાર પૂર્વક કહેજે કે હવાફેર થવો જોઈએ. બે-ચાર મહીના બહાર રહેવાથી ઘણી-બધી વાતો ભૂલાઈ જશે. હું સમજુ છું, કદાચ મકાન બદલવાથી તેમનો શોક કંઈક ઓછો થઈ જશે. પરંતુ તું તો ક્યાંય બહાર તો નહીં જઈ શેક, કયો મહીનો છે ?

નિર્મલા - આઠમો મહીનો વીતી રહ્યો છે. આ ચિંતા તો મને વધારે મારી નાખે છે. મેં તો આના માટે ક્યારેય ઈશ્વરને પ્રાર્થના પણ કરી ન હતી. છતા પણ મારા માથા પર માંડી દીધી. હું ઘણી અભાગણ છું બહેન, લગ્નના એક મહીના પહેલા પિતાજીનું આવસાન થઈ ગયું. તેમના મરતા જ માથા પર દુઃખ સવાર થઈ ગયું. જ્યાં પહેલા લગ્નની વાત પાકી થઈ હતી, તે લોકોએ આંખો ફેરવી લીધી. બિચારી માંને હારીને મારા લગ્ન કરવા પડ્યા. હવે નાની બેનના લગ્ન થવાના છે જોઈએ તેની નાવ ક્યા ઘાટ પર જાય છે.

સુધા - જ્યાં પહેલા લગ્નની વાતચીત થઈ હતી, તે લોકોએ ઈન્કાર કેમ કરી દીધો ?

નિર્મલા - એ તો એજ જાણે, પિતાજી ન રહ્યા તો સોનાની પાટલી કોણ આપે?

સુધા - લખનૌના. નામ તો યાદ નથી, જકાતના કોઈ મોટા ઓફિસર હતા.

સુધાએ ગંભીર ભાવથી - અને તેમનો છોકરો શું કરતો હતો ?

નિર્મલા - કંઈ જ નહી, ક્યાંક ભણતો હતા, પર હતો હોશિયાર.

સુધાએ માથુ નીચુ કરીને કહ્યું - તેણે પોતાના પિતાને કંઈ જ કહ્યું નહતું ? તે તો જુવાન હતો, પોતાના બાપને દબાવી શક્તો ન હતો ?

નિર્મલા - હવે કેવીરીતે કહું બહેન ! સોનાની પાટલી કોને પ્યારી ન હોય ?

જે પંડિતજી અમારે ત્યાંથી સંદેશો લઈને ગયા હતા, તેમે કહ્યું હતું કે છોકરો જ ના પાડી રહ્યો છે. જો કે છોકરાની માં તો દેવી હતી. તેમે પુત્ર અને પતી બંનેને સંજાવ્યા, પરંતુ તેમનુ કંઈ જ ન ચાલ્યુ.

સુધા - હું જો એ છોકરાને પામતી, તો ખૂબ આડે હાથ લેત.

નિર્મલા - મારા ભાગ્યમાં જે લખ્યુ હતું તે થઈ ચુક્યુ, બિચારી કૃષ્ણા પર ન જાણે શું વિતશે.

સંધ્યાના સમયે નિર્મલાના ગયા પછી ડૉક્ટર બહારથી આવ્યા તો સુધાએ કહ્યું - કેમ જી, તમે એ માણસને શું કહેશો, જે એક જગ્યાએ લગ્ન નક્કી કર્યા પછી ફરી લોભવશ કોઈ બીજી જગ્યાએ સંબંધ કરી લે.

ડૉક્ટર સિન્હાએ કુતુહલ વશ સ્ત્રીની સામે જોયું - એવુ ન કરવુ જોઈએ, બીજુ શું !

સુધા - એ કેમ નથી કહેતા આ ઘોર નીચતા છે. એક પ્રકારની કમીનાપણુ છે !

સિન્હા - હાં એ કહેવાની મારી ના નથી.

સુધા - કોનો અપરાધ મોટો છે. વરનો કે વરના પિતાનો ?

સિન્હાની સમજમાં હજી સુધી ન આવ્યુ કે સુધાના આ પ્રશ્નનો આશય શું છે ? વિસ્મયથી બોલ્યો - જેવી સ્થિતિ હોય. જો તે પિતાને આધીન હોય તો પિતાનો જ અપરાધ સમજવો.

સુધા - આધીન હોવા છતા પણ શું જુવાન માણસનું કોઈ કર્તવ્ય નથી જો તેને પોતાના માટે કોટની જરુર હોય તો તે પિતાના વિરોધ છતા રોઈ-ધોઈને પોતાની વાત મનાવી લે છે. શું આવા મહત્વના વિષયમાં પોતાનો અવાજ પિતાના કાન સુધી ન પહોંચાડી શકે ? એ કહો કે વર અને તેના પિતા બંને અપરાધી છે, પરંતુ તે વધારે ! વૃદ્ધ માણસ વિચારે છે, મારો બધો ખર્ચ કરવો પડશે, કન્યા પક્ષ પાસેથી જેટલી એકઠુ કરી શકુ, અટલુ જ સારુ, પરંતુ તે વરનો ધર્મ છે. કે તે સ્વાર્થના હાથે બિલકુલ નહીં વેચાય તે પોતના આત્મબળનો પરિચય આપે. જો તે આવુ ન કરે તો કહીશ કે લોભી છે અને કાયર પણ દુર્ભાગ્ય વશ એવુ જ એક પ્રાણી મારા પતિ છે, અને મારી સમજમાં નથી આવતુ કયા શબ્દોમાં તેમનો તિરસ્કાર કરું !

સિન્હાએ અચકાતા કહ્યું, એવાત અલગ હતી. લેવદ-દેવડનું કારણ હતું બિલ્કુલ જુદી વાત હતી. છોકરીના પિતાનું અવસાન થયુ હતું આવી પરિસ્થિતિમાં એમે લોકો શું કરતા ? એ પણ સાંભળવામાં આવ્યુ છે કે, છોકરીમાં કોઈ દોષ છે. એ બિલકુલ આલગ વાત હતી પણ આ વાત તને કોણે કરી ?

સુધા - દહી દો કાણી હતી, હલકા પેટની હતી, કહી દો કેમ કસર બાકી રાખી ? હું પણ સાંભળુ કે છોકીરમાં શું દોષ છે.

સિન્હા - મેં જોયું તો નથી સાંભળવામાં આવ્યું છે કે, છોકરીમાં કોઈ દોષ છે.

સુધા - સૌથી મોટો દોષ એ હતો કે તેના પિતાનું અવસાન થઈ ગયું હતું. અને તે મોટી રકમ ચૂકવી શકે તેમ નહતી. આટલો સ્વીકાર કરવા કેમ ગભરાવ છો ? હું કાઈ તમારો કાન તો કાપી લેવાની નથી ને ? કદાચ બે-ચાર કડવી વાત કરું તો આ કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાંખજો. વધારે બકબક કરું તો લાકડી લેજો. લક્ષ્મીમાં કોઈ દોષ નથી. તમારા નસીબ ખોટા હતા. બીજુ શું ? તમે તો મારા પનારે પડવાના હતા.

સુધા - તને કોણે કહ્યું કે તે આવી હતી અને તેવી હતી ? વધારે ન કહું તો તેના જેવી સુંદર સ્ત્રી મેં ક્યારેય જોઈ નથી.

સિન્હા - શું એ આટલામાં જ છે ? સાચું કહે તે ક્યાં જોઈ ? શું તારા ઘરે આવી હતી ?

સુધા - હા મારા ઘરે આવી હતી અને એકવાર નહીં અનેકવાર આવી ચૂકી છે. હું પણ તેને ત્યાં ઘણીવાર જઈ ચૂકી છું, વકીલ સાહેબની પત્ની એજ છોકરી છે જેને તમે દોષના કારણે છોડી દીધી.

સિન્હા - સાચે.

સુધા - બિલકુલ, આજે જો તેને ખબર પડે કે તમે એજ પુરુષ છો તો આ ઘરમાં ક્યારેય પગ ન મૂકે. આવી સુશીલ આ શહેરમાં માંડ બે-ચાર હશે.

સિન્હા - વકીલ સાહેબની ખૂબ ફરીયાદ કરતી હશે ?

સુધા - ફરીયાદ શું કરવા કરે ? કેમ તે એના પતિ નથી ? સંસારમાં હવે તેના માટે વકીલ સાહેબ જ સર્વસ્વ છે. વૃદ્ધ હોય કે રોગી પણ તેના પતિ છે. કુલવાન સ્ત્રી પતિની ટીકા નથી કરતી એ કુલટાઓનું કામ છે.

સિન્હા - આ વકીલ સાહેબને શું સૂઝ્યુ તે આ ઉંમરે લગ્ન કર્યા ?

સુધા - આવા લોકો ન હોય તો ગરીબોની નાવ પાર કોણ કરે ? બિચારી કોના ઘરે જાય ? ઈશ્વર તેને સૌભાગ્યવતી રાખે. આજે તે ખૂબ રડતી હતી. હું તો આપણા સોહનના લગ્ન કોઈ ગરીબ છોકરી સાથે કરીશ. ડૉક્ટરે છેલ્લુ વાક્ય ન સાંભળ્યુ ઘોર ચિંતામાં પડી ગયા. તેમના મનમાં પ્રશ્ન ઉઠતો હતો કે, ક્યાંક વકીલ સાહેબને કંઈક થઈ ગયું તો ? ત્યાં સુધી બોલી, નિર્મલા સાથે તમારી મુલાકાત કરાવું ? એ પણ તમારુ મોં જોઈ લે કંઈ બોલશે તો નહીં બોલો ક્યારે મુલાકાત કરાવું ?

સિન્હા - ના સુધા, હું હાથ જોઉં છુ કંઈ એવું ન કરી શકે મારે ઘર છોડી જવુ પડે.

સુધા - જે કાંટા વાવ્યા હતા તેનું ફળ ખાતા આજે ગભરાવ છો ? જરા એને તડપતા જુએ. સુધાની વાતથી ડૉક્ટર સાહેબ ઝંખવાણા પડી ગયા. માથુ ઉંચુ કરી જોઈપણ ન શક્યા. એમની વાચા હણાઈ ગઈ. રાત્રે સુતી વખતે તેમણે સુધાને પુછ્યુ, નિર્મલાની કોઈ બહેન પણ છે ને ?

સુધા - હા, આજે તેની જ વાત કરતી હતી તેની ખૂબ ચીંગતા કરે છે કહે છે,તેના ઉપર જે કંઈ થયુ તે બહેન સાથે ન થાય.

સિન્હા - નિર્મલા હજુ તેની માંને મદદ કરે છે ?

સુધા - તમે પણ શું છેક માથા વગરની વાત કરો છો ? આપી આપીને શું આપવાની ૨૦૦-૪૦૦ રુપિયા ? વકીલ સાહેબની આવી હાલત રહે તો મુશ્કેલી વધવાની અને કોણ જાણે તેમના ઘરની શું હાલત હશે ? રુપિયા ઝાડ પર થોડા ઉગે છે ? દસ-વીસ હજાર બેંકમાં હશે. નિર્મલા પાસે તો કંઈ નહીં હોય, આપણો ૨૦૦નો ખર્ચ છે તો એમનો મહીને ૪૦૦ નો નહીં હોય ? સુધાને ઉંઘ ન આવી પણ ડૉક્ટર લાંબો સમય પડખા ઘસતા રહ્યા પછી કંઈક વિચારીને ઊભા થયા અને ટેબલ પર બેસી એક પત્ર લખવા લાગ્યા.

: ૧૪ :

ત્રણ ઘટના એક સાથે બની. નિર્મલાએ પુત્રીને જન્મ આપ્યો. કૃષ્ણાના લગ્ન નક્કી થયા અને મુન્શી તોતારામના મકાનની નિલામી થઈ ગઈ. કન્યાનો જન્મ તો સામાન્ય વાત હતી. નિર્મલના જીવનની સૌથી મોટી ઘટના પણ બાકી ઘટનાઓથી સામાન્ય હતી. નિર્મલાના જીવનની સૌથી મોટી ઘટના પણ બાકી ઘટના અસામાન્ય હતી. કૃષ્ણાના વિવાહ એવા ગરીબ પરીવારમાં કેમ થયા ? જેની માતા પાસે દહેજ આપવા એક ફુટી કોડી ન હતી. આ તરફ વૃદ્ધ સિન્હા સાહેબ પેન્શન લઈ ઘરે આવ્યા કે લોભી તરીકે જાણીતા હતા તે પોતાના પુત્રના લગ્ન કેમ ગરીબ પરિવારમાં કરવા રાજી થયા ? સૌથી મોટા આશ્ચર્યની વાત મુન્શીજીનું મકાન નિલામ થવાની બની વાત એમ હતી કે, મુન્શીજીએ એક મહાજન પાસે એક ગામ ખરીદી લીધું હતું. એમને વિશ્વાસ હતો કે, વરસ બે વરસમાં રુપિયા ચૂકવી દેવાશે. ગામ મોટુ હતું. ચારસો-પાંચસો રુપિયાનો નફો થતો હતો. પણ મનની મનમાં રહી ગઈ. મુન્શીની તુચ્છા છતા તે કચેરી જઈ ન શક્યા. પુત્ર શોકે તેમને કામથી દુર કરી દીધા. મહાજન પાસે વરસ સુધી વ્યાજની રકમં ન પહોંચી મુન્શીને વારંવાર બોલવા છતા ન ગયા કહ્યું, સાધુજીનો નોકર નથી તેમને જે કરવું હોય તે કરે. ત્યારે સાધુજીને ગુસ્સો આવ્યો મુન્શજીની શાખ રહી ન હતી. ઘરમાં રુપિયા ન હતા. અંતે મકાનની નિલામી થઈ ગઈ. નિર્મલાને આ સમાચાર મળતાં તે શોકમાં જતી રહી. જીવનમાં કોઈ સુખ ન હોવા છતાં તે ધનભાવથી મુક્ત હતી. ધન માનવ જીવન સર્વ પ્રથમ

વસ્તુ ન હોવા છતાં તેની નિકટની વસ્તુ છે. તેણે મુન્શીજીને સમાચાર મોકલ્યા કે તેના બધા ઘરેણાં વેચીને મકાન બચાવી લો પણ મુન્શીજીએ તેની વાત ન માની. એ દિવસથી મુન્શીજી ચિંતમાં રહેવા લાગ્યા, જે સુખને ભોગવવા તેમણે લગ્ન કર્યા હતા, તે સુખ હવે માત્ર તેમની કલ્પના પુરતુ જ રહ્યું હતું, તેમને હવે નિર્મલા સાથે કેટલો અન્યાય કર્યો સામે દેખાતો હતો. અને કન્યા જન્મ પછી તો અત્યાચાર જ કરી દીધો હતો ? ૧ર માં દિવસે નિર્મલા નવજાત પુત્રીને લઈ પતિ પાસે ગઈ. તેને કોઈ ચિંતા ન હતી. હસતી પુત્રીને જોઈ તેનું મન પ્રફુલ્લીત હતું. તે પુત્રીને પતિની ગોદમાં જોવા માગતી હતી. પણ મુન્શીજી પુત્રીને જોઈ સહમી ઉઠ્યા. તેનો દેખાવ મંસારામ જેવો હતો. નિર્મલાએ તેમના મનના ભાવ કંઈક જુદા સમજ્યા. તે પુત્રીને લઈ તેના રુમમાં ચાલી ગઈ. મુન્શીજીને એક ક્ષણમાં તેમની ભૂલ સમજાઈ. તેઓ તરત રુમમાં ગયા, પુત્રીને ઉઠાવી બોલ્યા, મને મંસાની યાદ આવે છે. આવો જ હતોને મંસા ? નિર્મલા - દીદીજી પણ આમ જ કહે છે. મુન્શીજી - બિલકુલ, મોટી મોટી આંખો, લાલ હોઠ, ઈશ્વરે મને મંસારામના રુપમાં આપી છે. ઈશ્વર તારી લીલા અપાર છે. એવામાં રુક્મણી પણ આવી ગઈ. મુન્શીજીને બોલી, જુઓ બાબુ મંસારામ છે કે નહી ? બિલકુલ મંસારામ છે. એક વર્ષ થઈ ગયું.

મુન્શીજી - બહેન, એક-એક અંગ મળે છે. બસ ભગવાને મને મારો મંસારામ આપી દીધો. કેમ તું મંસારામ જ છે ? જો કેવું ટગર-ટગર જુએ છે ? એજ ક્ષણે મુન્શીજીએ કલ્પનાઓના ઘોડા દોડાવવા શરુંકર્યા, પણ તણખલુ મેળવી કોઈ તટ પર પહોંચ્યુ છે ?

: ૧૫ :

નિર્મલાને ફુરસત ન હતી છતાં કૃષ્ણાના વિવાહના સમાચાર સાંભળીને પોતાની જાતને રોકી ન શકી. તેને જાણવુ હતું કે, કૃષ્ણાના લગ્ન એજ ઘરમાં થયા છે ? જે ઘરમાં નિર્મલાના લગ્ન પહેલા થયા હતા ? નવાઈ બહેની કે વગર દોરે તે લગ્ન કરવા કેમ તૈયાર થયો? વકીલ ઘરે બેઠા હતા. હાથ તંગ હતો, નિલામીથી છતાં તે જવાની તૈયારી કરવા લાગી. વકીલ સાહેબ સ્ટેશન સુધી મુકવા આવ્યા. નાની પુત્રી સાથે તેમને પ્રેમ હતો. છોડતાજ નહતા. ત્યાં સુધી કે નિર્મલા સાથે તે જવા તૈયાર થઈ ગયા. નિર્મલાએ પોતાની માંને વિતક કથા કહી ન હતી. માંને કષ્ટ આપવાથી શું ફાયદો ? એથી માં માનતી કે નિર્મલા ખૂબ સુખી છે. આજે નિર્મલાને જોઈ માતા અચંબામાં પડી ગઈ. તે દુબળી પડી ગઈ હતી.

માંએ પૂછ્યું, તને શું તકલીફ છે ?

કૃષ્ણા - માલિકન છે ને ? દુનિયાભરના કામમાંથી ફુરસત મળે

તો ભોજન કરે ને ?

નિર્મલા - ના માં મને ત્યાંનું પાણી માફક નથી આવતુ.

માતા - વકીલ સાહેબ આવશે ને ? અને કહે તે અહીં રુપિયા કેમ મોકલ્યા હતા ? દિકરીના રુપિયા ન લેવાય. મેં ક્યારેય માંગ્યા હતા તારી પાસે ?

નિર્મલા - મેં ક્યારે રુપિયા મોકલ્યા ?

માતા - જુઠ્ઠુ ન બોલ ૫૦૦ રુ. મોકલ્યા હતા.

કૃષ્ણા - તો ઉપરથી આવ્યા ? ઉપર તારું નામ લખેલુ હતું.

નિર્મલા - પગે પડીને કહું છું. મેં નથી મોકલ્યા, ક્યારની વાત છે ?

માતા - અરે અઢી મહીના થઈ ગયા. ને જો તે ન મોકલ્યા હોય તે આવ્યા ક્યાંથી ?

નિર્મલા - મને શી ખબર ? અમારા ઘરમાં તો જવાન પુત્ર છે. તે કચેરી પણ જતા નથી. માટે હાથ તંગ છે, રુપિયા આવે ક્યાંથી?

માતા - નવાઈની વાત છે. ત્યાં કોઈ તારા સગા સંબંધી નથી ને ? વકીલ સાહેબે તારાથી છુપાઈને તો નથી મોકલ્યાને ?

નિર્મલા - મને તો વિશ્વાસ નથી આવતો.

માતા - એની તપાસ થવી જોઈએ. મેં બધા રુપિયા કૃષ્ણાના

કપડા-દાગીનામાં ખર્ચ કરી નાખ્યાં એ અનર્થ થયો.

નિર્મલા - માં આ વિવાહ કેવી રીતે થયો ?

માતા - અહીં જે સાંભળે છે તેને આમ જ થાય છે. એમણે મને પત્ર લખ્યો છે. મેં જવાબમાં ચોખ્ખુ લખી દીધું, મારી પાસે પુત્રી સીવાય આપવા જેવું બીજુ કાંઈ નથી.

નિર્મલા - તેમણે કોઈ જવાબ ન આપ્યો ?

માતા - શાસ્ત્રીજી પત્ર લઈને ગયા હતા. પણ સાંભળ્યુ છે કે મોટો પુત્ર સજ્જન છે. તેણે બાપને રાજી કર્યા છે. નિર્મલા - પહેલા તો બે મહાશય પણ થેલી માંગતા હતા ને ?

માતા - હા પણ શાસ્ત્રીજી કહે છે હવે દહેજના નામથી પણ ડરે છે.

નિર્મલાના મનમાં બે પુરુષને જોવાની ઉત્કંઠા થઈ, જે પુરુષે તેની અવગણના કરી તેની અને બહેનનો ઉદ્ધાર કરવા જઈ રહ્યો હતો તેને જોવા નિર્મલાનું મન અધીરુ બની ગયું. કૃષ્ણાએ બહેનના ઘરના હાલ પૂછવા બહુ પ્રયાસ કર્યા પણ નિર્મલા તેને તક આપતી ન હતી. કૃષ્ણા પૂછી બેઠી, જીજાજી પણ આવશે ને ?

નિર્મલા - આવવાનું તો કહેતા હતા.

કૃષ્ણાં - હવે તો ખુશ રહેતા હશો ને ?

અંતે કોઈ વાત ઉપર તે ગુસ્સે થાય છે ?

નિર્મલા - તેમના મનની વાત મને કઈ રીતે ખબર પડે ?

કૃષ્ણા - હું સમજુ છું કે તારા રુપરંગ જોઈ ચિડાતા હશે.

નિર્મલા - હું સોગંધ ખાઈને કહુ છું કે, મારા મનમાં તેમના માટે જરા પણ મેળ નથી. હું તેમની સેવા કરું છું, તેમને પણ મારા માટે પ્રેમ છે. હું દુબળી રહુ છુ જેથી ઉંમરનું સમતોલન દેખાય, પણ જયારથી મસારામ ગયો ત્યારથી તેમની હાલત વધુ ખરાબ થતી જઈ રહી છે.

કૃષ્ણા - તે મંસારામને પણ ખૂબ ચાહતા હતા નહીં ?

નિર્મલા - તે એક એવો છોકરો હતો કે જે જોતુ તે તેને પ્રેમ કરતુ હતું. એમ થતું કે, કાયમ તેની સામે બેસી રહેવું મારા મનમાં જરાપણ પાપ નહતું.

કૃષ્ણા - અરે ચૂપ થા આવુ કેમ વિચારે છે બહેન ?

નિર્મલા - આ વાત સાંભળવામાં ખરાબ લાગે છે. પણ તું જ કહે ૫૦ વર્ષના પુરુષ સાથે તારા લગ્ન કરી દેવામાં આવે શું કરે ?

કૃષ્ણા - ઝેર ખાઈ સૂઈ જાઉ.

નિર્મલા - બસ તો એમ જ સમજી લે. એ છોકરાએ ક્યારેય મારી સામે આંખ ઉઠાવીને પણ જોયું નથી અને આમ પણ બુઢ્ઢા

શકી તો હોય છે જ. તારા જીજા છોકરાના દુશ્મન બની ગયા અંતે જીવ પણ લઈ લીધો. જે દિવસે તાવ ચઢ્યો તે પછી ઉતર્યો જ નહીં.

કૃષ્ણા - એટલા માટે બિચારી સ્ત્રીઓ દબાતી રહેતી હશે. જોવાવાળા એમ સમજતા હશે કે આ પ્રેમ કરે છે.

નિર્મલા - તે આટલા દિવસોમાં આટલી બધી વાતો ક્યાંથી સમજી લીધી ? એ બધી વાતો જવા દે, તને તારો વર પસંદ છે ને ?

બીજાની વાત છોડ.

કૃષ્ણા (શરમાતા) - દેખાવ તો સરસ છે. સ્વભાવ ઈશ્વર જાણે. શાસ્ત્રીજી કહેતા હતા કે આવા સુશીલ અને ચારીત્ર્યવાન બહુ ઓછા હશે.

નિર્મલા - અહીંથી તારી તસ્વીર ગઈ છે ?

કૃષ્ણા - શાસ્ત્રીજી લઈ ગયા હતા.

નિર્મલા - તેમને પસંદ આવી ?

કૃષ્ણા - હવે કોઈના મનની વાત હું કેવી રીતે જાણુ ? શાસ્ત્રીજી કહેતા હતા કે ખૂબ ખુશ છે.

નિર્મલા - હવે એ બતાવ તને ભેટમાં શું આપુ ? અત્યારથી કહી દે જેથી બનાવીને રાખુ.

કૃષ્ણા - તને જે યોગ્ય લાગે એ. તેને પુસ્તકો પણ ખૂબ ગમે છે.

સારા પુસ્તકો મંગાવી આપજે.

નિર્મલા - હું એના માટે નહીં તારા માટે પુછું છુ.

નિર્મલા - સામે તેઓના કપડા બધા ખાદીના લાગે છે.

કૃષ્ણા - ખાદી પ્રેમ છે. સાંભળ્યુ છે કે ખાદી વેચવા જાય છે.

નિર્મલા - તો તારે પણ ખાદી પહેરવી પડશે.

કૃષ્ણા - મેં તો ચરખો ચલાવવાનું પણ શીખી લીધુ છે.

નિર્મલા - સાચે.

કૃષ્ણા - હા બહેન થોડુ થોડુ સુતર કાંતી લઉ છું. આટલા ખાદી પ્રેમ છે તો ચરખો પણ જરુર ચલાવતા હશે. હુ ન ચલાવતા શીખુ તો મારે કેટલુ શરમાવું પડે ? આમ વાતો કરતા બંને બહેનો સૂતી. રાત્રે બે વાગે પુત્રી રડી તો નિર્મલાની આંખ ખુલી. કૃષ્ણાનો પલંગ ખાલી પડ્યો હતો. તેણે વિચાર્યુ રાત્રે બે વાગે ક્યાં ગઈ હશે ? તેણે બે-ત્રણ વાર તેના નામની બૂમ પાડી, પણ કોઈ જવાબ ન મળતા તેનું મન ગભરાયુ. કૃષ્ણા તેના રુમમાં ચરખો ચલાવી રહી હતી. તેણે તેણે અંદર જઈ કહ્યું, શું આ ચરખો ચલાવવાનો સમય છે ?

કૃષ્ણા - તમે ઉઠી કેમ ગયા ? પાણી તો મેં મુક્યુ હતું.

નિમંલા - હું તને કહું છુ કે દિવસે તને સમય નથી મળતો કે

રાતે ચરખો લઈને બેઠી છે ?

કૃષ્ણા- મને દિવસે સમય મળતો નથી.

નિર્મલા (સુતર જોઈને) - ખૂબ જાડુ છે.

કૃષ્ણા - તેમને સાફો બનાવી ભેટ આપવા માંગુ છું.

નિર્મલા - વાત તો તારી યોગ્ય છે. પણ હવે ઉઠ નહીંતર બીમાર પડીશ.

કૃષ્ણા - ના તમે જઈને સુઈ જાવ. હું પછી સૂઈ જઈશ, નિર્મલાએ વધુ આગ્રહ ન કર્યો. તે સુવા ચાલી ગઈ. પણ તેને ઉંઘ ન આવી. કૃષ્ણાનો ઉત્સાહ જોઈ તેનું હૃદય પણ પુલકિત થઈ ગયું.

: ૧૬ :

મહીનો વીતતા વાર ન લાગી. લગ્નનું શુભ મૂર્હત આવી ગયું. મહેમાનોથી ઘર ભરાવા લાગ્યું. તોતારામ એક દિવસ અગાઉ જ આવી ગયા. તેમની સાથે નિર્મલાની બહેન પાછી પણ આવી હતી. નિર્મલાને વરના મોટા

ભાઈને જોવાની ઇચ્છા હતા અને તેની સદ્‌બુદ્ધિ બદલ આભાર માનવાની ઇચ્છા હતી.

સુધાએ હસીને કહ્યું - તું એને કરી શકીશ ?

નિર્મલા - માણસ તો ખરાબ નથી, જરા બોલાવતા શું વાંધો ? ડૉક્ટર સાહેબ અહીં હોત તો હું તને મંજુરી અપાવી દેત.

સુધા - જે લોકો દિલના ઉદાર હોય છે તે શું ચરિત્રના પણ સારા હોય છે ? પારકી સ્ત્રીને જોવા માટે કોઈ મર્દને વાંધો આવતો નથી.

નિર્મલા - આવું ન કરીશ. હું જ વાત કરી લઈશ. એવામાં કૃષ્ણા આવીને બેસી ગઈ.

નિર્મલા - સારું કરે અત્યારે તમારા મનમાં શું ચાલી રહ્યું છે ?

કૃષ્ણા - જીજાજી બોલાવી રહ્યા છે પહેલા તેમની પાસે જઈ આવ પછી ગપ્પા મારજે.

નિર્મલા - શું છે ? તેં એમને કંઈ પૂછ્યુ નહીં ?

કૃષ્ણા - કંઈક બીમાર લાગ્યા, દુબળા પડી ગયા છે.

નિર્મલા - તો જરા બેસી એમનું દિલ હળવુ કરવું હતું ને ? અહીં દોડી કેમ આવી ? વૃદ્ધો આડી વાત કરી શકે છે.

કૃષ્ણા - ના બહેન તું જા.

નિર્મલા ચાલી ગઈ તો સુધાએ કૃષ્ણાને કહ્યું, હવે તો જાન આવી ગઈ છે. દ્વાર પૂજા કેમ કરતા નથી ?

કૃષ્ણા - કોણ જાણે બહેન, શાસ્ત્રી સામાન એકઠો કરી રહ્યા છે.

સુધા - સાંભળ્યું છે કે, હરની માં બહુ ખરાબ સ્વભાવની છે.

કૃષ્ણા - કેમ જાણ્યું ?

સુધા - મેં સાંભળ્યુ છે કે એટલે ચેતવુ છું. ચાર વાત સાંભળી છે.

કૃષ્ણા - મારી ઝઘડવાની આદત નથી. મારા તરફથી કોઈ ફરીયાદ નથીં. આવો તો સામેથી ઝઘડા કરશે ?

સુધા - હા સાંભળ્યુ તો એવું જ છે.

કૃષ્ણા - હું તો એક વાત સમજુ છુ કે નમ્રતા પર પથ્થરને પીગળાવી દે છે. અચાનક કોલાહલ થયો, જાન આવી રહી છે, છોકરીઓ બારીઓમાં જઈ ગોઠવાઈ. નિર્મલા પણ આવી પહોંચી. વરના મોટાભાઈને જોવાની તેને બહુ ઈચ્છા હતી.

સુધાએ કહ્યું - કેવી રીતે ખબર પડશે કે મોટાભાઈ કોણ છે ?

નિર્મલા - શાસ્ત્રીજીને પુછીશ તો ખબર પડી જશે. હાથી પર તો કૃષ્ણાના સસરા બેઠા છે. ડૉક્ટર સાહેબ કેવી રીતે આવી પહોંચ્યા. ઘોડા પર કોણ છે ?

સુધા - એતો છે.

નિર્મલા - એ લોકો મિત્ર હશે. કોઈ સંબંધ તો નથી ને ?

સુધા - હવે મળે તો પૂછુ પૂછ્યા વગર કેવી રીતે ખબર પડશે ?

નિર્મલા - પાલખીમાં જે બેઠા છે તે વરના ભાઈ જેવા તો નથી લાગતા.

સુધા - બિલ્કુલ નહી. બીજા હાથી પર કોણ છે ખબર પડતી નથી એની ઉંમર પણ દેખાતી નથી.

નિર્મલા - શાસ્ત્રીજી તો અત્યારે દ્વાર પૂજાની ફીકરમાં છે, નહીં તો પૂછતી. અચાનક નાઈ આવી ગયો. પેટીની આવી નિર્મલા પાસેથી અત્યારે દ્વારપાદ માટે કેટલાક રુપિયાની જરુર હતી માટે મોકલ્યો હતો. આ નાઈ પંડિત મોટારામ સાથે તિલક લઈને ગયો હતો.

નિર્મલા - શું હજુ રુપિયા જોઈએ ?

નાઈ - હા બહેન આવીને આપો.

નિર્મલા - હા આવુ છું. પહેલા કહે, વરના મોટાભાઈને ઓળખે છે ?

નાઈ - ઓળખુ કેમ નહીં આ સામે કોણ છે ?

નિર્મલા - કયા ? મને તો દેખાતા નથી ?

નાઈ - અરે આ ઘોડા પર સવાર કોણ છે ?

નિર્મલા - શું વાત કરે છે ? આ વરના ભાઈ જ છે કે પછી અટકળ લગાવે છે?

નાઈ - અરે બહેન હું ભુલી જાઉં ? હમણા જળપાન આપીને આવી રહ્યો છું.

નિર્મલા - અરે આતો ડૉક્ટર સાહેબ છે મારી પાડોશમાં રહે છે.

નાઈ - વિશ્વાસ ન આવતો હોય તો હમણાં શાસ્ત્રીજીને પૂછી લેજો. નાઈને આવતા વાર લાગી તો મટારામ આંગણામાં આવી બૂમો પાડવા લાગ્યા.

નિર્મલા - શાસ્ત્રીજી જરા આવજો તો. કેટલા રુપિયાની જરુર છે ?

શાસ્ત્રીજી હાંફતા-હાંફતા ઉપર આવ્યા.

નિર્મલા - આપુ છું પહેલા એ કહો કે વરના મોટાભાઈ કયા છે ?

શાસ્ત્રીજી - આટલી વાત માટે મને ઉપર મોકલી દીધો.

નિર્મલા - નાઈ કહે છે ઘોડા પર સવાર છે તે છે.

શાસ્ત્રીજી - એજ તો છે.

નાઈ - ક્યારનો કહુ છું. પણ બહેન માનતા નથી. નિર્મલાએ સ્નેહ સાથે સુધી તરફ કલટાતા કહ્યું, અચ્છા તો આ બધી રમત પાછળ તારો જ હાથ છે કેમ?

સુધા - તને ખબર પડી જાત તો મારે ત્યાં આવતી ?

નિર્મલા - અરે ડૉક્ટર સાહેબ સાથે તો કેટલીવાર વાત કરી ચુકી છું. જોઈ કૃષ્ણા તારી જેઠાણીની હરકત, એનાથી ડરતી રહેજે.

કૃષ્ણા - હું તો આ દેવીના ચરણ ધોઈ માથા પર ચઢાવીશ મને એમના દર્શન થયા.

નિર્મલા - અચ્છા સમજી કહે કે, રુપિયા પણ તેજ મોકલ્યા હતા નહીંતર મારીશ તને.

સુધા - ઘરે આવેલા મહેમાનોનું આપમાન કરાય.

નિર્મલા - જોને હમણાં તારી કેવી ખબર લઉ છું ?

સુધા - બધાને કહીને આવી છું તે હવે તેમની ભૂલ બદલ પસ્તાય છે. બોલતા નથી.

નિર્મલા - હવે હું તારા ઘરે ક્યારેય નહીં આવું.

સુધા - હવે આ પિંડ છુટવાના નથી. મેં તારુ ઘર જોયું છે. દ્વાર પૂજા પૂરી થઈ, મુન્શીજીની જોડે ડૉક્ટર સિન્હા બેઠા હતા. નિર્મલાએ અનેકવાર ડૉક્ટર સાહેબને જોયા હતા પણ આજે તેના દિલમાં કંઈક જુદા વિચાર રમતા હતા. જે અગાઉ ક્યારેય આવ્યા ન હતા.

તેને થયું કે બોલાવીને ખૂબ મારુ પણ તે કંઈ કરી ન શકી. ભોજનની તૈયારીઓ થઈ રહી હતી. નિર્મલા ભોજનથાળ લગાવવામાં વ્યસ્ત હતી. લરટી આવી બોલી - તનેં સુધા બોલાવે છે તારા રુમમાં છે. નિર્મલાએ થાળ છોડી સુધા પાસે આવી પહોંચી તો સ્તબ્ધ થઈ ગઈ. ડૉક્ટર સીન્હા ત્યાં ઉભા હતા.

સુધાએ હસતા કહ્યું - લે બહેન બોલાવી લીધા ! હવે જેટલી ઇચ્છા થાય તેટલા માર ! હું દરવાજા પર ઊભી છું ભાગી નહીં શકે.

ડૉક્ટર સાહેબે ગંભીરતાથી કીધુ, ભાગે છે કોણ ? હું તો અહીં માંથુ નમાવી ઉભો છું.

નિર્મલા - આ રીતે હંમેશા કૃપાદષ્ટી રાખજો ભૂલી ન જતા મારી વિનંતી છે.

: ૧૭ :

કૃષ્ણાના લગ્ન પછી સુધા ચાલી ગઈ પરંતુ નિર્મલા પિયરમાંજ રહી ગઈ. વકીલ સાહેબ વારે-વારે લખતા હતા, પરંતુ તે જતી ન હતી. જવાનું તેને મન જ થતું ન હતું. નાના ભાઈઓની દેખભાળમાં તેનો સમય આરામથી પસાર થઈ જતો હતો. વકીલ સાહેબ જાતે આવે તો કદાચ તે જવા રાજી થઈ જાય, પરંતુ આ લગ્નમાં મોહલ્લાની છોકરીઓએ તેમની તે દુર્ગતિ કરી હતી કે બિચારા આવવાનું નામ જ લેતા ન હતા. સુધાએ પણ ઘણીવાર પત્ર લખ્યા, પરંતુ નિર્મલા એ તેને પણ હા એ હા કરી. છેવટે એક દિવસ સુધાએ નોકરને સાથે લીધો અને આવી ચડી.

જયારે બંને ગળે મળી ચુકી તો સુધાએ કહ્યું - તને તો જાણે ત્યાં જતા ડર લાગે છે.

નિર્મલા - હાં બહેન ડરતો લાગે છે પરણીને ગઈ, ત્રણ વર્ષે આવી. હવે તો ત્યાં ઉમંર જ પૂરી થઈ જશે. પછી કોણ બોલાવે છે અને કોણ આવે છે ?

સુધા - આવવાને શું થયુ, જયારે ઇચ્છા થાય, ચાલી આવજે, ત્યાં વકીલ સાહેબ ખૂબ જ બેચેન થઈ ગયા છે.

નિર્મલા - ખૂબ બેચેન, રાત્રે કદાચ ઉંઘ ન આવતી હોય.

સુધા - બહેન, તારુ કલેજુ પથ્થરનું છે તેમની દશા જોઈને દયા આવે છે. છોકરો, બાળકી કોની સાથે મન મનાવે ? જયારે બીજા મકાનમાં આવ્યા છે. ખૂબ જ દુઃખી રહે છે.

નિર્મલા - છોકરાતો ઈશ્વરના આપેલા બે-બે છે.

સુધા - એ બંને ખૂબજ ફરીયાદ કરતા હતા. જિયારામ તો હવે વાત જ સાંભળતો નથી. આડા-અવળા જવાબ આપે છે. રહ્યો નાનો, તે પણ તેના કહેવામાં છે. બિચારા મોટા છોકરાને યાદ કરીને રડ્યા કરે છે.

નિર્મલા - જિયારામ તો બદમાશ ન હતો, તે ક્યારથી બદમાશી સીખી ગયો ? મારી તો કોઈ વાત ટાળતો ન હતો, ઈશારા ઉપર કામ કરતો હતો.

સુધા - શું જાણે બેહન ! સાંભળ્યુ કહે છે કે તમે ભાઈને ઝેર દઈને મારી નાખ્યો. તમે હત્યારા છો. ઘણીવાર તારી સાથે લગ્નના મેણા મારી ચુક્યો છે. એવી-એવી વાર્તા કહે છે કે વકીલ સાહેબ રડી પડે છે. અરે, બીજુ તો શું કહું, એક દિવસ પથ્થર ઉઠાવીને મારવા દોડ્યો હતો.

નિર્મલાએ ગંભીર ચિંતામાં પડીને - આ છોકરો તો મોટો બદમાશ નીકળ્યો. તેમને એવુ કોણે કહ્યું કે તેમણે ભાઈને ઝેર દઈને મારી નાખ્યો છે.

સુધા - તે તારાથી જ ઠીક રહેશે.

નિર્મલા - આ તો નવી ચિંતા ઉત્પન્ન થઈ. જો જિયાનો આ રંગ છે - પોતાના બાપ સાથે લડવા તૈયાર રહે છે, તો મારાથી કેમ દબાશે ? તે રાત્રે મોડા સુધી આ ફિકરમાં ડુબેલી રહી. મંસારામની આજે તેને ખૂબ યાદ આવી. તેની સાથે જિંદગી આરામથી વીતી જાત. આ છોકરાનો જયારે પોતાના પિતા સામે આ હાલ છે, તો તેમના પછી તેની સાથે કેવી રીતે ગુજારો થશે ! ઘર તો હાથમાંથી ગયું. કોઈને કોઈ દેવુ તો માથે હશે જ. આવકના આ હાલ. ઈશ્વર જ બેડો પાર ઉતારશે. આજે પહેલીવાર નિર્મલાને બાળકીની ચીંતા થઈ. બિચારીના ન જાણે શું હાલ થશે ? ઈશ્વરે આ મુશ્કેલી પણ માથે નાખી દીધી, મારે તો તેની જરુર જ નહતી, જન્મ લેવો જ હતો, તો કોઈ ભાગ્યશાળી ના ઘરે જન્મ લેત. બાળકી છાતી સાથે લપેટાઈ સુતી હતી. માતાએ તેને વધારે ભીંસમાં લીધી, જાણે કોઈ તેના હાથમાંથી તેને છીનવી લઈ જાય છે.

નિર્મલાની પાસે જ સુધા પલંગ પર હતી. નિર્મલા તો ચિંતા-સાગરમાં ગોથા ખાઈ રહી હતી અને સુધા મીઠી નીંદરનો આનંદ ઉઠાવી રહી હતી. શું તેને પોતાના બાળકની ચિંતા સતાવે છે ? મૃત્યુ તો ઘરડા અને જુવાન નો ભેદ રાખતી નથી, પછી સુધાને શા માટે કોઈ ચિંતા નથી સતાવતી ? તેને તો ક્યારેય ભવિષ્યની ચિંતા થી ઉદાસ નથી જોઈ.

તરત જ સુધાની આંખ ખુલી ગઈ. તેણે નિર્મલાને હજી જાગતી જોઈ. તો બોલી હજી સુધી સુતી નથી ?

નિર્મલા - ઉંઘ આવતી નથી.

સુધા - આંખ બંધ કરી લે જાતે જ નિંદર આવી જશે. હું તો પલંગમાં પડતાજ મરી જઉ છું તે જાણતા હોય તો પણ ખબર હોતી નથી. ન જાણે કેમ મને આટલી નિંદર આવે છે ? કદાચ કોઈ રોગ છે.

નિર્મલા - હાં ખૂબ મોટો રોગ છે. તેને રાજ-રોગ કહે છે. ડૉક્ટર સાહેબને કહી દવા શરુંકરી દે.

સુધા - તો છેવટે જાગીને શું વિચારવુ ? ક્યારેક ક્યારેક પિયરની યાદ આવી જાય છે તો તે દિવસે આંખો થોડી મોડા બંધ થાય છે.

નિર્મલા - ડૉક્ટર સાહેબની યાદ નથી આવતી.

સુધા - ક્યારેય નહીં, તેની યાદ શા માટે આવે ? જાણુ છુ ટેનિસ રમીને આવ્યા હશે, ખાવાનું ખાધુ હશે અને આરામથી સુતા હશે.

નિર્મલા - લે સોહન પણ ભાગી ગયો ! જ્યારે તું જાગી ગઈ, તો પછી તે શા માટે સુતો રહે.

સુધા - હાં બહેન, તેની અજબ આદત છે. મારી સાથે જ સુવે છે અને મારી સાથે જ જાગે છે. આ જન્મનો કોઈ તપસ્વી છે. જુઓ, તેના માથા પર ચાંદલાનું કેવુ નિશાન છે. હાથ પર પણ તેવુ જ નિશાન છે. જરુર કોઈ તપસ્વી છે.

નિર્મલા - તપસ્વી લોકો ચંદન-તિલક નથી લગાવતા. તે જન્મનો કોઈ ધૂર્ત પૂજારી હશે. કેમ રે, તું ક્યાંનો પૂજારી હતો ? બતાવ ?

સુધા - તેના લગ્ન હું આપણી છોકરી સાથે કરીશ.

નિર્મલા - ચલો બહેન, ગાળ દે છે. બહેન સાથે ભાઈના લગ્ન થતા હશે.

સુધા - હું તો કરીશ, પછી કોઈ ગમે તે કહે, આવી સુંદર વહું બીજે ક્યાંથી પામીશ ? જરા જો તો બહેન, તેનું શરીર કંઈક ગરમ છે કે મને જ એવુ લાગે છે.

નિર્મલાએ સોહનના માથાને અડી કહ્યું - ના ના શરીર ગરમ છે. આ તાવ ક્યારેય આવી ગયો ? દુધ તો પી રહ્યો છે ને ?

સુધા - હમણા જ સુતો હતો, ત્યારે તો શરીર ઠંડુ હતું. કદાચ ઠંડી લાગી ગઈ છે. ઓઢાડીને સુવાડી દઉ છું. સવાર સુધી ઠીક થઈ જશે.

સવાર થઈ તો સોહનની હાલત વધારે ખરાબ થઈ ગઈ તેનું નાક વહેવા લાગ્યુ અને તાવ વધુ ચડી ગયો. આંખો ચઢી ગઈ અને માથુ નમી ગયું. ન તે હાથ-પગ હલાવતો હતો, ન હસતો-બોલતો હતો, બસ ચુપચાપ પડ્યો હતો. એવુ લાગતુ હતું કે આ સમયે તેને બોલવાનું સારુ લાગતુ નથી. કંઈક ઉધરસ પણ આવવા લાગી. હવે તો સુધા ગભરાઈ. નિર્મલાનો પણ મત થયો કે ડૉક્ટર સાહેબને બોલાવવામાં આવે, પરંતુ તેની વૃદ્ધ માતાએ કહ્યું - ડૉક્ટર હકીમનું અહીંયા કોઈ કામ નથી. ચોખ્ખુ દેખાઇ રહ્યું છે. કે બાળકને નજર લાગી ગઈ છે ? અરે, ડૉક્ટર શું કરશે ?

સુધા - માતાજી, અરે અહીંયા નજર કોણ લગાવશે ? હજી સુધી તો ક્યાંય ગયો પણ નથી.

માતા - નજર કોઈ લગાવતુ નથી બેટી, કોઈ-કોઈ માણસની નજર જ ખરાબ હોય છે. પોતાની જાતે જ લાગી જાય છે. ક્યારેક ક્યારેક માં બાપની નજર પણ

લાગી જાય છે. હું તો તેને ઠુમકતો જોઈને ડરી ગઈ હતી. કે કંઈકને કંઈક ખરાબ થવાનું છે. આંખો દેખાતી નથી કેટલી ચઢી ગઈ છે. એ જ નજરની મોટી ઓળખ છે

ઘરડી નોકરાણી અને પડોશની પડિતણે આ કથન ને અનુમોદન આપી દીધું. બસ મંગુએ આવીને બાળકનું મુખ જોયું અને હસીને બોલ્યો - શેઠાણી, આ નજર છે, બીજુ કંઈ નહીં જરા પાતળી-પાતળી સળીઓ તો મંગાવી દો. ભગવાને ઈચ્છયુ તો સંધ્યા સુધી બાળક હસવા લાગશે.

સરકડીના પાંચ ટુકડા લાવવામાં આવ્યા. મંગુએ તેમને બરાબર કરીને એક દોરા સાથે બાંધી દીધા અને કંઈક ગણ ગણી એ જ પીળા હાથથી પાંચ વાર સોહનનું માથુ હલાવ્યુ. હવે જે જોયું, તો પાંચેય સળીઓ નાની-મોટી થઈ ગઈ હતી. બધી સ્ત્રીઓ કૌતુક જોઈને દંગ થઈ ગઈ. હવે નજરમાં કોને શંકા થઈ શકે તેમ હતી ? મંગુએ ફરીથી બાળકને સળીઓથી હલાવવો શરુંકર્યો. હવે સળીઓ બરાબર થઈ ગઈ, માત્ર થોડુક અંતર રહી ગયું, આ બધુ એ વાતનું પ્રમાણ હતું કે નજર હવે થોડી એવી રહી ગઈ છે. મંગુ બધાને આશ્વાસન આપી સાંજે ફરી આવવા નો વાયદો કરી ચાલ્યો ગયો. બાળકની દશા દિવસમાં વધારે ખરાબ થઈ ગઈ. ઉધરસ વધી ગઈ. સાંજના સમયે મંગુએ આવીને સળીઓનો તમાશો કર્યો. આ સમયે પાંચેય સળીઓ બરાબર નીકળી, સ્ત્રિઓ નિશ્ચિત થઈ ગઈ, પરંતુ સોહનની આખી રાત ઉધરસ ખાતા પસાર થઈ ત્યાં સુધી કે કેટલીય વાર તેની આંખો ચઢી ગઈ. સુધા અને નિર્મલા બંને એ બેસીને ઉજાગરો કર્યો, ખૈર, રાત કુશળ વીતી ગઈ. હવે વૃદ્ધ માતાજી નવો રંગ લાવી. મંગુ નજર ન ઉતારી શક્યો, તેની હવે કોઈ માલવી પાસે ફુંક મરાવવી જરુરી થઈ ગયું. સુધા છતા પણ પોતાના પતિને જાણ ન કરી શકી. નોકરાણી સોહનને એક ચાદરમાં લપેટી મસ્જિદમાં લઈ ગઈ અને ફૂંક મરાવી લાવી. સાંજે પણ ફુંકાવી લાવી, પરંતુ સોહને માથુ ન ઉઠાવ્યુ. રાત આવી ગઈ. સુધાએ મનમાં નિશ્ચય કર્યો કે રાત કુશળતાથી વીતશે તો સવારે જ પતિને તાર કરી દઈશ.

પરંતુ રાત કુશળતાથી ન વીતી શકી. અડધી રાત્રે જ બાળક હાથમાંથી નીકળી ગયું. સુધાની જીવન સંપત્તિ જોત-જોતામાં હાથોમાંથી છીનવાઈ ગઈ.

જયારે જેના લગ્નના બે દિવસ પહેલા ગમ્મત થઈ રહી હતી, આજે આખા ઘરને રડાવી રહ્યો છે. જેની ભલી-ભોળો ચહેરો જોઈને માતાની છાતી ફુલી સમાતી ન હતી, તેને આજે જોઈને માતાની છાતી ફાટી જાય છે. આખુ ઘર સુધાને સમજાવતુ હતું, પરંતુ તેના આંસુ રોકાતા ન હતા, ધીરજ ન હતી. સૌથી મોટુ દુઃખ એ હતું કે પતિની શું મોઢુ બતાવીશ. તેમને તો ખબર પણ ન હતી.

રાત્રે જ તાર કરી દીધો, અને બીજા દિવસે નવ વાગતા વાગતા ડૉ. સિન્હા

મોટરમાં આવી પહોંચ્યા સુંધાને તેમના આવવાના ખબર મળ્યા, તો વધારે જોર-જોરથી રડવા લાગી. બાળકની ક્રિયા થઈ ગઈ. ડૉક્ટર સાહેબ કેટલીય વાર અંદર આવ્યા પરંતુ સુધા તેમની પાસે ન ગઈ. તેમની સામે કેવી રીતે

જાઉ ? કયું મોં દેખાડુ ? તેણે પાતાની નાદાનીથી તેના જીવનનું રત્ન છીનવી દરિયામાં નાખી દીધું. હવે તેમની પાસે જતા જતા છાતીના ટુકડા થઈ જતા હતા. બાળકને તેની ગોદમાં જોઈને તેની આંખો ચમકી ઉઠતી હતી. બાળક દોડીને પીતાની ગોદમાં ચાલ્યો જતો હતો. માતા ફરી બોલાવતી તો પિતાની છાતીએ વળગી જતો, ગણા બચકારા-વહાલ છતા પણ બાપની ગોદ છોડતો ન હતો. ત્યારે માં કહેતી ઘણો મતલબી છે. આજે તે કોને ગોદમાં લઈને પતિની પાસે જશે ? તેનો સુનો ખોળ જોઈને મોટેથી રડી ન પડે. પતિની સામે જવા કરતા તેને મરી જવુ સરળ લાગતુ હતું. તે એક ક્ષણ માટે પણ નિર્મલાને છોડતી ન હતી કે ક્યાંય પતિનો સામનો ન થઈ જાય.

નિર્મલાએ કહ્યું - બહેન, હવે તો જે થવાનુ હતું તે થઈ ચુક્યુ, હવે તેમનાથી ક્યાં સુધી ભાગતી ફરીશ ? રાત્રે જ ચાલ્યા જશે. માં કહી રહી હતી.

સુધાએ સજળ નેત્રોથી, તાકતા કહ્યું - કયુ મોં લઈને તેમની પાસે જાઉ ? મને ડર લાગી રહ્યો છે કે તેમની સામે જતા જ મારા પગ કાંપવા ન લાગે અને હું પડી ન જાઉ.

નિર્મલા - ચાલો, હું તમારી સાથે આવુ છું. તમને સંભાળી લઈશ.

સુધા - મને છોડીને ભાગી તો નહીં જાયને ?

નિર્મલા - ના ના ભાગીશ નહીં.

સુધા - મારુ કલેજુ તો અત્યારથી જ ભરાઈ ગયું છે. મારા પર આટલો ઘોર વજતાપ થયો છે છતા પણ બેઠી છુ એ જ આશ્ચર્ય થઈ રહ્યું છે. સોહનને ખૂબ જ પ્રેમ કરતા હતા બહેન. ન જાણે તેના ચિત્તની શું દશા હશે બહેન ! હું એને શું સાંત્વના આપીશ, રોતી જ રહીશ. શું રાત્રે જ ચાલ્યા જશે ?

નિર્મલા - હાં માં કહી રહી હતી. રજા લીધી નથી.

બંને સહેલીઓ પુરુષોની બેઠક તરફ ગઈ, પરંતુ ઓરડાના દ્વાર પર પહોંચીને સુધાએ નિર્મલાને વિદાય કરી દીધી. એકલીજ ઓરડામાં દાખલ થઈ.

ડૉક્ટર સાહેબ ગભરાઈ રહ્યા હતા. ન જાણે સુધાની શું દશા થઈ રહી છે. જુદી-જુદી શંકાઓ મગજમાં આવી રહી હતી. જવા માટે તો તૈયાર થઈ બેઠા હતા, પરંતુ મન ઇચ્છતુ ન હતું. જીવણ જાણે શૂન્ય જેવુ લાગતુ હતું. મનમાં ને

મનમાં કોસી રહ્યા હતા. જો ઈશ્વરે આટલી જલ્દી આ પદાર્થ આપીને છીનવી લેવો હતો તો આપ્યો જ કેમ હતો ? તેમણે ક્યારેય સંતાન માટે ઈશ્વરને પ્રાર્થના પણ કરી ન હતી. તે આજીવન નિ:સંતાન રહી શકાત હતા, પરંતુ સંતાન મેળવીને તેનાથી વંચિત થઈ જવુ તેમને અસહ્ય લાગતુ હતું. શું ખરેખર મનુષ્ય ઈશ્વરનું રમકડુ છે ? આ જ માનવ જીવનનું મહત્વ છે ? તે માત્ર બાળકોનું ઘર છે, જેને બનાવવાનો ન કોઈ હેતુ છે ન બગાડવાનો. છતાં પણ બાળકોને પોતાના ઘરથી - પોતાના કાગળની નાવથી પોતાના લાકડાના ઘોડા સાથે મમતા હોય છે. સારા રમકડાને તે જાણીને પાછળ છુપાવી રાખે છે. જો ઈશ્વર બાળક જ છે, તો તે વિચિત્ર બાળક છે.

પરંતુ બુદ્ધિ તો ઈશ્વરના આ રુપનો સ્વીકાર નથી કરતી. અનંત સૃષ્ટિના કર્તા ઉદંડ બાળક ન હોઈ શકે. આપણે તેના એ બધા સારા ગુણ અપનાવીએ છીએ, જે આપણી બુદ્ધિની પહોંચ થી બહાર છે. રમતિયાળપણુ તો આ મહાન ગુણોમાં નથી ? શું હસતા-રમતા બાળકોના પ્રાણ લઈ લેવા કોઈ ખેલ છે ? શું ઈશ્વર આવો પિશાચિક ખેલ રમે છે.

તરત જ સુધા ધીમા પગલે ઓરડામાં દાખલ થઈ. ડૉક્ટરસાહેબ ઉભા થયા અને તેની નજીક જઈને બોલ્યા - તું ક્યાં હતી સુધી ? હું તારી રાહ જોઈ રહ્યો હતો.

સુધાની આંખોથી કમોરડો દેખાયો. પતિની ગર્દનમાં હાથ નાખીને તેણે છાતી પર માથુ મુકી દીધું અને રડવા લાગી પરંતુ આ આશ્રુધારામાં તેને અસીમ ધૈર્ય અને સાંત્વનાનો અનુભવ થતો ન હતો. પતિની છાતી સાથે લપેટાયેલી તે પોતાના હૃદયમાં એક વિચિત્ર સ્ફૂર્તિ અને બળનો સંચાર થતો અનુભવતી હતી; જાણે પવનની થરથરતો દીવો પાલવની આડમાં આવી ગયો હોય.

ડૉક્ટર સાહેબે પત્નીના આંસુ ભરેલા ગાલોને બંને હાથમાં લઈને કહ્યું - સુધા તું આટલુ નાનુ મન શા માટે કરે છે ? સોહન આપણા જીવનમાં જે કંઈ કરવા આવ્યો હતો, તે કરી ચુક્યો હતો, પછી તે શા માટે બેસી રહે ? જેમ કે કોઈ વૃક્ષ પાણી અને પ્રકાશથી વધે છે, પરંતુ પવનના પ્રબળ ઝોકાથી જ સુદૃઢ બને છે, એ રીતે જ પ્રેમ પણ દુ:ખના આઘાત થી જ વિકાસ પામે છે. ખુશીમાં સાથે હસનારા ઘણા મળી જાય છે, દુ:ખમાં સાથે રડે તે જ સાચો મિત્ર છે. જે પ્રેમીઓને સાથે રડવાનું નસીબ નથી તે મહોબ્બતની મજા શું જાણે ? સોહનના મૃત્યુએ આજે આપણા દ્વૈતને બિલકુલ મીટાવી દીધું. આજે જ આપણે એકબીજાનું સાચું સ્વરુપ જોયું છે.

સુધાએ ડુસકા લેતા કહ્યું - મારી નજર ધોખામાં હતી. હાય ! તમે તો

તેનું મોં પણ ન જોઈ શક્યા. ન જાણે આટલા દિવસોમાં તેને આટલી સમજણ ક્યાંથી આવી ગઈ હતી જ્યારે મને રડતો જોતો, તો પોતાના કષ્ટ ભૂલીને હસી પડતો. ત્રીજા દિવસે મારા લાડલાની આંખો બંધ થી ગઈ. કંઈ દવા-દારુ પણ ન કરી શકી.

આવુ કહેતા-કહેતા સુધાના આંસુ ફરી ઉમટી આવ્યા. ડૉક્ટર સિન્હાએ તેમને છાતી સાથે લગાવીને કરુણા ભરી અવાજે કહ્યું - પ્રિય, આજસુધી કોઈ એવુ બાળક કે વૃદ્ધ નહીં મર્યો હોય જેના ઘરવાળાની તેના દવા-દારુ કરવાની લાલસા પુરી થઈ હશે ?

સુધા - નિર્મલાએ મને મદદ કરી, હું તો એકાદ ઝાકુ પણ ખાઈ લેતી હતી. પરંતુ તેની આંખો બંધ નથી થઈ. રાત-રાત બેસતી કે ફરતી રહેતી હતી. તેનું અહેસાન ક્યારેય નહીં ભૂલુ શું તમે આજે જ જઈ રહ્યા છો ?

ડૉક્ટર - હાં, રજા લેવાનો મોકો જ ન હતો. સિવિલ સર્જન શિકાર રમવા ગયો હતો ?

સુધા - એ બધા હંમેશા શિકાર જ રમ્યા કરે છે.

ડૉક્ટર - રાજાઓને બીજુ કામ પણ શું છે ?

સુધા - હું તો આજે નહીં જવા દઉં.

ડૉક્ટર - મન તો મારુ પણ નથી માનતુ.

સુધા - તો જાવ નહીં. તાર મોકલી દો. હું પણ તમારી સાથે જ આવીશ. નિર્મલાને પણ લઈ જઈશ.

સુધા ત્યાંથી પાછી ફરી તો તેના હૃદયનો ભાર હલકો થઈ ગયો. પતિની પ્રેમભરી કોમળ વાણી તેના બધા શોક સંતાપ હરી લીધા. પ્રેમમાં અસીમ વિશ્વાસ છે, ખૂબ જ ધૈર્ય છે, ખૂબ જ બળ છે.

: ૧૮ :

જ્યારે આપણા પર કોઈ મુશ્કેલી આવી પડે છે, તો આપણને માત્ર દુઃખ જ નથી થતું, આપણે બીજાના મેણા પણ સહન કરવા પડે છે. લોકોને આપણા ઉપર ટિકાઓ કરવાનો સુઅવસર મળી જાય છે, જેના માટે તે હંમેશા

બેચેન રહે છે. મંસારામ શું મર્યો. જાણે સમાજને તેના પર ટોણા મારવાનુ બહાનુ મળી ગયું. અંદરની વાતો કોણ જાણે, પ્રત્યક્ષ તો એ વાત હતી કે સાવકી માંનુ કરતુત છે. ચારે બાજુ એ જ ચર્ચા હતી. ઈશ્વર ન કરે, છોકરાઓને સાવકી માં સાથે નિભાવવુ પડે. જેને પોતાનુ બનેલુ ઘર ઉજાડવુ હોય - પોતાના પ્યારા છોકરાઓની ગરદન પર છરી ફેરવવી હોય, તે છોકરા હોવા છતા બીજા લગ્ન કરે. એવુ ક્યારેય નથી જોયું કે સોતેલી માં આવવાથી ઘર તબાહ ન થયુ હોય, એજ જે બાળકો પર જાન દેતો હતો. સોતેલી આવતાજ એજ બાળકોનો દુશ્મન બની જાય છે - તેની મતિ જ બદલાઈ જાય છે. એવી દેવીએ જન્મ જ નથી લીધો, જેણે સોતેલી ના બાળકોને પોતાના સમજ્યા હોય.

મુશ્કેલી એ હતી કે લોકોને આ ટિકાઓથી સંતોષ ન હતો. કેટલાક એવા સજ્જન પણ હતા જેમને હવે જિયારામ અને સિયારામ સાથે વિશેષ સ્નેહ થઈ ગયો હતો. તે બંને બાળકો સાથે ઘણી સહાનુભૂતિ પ્રગટ કરતા. ત્યાં સુધી કે એક-બે મહિલાઓ તો તેના માતાના ચારિત્ર્ય અને સ્વભાવ ને યાદ કરી આસુ સારતી હતી ! હાય-હાય ! બિચારી શું જાણતી હતી કે તેના મરતા જ તેના લાડલાઓની આ ખરાબ દશા થશે. હવે દુધ-માખણ કેવી રીતે મળતા હશે.

જિયારામ કહેતો - મળતા કેમ નથી ?

મહિલા કહેતી - મળે છે ! અરે બેટા, મળવાનુ પણ કેટાલાય પ્રકારનું હોય છે. પાણીવાળુ દુધ ટકે શેર મંગાવી રાખી દીધું, પીવો કે ન પીવો - કોણ પૂછે છે ? નહીં તો બિચારી નોકર સાથે દુધ છોડાવી મંગાવતી હતી, એ તો ચહેરો જ કહી દે છે. દુધની સુરત નથી રહી.

જિયારામને પોતાની માં ના સમયના દુધનો સ્વાદ તો યાદ ન હતો, જે આ આક્ષેપનો જવાબ દે અને ન તે સમયની પોતાની સુરત યાદ હતી. ચુપ રહી જતો. આ શુભકામનાઓની અસર થવી પણ સ્વભાવિક હતું. જિયારામને પોતાનાં ઘરવાળાઓ સાથે ચિઢ થઈ જતી હતી ! મુન્શીજી મકાન નીલામ થઈ

ગયા પછી બીજા ઘરમાં ભાડાની ચિંતા થઈ. નિર્મલાએ માખણ બંધ કરી દીધું. તે આવક જ રહી તો ખર્ચ કેવીરીતે થાય ! બંને નોકરોને છુટા કરી દીધા. જિયારામને આ કરકસર ખરાબ લાગતી હતી. હવે નિર્મલા પિયર ચાલી ગઈ, તો મુન્શીજીએ દુધ પણ બંધ કરી દુધુ. નવજાત કન્યાની ચિંતા અત્યારથી તેના માથા પર સવાર થઈ ગઈ.

જિયારામે બગડીને કહ્યું - દુધ બંધ કરવાથી તમારો મહેલ બની જશે, ભોજન પણ બંધ કરી દો.

મુન્શીજી - દુધ પીવાનો શોખ છે તો જઈને દોહી કેમ લાવતો નથી. પાણીના પૈસા તો મારાથી ન આપી શકાય.

જિયારામ - હું દોહવા જાવ અને કોઈ સ્કૂલનો છોકરો જોઈ લે ત્યારે ?

મુન્શીજી - ત્યારે કંઈ નહીં, કહી દેવાનું પોતાના માટે દુધ લઈ જઉ છું દુધ લાવવુ કોઈ ચોરી તો નથી.

જિયારામ - ચોરી તો નથી. તેમને જ કોઈ દુધ લાવતા જુએ તો, તમને શર્મ નહીં આવે ?

મુન્શીજી - જરાપણ નહીં, મેં આ જ હાથેથી પાણી ખેંચ્યુ છે અનાજની પોટલીઓ લાયો છું. મારાબાપ લખપતિ ન હતા.

જિયારામ - મારો બાપ તો ગરીબ નથી. તો હું દુધ શા માટે લાઉ ? છેવટે તમે નોકરોને શા માટે જવાબ આપી દીધો.

મુન્શીજી - હવે તને એટલુ પણ નથી સુજતુ કે મારી આવક હવે પહેલા જેટલી રહી નથી. એટલો તો નાદાન નથી.

જિયારામ - છેવટે તમારી આવક કેમ ઓછી થઈ ગઈ.

મુન્શીજી - જ્યારે તારામાં અક્કલ નથી તો કેવી રીતે સમજાઉ ?

અહીંયા જિંદગીથી તંગ આવી ગયો છું, કેસ કોણલે, અને લઈએ તો તૈયાર કોણ કરે ? તે મન જ નથી રહ્યું. હવે જિંદગીના દિવસો પુરા કરી રહ્યો છું. બધા અરમાન લલ્લુની સાથે ચાલ્યા ગયા.

જિયારામ - તમારા હાથે જ નેં ?

મુન્શીજી એ મોટા અવાજે કહ્યું - અરે કમ અક્કલ ! આ ઈશ્વરની મરજી હતી. પોતાના હાથે કોઈ પોતાનુ ગળુ કાપે છે.

જિયારામ - ઈશ્વર તો તમારા લગ્ન કરવા આવ્યો ન હતો.

મુન્શીજી હવે ન સહન કરી શક્યા. લાલ આંખો કાઢીને બોલ્યા, આજે તું લડવા માટે કમર બાંધીને આવ્યો છું ? છેવટે કયા આધારે ? મારી રોટલી તો નથી ચલાવતો ? જ્યારે એ લાયક થઈ જાય, તો મને ઉપદેશ આપજે. ત્યારે હું સાંભળી લઈશ અત્યારે તારો મને ઉપદેશ આપવાનો અધિકાર નથી. થોડા દિવસ શિષ્ટાચાર શીખો. તું મારો સલાહકાર નથી કે હું કામ કરું અને તારી સલાહ લઉ. મારી કમાયેલી દોલત જ છે. હું તેને ઇચ્છુ તેમ ખર્ચ કરી શકુ છું. તને બોલવાનો હર નથી. જો તે ફરીથી મારી સાથે આવું ખરાબ વર્તન કર્યુ તો પરિણામ ખરાબ આવશે. જ્યારે મંસારામ જેવા રત્નને ખોઈને પણ મારા પ્રાણ ન નીકળ્યા તો, તાપા વગર મરી જઈશ નહીં.

આટલી કડક સાંભળીને પણ જિયારામ ત્યાંથી ન ટળ્યો, નિઃશંક ભાવથી બોલ્યો - તો તમે શું ઇચ્છો છો કે અમને ગમે તેટલી તકલીફ પડે. મોઢુ ન ખોલીએ ? મારાથી તો આ નહીં થાય ભાઈ સાહેબને જે સંસ્કાર, શિષ્ટાચારનું જે પરિણામ મળ્યું, તેની મને ભુખ નથી. મારામાં ઝેર ખાઈને જીવ આપવાની હિમ્મત નથી ! આવા સંસ્કારોને દુરથી જ નમન.

મુન્શીજી - તને આવી વાત કરતા શરમ નથી આવતી ?

જિયારામ - છોકરા પોતાના વડીલોની જ નકલ કરે છે.

મુન્શીજી નો ક્રોધ શાંત થઈ ગયો. જિયારામ પર તેની કંઈ જ અસર નહીં થાય. તેની તેમને ખબર પડી ગઈ. આજે તેમને સુચના મળી ગઈ કે આ ઘરનો ટુંક સમયમાં સર્વનાશ થવાનો છે.

તે દિવસથી પિતા અને પુત્રમાં કોઈને કોઈ વાત પર એક માથાકુટ થઈ જતી. એક વખત જિયારામે ત્યાં સુધી કહી દીધું કે, બાપ છે એટલે છોડી દઉં છું

નહીંતર મારા એવા મિત્રો છે કે, ભરબજારમાં મારું. રુક્મણી મુન્શીજીને વાત કરી તો તેમણે વાત ઉડાવી દીધી પણ તેમના મનમાં શંકા ઊભી થઈ. સાંજે ફરવાનું છોડી દીધું. તેમને નવી ચીંતા ઊભી થઈ તે આજ ભયથી નિર્મલાને લાવતા ન હતા કે શેતાન તેની સાથે પણ અનર્થ ન કરી દે. જિયારામ એક વખત કહી ચુક્યો હતો, જોઉં છું તે હવે કેમ કરી ઘરમાં પગ મુકે છે? મુન્શીજી ડરી ગયા. સાચી વાત છે, જેને કોઈ ન પહોંચે તેને તેનું પેટ પહોંચે.

એક દિવસ ડૉક્ટરે સિન્હાએ જયારામને સમજાવવાનું શરુંકર્યું. જિયારામ તેમની ઈજ્જત કરતો હતો. ચુપચાપ સાંભળતો રહ્યો. ડૉક્ટરે પૂછ્યુ, તું અંતે ઇચ્છે છે શું?

તે બોલ્યો, કહું? ખોટુ તો નહીં લાગે ને?

સિન્હા - ના, જે તારા દિલમાં હોય એ સાફ-સાફ કહી દે.

જિયારામ - જ્યારથી ભાઈનું મોત થયુ છે ત્યારથી પિતાનું મોં જોઈને જ મને ગુસ્સો આવે છે. એમ લાગે છે કે, ભાઈની હત્યા તેમણે જ કરી છે અને એક દવસ તક જોઈને અમારા બે ભાઈઓની પણ હત્યા કરી નાંખશે, જો તેમની આ ઈચ્છા ન હોતતો લગ્ન કેમ કરતા?

ડૉક્ટરે ખૂબ મુશ્કેલીથી હસવુ રોકી કહ્યું - તમારી હત્યા કરવા તેમને લગ્ન કરવાની જરુર પડી મારી સમજમાં ન આવ્યું. એ તો લગ્ન કર્યા વગર પણ કરી શકતા હતા.

જિયારામ - એક સમયે તે અમને ખૂબ પ્રેમ કરતા હતા. હવે મોં જોવા માંગતા નથી. તેમની ઇચ્છા છે કે બે સિવાય ઘરમાં બીજુ કોઈ ન રહે. એટલે તકલીફો આવી ભગાડી દેવા માંગે છે. આજકાલ કેસ પણ લેતા નથી. અમે બંને ભાગી જઈએ પછી જોજો કેવી બહાર આવે છે.

ડૉક્ટર - તમને ભગાડવા હોય તો કોઈપણ આરોપ લગાવી શકે છે.

જિયા - એ પહેલા હું તૈયાર બેઠો છું.

ડૉક્ટર - શું તૈયારી કરી છે?

જિયા - જ્યારે તક મળે ત્યારે જોઈ લેજો. આમ કહી જિયારામ ચાલવા માંડ્યો. ડૉક્ટરે બહુ બુમો મારી પણ તેણે ન સાંભળી.

ઘણા દિવસ પછી ફરી મુલાકાત થઈ. ડૉક્ટર ફિલ્મોની શોખીન હતા જિયારામ તો હતો જ. ડૉક્ટરે ફિલ્મની વાત કરી જિયારામને વાતોમાં લગાવી દીધો. તેમના ઘરે લઈ આવ્યા. ભોજન સાથે કરવા બેઠા. જિયારામને બહુ મજા આવી. માટે ત્યાં હોઈ વૈષ્ણવી ભોજન બનાવે છે. જરા મજા નથી આવતી. માંડ માંડ ખાઉં છું.

ડૉક્ટર - તારા ફોઈ ડુંગળી લસણને અડતા નહીં હોય.

જિયા - હા બાફીને મૂકી દે છે. બાબુજીને પરવાહ નથી કે કોઈ ખાય કે ન ખાય. એટલે મહારાજને છુટો કરી દીધો. રુપિયા નથી તો રોજ ઘરેણા નવા ક્યાંથી બને છે?

ડૉક્ટર - એવુ નથી, ખરેખર એમની આવક ખૂબ ઓછી થઈ ગઈ છે. તું એમને ખૂબ તંગ કરે છે.

જિયા - હું તંગ કરું છું? ઉપરથી એ મને બદનામ કરવાની કોઈ તક છોડતા નથી. કાલે મેં કહી દીધું કે તમને ગમે કે ન ગમે. મારા દોસ્તો ઘરમાં આવશે.

ડૉક્ટર - મને તો એમની બહુ દ્યા આવે છે. એક તો ઘડપણ ઉપરથી પુત્રનો શોક, વૃદ્ધ માણસ કરી પણ શું શકે? ઉપરથી તારે એમને ખુશ રાખવા જોઈએજ. પૂછવું જોઈએ, બાપુજી આટલો ખર્ચ તમે કેવી રીતે કરી શકો છો? તમારી તબીયત કેવી છે? સાચું કહું છુ, ઘણીવાર મારી પાસે રડી ગયા છે. તારે એમની સેવા કરવી જોઈએ. એ ખૂબ દુ:ખી છે. માતા-પિતાએ આપણા ઉપર ખૂબ મોટો ઉપકાર હોય છે. ભલા આ દુનિયામાં એમનાથી મોટા આપણા બીજા કોણ હિતેચ્છુ હોઈ શકે?

જિયારામ રડતા બેસી રહ્યો. તેને તેની નફફટાઈ દેખાતી હતી. તેણે રડતા ડૉક્ટરને કહ્યું, હું બહું શરમીંદો છું. હું બીજાની વાતોમાં આવી ગયો, તમે પિતાજીને કહી મને માફી અપાવી દે. ખરેખર હું ખૂબ કમનસીબ છું. એમને

કહી મને માફી અપાવી દો. નહીતર હું મોં કાળુ કરી ડુબી મરીશ. ડૉક્ટરે જિયારામને ગળે લગાવ્યો. જિયારામ ઘરે પહોંચ્યો તો ૧૧ વાગી ચૂક્યા હતા. મુન્શીજી જમીને હમણા જ બહાર આવ્યા હતા. તેને જોતા જ બોલ્યા, ખબર પડે છે કેટલા વાગ્યા ? બાર વાગવા આવ્યા.

જિયારામ - ડો. સિન્હા મળી ગયા તેમની સાથે તેમના ઘરે ગયો હતો. તેમણે જબરજસ્તી જમવા બેસાડી દીધો. જેથી મોડુ થઈ ગયું.

મુન્શીજી - ડૉક્ટર સિન્હાને ફરીયાદો કરવા ગયો હોઈશ કે બીજુ કોઈ કામ હતું ?

જિયારામ - એમ કરવાની મારી ટેવ નથી.

મુન્શીજી - હાં તને તો બોલતા જ ક્યાં આવડે છે. લોકો તારા વિશે જે વાતો કરે છે તે ઉપરથી કાઢતા હશે.

જિયારામ - આજે ડૉક્ટર સિન્હા સાથે એવી કોઈ વાત થઈ નથી જે તમને ન કહી શકું.

મુન્શી - બહુ આનંદની વાત છે. આજથી ગુરુ દીક્ષા લઈ લીધી છે કે શું ?

જિયારામ - પોતાના સુધારા માટે ગુરુમંત્રની કોઈ જરુર નથી હોતી.

મુન્શી - તું લુચ્ચો છે ?

જિયારામ - તમે આમ કેમ કહો છો. તમારી પાસે તેના કોઈ પુરાવા છે ?

મુન્શી - તારા દોસ્તો બધા લુચ્ચા-લફંગા છે. એક પણ સારો મિત્ર નથી. છેલ્લીવાર કહુ છું, બધાને ભેગા ન કરીશ નહીંતર મારે પોલીસની મદદ લેવી પડશે.

જિયારામ - મારા મિત્રોમાં મોટાભાગના પોલીસના મિત્રો છે. તમે મને સુધારવા નીકળ્યા છો તો હુ શા માટે તકલીફ લઉં, આમ કહી તે રુમમાં ચાલ્યો ગયો. એક ક્ષણ પછી હાર્મોનિયમનો અવાજ આવવા લાગ્યો.

: ૧૯ :

હવે સુધા અને નિર્મલાને આવવું પડ્યુ. તે તો પિયરમાં રોકાવા માંગતી હતી. પણ સુધાના કારણે આવવું પડ્યું.

રુક્મણીએ મૂંગી ને કહ્યું, જોયું વહુ પિયરથી કેવી બદલાઈને આવી છે ?

મૂંગી - માં ના હાથની રસોઈ દિકરીઓને બહુ સ્વાદિષ્ટ લાગે છે. નિર્મલાને કહ્યું કે, ઘરમાં કોઈ ખૂશ નથી. મુન્શીજીએ ખુશા બતાવી પણ ચિંતા છુપાવી ન શક્યા, પુત્રીનું નામ સુધાએ આશા રાખ્યુ હતું. મુન્શીજી તેડવા ગયા તો રડી માપાવે ચાલી ગઈ. જાણે તેમને ઓળખી ન હતી.

મુન્શી - જિયા મિઠાઈ લઈ આવતો.

જિયા - અમારા માટે તો મિઠાઈ લાવતી નથી.

મુન્શી - તું બાળક નથી.

જિયા - તો શું બુઢ્ઢો છું ?

મુન્શી - મારી પાસે પૈસા નથી હાલ. જા જલ્દી જાવ સિયા.

જિયા - સિયા નહીં જાય. આશા તેના બાપની દિકરી છે. તો સિયા પણ તેના બાપનો દિકરો છે.

મુન્શી - શું નકામી વાતો કરે છે નાની બાળકી સાથે બરાબરી કરતા શરમ નથી આવતી ? જા સિયારામ આ પૈસા લે.

જિયારામ - જઈશ નહીં સિયા ! તું કોઈનો નોકર નથી.

સિયા દ્વિધામાં પડી ગયો. કોનું કહેવુ માને ? છેવટે તેણે જિયારામનું કહેવું માનવાનો નિશ્ચય કર્યો. બાપ તો વધારે માં વધારે ખીજાસે, જિયા તો મારસે, પછી કોની પાસે ફરિયાજ લઈને જશે. બોલ્યો - હું નહીં જાઉ.

મુન્શીજી - જાતે જ બહાર ચાલ્યા ગયા અને એક રુપિયાની મિઠાઈ લઈને

પાછા ફર્યા. બે આનાની મિઠાઈ માંગતા તેમને શરમ આવી. હલવાઈ તેને ઓળખતો હતો. મનમાં શું કહેશે ?

મિઠાઈ લઈ મુન્શીજી અંદર ચાલ્યા ગયા. સિયારામે મિઠાઈની મોટી દોણી જોઈ, તો બાપુનું કહેવાનું ન માન્યાનું દુ:ખ થયું. હવે તે ક્યા મોં એ મિઠાઈ લેવા અંદર જશે ? મોટી ભૂલ થઈ તે મનમાં જ જિયારામ થી થપ્પડ અને મિઠાઈની મિઠાસની તુલના કરવા લાગ્યો.

તરત જ નોકરાણીએ બે ડીસો બંનેની સામે લાવીને રાખી દીધી.

જિયારામે બગડીને કહ્યું - આ ને લઈ જા.

નોકારણી - શા માટે બગડો છો બાબુ, શું મિઠાઈ સારી નથી લાગતી ?

જિયારામ - મિઠાઈ આશા માટે આવી છે મારા માટે નહીં. લઈ જા નહીં તો હું રસ્તા પર ફેંકી દઈશ. અમે તો પૈસા-પૈસા માટે રડતા રહીએ છીએ અને અહીંયા રુપિયાની મિઠાઈ આવે છે.

નોકરાણી - તું લઈ લે સિયાબાબુ, આ તો નહીં લે.

સિયારામે ડરતા ડરતા હાથ લાંબો કર્યો કે જિયારામે ગુસ્સા માં કહ્યું - મિઠાઈ અડતો નહીં, નહીં તો હાથ તોડી નાખીશ, લાલચુ ક્યાય નો.

સિયારામ આ ગુસ્સાથી સમસમી ઉઠ્યો, મિઠાઈ લેવાની હિમ્મત ન થઈ. નિર્મલાએ સાંભળ્યુ, તો બંને છોકરાઓને મનાવવા ચાલી. મુન્શીજીએ સોગંદ આપી રોકી રાખી.

નિર્મલા - તમે સમજતા નથી, આ બધો ગુસ્સો મારા પર છે.

મુન્શીજી - બદમાશ થઈ ગયો છે. એ ખ્યાલથી કોઈ કડકાઈ નથી કરતો કે લોકો કહેશે, માં વગરના બાળકોને સતાવે છે. નહીં તો બધી બદમાશી એકપળમાં કાઢી નાખું.

નિર્મલા - આ બદમાંશીનો મને પણ ડર છે.

મુન્શીજી - હવે નહીં ડરુ, જેના મનમાં જે આવે તે કહે.

નિર્મલા - પહેલા તો આવા ન હતા.

મુન્શીજી - જી કહે છે કે તમારા છોકરા હાજર હતા, તો તમે લગ્ન કેમ કર્યા. એવુ કહેતા તેને સંકોચ પણ થતો નથી. કે તમે લોકોએ મંસારામને ઝેર આપી દીધું. છોકરો નહીં દુશ્મન છે.

જિયારામ દરવાજા પર છુપાઈને ઉભો હતો. સ્ત્રી-પુરુષ વચ્ચે મિઠાઈ અંગે શું વાતો થાય છે આ સાંભળવા આવ્યો હતો. મુન્શીજી નું અંતિમ વાક્ય સાંભળી તોનાથી રહેવાયુ નહીં બોલ્યો - દુશ્મન ન હોત તો તમે તેની પાછળ કેમ ન પડ્યા? તમે જે આ સમયે કહી રહ્યો છો, તે હું ઘણા સમય પહેલા સમજી ચુક્યો છું? ભાઈ સમજ્યો નહી, દગો ખાઈ ગયો. અમારી પાસે તમારી દાળ નહીં ગળે. આખુ જગત કહી રહ્યું છે કે ભાઈ સાહેબને ઝેર આપવમાં આવ્યુ છે. હું કહું છું તમને લોકોને ગુસ્સો કેમ આવે છે.

નિર્મલા તો સન્નાટામાં આવી ગઈ. લાગ્યુ કે જાણે કોઈએ તેના શરીર પર અંગારા નાખી દીધા. મુન્શીજી એ ખીજાઈને જિયારામને ચુપ કરાવવા ઈચ્છ્યુ. પરંતુ જિયારામ નિઃશંક ઉભો ઈંટોનો જવાબ પથ્થરથી આપી રહ્યો હતો. ત્યાં સુધી કે નિર્મલાને પણ તેના પર ક્રોધ આવી ગયો. આ કાલનો છોકરો કોઈ ન કામનો ન કાજનો. આમ ઉભો ધમકાવે છે, જેમ કે ઘરનું પાલન-પોષણ એ જ કરતો હોય. ગુસ્સામાં બોલી - બહું થયુ જિયારામ. લાગે છે કે તું ઘણો લાયક થઈ ગયો છે. બહાર જઈને બેસો.

મુન્શીજી અત્યાર સુધી કઈક દબાઈને બોલતા હતા, નિર્મલાનો સાથ મળતા મન વધી ગયું. દાંત પીસીને ધસ્યા અને તેના પહેલા કે નિર્મલા તેમનો હાથ પકડી શકે, એક થપ્પડ ચલાવી જ દીધી. થપ્પડ નિર્મલાના મોં પર પડી. તે સામે પડી માથું ચકરાઈ ગયું. મુન્શીજીના સુકાયેલા હાથોમાં પણ આટલી શક્તિ

છે. તેનું તે અનુમાન ન કરી શકી હતી. માથુ પકડીને બેસી ગઈ. મુન્શીજીનો ક્રોધ વધારે ભડકી ઉઠ્યો, પછી ધુંસો ચલાવ્યો પરંતુ હવે જિયારામે તેમનો હાથ પકડી લીધો અને પાછળ ધકેલીને બોલ્યો - દુરથી વાત કરો, શા માટે નકામી તમારી બેઈજ્જતી કરાવો છો ? માતાજીની શરમ રાખુ છુ નહીં તો દેખાડી દેત.

એવુ કહેતો બહાર ચાલ્યો ગયો. મુન્શીજી ચુપચાપ ઉભા રહ્યા. આ સમયે જો જિયા પર વજ્ર પડતુ હોત તો, કદાચ તેમને મનથી આનંદ થાત. જે પુત્રને ક્યારેય ગોદમાં લઈને ન્યાલ થઈ જતા હતા, તેના જ પ્રત્યે આજે અલગ-અલગ પ્રકારની ખરાબ કલ્પનાઓ મનમાં આવી રહી હતી.

રુક્મણી અત્યાર સુધીતો પોતાના ઓરડામાં હતી, હવે આવીને બોલી, પુત્ર જ્યારે આપણા બરાબરનો થઈ જાય તો તેના પર હાથ ન ઉપાડવો જોઈએ.

મુન્શીજી હોઠ ચાવતા બોલ્યા - હું તેને ઘરમાંથી કાઢી મુકીશ ભીખ માંગે કે ચોરી કરે મને તેનાથી કોઈ મતલબ નથી.

રુક્મણી - નાક કોનું કપાશે ?

મુન્શીજી - તેની ચિંતા નથી.

નિર્મલા - હું જાણતી હોત કે મારા આવવાથી આવુ તોફાન ઉભુ થશે, તો ભૂલીને પણ ન આવતી. હજી પણ સારુ છે. મને મોકલી દો. આ ઘરમાં મારાથી નહીં રહેવાય.

રુક્મણી - તારી શરમ રાખે છે વહુ ! નહીં તો આજે ઘણુ અનર્થ જ થઈ જાત.

નિર્મલા - હવે વધારે અનર્થ થશે દીદીજી. હું તો ફુંકી ફુંકીને પગ મુકુ છું છતા પણ અપયશ લાગે જ છે. હજી તો ઘરમાં પગ મુક્યો, આ હાલ થઈ ગયા. ઈશ્વર જ કુશળ કરે.

રાત્રે ભોજન કરવા ન ઉઠ્યો. એકલા મુન્શીજીએ ખાધુ. નિર્મલાને આજે નવી ચીંતા થઈ ગઈ. જીવન કેવી રીતે પાર પડશે. પોતાનુ જ પેટ હોત તો ખાસ ચિંતા ન હતી. હવે તો એક નવી મુશ્કેલી ગળે પડે હતી. તે વિચારી રહી હતી. બાળકીના ભાગ્યમાં શું લખ્યુ છે. રામ !

: ૨૦ :

ચિંતામાં નિંદર ક્યાં આવે છે? નિર્મલા પલંગ પર પડખા બદલતી હતી. કેટલુ ઇચ્છતી હતી કે નિંદર આવી જાય. પરંતુ નિંદરે તો ન આવવાના સોગંદ લીધા હતા, દિવો ઓલવી નાખ્યો. બારી દરવાજા પણ ખોલી નાખ્યા હતા. ટિક ટિક કરવાવાળી ઘડિયાળ પણ બીજા ઓરડમાં મુકી આવી હતી. પરંતુ નીંદરનું નામ ન હતું. જેટલી વાતો વિચારવાની હતી, બધુ વિચારી ચુકી - ચિંતાઓનો પણ અંત થઈ ગયો. પરંતુ ઉંઘ ન આવી. ત્યારે તેણે ફરી લેમ્પ સળગાવ્યો અને પુસ્તક વાંચવા લાગી. બે-ચાર પાના જ વાંચ્યા હશે કે ઝોકુ આવી ગયું. ચોપડી ખુલ્લી જ રહી ગઈ.

તરત જ જિયારામે ઓરડામાં પગ મુક્યો. તેના પગ થર-થર કાંપી રહ્યા હતા. તેણે ઓરડામાં ઉપર-નીચે જોયું. નિર્મલા સુતેલી હતી, તેના અલમારી પર એક નાનકડી પીત્તળની પેટી રાખેલી હતી. જિયારામ ધીમા પગલે ગય. ધીરેથી પેટી ઉતારી અને ખૂબ જ ઝડપથી ઓરડની બહાર નીકળ્યો. એજ સમયે નિર્મલાની આંખો ખુલી ગઈ. ચોંકીને ઊભી થઈ ગઈ. દરવાજે આવીને જોયું. કલેજી ધક થઈ ગયું. શું તે જિયારામ છે ? મારા ઓરડામાં શું કરવા આવ્યો

હતો ? ક્યાંય મને ધોખો તો નથી થયો. કદાચ દીદીના ઓરડમાં આવ્યો હોય ? અહીંયા તેનું કામ જ શું હતું ? કદાચ મને કંઈક કહેવા આવ્યો હોય, પરંતુ આ સમયે શું કહેવા આવ્યો હશે ? તેની દાનત શું છે ? તેનું હૃદય કંપી ઉઠ્યુ.

મુન્શીજી છત પર સૂતા હતા. નિર્મલાને પણ ઇચ્છા થઈ પણ પલંગ ન હોવાના કારણે તે આમ ન કરી શકી. તેને મુન્શીજીને જગાડવાની ઇચ્છા થઈ પણ તે એમ કરી ન શકી. શક્કી માનવી છે. શું નુ શું કરી બેસે. સવારે તે જિયારામ પાસે પહોંચી. તે ચોંકી ઉઠ્યો કેમ કે રોજ મૂંગી આવતી હતી. નિર્મલા સામે તે જોવાની હિંમત ન કરી શક્યો.

નિર્મલા - રાત્રે તું અમારા રુમમાં ગયો હતો ?

જિયારામ - હું ? હુ શું કરવા જાઉ ? કોઈ ગયું હતું ?

નિર્મલા - હાં મને એવું લાગ્યુ કે કોઈ મારા રુમમાંથી નીકળી રહ્યું છે. મેં તેનો ચહેરો તો જોયો નથી પણ તેની પીઠ પરથી અનુમાન લગાવી શકુ છું. કદાચ તું કોઈ કામથી આવ્યો હોય. કોઈ આવ્યું હતું, તે નક્કી છે.

જિયારામ - હું તો રાત્રે સિનેમાં જોવા ગયો હતો. રાત્રે મોડુ થતા મિત્રના ઘરે જ સૂઈ ગયો હતો. હમણાં થોડીવાર પહેલા જ આવ્યો છુ. જોજો કોઈને આ વાત કરતા. બાબુજીનો સ્વભાવ તો તમે જાણો જ છો ?

નિર્મલા - તારુ નામ કેવી રીતે આવે ? કોઈ પોતાની ચીજ ઉપર નજર થોડી બગાડે છે ? હજુ સુધી નિર્મલાની નજર પેટી ઉપર પડી ન હતી. વકીલ કચેરી ગયા તો તે સુધાને મળવા ચાલી ગઈ. ઘણાં દિવસોથી તે બંને મળ્યા ન હતા.

મૂંગીને કહ્યું, રુમમાંથી ઘરેણાંની પેટી લાવ.

મૂંગી - ત્યાં નથી. ક્યાં મૂકી હતી ?

નિર્મલા - તારું કોઈ વાતમાં ધ્યાન હોતુ નથી કબાટમાં જો.

મૂંગી - ત્યાં પણ નથી.

નિર્મલા - તને કંઈ નહીં દેખાય. જો લઈને આવું છુ કે નહીં નિર્મલાએ બધુ ફેંદી નાખ્યુ પણ ક્યાંય પેટી ન મળી. તેને નવાઈ લાગી પેટી ગઈ ક્યા ?

અચાનકતેને રાતવાળી વાત યાદ આવી. બહુ શોધી પણ નિરાશા મળી. નિર્મલા પાસે પાંચ-છ હજારના ઘરેણાં હતા. એ જતા રહ્યા. રડી રડીને આંખો સૂઝી ગઈ તેની. ત્રણ વાગે જિયારામ સ્કૂલેથી આવ્યો તે બોલી, મઝાક કરી હોય તો આપી દે ભાઈ, શું કરવા દુઃખી કરે છે ?

જિયારામ - તમે મને ચોર સમજો છો ? તેણે આશ્વાસન આપતા કહ્યું, ચલો પ્રયાસ કરું છુ, ચોર કયા રસ્તેથી આવ્યા હશે.

મૂંગી - અહીં તો ચારે બાજુ બારીઓ જ બારીઓ છે. ચાર વાગે મુન્શીજી આવ્યા, કેવી છે તબીયત નિર્મલા રડવા લાગી.

મૂંગી - આજ સુધી કોઈ ચોરી થઈ નથી આ ઘરમાં.

મુન્શી - શું ચોરી થઈ કઈ ચીજની ?

મૂંગી - વહુના બધા ઘરેણા ચોરી થઈ ગયા.

મુન્શીજી - ક્યાં રાખ્યા હતા ?

નિર્મલાએ રાતની બધી વાત કરી.

મુન્શીજી - હું કહેતો હતો કે ઘરેણાં જયાં-ત્યાં ન મૂકો. પણ મારી વાત માને કોણ ?

નિર્મલા - મને શી ખબર કે આમ બનશે ?

મુન્શીજી - પોલીસમાં જાણ કરું છું. ઘરમાં મળવાની કોઈ આશા ન રાખીશ.

નિર્મલા - બધા જાણે છે પોલીસમાં જાણ કરવાથી કંઈ વળતુ નથી શું કરવા જાવ છો ?

મુન્શીજી - આટલુ મોટુ નુકશાન સહન કરીને ચુપ થોડુ બેસાય ?

નિર્મલા - મળવાના હોત તો ક્યારના મળી જાત. નસીબમાં ન હતા બીજુ શું.

મુન્શીજી - નસીબમાં હશે તો મળી જશે.

નિર્મલા - હું કહુ છુ ન જાવ.

મુન્શીજી - બાળકો જેવી વાત ન કર. મારા પર જે વીતે છે તે હું જ જાણુ છું. મુન્શીજી પોલીસ સ્ટેશને પહોંચ્યા. થાણેદાર તેમની બહુ ઈજ્જત કરતો હતો. તેમણે એકવાર તેને લાંચ કેસમાંથી છોડાવ્યો હતો.

તેનું હતું - અલારખા. સાંજ પડી ગઈ હતી. થાણેદારે મકાનની બધી બાજુ તપાસ કરી નિર્લાના રુમ તરફ ધ્યાનથી જોયું. મહોલ્લાના બે-ચાર લોકો સાથે વાત કરી.

મુન્શીજી - જનાબ આ કોઈ બહારના વ્યકતિનું કામ નથી.

થાણેદાર - ઘરમાં કોણ-કોણ છે.

મુન્શીજી - મારા બે છોકરા, પત્ની અને બહેન છે.

થાણેદાર - બે-ચાર દિવસમાં ચોરને પકડી લાવીશ.

મુન્શીજીએ નિર્મલા સાથે વાત કરી તો તે બોલી, થાણેદારને કહે તપાસ ન કરે.

મુન્શીજી - પણ કેમ ?

નિર્મલા - ઘરના વ્યક્તિનું જ કામ છે.

મુન્શીજી - એને બોલવા દે.

જિયારામ તેના રુમમાં બાળપણના દિવસો યાદ કરી રહ્યો હતો તેણે મૂંગીને પૂછ્યું, થાણેદાર શું કહી રહ્યો હતો ?

મૂંગી - ઘરના જ કોઈ વ્યક્તિનું કામ છે.

જિયારામ - તુ સાક્ષી બનીશ ને ?

મૂંગી - ના ભાઈ વહુ કહેતી હતી તપાસ બંધ કરાવશે.

જિયારામ - સાચે ?

મૂંગી - હા, ભાઈ પણ બાબુજી માનતા નથી.

જિયારામ પાંચ-છ દિવસ જમ્યો નહીં. તેની રાતોની ઉંઘ પણ ઉડી ગઈ હતી. જે રીતે થાણેદાર તપાસ કરી રહ્યા હતા તેનાથી તે વધારે ગભરાતો હતો. સાતમા દિવસે તે ભાગી પડ્યો હતો. બચવાનો કોઈ ઉપાય ન હતો. આખા શહેરમાં હવા હતી કે, બેટાએ ચોરી કરી છે. મુન્શીએ કપડા બદલ્યા વગર પલંગ પર લંબાવ્યું.

નિર્મલા - શું વાત છે ? ચિંતામાં કેમ છો ?

મુન્શીજી - દાગીના મળી ગયા. હવે જિયાનું બચવુ મુશ્કેલ છે.

નિર્મલા - હું તો પહેલેથી કહેતી હતી કે તપાસ બંધ કરાવો.

મુન્શીજી - તને જિયા પર શક હતો ?

નિર્મલા - આ વાત કહેવાની નહીં સમજવાની છે.

મુન્શીજી - તારે મને કહી દેવુ જોઈએ ને તો આ નોબત ન આવતી. હું ચોકી જાઉં છું અખબાર માં આવતો જ હશે.

નિર્મલા - હવે ? કંઈ આપીને બચાવી શકાય તો રુપિયા આપવા હું તૈયાર છું.

મુન્શી - કેટલા રુપિયા આપી શકીશ. ૧૦૦૦ તો જોઈશે જ.

નિર્મલા - થઈ જશે ચિંતા ન કરો. જાવ ચોકી પહોંચો. મુન્શીએ માંડ માંડ વાત પુરી કરી. જિયા હતો નહીં.

મુન્શી - સિયાને પૂછ્યુ નહીં ?

નિર્મલા - સિયા ભાઈ ક્યાં છે ?

સિયા - મને કહીને નથી ગયો.

સિયારામ - જતા જતા રડતો હતો.

નિર્મલા - તમે ડૉક્ટર સાહેબને ત્યાં તપાસ કરો કદાચ ત્યાં ગયો હોય.

મુન્શી - હું જાઉ છું. સામે ડૉક્ટર ઉભા હતા.

મુન્શી - ડૉક્ટર અડધી રાતે ?

મુન્શી - તમારા ઘરે આવતો હતો. જિયા હજુ આવ્યો નથી કહી મુન્શી ડૉક્ટર સામે ઢળી પડ્યા.

: ૨૧ :

રુક્મણી એ નિર્મલાને તેવર બદલીને કહ્યું - શું ઉઘાડા પગે મદરેસા જઈશ.

નિર્મલાએ બાળકીના વાળ ગુંથતા કહ્યું - હું શું કરું ? મારી પાસે રુપિયા નથી.

રુક્મણી - ઘરેણા બનાવવા રુપિયા ભેગા થાય છે, છોકરાના જુતા માટે રુપિયામાં

આગ લાગે છે. બે તો ચાલ્યા જ ગયા, શું ત્રીજાને પણ રડાવી રડાવીને મારી નાખવાની ઇચ્છા છે ?

નિર્મલાએ શ્વાસ ખેંચીને કહ્યું - જેને જીવવુ હોય જીવે, જેને મરવુ હોય મરશે, હું કોઈને મારવા-જીવાડવા જતી નથી.

આજકાલ એકને એક વાત પર નિર્મલા અને રુક્મણી વચ્ચે રોજ બોલાચાલી થતી હતી. જયારથી ઘરેણા ચોરાઈ ગયા છે. નિર્મલાનો સ્વભાવ બિલકુલ બદલાઈ ગયો છે. તે એક એક કોડી દાંતથી પકડવા લાગી. સિયારામ રડી-રડીને પછી જીવ દઈ દે પરંતુ તેને મિઠાઈ માટે પૈસા મળતા ન હતા. અને આ વર્તાવ કંઈ સિયારામ સાથે જ નહીં, નિર્મલા પોતાની જંરુરિયાતો ને ટાળતી રહી છે. ધોતી જ્યાં સુધી ફાટીને તાર-તાર ન થઈ જાય, નવી ધોતી લાવતી નહીં. મહીનોઓ સુધી માથાનું તેલ મંગાવાતુ ન હતું. પાન ખાવાનો શોક હતો, કેટલાય દિવસો સુધી પાનદાન ખાલી પડ્યુ રહેતું. ત્યાં સુધી કે બાળકી માટે દુધ પણ આવતુ ન હતું. નાનકડા બાળક નું ભવિષ્ય વિરાટ રુપ ધારણ કરીને વિચાર ક્ષેત્રે પર મંડરાતુ રહે છે.

મુન્શીજી એ પોતાને સંપૂર્ણપણે નિર્મલાના હાથમાં સોંપી દીધા છે. તેના કોઈ કામમાં દખલ કરતા ન હતા. ન જાણે કેમ તેનાથી કેટલાક દબાયેલા રહે છે. હવે ટાંગા વગર કચેરી જાય છે. એટલી મહેનત તેમણે જવાનીમાં પણ કરી ન હતી. આંખો ખરાબ થઈ ગઈ છે. ડૉક્ટર સિન્હાએ રાત્રે લખવા-વાંચવાની મનાઈ કરી દીધી છે. પાચન શક્તિ પહેલેથી જ દુર્બળ છે, હવે વધારે ખરાબ થઈ ગઈ છે. દમની ફરિયાદ પણ ઉત્પન્ન થઈ છે. પરંતુ બિચારા સવારથી અડધી રાત સુધી કામ કરતા કામ કરવાની ઇચ્છા થાય કે ન થાય તબિયત સારી હોય કે ન હોય. કામ તો કરવુ જ પડતુ. નિર્મલા ને તેમના પર જરા પણ દયા આવતી ન હતી. એજ ભવિષ્યની ભીષણ ચિંતા તેના આંતરિક સદ્ભાવોનો સર્વનાશ કરી રહી છે. કોઈ બિક્ષુકનો અવાજ સાંબળી ગુસ્સે થઈ જાય છે. એક કોડી પણ ખર્ચ કરવા ઇચ્છતી નથી.

એક દિવસ નિર્મલાએ સિયારામને ઘી લેવા મોકલ્યો. નોકરાણી પર તેને વિશ્વાસ ન હતો. તેની સાથે હવે કોઈ વસ્તુ મંગાવતી ન હતી. સિયારામમાં કાટ-કપટની ટેવ ન હતી. આમ-તેમ કરવાનુ પણ જાણતો ન હતો. આથી બજારનું બધુ કામ તેને જ કરવુ પડતુ. નિર્મલા એક-એક ચીજ તોલતી, જરાપણ કોઈ ચીજ તોલમાં ઓછી પડે તો તેને પાછુ આપતી. સિયારામનો ઘણો બધો સમય આ આટા-ફેરામાં વીતી જતો હતો. બજારવાળા તેને જલ્દી કોઈ માલ આપતા ન હતા. આજે પણ એજ નોબત આવી. સિયારામ પોતાના વિચારથી સારુ ઘી, કેટલીય દુકાનો જોઈને લાવ્યો. પરંતુ નિર્મલાએ તેને સુંઘતા જ કહ્યું - ઘી ખરાબ છે, પાછુ આપી આવ.

સિયારામે ધુંધવાઈને કહ્યું - આનાથી સારુ ઘી બજારમાં નથી હું બધી દુકાનો જોઈને આવ્યો છું.

નિર્મલા - તો હું ખોટુ કહુ છું. ?

સિયારામ - હું એ નથી કહેતો, પરંતુ વાણિયો હવે ઘી પાછુ નહીં લે તેણે મને કહ્યું હતું, જેવી રીતે જોવુ હોય, જોઈ લે માલ તારી સામે છે, બોણીના સમયની ચીજ હું, પાછી નહીં લઉં. મેં સુંઘીને ચાખીને લીધુ. હવે કયા મોં એ પાછુ આપવા જવુ.

નિર્મલા એ દાંત પીસીને કહ્યું - ઘી માં ચોખ્ખી ચરબી મળેલી છે અને તું કહે છે ઘી સારુ છે. હું એને રસોડામાં નહીં લઈ જઉ. તારુ મન થાય તો પાછુ આપી દે કે ખઈ જા.

ઘીની હાંડી ત્યાં જ છોડીને નિર્મલા ઘરમાં ચાલી ગઈ. સિયારામ ક્રોધ અને ક્ષોભમાં મુકાઈ ગયો. તે કયું મોં લઈને પાછુ આપવા જાય. વાણિયો ચોખ્ખુ કહેશે પાછુ નહીં લઉ. ત્યારે તે શું કરશે ? આજુ-બાજુના વાણીયા અને સડક પર ચાલનારા માણસો ઉભા રહી જશે. તે બધા સામે શરમાવુ પડશે. બજારમાં આમેંય કોઈ વાણીયો જલ્દી કોઈ વસ્તુ આપતો નથી તે કોંઈ દુકાન પર ઉભો રહી શકતો નથી. ચારે

બાજુથી તેના પર પસ્તાળ પડશે. તેમણે મનમાં ને મનમાં ધુંધવાઈને કહ્યું - પડ્યુ રહે, ઘી હું આપવા નહીં જઉ.

માતા વગરના બાળક જેવો દુઃખી ગરીબ પ્રાણી સંસારમાં બીજુ કોઈ નથી હોતુ અને બધા દુઃખ ભુલાઈ જાય છે. બાળકને માતા યાદ આવે છે. માં હોત તો આજે મારે આ બધુ સહન કરવુ પડત. ભાઈ ચાલ્યા ગયા. એકલો હું જ વિપત્તિ સહન કરવા શા માટે બચી રહ્યો ? સિયારામની આંખોમાં આસું આવી ગયા. તેના શોકાતુર કંઠે નિશ્વાસની સાથે એક જ અવાજ નીકળી આવ્યો. માં મને શા માટે ભૂલી ગઈ. મને કેમ બોલાવી લેતી નથી.

તરત જ નિર્મલા ફરી ઓરડા તરફ આવી. તેણે સમજ્યુ હતું. સિયારામ ચાલ્યો ગયો હશે. તેને બેઠોલો જોઈ, ગુસ્સાથી બોલી - તું હજી સુધી બેઠો છે ? છેવટે ખાવાનું ક્યારે બનશે ?

સિયારામે આંખો લુછી નાખી બોલ્યો - મને સ્કૂલે જવાનું મોડુ થઈ જશે.

નિર્મલા - એક દિવસ થઈ જશે તો શું વાંધો છે. ? આ પણ ઘરનું કામ છે.

સિયારામ - રોજ તો આ ધંધો લાગેલો જ રહે છે. ક્યારેય સમયસર નથી પહોંચતો. ઘરે પણ ભણવાનો સમય નથી મળતો. કોઈ ચીજ બે-ચાર વખત બદલ્યા વગર લેતા નથી. સાંભળવુ તો મારે પડે છે, તમારે શું ?

નિર્મલા - હાં, મારે શું ? હું તારી દુશ્મન છું, પોતાનો હોત તો દુઃખ થાત. હું તો ઈશ્વરને માનતા કરું છું કે તું ભણી જ ન શકે. મારામાં બધી ખરાબી-ખરાબી જ છે. તારો વાંક નથી. સાવકી માતાનું નામ જ ખરાબ હોય છે. તમારા લોકોને કારણે હું માટી માં મળી ગઈ. રોતા રોતા ઉંમર વીતે છે, ખબર જ નથી પડતી કે ભગવાને શા માટે જન્મ આપ્યો હતો અને તારી સમજણમાં હું ફરી રહી છું તને હેરાન કરવામં મને મજા આવે છે. ભગવાન પણ નથી પુછતા કે બધી મુશ્કેલીઓનો અંત થઈ જાય.

આવુ કહેતા કહેતા નિર્મલાની આંખો ભરાઈ ગઈ. અંદર ચાલી ગઈ. સિયારામ તેને રડતા જોઈ સમસમી ગયો. તેને દુઃખ તો ન થયુ. હાં એ શંકા જરુર થઈ કે ન જામે કઈ સજા મળશે. ચુપચાપ ઘડો ઉઠાવી લીધો અને ઘી પાછુ આપવા ચાલ્યો. એવી રીતે જેવી રીતે કોઈ કુતરો નવા ગામમાં જાય છે. એ કુતરાની જેમ તેની મનોવેદના તેના એક-એક ભાવ પ્રગટ કરી રહી છે. તેને જોઈને સાધારણ બુદ્ધિનો માણસ પણ અનુમાન લગાવી શકે છે કે આ અનાથ છે.

સિયારામ જેમ-જેમ આગળ વધતો હતો, આવનારા સંગ્રામના ભયથી તેની હૃદય ગતિ વધતી હતી. તેણે નિશ્ચય કર્યો - વાણિયો ઘી પાછુ ન લેતો તે ઘી ત્યાંજ મુકીને આવતો રહેશે. ઝખ મારીને વાણિયો બોલાવશે. વાણિયાને કહેવા માટેના શબ્દો પણ વિચારી લીધા તે કહેશે, કામ સાહજી આંખોમાં ધૂળ નાખે છે. દેખાડો છો ચોખ્ખો માલ અને આપો છો રદ્દી. પરંતુ આ નિશ્ચય કરવા છતા પણ તેના પગ ધીમે-ધીમે ઉપડતા હતા. તે જાણતો ન હતો કે વાણિયો તેને આવતો જુએ. તે એકાએક તેની સામે પહોંચી જવુ હતું. તેથી તે ચક્કર કાપીને બીજી ગલીમાંથી દુકાન પર ગયો.

વાણિયાંએ તેને જોતા જ કહ્યું - મેં કહ્યું હતું ને કે વસ્તુ પાછી નહીં લઉ. બોલ કહ્યું હતું કે નહીં.

સિયારામે બગડીને કહ્યું - તમે એ ઘી આપ્યુ જ છે ક્યાં જે બતાવ્યુ હતું. બતાવ્યો હતો એક નંબરનો માલ, આપ્યો બીજો માલ, પાછો કેમ આપું ?

સાહ - આનાથી ચોખા બજારમાં નીકળી આવ્યો. ઉઠાવી લે ઘડો અને બેચાર દુકાને જોઈ આવ.

સિયારામ - મને એટલી નવરાશ નથી. તમે ઘી લઈ લો.

સાહ - ઘી નહીં લેવાય.

વાણીયાની દુકાને એક જટાધારી સાધુ બેઠેલો હતો જે તમાશો જોઈ રહ્યો હતો. ઉઠીને સિયારામ પાસે આવ્યો અને હાંડીનુ ઘી સુંઘીને બોલ્યો - બાળક ઘી તો ઘણુ સારુ લાગે છે.

સાહે તરત સેહ પામીને કહ્યું - બાબાજી અમે તો ક્યારેય તેમને ખરાબ માલ આપતા નથી. ખરાબ માલ શું જાણીતા ઓળખીતા ગ્રાહકને અપાય છે.

સાધુ - ઘી લઈ જા બાળક, ઘણું સારુ છે.

સિયારામ રડી પડ્યો, ઘી ને ખરાબ સિદ્ધ કરવા માટે તેની પાસે હવે કોઈ પ્રમાણ ન હતું ? બોલ્યો - એજ કહે છે ઘી સારુ નથી. પાછી આપી આવ. હું તો કહેતો હતો ઘી સારુ છે.

સાહ - તેની માં કહેતી હશે. કોઈ વસ્તુ મનમાં ઉતરતી નથી. બિચારા છોકરાને વારે-વારે દોડાવે છે. સાવકી માં છે ને, પોતાની માં હોય તો કંઈક ખ્યાલ પણ કરે.

સાધુએ સિયારામની તરફ દયા ભરી આંખે જોયું. માને યાદ કરવાથી તેનું હૃદય વ્યાકુળ થઈ ઉઠ્યુ ત્યારે કરુણ અવાજે બોલ્યા - તારી માં ના સ્વર્ગવાસને કેટલા દિવસ થયા બાળક ?

સિયારામ - છઠ્ઠુ વર્ષ છે.

સાધુ - ત્યારે તો તું એ સમયે ઘણો નાનો હોઈશ. ભગવાન તારી લીલા પણ કેટલી વિચિત્ર છે. આ નાનકડા બાળકને માતૃપ્રેમથી વંચીત કરી દીધો. ઘણુ અનર્થ કરો છો ભગવાન છ વર્ષ નું બાળક અને રાક્ષલી સાવકી માં નો પનારો પડે ? ધન્ય છે દયાનિધિ ! સાહજી બાળક પર દયા કરો - ઘી પાછુ લઈલો નહીં તો તેની માં તેને ઘરમાં નહી રહેવા દે. ભગવાનની દયા થી તારુ ઘી જલ્દી વેચાઈ જશે. મારા આશીર્વાદ તારી સાથે રહેશે. સાહજીએ રુપિયા પાછા ન આપ્યા. છેવટે છોકરાને ફરી ઘી લેવા આવવુ જ પડશે. ન જાણે દિવસમાં કેટલીવાર ચક્કર લગાવવા પડશે. કેવા સાથે

પનારો પડ્યો છે. એની દુકાનમાં તો બધાથી સારુ ઘી હતું, એજ સિયારામને આપી દીધું. સિયારામ મનમાં વિચારી રહ્યો હતો, બાબાજી કેટલા દયાળુ છે. તેમણે ભલામણ ન કરી હોત, તો સાહજી ઘી આપતા ?

સિયારામ ઘી લઈને ચાલ્યો, તો બાબાજી પણ તેની સાથે આવ્યા. રસ્તામાં મીઠી મીઠી વાતો કરવા લાગ્યા.

બાળક મારી માં મને ત્રણ વર્ષનો છોડી મૃત્યુ પામી હતી. ત્યારથી માતા વગરના બાળકને જોઉ છું તો મારુ હૃદય ફાટવા લાગે છે.

સિયારામે પૂછ્યું - તમારા પિતાએ પણ બીજા લગ્ન કરી લીધા હતા.

સાધુ - હાં બાળક નહીં તો આજે સાધુ કેમ હોત. પહેલા પિતાજી લગ્ન કર્યા ન હતા ત્યાર઼ે મને ખૂબ જ પ્રેમ કરતા હતા પછી કેમ જાણે મન બદલાઈ ગયું. લગ્ન કરી લીધા. સાધુ છું કડવા શબ્દો મોં માંથી ન કાઢવા જોઈએ પરંતુ મારી સાવકી માતા જેટલી સુંદર હતી એટલી જ કઠોર પણ મને આખો દિવસ ખાવાનું આપતી ન હતી. રડુ તો મારતી પિતાજીની આંખો પણ ફરી ગઈ. મારી રડવાનું સાંભળી મને મારતા અંતે એક દિવસ ઘરેથી ભાગી નીકળ્યો.

સિયારામને પણ ઘરેથી ભાગી નીકળીને ભાગવાનો વિચાર ઘણીવાર આવ્યો હતો. આ સમયે પણ તેમના મનમાં એજ વિચાર ઉઠી રહ્યો હતો. ઘણી ઉત્સુક્તા થી બોલ્યો - ઘરેથી નીકળીને તમે ક્યાં ગયા ?

બાબાજી હસીને - એ જ દિવસે મારા કષ્ટોનો અંત થઈ ગયો. જે દિવસે ઘરના મોહના બંધનમાંથી છુટ્યો અને ભય મનમાંથી નીકળ્યો. એજ દિવસે જાણે મારો ઉદ્ધાર થઈ ગયો. દવસ ભરતો હું પુલ નીચે બેસી રહ્યો. સંધ્યા સમયે એક મહાત્મા મળી ગયા તેમનુ નામ સ્વામી પરમાનંદ હતું. તે બાળ-બ્રહ્મચારી હતા. મારા પર તેમને દયા આવી ગઈ અને રાખી લીધો. તેમની સાથે દેશ-દેશાંતર ફરવા લાગ્યો. તે મોટા યોગી હતા. મને પણ તેમણે યોજ વિદ્યા શીખવી. હવે તો મારે એટલો અભ્યાસ

થઈ ગયો છે કે જ્યારે ઇચ્છા થાય ત્યારે, માતાજીના દર્શન કરી લઉ છું તેમની સાથે વાત કરી લઉ છું. સિયારામ આશ્ચર્ય ચકિત નજરોથી જોઈને પૂછ્યુ - તમારી માતાનું તો મૃત્યુ થઈ ચુક્યુ હતું.

સાધુ - તો શું થયુ. બાળક, યોગ-વિદ્યામાં તે શક્તિ છે. તે જે મૃત આત્માને ઇચ્છે ત્યારે બોલાવી લે.

સિયારામ - હું યોગ વિદ્યા શીખી લઈશ તો મને પણ માતાજીના દર્શન થશે ?

સાધુ - જરુર ! અભ્યાસથી બધુ જ થઈ શકે છે. ! હાં, યોગ્ય ગુરુ જોઈએ યોગથી મોટી મોટી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે. જેટલુ ધન ઇચ્છો એક પળમાં મંગાવી શકો છો. ગમે તે બીમારી હોય, તેની દવા બતાવી શકો છો.

સિયારામ - તમારુ સ્થાન ક્યાં છે ?

સાધુ - બાળક, મારુ ક્યાંય સ્થાન નથી. દેશ-દેશાંતર ફરતો રહુ છું. સારુ બાળક હવે તું જા. હું જરા સ્નાન-ધ્યાન કરવા જઈશ.

સિયારામ - ચાલો, હું પણ એ તરફ જાઉ છું તમારા દર્શનથી મારુ મન ભરાયુ નથી.

સાધુ - ના બાળક, તને સ્કૂલનું મોડુ થઈ રહ્યું હશે.

સિયારામ - ફરી તમારા દર્શન ક્યારે થશે ?

સાધુ - ક્યારેક આવી જઈશ બાળક, તારું ઘર ક્યાં છે ?

સિયારામ પ્રસન્ન થઈને - ચાલો મારા ઘરે, ઘણુ નજીક છે. તમારી મોટી કૃપા થશે.

સિયારામ ડગલા ભરી આગળ ચાલવા લાગ્યો, એટલો ખુશ હતો કે, જાણે સોનાની પોટલી લઈને જતો હોય, ઘરની સામે પહોંચીને બોલ્યા - આવો, બેસો થોડીવાર.

સાધુ - ના બાળક બેસીસ નહી, ફરી કાલે-પરમ દિવસે કોઈ પણ સમયે આવી જઈશ, આ જ તારુ ઘર છે.

સિયારામ - કાલે કેટલા વાગે આવશો ?।

સાધુ આગળ વધ્યો તો થોડી જ વારમાં તેને બીજો સાધુ મળ્યો તેનું નામ હતું હરિહરાનંદ.

પરામનંદે પુછ્યુ - ક્યાં ક્યાં ફરી આવ્યો ? કોઈ શીકાર ફસાયો ?

હરિહરાનંદ - આ બાજુ તો ચારે તરફ ફરી આવ્યો, કોઈ શિકાર ન મળ્યો. એકાદ મળ્યો તો મરી મજાક કરવા લાગ્યો.

પરમાનંદ - મને તો એક મળે તેવુ લાગે છે. ફસાય તો જાણું.

હરિહરાનંદ - તું તો આમ જ કહ્યા કરે છે. જે જાય છે બે-ચાર દિવસ પછી ભાગી નીકળે છે.

પરમાનંદ - હવે નહીં ભાગે. તેની માં મરી ગઈ છે. બાપે બીજા લગ્ન કર્યા છે. માં પણ હેરાન કરે છે. ઘરથી કંટાળી ગયો છે.

હરિહરાનંદ - ખૂબ સારી રીત. આ યુક્તિ સૌથી સારી છે. પહેલા એ જાણી લેવુ જોઈએ કે મોહલ્લાના કયા કયા ઘરમાં સાવકી માતાઓ છે. એજ ઘરોમાં ફાંદો નાખવો જોઈએ.

: ૨૨ :

નિર્મલાએ બગડીને પૂછ્યુ - આટલુ મોડુ ક્યાં કર્યુ. સિયારામે કડકથી કહ્યું - રસ્તમાં એક જગ્યાએ સુઈ ગયો હતો.

નિર્મલા - એવુ તો હું નથી કહેતી, પરંતુ ખબર છે. કેટલા વાગ્યા છે ? દસ ક્યારના વાગી ગયા બજાર કંઈ એટલુ દુર નથી.

સિયારામ - વધારે દુર નથી. દરવાજા પર જ તો છે.

નિર્મલા - સીધુ કેમ નથી બોલતો ? એવી રીતે બગડી રહ્યો છે. જેમ કે મારુ જ કોઈ કામ કરવા ગયો છે.

સિયારામ - તો તું નકામી બકવાસ કેમ કરે છે ? લીધેલી વસ્તુ બદલવી શું સરળ છે? વાણિયા સાથે કલાકો માથાકુટ કરવી પડી એ તો ક્યો એક બાબાજીએ કહી સાંભળીને બદલાવી દીધું, નહીં તો કોઈરીતે બદલાતુ નહીં. રસ્તામાં એક મિનિટ પણ રોકાયો નથી. સીધો ચાલ્યો આવુ છું.

નિર્મલા - ઘી માટે ગયો છે, તો અગિયાર વાગ્યે પાછો આવ્યો છે. લાકડા લેવા જઈશ તો સાંજ કરીશ ? તારા પિતાજી ખાધા વગર જ ચાલ્યા ગયા. તારે આટલી વાર કરવી હતી તો કેમ ન કહી દીધું ? જાય છે લાકડા માટે ?

સિયારામ હવે પોતાને ન સંભાળી શક્યો. ગુસ્સામાં બોલ્યો - લાકડી કોઈ બીજા સાથે મંગાવો. મારે સ્કૂલે જવાનુ મોડુ થાય છે.

નિર્મલા - ખાવાનું નહીં ખાય ?

સિયારામ - નહીં ખાઉ ?

નિર્મલા - હું ખાવાનું બનાવવાં તૈયાર છું. હા લાકડા લેવા નથી જઈ શક્તી.

સિયારામ - નોકરાણીને કેમ નથી મોકલતી.

નિર્મલા - મુંગીની લાવેલી વસ્તુ તે ક્યારેય જોઈ નથી.

સિયારામ - તો આ સમયે હુ નહીં જાઉ.

નિર્મલા - મારો વાંક ન કાઢશો.

સિયારામ કેટલાય દિવસોથી સ્કૂલે ગયો ન હતો. બજાર ખરીદીમાં તેને પુસ્તકો જોવાનો સમય પણ મળતો ન હતો. સ્કૂલે જઈને બેન્ચ પર ઉભા રહેવાની સજા કે ઉંચી ટોપી આપ્યાં સિવાય બીજુ શું મળતુ ? તે ઘરેથી પુસ્તકો લઈને નીકળતો, પર શહેરમાં જઈને કોઈ વૃક્ષના છાંયડામાં બેસી રહેતો હતો. ટુકડીઓની કવાયત જોતો. ત્રણ વાગ્યે ઘરે આવતો આજે પણ તે ઘરેથી નીકળ્યો, પરંતુ તેણે રોટલીઓના પણ લાલા પડ્યા. દસ વાગ્યે શું ખાવાનુ ન બની શકે. માન્યુ કે પિતાજી ચાલ્યા ગયા હતા. શું મારા માટે ઘરમાં બે-ચાર પૈસા પણ ન હતા ? માંતા હોત તો કંઈ ખાધા-પીધા વગર જવા દેતી નહી ? મારુ હવે કોઈ રહ્યું નથી.

સિયારામનું મન બાબાજી ના દર્શન માટે વ્યાકુળ થઈ ઉઠ્યુ. તેણે વિચાર્યુ, આ સમયે તે ક્યાં મળશે ? ક્યાં જઈને જોઉ ? તેમની મનોહર વાણી. તેણે તેમની ઉત્સાહપ્રદ સાંત્વના તેના મનને ખેંચવા લાગી. તેણે આતુર થઈને કહ્યું - હું તેમની સાથે કેમ ન ચાલ્યો ગયો ? ઘરે મારા માટે શું રાખ્યુ હતું ?

તે આજે અહીંયા થી ચાલ્યો તો ઘરે ન જતા સીધો જ સાહજીની દુકાન પર ગયો. કદાચ ત્યાં બાબાજી સાથે મુલાકાત થઈ જાય પરંતુ ત્યા બાબી ન હતા. ઘણીવાર સુધી ઉભા રહીને પાછો આવ્યો.

ઘરે આવીને બેઠો જ હતો કે નિર્મલાએ આવીને કહ્યું - આજે મોડુ ક્યાં કર્યું ? સવારે ખાવાનું ન બન્યુ, શું અત્યારે પણ ઉપવાસ કરીશ ? જઈને બજારમાંથી કોઈ શાકભાજી લઈ આવ.

સિયારામ ધુંધવાઈને બોલ્યો - આખો દિવસ ભુખ્યો ચાલ્યો જઉ છું કંઈ પીવા માટે પણ લાવી નહીં, ઉપરથી બજારનો હુકમ આપી દીધો. હું નહીં જઉ બજાર. કોઈનો નોકર નથી છેવટે રોટલી જ તો ખવડાવે છે કે બીજુ કંઈ ? આવી રોટલી તો જ્યાં મહેનત કરીશ ત્યાં મળી જશે. જ્યારે મજુરી જ કરવાની છે તો તમારી નહીં કરું જાવ મારા માટે ખાવાનું ન બનાવતા.

નિર્મલા અવાક રહી ગઈ. છોકરાને આજે શું થઈ ગયું ? રોજ તો ચુપચાપ જઈને કામ કરતો હતો, આજે કેમ તેવર બદલી રહ્યો છે. ? ત્યારે પણ તેને એ ન સુઝ્યુ કે સિયારામને બે-ચાર પૈસા કંઈક ખાવા માટે આપી દે. તેનો સ્વભાવ એટલો લોભી થઈ ગયો હતો કે બોલી - ઘરનું કામ કરીએ તેને મજુરી ન કહેવાય. આ રીતે હું પણ કહી શકુ કે હું ખાવાનું નહી બનાવું. તારા પિતાજી ને કહી દે કચેરીએ ન જાય. તો શું થાય, બતાવ ન જવા ઇચ્છતો હોય તો ન જાવ નોકરાણી સાથે મંગાવી લઈશ. શું હુ જાણતી હતી તને બજારમાં જવાનુ ખરાબ લાગે છે તો નહીં તો બલાથી, ટકાની ચીજ પૈસામાં આવતી, તને ન મોકલતી. લો, આજથી કાન પકડું છું.

સિયારામ મનમાં તો થોડો શરમાયો. પરંતુ બજારમાં ન ગયો, તેનું ધ્યાન બાબાજીની તરફ લાગેલુ હતું. આજે બધા દુઃખોનો અંત અને જીવનની બધી આશાઓ તેને અત્યારે બાબાજીના આશીર્વાદ લાગતા હતા. તેમના શરણમાં જઈ તેનું આ જીવન સાર્થક બનશે.

સુર્યાસ્તના સમયે તે અધીર થઈ ગયો. આખુ બજાર ફરી વળ્યો, પરંતુ બાબાજીના કંઈ ખબર ન મળ્યા. આખો દિવસ ભૂખ્યો-તરસ્યો, આ બાળક દુઃખતા દિલને હાથમાં દબાવી આશા અને ભયની મૂર્તિ બનેલો, મકાનો, ગલિઓ અને મંદિરોમાં તે આશ્રયને શોધતો ફરતો હતો. જેના વગર જીવન દુષ્કર થઈ રહ્યું હતું. એક વખત મંદિરની સામે તેને કોઈ ઉભેલુ દેખાયુ. તે સમજ્યો એજ છે. હરખથી

ખીલી ઉઠ્યો, દોડ્યો અને જઈને સાધુની પાસે ઉભો રહી ગયો પરંતુ તે કોઈ બીજા જ મહાત્મા હતા. નિરાશ થઈને આગળ વધી ગયો.

ધીરે ધીરે રસ્તા પર સન્નાટો છવાઈ ગયો. ઘરોના દરવાજા બંધ થવા લાગ્યા. રસ્તાના પાટાઓ ઉપર અને ગલિઓમાં બોરિયા-બિસ્તરા પાથરીને ભારતથી પ્રજા સુખ-નિંદ્રામાં મગ્ન થવા લાગી. પરંતુ સિયારામ ઘરે પાછો ન ફર્યો. આ ઘરમાંથી તેનું મન ઉઠી ગયું હતું. કોઈનો પ્રેમ ન હતો ત્યાં તો તે કોઈ આશ્રિતની જેમ પડ્યો રહ્યો હતો. માત્ર એટલા માટે કે તેને બીજે ક્યાંય શરણ ન હતું. આ સમયે પણ તેના ઘરે ન જવાથી કોને ચિંતા થશે ? બાબુજી ભોજન કરીને પાછા ફર્યા હશે, માં પણ આરામ કરવા જઈ રહી હશે. કોઈએ મારા ઓરડા તરફ નજર પણ નહીં નાખી હોય. હાં ફઈબા ગભરાઈ રહ્યા હશે, તે અત્યાર સુધી મારી રાહ જોતી રહી હશે. જ્યાં સુધી હું જઈશ નહીં ભોજન નહીં કરે.

રુક્મણીની યાદ આવતાજ સિયારામ ઘરની તરફ ચાલ્યો. તે જો બીજુ કંઈ કરી શક્તી ન હતી. પરંતુ ઓછા માં ઓછું ગોદમાં લઈને રોતી હતી. તેના બહારથી આવવાથી પણ નથી કરતા. બધા સોનાનો કોળીયો નથી ખાતા. કેટલાક ને પેટ ભરીને ભોજન નથી મળતુ, પરંતુ ઘરેથી દુર એ લોકો થાય છે, જે માતૃસ્નેહ થી વંચિત છે.

સિયારામ ઘરની તરફ ચાલ્યો જ હતો કે તરત જ બાબા પરમાનંદ એક ગલીમાંથી આવતા દેખાયા. સિયારામે આવીને તેમનો હાથ પકડી લીધો. પરમાનંદે ચોંકીને પુછ્યુ - બાળક તું અહીંયા ક્યાંથી ?

સિયારામે વાત બનાવતા કહ્યું - એક દોસ્તને મળવા આવ્યો હતો. તમારુ સ્થાન અહીંથી કેટલુ દુર છે.

પરમાનંદ - અમે લોકો અહીંથી જઈ રહ્યા છીએ બાળક ! હરિદ્વારની યાત્રા છે.

સિયારામ હતોત્સાહ થઈને - શું આજે જ ચાલ્યા જશો.

પરમાનંદ - હા બાળક, પાછો આવીશ ત્યારે દર્શન આપીશ.

સિયારામે કહ્યું - પાછા આવીને !

પરમાનંદ - જલ્દી આવીશ બાળક !

સિયારામ - ઘરના લોકોને મારી પરવાહ નથી. એનાથી આગળ સિયારામ કંઈજ ન કહી શક્યો. તે આંસુ ભરી આંખોથી તેની કરુણ ગાથા તેમને વિસ્તાર સાથે સંભળાવી દીધી, જેટલી તેની વાણી કહી શક્તી હતી.

પરમાનંદે બાળકને ગળે લગાડી - સારુ બાળક, તારી ઇચ્છા હોય તો ચાલ. સાધુ - સંતોની સંગતનો પણ આનંદ ઉઠાવ. ભગવાનની ઇચ્છા હશે તો તારી ઇચ્છા પુરી થશે.

દાણા પર મંડરાતુ પક્ષી છેવટે દાણા ઉપર પડ્યુ. તેના જીવનના અંત પાંજરામાં હશે કે શિકારીની છરી નીચે - એ કોણ જાણે છે ?

: ૨૩ :

મુન્શીજી પાંચ વાગ્યે કચેરીએથી પાછા ફર્યા અને અંદર આવીને પલંગ પર ઢળી પડ્યા. ઘરડુ શરીર અને તેના પર આજે આખો દિવસ ભોજન ન મળ્યું. મોં સુકાઈ ગયું હતું, નિર્મલા સમજી ગઈ આજે દિવસ ખાલી ગયો.

નિર્મલા - આજે કંઈ ન મળ્યું ?

મુન્શીજી - આખો દિવસ દોડતો રહ્યો, પરંતુ હાથમાં કંઈ ન આવ્યુ.

નિર્મલા - ફોજદારીવાળા મામલામાં શું થયુ ?

મુન્શીજી - મારા અસીલને સજા થઈ ગઈ.

નિર્મલા - પંડિતવાળા કેસમાં ?

મુન્શીજી - પંડિત પર ડિગ્રી થઈ ગઈ !

નિર્મલા - તમે તો કહેતા હતા કે દાવો ખારિજ થઈ જેશે.

મુન્શીજી - કહેતો તો હતો, હજી પણ કહુ છુ કે દાવો ખારિજ થવો જોઈતો હતો, પરંતુ એટલી મગજમારી કોણ કરે ?

નિર્મલા - સૌરવાળા દાવામાં ?

મુન્શીજી - તેમાં પણ હાર થઈ ગઈ.

નિર્મલા - આજે તો તમે કોઈ અભાગિયાનું મોં જોઈને ઉઠ્યા હતા. મુન્શીજી થી

હવે કામ બિલકુલ થઈ શક્તુ ન હતું. એક તો તેમની પાસે કેસ જ આવતા ન હતા. અને જે આવતા હતા તે બગડી જતા હતા. પરંતુ નિષ્ફળતાઓને નિર્મલાથી છુપાવતા હતા. જે દિવસે કંઈ જ હાથમાં આવતુ ન હતું, એ દિવસે કોઈ પાસેથી બે-ચાર રુપિયા ઉધાર લઈને નિર્મલાને આપી દેતા હતા. આથી બધા મિત્રો પાસેથી કંઈ ને કંઈ લઈ ચુક્યા હતા. આજ તો તે પણ મેળ ન પડ્યો.

નિર્મલાએ ચિંતાભર્યા અવાજે કહ્યું - આવક ના આવા જ હાલ છે તો, ઈશ્વર જ માલિક છે. તેના પર પુત્રના આવા હાલ છે કે બજારમાં જવાનું મુશ્કેલ. નોકરાણી પાસે બધુ કામ કરાવવાની ઇચ્છા થાય છે. ઘી લઈને અગિયાર વાગ્યે આવ્યો કેટલુ કરીને હારી ગઈ લાકડા લેવા જા પણ સાંભળ્યુ જ નહીં.

મુન્શીજી - ખાવાનું નથી બનાવ્યુ ?

નિર્મલા - આવી જ વાતોથી તમે કેસ હારી જાવ છો. ઇંધણ વગર કોઈએ ખાવાનુ બંનાવ્યુ છે કે હું બનાવી લઉ.

મુન્શીજી - તો પછી કંઈ ખાધા વગર જ ચાલ્યો ગયો.

નિર્મલા - ઘરમાં બીજુ શું રાખ્યુ હતું તે ખવડાવી દઉ ?

મુન્શીજીએ ડરતા ડરતા કહ્યું - કંઈ પૈસા-બૈસા આપ્યા ને ?

નિર્મલાએ ભ્રમર સંકોચતા કહ્યું - પૈસા ઘરમાં પાકે છે ને ?

મુન્શીજીએ કઈ જવાબ ન આપ્યો. થોડીવાર તો રાહ જોઈ રહ્યા કે કદાચ નાસ્તા માટે કંઈક મળશે. પરંતુ નિર્મલા એ પાણી મંગાવ્યુ તો બિચારા નિરાશ થઈને બહાર ચાલ્યા ગયા. સિયારામ ના કષ્ટનું અનુમાન કરીને તેમનુ મન ચંચળ થઈ ગયું. આખો દિવસ વીતી ગયો. બિચારાએ હજુ કઈ જ નથી ખાધુ ? એવી કરકસર શું કામની કે ઘરના માણસો ભુખ્યા રહી જાય. પોતાની પેટી ખોલી ફંફોળવા લાગ્યા કે કદાચ બે-ચાર પૈસા મળી જાય. તેની અંદરના બધા કાગળો કાઢી નાખ્યા. દરેક ખાના જોયા પરંતુ કંઈજ ન મળ્યું. જો નિર્મલાની પેટીમાં પૈસા ન ફળતા આ પેટી કદાચ તેના ફુલ પણ ન મળતા હોય પરંતુ સંજોગ જ કહો કે કાગળ ખંખેરતા ચારઆની પડી. હર્ષના માર્યા મુન્શીજી ઉછળી પડ્યા. મોટી મોટી રકમો આ પહેલા કમાઈ ચુક્યા હતા, પરંતુ આ ચારઆની મેળવીને જેટલો આનંદ થયો એટલો પહેલા ક્યારેય

થયો ન હતો. ચારઆની હાથમાં લઈને સિયારામના ઓરડામાં જઈને બુમો પાડી. કોઈ જવાબ ન મળ્યો, ત્યારે ઓરડામાં જઈને જોયું. સિયારામ ક્યાંય દેખાતો ન હતો. શું હજી સ્કૂલેથી આવ્યો નથી ? મનમાં આ પ્રશ્ન ઉઠતાજ મુન્શીજીએ અંદર જઈને નોકરાણીને પુછ્યુ ખબર છે, સ્કૂલે થી પાછો આવ્યો.

મુન્શીજીએ પુછ્યુ - કંઈ પાણી પીધુ છે ?

નોકરાણીએ કઈ જવાબ ન આપ્યો. નાક ફુલાવતી મોં ફેરવી ચાલી ગઈ.

મુન્શીજી ધીમે ધીમે આવીને પોતાના ઓરડામાં બેસી ગયા. આજે પહેલીવાર તેમને નિર્મલા પર ગુસ્સો આવ્યો. પરંતુ ક્ષણમાંજ ક્રોધનો આઘાત પોતાના ઉપર થવા લાગ્યો. એ અંધારા ઓરડામા ફર્શ પર પડીને તે પોતાના પુત્ર તરફથી આટલા ઉદાસીન થવા બદલ ધિક્કારવા લાગ્યા. દિવસભરના થાકેલા હતા, થોડી વારમાં નિંદર આવી ગઈ.

નોકરાણીએ આવીને બુમ પાડી - બાબુજી રસોઈ તૈયાર છે.

મુન્શીજી ચોંકીને ઉઠ્યા ઓરડમાં લેમ્પ સળગી રહ્યો હતો.

મુન્શીજી - કટેલા વાગી ગયા. મને તો નિંદર આવી ગઈ હતી.

નોકરાણી - કોતવાળની ઘડિયાળમાં નવ વાગી ગયા છે, વધારે હું નથી જાણતી.

મુન્શીજી - સિયા બાબુ આવ્યા ?

નોકરાણી - આવ્યા હશે તો ઘરમાં જ હશે ?

મુન્શીજીએ ધુંધવાઈને પુછ્યુ - હું પુછું છુ આવ્યા કે નહીં ? અને તું ન જાણે શું - શું જવાબ આપે છે. આવ્યા કે નહીં.

નોકરાણી - મેં તો જોયા નથી, ખોટુ કેવીરીતે કહું.

મુન્શીજી ફરી સુતા બોલ્યા - તેને આવી જવા દે, ત્યારે આવુ છું.

અડધા કલાક સુધી ઘરની તરફ આંખ લગાવીને સુતા રહ્યા, ત્યારે તે ઉઠીને બહાર આવ્યા અને જમણી તરફ કોઈ બે ફર્લાંગ સુધી ચાલ્યા ત્યારે પાછા ફરીને દરવાજા પર આવ્યા અને પુછ્યુ - સિયાબાબુ આવી ગયા ?

અંદરથી અવાજ આવ્યો - હજુ સુધી નહીં.

મુન્શીજી ફરી ડાબી તરફ ચાલ્યા અને ગલીના નાકા સુધી ગયા. સિયારામ

ક્યાંય દેખાયો નહીં. ત્યાંથી પાછા ઘરે આવ્યા અને દરવાજા પર ઉભા રહીને પૂછ્યુ - સિયાબાબુ આવી ગયા ?

અંદરથી અવાજ મળ્યો - ના. કોતવાળીની ઘડિયાળમાં દસ વાગવા લાગ્યા.

મુન્શીજી ખૂબ ઝડપથી કંપનીના બગિચા તરફ ચાલ્યા વિચારવા લાગ્યા. કદાચ ત્યાં ફરવા ગયો હોય અને ઘાસ પર સુતા સુતા નિંદર આવી ગઈ હોય. બાગમાં પહોંચીને તેમણે દરેક બેન્ચને જોઈ ચારે બાજુ ધુન્યા. ઘણા બધા લોકો ઘાસ પર પડેલા હતા, પરંતુ સિયારામનું નિશાન ન હતું. તેમણે સિયારામનું નામ લઈ જોરથી બુમ પાડી ક્યાંયથી અવાજ ન આવ્યો.

વિચાર આવ્યો. કદાચ સ્કૂલમાં કોઈ ખેલ થઈ રહ્યો હોય, સ્કૂલ એક માઈલથી થોડી વધારે હતા. સ્કૂલની તરફ ચાલ્યા પરંતુ અડધા રસ્તે જ પાછા ફર્યા. બજાર બંધ થઈ ગયું હતું. સ્કૂલમાં આટલી રાત્રે તમાશો ન હોઈ શકે. હવે તેમને આશા હતી કે સિયારામ પાછો ફર્યો હોય. દરવાજા પર આવીને તેમણે બુમ પાડી - સિયારામ બાબુ આવ્યા. દરવાજા બંધ હતા કોઈ અવાજ ન આવ્યો. પછી જોરથી બુમ પાડી નોકરાણી દરવાજો ખોલી બોલી - હજી તો નથી આવ્યા. મુન્શીજી એ ધીરેથી નોકરાણીને પોતાની પાસે બોલાવી અને દુઃખ ભર્યા અવાજે બોલ્યા - તું તો ઘરની બધી વાતો જાણે છે, બતાવ આજે શું થયુ હતું ?

નોકરાણી - બાબુજી ખોટુ નહીં બોલુ. માલિકન છોડાવી દેશે. બીજાના છોકરાને આ રીતે નથી રખાતો ભોજન કરી લો. વહુજી ક્યારના બેઠા છે.

મુન્શીજી - કહી દે હમણા ઇચ્છા નથી. મુન્શીજી એમના રુમમાં ગયા તે બોલી ઉઠ્યા - ઈશ્વર તારો દંડ હજુ પુરો થયો નથી.

નિર્મલા - સિયારામ હજુ સુધી આવ્યો નથી.

મુન્શીજી - કેટલ વાગ્યા હશે ?

નિર્મલા - દસ વાગ્યા હશે.

મુન્શીજી - ના બાર વાગ્યા છે.

નિર્મલા - બાર વાગી ગયા ? ક્યાં સુધી રાહ જોઉ એની ?

મુન્શીજી - તને બહુ તંગ કરે છે કેમ ?

નિર્મલા - જુઓને અડધી રાત થઈ ગઈ હજુ સુધી ઘર યાદ આવતુ નથી.

મુન્શીજી - કદાચ આ છેલ્લી શરારત હોય.

નિર્મલા - કેવી વાત કરો છો ? ક્યાં હશે ? દોસ્તના ઘરે હશે.

મુન્શીજી - કદાચ એમ જ હોય.

નિર્મલા - સવારે તપાસ કરજો. મેં ભગાડી દીધો ?

મુન્શીજી - એમ કોણ કહે છે ?

નિર્મલા વધુ ન બોલી તેને પરિસ્થિતી બગડવાનો ભય હતો. મુન્શીજીની ઉંઘ ઉડી ગઈ તેમણે ઉંઘ આવતી તો સિયારામ આવ્યો તેવા ભણકારાથી જાગી ઉઠતા. સવારે તેઓ સિયારામને શોધવા નીકળી પડ્યા, તેમને લોકોને પુછતા પણ શરમ આવતી. રાત્રે દરવાજે તેઓ પાછા આવ્યા.

નિર્મલા - કંઈ સગડ મળ્યા ?

મુન્શીજી - મારી નજર સામેથી દુર થઈ જા. કોઈ અનર્થ ન થઈ જાય. હું મારા કહ્યામાં નથી. આ તારી જ કરણી છે. તારા કારણેજ મારી આ દશા થઈ છે. છ વર્ષ પહેલા આ ઘરની શું દશા હતી. તે મારુ બનાવેલુ ઘર બગાડી નાખ્યુ. તે લહેરાતા બાગને ઉંજાડી નાખ્યો તને તેનું નિશાન મિટાવીને પણ સંતોષ થયો હશે. હું તને મારુ સર્વનાશ કરવા આ ઘરમાં લાવ્યો ન હતો. સુખી જીવન ને વધારે સુખમય બનાવવા ઇચ્છતો હતો. આ તેનું જ પ્રાયશ્ચિત છે. જે છોકરા પાનની જેમ ફરતા હતા, તેને મારા જીવતા નોકર સમજી લીધો અને હું આખોથી બધુ જોવા છતા અંધ બનીને બેસી રહ્યો. જા મારે ાટે થોડુ ઝેર મોકલી દે, બસ એજ કસર બાકી રહી ગઈ છે, તે પણ પુરી થઈ જાય.

નિર્મલા એ રડતા - હું તો અભાગણ છું જ, તમે કહેશો ત્યારે જાણીશ ન જાણે ઈશ્વરે મને કેમ જન્મ આપ્યો હતો ? પરંતુ તમે કેવી રીતે સમજી લીધુ કે સિયારામ આવશે જ નહીં.

મુન્શીજી પોતાના ઓરડામાં ચાલ્યા ગયા - સળગાવીશ નહી. જઈને ખુશીઓ મનાવ. તારી મનોકામના પૂર્ણ થઈ ગઈ.

: ૨૪ :

નિર્મલા આખી રાત રડતી રહી. આટલુ કલંક તેણે જિયારામ ને ઘરેણાં લઈ જતી વખતે જોવા છતા પણ મોં ખોલવાનું સાહસ ન કર્યુ. તેથી લોકો સમજશે કે આ મિથ્યા દોષરોપણા કરી છોકરા સાથે વેર કરી રહી છે. આજ તેના મૌન રહેવાથી તેને અપરાધણ ઠરાવવામાં આવી છે. જો તે જિયારામને એ ક્ષણે જ રોકી દેત તો જિયારામ શરમના કારણે ક્યાંય ભાગી જાત, તો શું તેના માથા પર અપરાધ ન મઢી જાત.

સિયારામે જ તેની સાથે દુરવ્યવહાર કર્યો હતો. તે થોડી બચત કરવાના વિચારથી જ સિયારામ સાથે વસ્તુ મંગાવતી હતી. શું તે બચત કરીને પોતાના માટે ઘરેણા બનાવવા ઇચ્છતી હતી ! જ્યારે આવકના આ હાલ થઈ રહ્યા છે. તો પૈસા પર નજર રાખવા સિવાય કઈ જમા કરવાનું તેની પાસે સાધન જ ક્યાં હતું. જવાનોની જિંદગીનો કોઈ ભરોસો નથી તો વૃદ્ધોની જીંદગીનો શો ભરોસો ? બાળકીના લગ્ન માટે કોની સામે હાથ ફેલાવે ? બાળકીનો ભાર તેના પર જ હતો તે માત્ર પતિની સુવિધા માટે કંઈક ભેગુ કરવાનો પ્રયત્ન કરતી હતી. પતિ જ કેમ ? સિયારામ જ પતિ પછી ઘરનો માલિક હોત. બહેનના લગ્નનો ભાર તેના પર ન પડતો ? નિર્મલા બધી કસર પિતા-પુત્રને સંકટમાંથી બચાવવા કરી રહી હતી. બાળકીના લગ્ન આ પરિસ્થિતીમાં સંકટ સિવાય શું હતું ? પરંતુ તેના માટે પણ ભાગ્યમાં અપયશ જ વધ્યુ હતું.

બપોર થઈ ગઈ પરંતુ આજે ચુલ્હો ન સળગ્યો. ખાવાનું પણ જીવનનુ કામ છે. તેની કોઈને સુધ ન હતી. મુન્શીજી બહાર બેભાન પડ્યા હતા. અને નિર્મલા અંદર બાળકી ક્યારેક અંદર જતી ક્યારેક બહાર કોઈ તેને બોલવાવાળુ ન હતું. વારે વારે સિયારામના ઓરડાના દરવાજે જઈને ઊભી રહેતી ને ભાઈ-ભાઈ બોલાવતી. ભાઈ જવાબ દેતો ન હતો.

સંધ્યા સમયે મુન્શીજી આવીને નિર્મલાને બોલ્યા - તારી પાસે કંઈ રુપિયા છે ? નિર્મલાએ પુછ્યુ - શું કરવાનું છે ?

મુન્શીજી - હું પુછુ તેનો જવાબ આપ.

નિર્મલા - શું તમને ખબર નથી ? આપનારા તો તમે જ છો. નિર્મલાએ હજી પણ સરખો જવાબ ન આપ્યો. હશે તો ઘરમાં જ હશે ? બીજે ક્યાંય મોકલી દીધા ?

મુન્શીજીં વાસ્તવમાં ચાલ્યા ગયા. તે જાણતા હતા કે નિર્મલા પાસે રુપિયા છે. વાસ્તવમાં હતા પણ ખરા. નિર્મલાએ પણ ન કહ્યું કે હું નહીં આપુ પરંતુ તેની વાતથી પ્રગટ થઈ ગયું કે તે આપવા ઇચ્છતી નથી.

નવ વાગ્યે રાતે મુન્શીજી રુક્મણીને કહ્યું - બહેન, હુ જરા બંહાર જઈ રહ્યો છું. મારી પથારી નોકરાણી સાથે બંધાવી દેજે અને ટંકમાં કેટલાક કપડા રાખી બંધ કરી દેજે.

રુક્મણી ભોજન બનાવી રહી હતી. બોલી - વહુ તો ઓરડામાં છે તેને કેમ કહેતો નથી ? ક્યાં જવાનો ઈરાદો છે ?

મુન્શીજી - હું તને કહુ છું. વહુ ને કહેવાનુ હોત તો તને શું કામ કહેતો ? આજે તુ કેમ ખાવાનું બનાવી રહી છો.

રુક્મણી - કોન પકાવશે ? વહુના માથામાં દુઃખી રહ્યું છે. છેવટે આ સમયે ક્યાં જઈ રહ્યો છે ? સવારે જજે.

મુન્શીજી - આ રીતે ટાળતા-ટાળતા ત્રણ દિવસ વિતી ગયા. આમ-તેમ ફરીને જોઉ. કદાચ ક્યાંય સિયારામના ખબર મળે. કેટલાક લોકો કહેતા હતા કે સાધુની સાથે વાતો કરી રહ્યો હતો. કદાચ એજ ક્યાંય ફોસલાવી ગયા હોય.

રુક્મણી - તો ક્યારે પાછો ફરીશ ?

મુન્શીજી - કહી શકુ નહીં. અઠવાડિયુ લાગી જાય. મહીનો પણ થઈ જાય. શું ઠેકાણુ.

રુક્મણી - આજ કયો દિવસ છે ? કોઈ પંડિતને પુછી લીધુ યાત્રા છે કે નહીં.

મુન્શીજી ભોજન કરવા બેઠા. નિર્મલાને તે સમયે તેમના પર દયા આવી. તેનો બધો ક્રોધ શાંત થઈ ગયો. તે તો ન બોલી. બાળકીને જગાડીને બચકારતી

બોલી - જો તારા બાબુજી ક્યાં જઈ રહ્યા છે ? પુછતો ?

બાળકી દરવાજા પર થી જોઈને - બાબુ ક્યાં જાવ છો.

મુન્શીજી - દુર જાઉ છું બેટી, તારા ભાઈને શોધવા જાવ છું.

બાળકીએ ત્યાથી ઉભા ઉભા - અમે પણ આવીએ.

મુન્શીજી - ઘણો દુર જાવ છું. તારા માટે વસ્તુ લાવીશ. અહીંયા કેમ નથી આવતી.

બાળકી હસીને છુપાઈ ગઈ. એક ક્ષણમાં કમાડમાંથી માથુ કાઢીને બોલી - અમે પણ આવીશું.

મુન્શીજીએ એજ સ્વરમાં - તેન નહીં લઈે જઉ.

બાળકી - અમને કેમ નહીં લઈ જાવ.

મુન્શીજી - તું તો અમારી પાસે આવતી નથી.

બાળકી આવીને પિતાના ખોળામાં બેસી ગઈ. થોડી વાર માટે મુન્શીજી બાળક્રીડામાં પોતાની વેદના ભૂલી ગયા.

ભોજન કરીને મુન્શીજી બહાર ચાલ્યા ગયા. નિર્મલા ઊભી તાકતી રહી કહેવા ઇચ્છતી હતી. નકામા જઈ રહ્યા છો, પરંતુ કહી શક્તી ન હતી. કેટલાક રુપિયા કાઢીને આપવા ઇચ્છી હતી પરંતુ આપી શકતી ન હતી.

છેવટે રહેવાયુ નહી રુક્મણીને બોલી - દીદીજી જરા સમજાવો ક્યાં જઈ રહ્યા છે. મારી જીભ પકડાઈ જશે, પરંતુ બોલ્યા વગર રહેવાતું નથી. ઠેકાણા વગર ક્યાં શોધશે. નકામા હેરાન થશે. રુક્મણીએ કરુણા ભરી આંખે જોયું અને પોતાના ઓરડામાં ચાલી ગઈ.

નિર્મલા બાળકીને ગોદમાં લઈ વિચારી રહી હતી કે કદાચ જતા પહેલા બાળકીને જોવા કે મને મળવા આવશે પરંતુ તેની આશા નિષ્ફળ ગઈ. મુન્શીજીએ પથારી ઉઠાવી અને ટાંગા પર જઈ બેઠા.

એજ સમયે નિર્મલાનું હૃદય બેસવા લાગ્યુ. એવુ લાગતુ હતું જાણે હવે તેમની સાથે મુલાકાત નહીં થાય. તે અધીર બની દરવાજા પર આવી મુન્શીજીને રોકી લે પરંતુ ટાંગો જઈ ચુક્યો હતો.

: ૨૫ :

દિવસો પસાર થવા લાગ્યા. એક મહિનો વીતી ગયો પરંતુ મુન્શીજી પાછા ન ફર્યા કોઈ પત્ર પણ ન આવ્યો. નિર્મલા ને હવે રોજ એજ ચિંતા રહેતી હતી કે પાછા ફરીને નહીં આવે તો શું થશે ? તેને એ ચિંતા ન થતી હતી કે તેમના પર શું વિતતુ હશે. ક્યાં ક્યાં માર્યા ફરતા હશે. આરોગ્ય કેવુ હશે ? તેને તો માત્ર પોતાની અને વધીને બાળકીની ચિંતા થતી હતી. ગૃહસ્થીનો નિર્વાહ કેમ થશે. ઈશ્વર કેવી રીતે પાર પાડશે. બાળકીના શા હાલ થશે ? તેણે જ કરકસર કરીને જમા કર્યા હતા. તેમાંથી કેટલાક ઓછા થતા હતા જાણે તેના શરીરમાંથી લોહી કાઢવામાં આવતુ હોય. ખીજાઈને મુન્શીજી ને કોસતી. છોકરી ચીજ માટે રડતી તો 'અભાગીની', 'કલમુહી' કહી ચીડાતી. એટલુ જ નહીં રુક્મણીનું ઘરમાં રહેવુ પણ તેને ભારે પડતુ હતું, જાણે તે તેની ગરદન પર સવાર છે.

જયારે હૃદય સળગે છે. ત્યારે વાણી પણ અગ્નિવાળી હોય છે. નિર્મલા ઘણી મધુરભાષી સ્ત્રી હતી. હવે તેની ગણના કર્કશાસ્ત્રીમાં થવા લાગી હતી. આખો દિવસ તેના મોં માં કડવી વાતો જ નીકળતી હતી. નોકરાણી ઘણા દિવસથી ઘરમાં નોકર હતી. સ્વભાવે સહનશીલ હતી પરંતુ આઠેય પ્રહારની બક-બક તેનાથી પણ સહન થતી ન હતી. એક દિવસ તેણે પણ ઘરની વાટ પકડી. ત્યાં સુધી કે તે બાળકીને પ્રેમ કરતી હતી. તેની સુરતથી પણ નફરત થઈ ગઈ. વાતે વાતે ભડકતી ક્યારેક ક્યારેક મારી બેસતી. રુક્મણી રડતી બાળકીને ગોદમાં બેસાડી લેતી અને પંપાળીને ચુપ કરતી. તે અનાથ માટે એક જ આશ્રય રહી ગયો.

નિર્મલાને જો કઈ સારુ લાગતુ હતું તે સુધા સાથે વાત કરવાનું હતું ત્યાં જવાનો અવસર શોધતી. હવે તે બાળકીને સાથે લઈ જવા ઇચ્છતી ન હતી. પહેલા જયારે બાળકીને ઘરમાં બધી ચીજો ખાવા મળતી તો ત્યાં હસતી-રમતી હવે ત્યાં જઈને ભુખ લાગતી હતી. નિર્મલા તેને ઘુરીને જોતી ધમકાવતી પરંતુ છોકરી ભુખની રટ છોડતી ન હતી. તેથી નિર્મલા તેને સાથે ન લઈ જતી. સુધાની પાસે બેસી તેને લાગતુ કે માણસ છે.એટલી વાર તે ચિંતા મુક્ત થઈ જતી. જેવી રીતે દારુડિયો દારુના નશામાં બધી ચિંતાઓ ભુલી જાય છે. એજ રીતે નિર્મલા સુધાના ઘરે જઈને બધી વાતો ભૂલી જતી. જેણે તેને તેના ઘરમાં જોતા હોય, તે ત્યાં જોઈને આશ્ચર્ય ચકિત થઈ જતા ક્યા તે કર્કશા કરુંભાષીણી સ્ત્રી. અહીંયા

આવીને હાસ્ય વિનોદ અને માધુર્યની પૂતળી બની જાય છે. યુવાનીની સ્વભાવિક વૃત્તિઓ પોતાના ઘરે રસ્તો બંધ જોઈ અહીંયા કિલ્લોલ કરવા લાગતી.

'અહીંયા આવતી વખતે પોતાની માંગરોટી કપડા લતા થી લેસ થઈને જતી અને પોતાની વિપત્તિ કથા મનમાં જ રાખતી. અહીંયા રોવા માટે નહીં હસવા માટે આવે છે.'

પરંતુ કદાચ આ સુખ પણ તેના ભાગ્યમાં નહોતુ. નિર્મલા મોટેભાગે બપોરે કે ત્રીજા પહોરે સુધાના ઘરે જતી હતી. એક દિવસ તેનું મન એટલુ ઉબકી ગયું. સવારે જ જઈ પહોંચી. સુધા નદીએ સ્નાન કરવા ગઈ હતી. નિર્મલા પોતાની સહેલીના ઓરડામાં નિશ્ચિંત બેસી ગઈ. તે સમજી સુધા કોઈ કામ કરી રહી હશે. હમણાં આવશે જ્યારે બેઠા-બેઠા બે ગણા મિનિટ પસાર થઈ ગયા. તેણે કબાટમાંથી ફોટાઓની એક ચોપડી કાઢી અને વાળ ખોલી પલંગ પગ લાંબા થઈને ચિત્ર જોવા લાગી. એમાં વચ્ચેજ ડૉક્ટર સાહેબને કંઈક જરુરિયાતથી નિર્મલાના ઓરડામાં આવવુ પડ્યુ. કદાચ પોતાના ચશ્મા શોધતા હતા. ડૉક્ટર સાહેબને જોતા જ ચોંકીને ઉઠી અને માથુ ઢાંકતા પલંગ પરથી ઉતરી ઊભી થઈ ગઈ. ડૉક્ટર સાહેબે પાછા ફરતા ઊભી રહીને કહ્યું - માફ કરજે નિર્મલા મને ખબર ન હતી તું અહીંયા છે. મારા ચશ્મા મળતા ન હતા જાણે ક્યાં ઉતારીને રાખી દીધા છે. કદાચ અહીંયા હોય.

નિર્મલા પલંગના ખુણામાં નજર કરી તો ત્યાં ચશ્માની ડબી દેખાઈ. તેણે આગળ વધીને ડબી લીધી અને માથુ નમાવી સંકોચ સાથે ડૉક્ટર સાહેબ તરફ હાથ લંબાવ્યો. ડૉક્ટર સાહેબે નિર્મલાને એક-બે વાર પહેલા પણ જોઈ હતી. પરંતુ આજ સુધી ભાવ ક્યારેય મનમાં આવ્યા ન હતા. જે જ્વાળાને વરસોથી હૃદયમાં દબાવેલી હતી. આજે પવન ની લહેરીથી ભડકી ઉઠ્યો. તેમણે ચશ્મા લેવા હાથ લંબાવ્યો તો હાથ કાંપી રહ્યા હતા. ચશ્મા લઈને પણ તે બહાર ગયા નહીં ત્યાં જ ઉભા રહ્યા. નિર્મલાએ એકાંતથી ભયભીત બનીને કહ્યું - સુધા ક્યાં ગઈ છે.

ડૉક્ટર સાહેબે માથુ નમાવી જવાબ આપ્યો - હાં જરા સ્નાન કરવા ગઈ છે. છતા પણ ડૉક્ટર સાહેબ બહાર ન ગયા. ત્યાં જ ઉભા રહ્યા.

નિર્મલાએ ફરી પૂછ્યુ - ક્યારે આવશે ?

ડૉક્ટર સાહેબ - આવતી જ હશે. છતા પણ બહાર ન ગયા. તેમના મનમાં ઘોર દ્વંદ મચેલુ હતું. ઓચિંત્વનુ ધ્યાન નહીં. ડરનો કાચો દોરો તેમની જીભને રોકી રહ્યો હતો.

નિર્મલાએ ફરી પુછ્યુ - તે ત્યાં ઘુમતી હશે. હું અત્યારે જાઉ છું.

ડરનો કાચો તાંતણો તુટી ગયો. નદીના તટ પર પહોંચી ભાગતી સેનામાં અદ્‌ભુત શક્તિ આવી જાય છે. ડૉક્ટર સાહેબે માથુ ઉઠાવીને નિર્મલા તરફ જોયું અને બોલ્યા - ના નિર્મલા આવતી હશે. હવે ન જા. રોજ સુધા માટે બેસે છે આજે મારા માટે બેસ. બતાવ ક્યાં સુધી આ આગમાં સળગ્યા કરું. સાચું કહું છું નિર્મલા...

નિર્મલાએ બીજુ કંઈ સાંભળ્યુ જ નહીં. એવુ લાગ્યું જાણે આખી પૃથ્વી ચક્કર ખાઈ રહી છે. તેના પ્રાણો પર વજ્ર આઘાત થઈ રહ્યો છે. તેણે ઝડપથી ઉપર લટકતી ચાદર ઉતારી લીધી અને એક પણ શબ્દ બોલ્યા વગર ઓરડામાંથી નીકળી ગઈ. ડૉક્ટર સાહેબ ખાસિયાણા બની રહેલુ મોં કરી ઉભા રહ્યા તેને રોકવાની કે કંઈ કહેવાની હિમ્મત ન થઈ.

નિર્મલા જેવી દરવાજે પહોંચી, તેણે સુધાને ટાંગા પરથી ઉતરતા જોઈ. સુધા તેને જોતા જ જલ્દીથી ઉતરીને તેના તરફ લપકી અને કંઈક પુછવા ઈચ્છતી હતી. પરંતુ નિર્મલાએ તેને મોકો ન આપ્યો અને ઝડપથી ચાલી ગઈ. સુધા એક ક્ષણ સુધી વિસ્મયની દશામાં ઊભી રહી. વાત શું છે ? તેને લાગ્યુ કે અમારા નોકરાણી એ કોઈ અપમાન જનક વાત કરી છે. તે અપરાધીની ખબર મેળવશે અને ઉભા-ઉભા કાઢી મુકશે. તે ઝડપથી પોતાના ઓરડામાં આવી ગઈ. અંદર પગ મુકતા જ ડૉક્ટર સાહેબને મોં લટકાવી પલંગ પર બેઠાલા જોય પુછ્યુ - નિર્મલા આવી હતી.

ડૉક્ટર સાહેબ માથુ ખંજવાળતા - હાં આવી તો હતી.

સુધા - કોઈ નોકરાણીએ તેને કંઈ કહ્યું તો નથી ? મને બોલ્યા વગર ઝડપથી નીકળી ગઈ. ડૉક્ટર સાહેબના મુખની ક્રાન્તિ મલિન થઈ ગઈ. અહીંયા તો તેને કોઈએ કંઈ જ નથી કહ્યું.

સુધા - કોઈએ કશું કહ્યું નથી. હું પુછુ છું ઈશ્વર જાણે છે, ખબર મેળવીશ તો ઉભા-ઉભા કાઢી મુકીશ.

ડૉક્ટર સાહેબ બોલ્યા - મેં તો કોઈને કશુ કહેતા સાંભળ્યા નથી. તે તેમને જોયા નહીં હોય.

સુધા - વાહ જોયા જ નથી, તેની સામે તો હું ટાંગા પરથી ઉતરી છું. તેણે મારા તરફ જોયું પણ કંઈ બોલી નહીં. આ ઓરડામાં આવી હતી.

ડૉક્ટર સાહેબના પ્રાણ સુકાતા હતા. અચકાતા બોલ્યા - આવી કેમ ન હતી ?

સુધા - તમને અંહીયા જોઈને ચાલી ગઈ હશે. બસ કોઈ નોકરાણી એ કંઈક કહ્યું હશે. નીચ જાત છે ને તો વાત કરવાની રીત છે જ નહીં ? એરે ઓ સુંદરીઓ અહીંયા આવો તો.

ડૉક્ટર સાહેબ - તેને કેમ બોલાવે છે ? તે અહીંથી સીધી દરવાજા તરફ ગઈ. નોકરાણી સાથે વાત પણ નથી થઈ.

સુધા - તો પછી તમે કંઈક કહ્યું હશે.

ડૉક્ટર સાહેબનું કલેજુ ધક-ધક કરવા લાગ્યુ - હું ભલા શું કહુ ? હું એટલો ગવાર છું.

સુધા - તમે તેને આવતા જોઈ, ત્યારે પણ બેઠા રહ્યા ?

ડૉક્ટર - હં અહીંયા હતો જ નહીં. બહાર બેઠકમાં મારા ચશ્મા શોધતો હતો જ્યારે ત્યાં ન મળી મેં વિચાર્યું કદાચ અંદર હોય. અહીંયા આવ્યો તો તેમને બેઠેલા જોયા. હું બહાર જવા ઇચ્છતો હતો કે તેમણે પૂછ્યું - કોઈ ચીજની જરુર છે ?

મેં કહ્યું - જરા જુઓને મારા ચશ્મા છે. ચશ્મા પલંગ પર હતા. તેમણે ઉઠાવીને આપી દીધા. બસ એટલી જ વાત થઈ.

સુધા - બસ, તમને ચશ્મા આપતા જ તે ધુંધવાઈને બહાર ચાલી ગઈ કેમ ?

ડૉક્ટર - ધુંધવાઈ ને તો નથી ગઈ. જવા લાગી તો મેં કહ્યું - બેસો આવતી જ હશે. ન બેસે તો હું શું કરું ?

સુધાઈ કંઈક વિચારીને - વાત સમજમાં નથી આવતી, હું જરા એની પાસે જાવ, જોઉ શું વાત છે.

ડૉક્ટર - ચાલી જજે, એવી શું ઉતાવળ છે ? આખો દિવસ પડ્યો છે.

સુધાએ ચાદર ઓઢતા - મારા પેટમાં ખળભળાટ મચી ગયો છે. કહો છો જલ્દી શું છે.

સુધા ઝડપથી પગલા ભરતી નિર્મલાના ઘરે પાંચ મિનિટમાં જઈ પહોંચી. જોયું તો નિર્મલા પોતાના ઓરડામાં પલંગ પર પડીને રડી રહી હતી અને બાળકી તેની પાસે ઊભી રહી પુછી રહી હતી - માં કેમ રડે છે ?

સુધાએ છોકરીને ગોદમાં લીધી અને નિર્મલાને કહ્યું - બહેન સાચું બતાવ શું વાત છે ? મારે ત્યાં કોઈએ કહ્યુ ? બધાને પુછી ચુકી કોઈ કશું બતાવતુ નથી.

નિર્મલા આંસુ લુછતી - કોઈએ કશું કહ્યું નથી બહેન ! ભલા ત્યાં મને કોણ કંઈ કહે ?

સુધા - તું એમ નહી બતાવે, તો હું સોગંદ આપીશ.

નર્મલા - સોગંદ-બોગંદ ન રાખતી, મને કોઈએ કશુ કહ્યું નથી. ખોટુ કેમ બોલુ.

સુધા - ખા મારી સોગંદ.

નિર્મલા - તું નકામી જીદ કરી રહી છે.

· સુધા - જો તે ન બતાવ્યુ તો હું સમજીશ કે તને મારા પ્રત્યે પ્રેમ નથી. બસ વાતો જ છે. હું તારાથી કોઈ વાત છુપાવતી નથી અને તું મને પરાયી સમજે છે. મને તારા પર ભરોસો હતો. હવે જાણી ગઈ કોઈ કોઈનું નથી હોતુ.

સુધાની આંખો છલકાઈ ગઈ. તેણે બાળકીને ગોદમાંથી ઉતારી દધી અને દરવાજા તરફ ચાલી. નિર્મલાએ ઉઠીને તેનો હાથ પકડી લીધો અને રડતા બોલી - સુધા હું તારા પગે પડુ છું પુછ નહીં તને દુઃખ થશે અને કદાચ હું તને હું મારુ મોં ન દેખાડી શકુ. હું અભાગણ ન હોત તો શું આ દિવસો જોતી હોત ? હવે તો ઈશ્વરને એક જ પ્રાર્થના છે કે મને આ સંસારમાંથી ઉઠાવી લે અત્યારે આ દુર્ગતિ થઈ રહી છે આગળ ન જાણે શું થશે.

આ શબ્દોમાં સંકેત હતો તે બુદ્ધિમાન સુધાથી છુપાઈ ન શક્યો. તે સમજી ગઈ કે ડૉક્ટર સાહેબે છેડ-છાડ કરી છે. તેની અટકીને વાત કરવી અને પ્રશ્નોનું ટાળવુ, તેનો ગ્લાનિમય, ક્રાંતિહિન મુદ્રા તેના યાદ આવી ગઈ. તે માથી થી પગ સુધી કાંપી ગઈ. કંઈ પણ કહ્યા સાંભળ્યા વગર ક્રોધથી ભરેલી ત્યાંથી ચાલી ગઈ ? નિર્મલાએ તેને રોકવાનું ઇચ્છ્યું પરંતુ ન રોકી શકી. જોત-જોતામાં રસ્તા પર આવી ગઈ અને ઘર તરફ ચાલી ત્યારે નિર્મલા ત્યાંજ જમીન પર બેસી ગઈ અને મોટે-મોટેથી રડવા લાગી.

: ૨૯ :

નિર્મલા આખો દિવસ પથારીમાં પડી રહી, જાણે કે તેના શરીરમાં પ્રાણ જ નથી. ન સ્નાન કર્યુ, ન ભોજન કરવા ઉઠી. સંધ્યા સમયે તેને તાવ આવી ગયો. આખી રાત શરીર તવાં ની જેમ તપી રહ્યું. બીજા દિવસે પણ તાવ ન ઉતર્યો હાં થોડો ઓછો થઈ ગયો તે પલંગ પર સૂતા-સૂતા નિશ્ચલ આંખો દ્વારા દરવાજા તરફ તાકતી રહી. ચારે બાજુ શુન્ય હતું. - અંદર પણ શુન્ય, બહાર પણ શુન્ય. કોઈ ચિંતા ન હતી. ન હતી કોઈ યાદ ન કોઈ દુવા. માથામાં સ્પધ્નની શક્તિ જ રહી ન હતી.

રુક્મણી બાળકીને ગોદમાં લઈ આવીને ઊભી રહી.

નિર્મલાને પુછ્યુ - શું ખૂબ રોતી હતી ?

રુક્મણી - ના, એતો સિસકી પણ નથી. રાતભર ચુપ-ચાપ નડી રહી. સુધાએ થોડુ દુધ મોકલ્યુ હતું, એ જ પીવડાવી દીધું.

નિર્મલા - આહીરન દુધ આપવા ન આવી ?

રુક્મણી - કહેતી હતી, પાછલા પૈસા આપી દો, તો આપુ તારો જીવ હવે કેમ છે.

નિર્મલા - મને કંઈ થયુ નથી. કાલે જરા શરીર ગરમ થયુ હતું.

રુક્મણી - ડૉક્ટર સાહેબની તો ખરાબ હાલત થઈ.

નિર્મલાએ ગભરાઈને - શું થયુ ! કુશળતો છે ?

રુક્મણી - કુશળ તો છે. લાશ ઉઠાવાની તૈયારી થઈ રહી છે ? કોઈ કહેતુ હતું કે ઝેરખાઈ લીધુ છે. કોઈ કહે છે હૃદય ચાલવાનું બંધ થઈ ગયું હતું. ભગવાન જાણે શું થયું. નિર્મલાએ ઠંડો શ્વાસ લીધો અને રુંધાયેલી સ્વરે બોલી - હાય ભગવાન ! સુધા ની શું ગતિ થઈ હશે ? કેવી રીતે જીવશે તે ?

આવુ કહેતા કહેતા રડી પડી અને મોડે સુધી રડતી જ રહી. ત્યારે પલંગ પર થી ઉતરી સુધાની પાસે જવા તૈયાર થઈ. પગ થર થર ધ્રુજતા હતા, દિવાલ ના ટેકે ઊભી હતી. પરંતુ જીવ માનતો ન હતો. ન જાણે સુધાએ પતિને જઈને શું કહ્યું, મેં તો તેને કશું કહ્યું જ નથી. ન જાણે મારી વાતનો શો મતલબ સમજી ? હાય ! આવા રુપવાન આવા સંસ્કારી પ્રાણીનો આ અંત ? જો નિર્મલાને ખબર હોત તો અને તેના ક્રોધનું આ ભિષણ પ્રમાણ આવશે. તેવુ લાગ્યુ હોત તો ઝેરનો ઘુંટડો પીને વાત હસવામાં ઉડાડી દેત.

આ વિચારીને મારી નિષ્ઠુરતા ના કારણે ડૉક્ટર સાહેબના આ હાલ થયા નિર્મલાના હૃદયના ટુકડા થવા લાગ્યા. એવી વેદના થવા લાગી, જાણે હૃદયમાં શૂળ ઉઠી રહ્યું હોય. ડૉક્ટર સાહેબના ઘરે આવી.

લાશ ઉઠી ચુકી હતી ! બહાર સન્નાટો છવાયેલો હતો. ઘરમાં સ્ત્રીઓ એકઠી થયેલી હતી. સુધા જમીન પર બેસીને રડી રહી હતી. નિર્મલાને જોતા જ તે જોરથી બુમ પાડી રડવા લાગી. આવીને તેની છાતી સાથે લપેટાઈ ગઈ. મોડે સુધી બંને રડતી રહી.

જયારે સ્ત્રીઓની ભીડ ઓછી થઈ એકાંત થઈ ગયું તો નિર્મલાએ પુછ્યુ - આ શું થઈ ગયું બહેન, તે શું કહી દીધું ?

સુધા પોતાના મનને આ પ્રશનો જવાબ કેટલી વાર આપી ચુકી હતી. તેનું મન જે ઉતરથી શાંત થઈ ગયું હતું, એ જ નિર્મલાને આપ્યુ - ચુપ પણ રહી શક્તી ન હતી ! ગુસ્સાની વાત પર ગુસ્સો આવે જ છે.

નિર્મલા - મેં તો તને કોઈ એવી વાત કહી ન હતી.

સુધા - તું કેવી રીતે કહે. કહી શક્તી ન હતી. પરંતુ તેમણે જે વાત થઈ હતી તે કહી દીધી. તેના પર મેં જે મોં માં આવ્યુ કહી દીધું. જયારે એક વાત મનમાં આવી જાય, તો તેને બનેલી જ સમજો. મોકો મળતાજ જરુર પુરી થાય. એવુ

કહીને કોઈ નીકળી શકે કે હું તો હસતી હતી. એકાંત માં આવા શબ્દો જીભ પર લાવવા જ કહી દે છે કે દાનત ખરાબ હતી. મેં ક્યારેય કહ્યું નથી બહેન, પરંતુ મેં ઘણીવાર તારા તરફ તાકતા જોયા. એ સમયે મેં એ પણ સમજ્યુ કે કદાચ દુનિયા વધારે જોઈ હશે તો તને મારા ઘરે આવવાજ ન દેત. કમ સે કમ તારા પર તેની નજર જ ન પડવા દેત. પરંતુ શું એ જાણતી હતી કે પુરુષોના મોં માં કંઈક અને મનમાં કંઈક બીજુ હોય છે. ઈશ્વરને આ જ મંજુર હતું, તે થયુ. આવા સૌભાગ્ય કરતા વૈધવ્યને ખરાબ નથી સમજતી. ગરીબ પ્રાણી એ ધનવાન કરતા ઘણો સુખી છે. જેને તેનું ધન સાપ બનીને કરડે. ઉપવાસ કરવો સારો ઝરીલુ ભોજન કરવુ ઘણુ મુશ્કેલ.

એજ સમયે ડૉક્ટર સિન્હાના નાનાભાઈ અને કૃષ્ણાએ પ્રવેશ કર્યા. ઘરમાં રોકકળ મચી ગઈ.

: ૨૭ :

એક મહિનો બીજો પસાર થઈ ગયો. સુધા પોતાના દિયર સાથે ત્રીજા જ દિવસે ચાલી ગઈ. હવે નિર્મલા એકલી હતી. પહેલા હસી-રમીને મન મનાવતી હતી. હવે રોવાનું એક જ કામ બાકી રહી ગયું હતું. તેનું આરોગ્ય દિવસેને દિવસે બગડતું જતું હતું. જુના મકાનનુ ભાડુ વધારે હતું. અંદરનો ઓરડો અને નાનકડુ આંગણુ પ્રકાશ જતો ન હવા. દુર્ગંધ આવ્યા કરતી. ભોજનના એવા હાલ કે પૈસા હોવા છતા પણ ક્યારેક ભુખ્યુ રહેવુ પડતુ. બજારમાંથી લાવે કોણ ? પછી આપણો કોઈ પુરુષ નહીં, કોઈ છોકરો નહીં, તો રોજ ભોજન બનાવવાનું કષ્ટ કરે કોણ ? સ્ત્રીઓ માટે રોજ ભોજન બનાવવાની જરુર શું ? જો એક સમયે ખાઈ લીધુ, તો બે દિવસ રજા મળી ગઈ. બાળકી માટે તાજો શીરો કે રોટલી બની જતી. આવી દશામાં તબિયત કેમ ન બગડે ? ચિંતા, શોક, ખરાબ હાલત - એક હોય તો કોઈ કહે. અહીં તો ત્રણે બાજુથી હુમલો હતો. તેના પર નિર્મલાએ દવા ન ખાવાના સમ લીધા હતા. કરે પણ શું ? એ થોડા રુપિયામાં દવાનો ખર્ચ હતો જ ક્યાં ? ભોજનનું ઠેકાણુ ન હતું. દવાનું નામ જ શું ? દિવસે ને દિવસે સુકાતી જતી હતી.

એક દિવસ રુક્મણીએ કહ્યું - બહું, ક્યાં સુધી ધોળાતી જઈશ ! જાન છે તો દુનિયા છે ચાલો કોઈ વૈદને બતાવી લાવીએ.

નિર્મલાએ વિરક્ત ભાવે કહ્યું - જેને રોવા માટે જ જીવવાનું હોય, તેનું તો મરી જવુ જ સારુ.

રુક્મણી - બોલાવવાથી મૃત્યુ નથી આવતુ.

નિર્મલા - મોત બોલાવ્યા વગર આવે છે, બોલાવવાથી કેમ નહીં આવે ? તેને આવવામાં વધારે દિવસો નહીં લાગે બહેન, જેટલા દિવસ ચાલુ છું, એટલા વર્ષો સમજી લો ?

રુક્મણી - મન નાનુ ન કર વહુ ! હજી સંસારનું સુખ જોયું છે ક્યાં ?

નિર્મલા - જો સંસારનું આ જ સુખ છે, તો આટલા દિવસોથી જોઈ રહી છું. તેનાથી મન ભરાઈ ગયું. સાચું કહું છુ બહેન, આ બાળકીનો મોહ મને બાંધે છે, નહીં તો અત્યાર સુધી ક્યારની ચાલી ગઈ હોત, ન જાણે આ સમયે ભાગ્યમાં શું લખ્યુ છે.

બંને મહિલાઓ રડવા લાગી. આ બાજુ નિર્મલાએ જયારથી પથારી પકડી લીધી છે. રુક્મણીના હૃદયે દયાનું સ્ત્રોત ખોલી નાખ્યુ છે. દ્વેષ લેશ માત્ર નથી. કોઈ કામ કરતી હોય નિર્મલાનો અવાજ સાંભળતાજ દોડે છે. કલાકો તેની પાસે બેસીને કથા-પુરાણ સંભળાવ્યા કરે છે. કોઈ એવી ચીજ પકાવવા ઇચ્છે છે જે નિર્મલા રસથી ખાઈલે. નિર્મલા ને ક્યારેક હસતા-રમતા જોઈ લે છે તો ન્યાલ થઈ જાય છે, અને બાળકીને પોતાના ગળાનો હાર બનાવી રાખે છે. તેની જ નિંદરે જાગે છે. એજ બાળકી તેના જીવનનો આધાર છે. રુક્મણીએ જરા મોડેથી કહ્યું - વહુ, તુ આટલી નિરાશ કેમ થાય છે ? ભગવાન ઇચ્છશે તો તું બે-ચાર દિવસમાં સારી થઈ જઈશ. મારી સાથે વૈદ્ય પૈસે ચાલ ! ઘણા સજ્જન છે.

નિર્મલા - દીદીજી, હવે મને કોઈ વૈદ્યની દવા ફાયદો નહીં કરે. તમે ચિંતા ન કરો, બાળકી તમારી ગોદમાં છોડીને જાઉ છું. જો જીવતી-જાગતી રહે તો કોઈ સારાકુળ માં લગ્ન કરાવી દેજો. હું તો મારા જીવનમાં કંઈ જ ન કરી શકી. માત્ર જન્મ દેવા માટે જ અપરાધી છું. ભલે કુંવારી રાખો પછી ઝેર દઈને મારી નાખો. પરંતુ કુપાત્રના ગળે ન નાખશો. એટલી જ તમને વિનંતી છે. મેં તમારી કંઈ જ સેવા ન કરી તેનું ઘણુ દુઃખ થઈ રહ્યું છે. મારી અભાગણ થઈ કોઈને સુખ મળ્યું નથી. જેના પર મારી છાયા પડી તેનો સર્વનાશ થઈ ગયો. જો સ્વામીજી ક્યારેય ઘરે આવે તો, તેને કહેજો આ કરમ-જલીના અપરાધને ક્ષમા કરી દો.

રુક્મણી રડતા બોલી - વહુ તારો કોઈ અપરાધ નથી. ઈશ્વરને કહું છું. તારા તરફથી મારા મનમાં કોઈપણ મેલ નથી. હા, હંમેશા તારી સાથે કપટ કર્યું. તેનું મને મર્યા સુધી દુઃખ રહેશે.

નિર્મલાએ તેમની સામે જોતા કહ્યું - દીદીજી, કહેવાની વાત પર કહ્યા

વીના રહેવાતું નથી. સ્વામીજીએ હંમેશા મને અવિશ્વાસની દૃષ્ટિથી જોઈ, પરંતુ મેં ક્યારેય તેમની ઉપેક્ષા કરી ન હતી. જે થવાનું હતું, થઈ ગયું. અધર્મ કરી પરલોક શા માટે બગાડુ ? પૂર્વ જન્મમાં ન જાણે કયુ પાપ કર્યુ હતું. જેનો પસ્તાવો કરવો પડ્યો. આ જન્મમાં કાંટા વાવુ તો કઈ ગતિ થાત ?

નિર્મલાના શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યા. ફરી ખાટલા પર સુઈ ગઈ. અને બાળકીની તરફ એવી દૃષ્ટિથી જોયું, જે તેના જીવનની સંપૂર્ણ વિપત્તિકથાની સમસ્ત આલોચના હતી. વાણીમાં એટલુ સામર્થ્ય ક્યાં ?

ત્રણ દિવસ સુધી નિર્મલાની આંખોમાંથી આંસુઓની ધારા વહેતી રહી. તે ન કોઈની સાથે બોલતી, ન કોઈની તરફ જોતી હતી. અને ન કોઈનું સાંભળતુ હતી. બસ રડતી જ રહેતી હતી. તેની વેદનાનુ કોણ અનુમાન કરી શકે.

ચોથા દિવસે સંધ્યાના સમયે આ વિપત્તિકથા સમાપ્ત થઈ ગઈ. એ જ સમયે પશુ-પક્ષી પોતાના ઘરે પાછા ફરી રહ્યા હતા. નિર્મલાના પ્રાણ-પક્ષી પણ આંખો દિવસ શિકારીઓના નિશાનો, શિકારી ચકલીઓના પંજા અને હવાના પ્રચંડ વેગથી ઘાયલ અને વ્યથિત પોતાના માળા તરફ ઉડી ગયું.


મોહલ્લાના લોકો જમા થઈ ગયા. લાશ બહાર નીકળી ગઈ. અગ્નિદાહ કોણ કરશે. એ પ્રશ્ન ઊઠ્યો. લોકો ચિંતામાં હતા તરત જ એક વૃદ્ધ પથિક થેલો લટકાવી આવીને ઉભો રહી ગયો. તે મુન્શી તોતારામ હતા.


★ ★


ગુજરાતી બુક્સ


આધુનિક સંતોની આધ્યાત્મિક યાત્રા


હિમ્મત છે!
કિરણ બેદી


ટાઈમ મેનેજમેન્ટ


પહેલા લક્ષ્ય નક્કી કરો



મેનેજમેન્ટ ગુરુ
ભગવાન શ્રીકૃષ્ણ



પ્રસિદ્ધ ભારતીય મહિલાઓ


સીધી સાદી વાતો


ધનવાન બનવાની SUCCESS KEY
મોટું વિચારો! મોટા બનો!
તમારા સપનાને સાકાર કરો!



DISCOVER WITHIN


સફળતા મેળવવાની 8 શક્તિઓ



સફળ વીમા એજન્ટ
કેવી રીતે બનશો!
અશોક ગ્રેવલ


પરીક્ષામાં 100% સફળતા કેવી રીતે પ્રાપ્ત કરશો?


શિક્ષણ
ઓશો ની દ્રષ્ટિએ


તમે પણ બની શકો છો જીનિઅસ


હાર પછી જ જીત છે


જીતી શકો તો જીતી લો

ગુજરાતી બુક્સ


શિવ પુરાણ



વિષ્ણુ પુરાણ



ગણેશ પુરાણ



માર્કણ્ડેય પુરાણ



લાલ-કિતાબ


મોટું વિચારો !
મોટા બનો !
તમારા સ્વપ્નાને સાકાર કરો !



ટિપ્સ
ઑફ
સક્સેસ



લક્ષ્ય
જિન્દગીનું


સોનેરી
આવતીકાલ
તરફ...



સફળ
જીવનનાં
૨૦૧
જ્ઞાનસૂત્ર


બુલંદ
ઈરાદાથી
સપના
સાકાર કરો
તરૂણ એન્જિનીયર


તમે પણ
બની શકો છો
જીનિઅસ


ભાગ્ય પર નહીં
પરિશ્રમ
પર વિશ્વાસ કરો


સફળતાના
અચૂક
મંત્ર


આત્મવિશ્વાસ
સફળતાનો
દ્વાર
HOW TO GAIN SELF CONFIDENCE


ખાખીમાં માણસ

Language: Gujarati

Author: Premchand, Munshi

Title: Nirmala

Fiction: Fiction

ISBN: 9789351651062

પ્રેમચંદની સર્વશ્રેષ્ઠ ઉપન્યાસ

નિર્મલા

અદ્ભુત કથાશિલ્પી પ્રેમચંદની કૃતિ 'નિર્મલા' દહેજ પ્રથાની પૃષ્ઠભૂમિમાં ભારતીય નારીની વિવશતાઓનું ચિત્ર કરવાવાળો એક સશક્તમ ઉપન્યાસ છે. આ ઉપન્યાસ નવેમ્બર ૧૯૨૫થી નવેમ્બર ૧૯૨૬ સુધી ધારાવાહિક રૂપમાં પ્રકાશિત થયો હતો, પરંતુ આ એટલો યથાર્થવાદી છે કે ૬૦ વર્ષો ઉપરાંત પણ સમાજની કલુષિતાઓનું આજે પણ એટલું જ સચોટ તેમજ માર્મિક ચિત્ર પ્રસ્તુત કરે છે.

'નિર્મલા' એક એવી અબળાની વાર્તા છે, જેણે પોતાના ભાવિ જીવનના સપનાઓને અલ્હડ કલ્પનાઓમાં એકઠા કર્યા, પરંતુ દુર્ભાગ્યથી એમને સાકાર ના થવા દીધા. નિર્મલાના લગ્ન પહેલાં એના પિતાનું મૃત્યુ થઈ જાય છે. આ મૃત્યુ છોકરાવાળઆઓને એ વિશ્વાસ અપાવી દે છે કે હવે એમને એટલું દહેજ નહીં મળે, જેટલાની એમને અપેક્ષા હતી. આખરે નિર્મલાના લગ્ન એક આધેડ અવસ્થાના વિધુરથી થાય છે.

આ ઉપન્યાસની એક અનન્ય વિશેષતા-કરુણા પ્રધાન ચિત્રણમાં કથાનક અન્ય રસોથી પણ તરબોળ છે.

મુખ્ય વિક્રેતા
ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ.

ડાયમંડ બુક્સ
Shop online at www.diamondbook.in
GUJARATI
DB 06919
ISBN 978-93-5165-106-2
A.H.W. Sameer Series
Language & Literature/Short Stories
₹ 110